પ્રસ્તાવના.

આજકાલ કાદમ્બરી અને સરસ્વતીચંદ્ર નામાક્ષરથી ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધિ પામેલાં પુસ્તકો, એટલે અંશે જનપ્રિય થઇ પડયાં છે કે દરેક ગૃહસ્થના પુસ્તકાલયમાં, હૃદયસ્થાનમાં, તે પુસ્તકો સભાવ દૃષ્ટિ સન્મુખ બિરાજીત છે. આ સફળ પરિશ્રમને માટે ઉક્ત ગ્રંથના કર્તાઓને ધન્યવાદ ઘટે છે.

આ લેખની પ્રવૃત્તિનું કોણ કારણ છે? એ વાચક વર્ગ કલ્પી શકશે. તોપણ (તેમને) શ્રમ અને કલ્પનામાં દોરવા કરતાં, હુંજ તેમને ટુંકામાં વિદિત કરૂં તો ઉચિત,—આ લેખનો ઉત્પાદક,—કાદમ્બરી અને સરસ્વતીચંદ્ર નામક પુસ્તક પ્રતિનો મ્હારો અપૂર્વ પ્રેમ છે. આ પ્રેમનીજ સ્ફુરણા શકિતયે ઉક્ત પુસ્તક પરત્વે યથામતિ જે કંઇ લખાવ્યું તે લખી ગયો. દ્રવતા સ્નેહરસ પાનની ધુનમાંને ધુનમાં પાત્ર, લેખક અને સ્વવિચાર પરત્વે કથતાં, કંઇ દોષ કરી ગયો હોઉં તો ઉકત ગ્રંથ લેખક અને વાચક વર્ગ, મ્હારીજ ન્યૂનતા લેખતાં, ક્ષમા કરશે.

'ટીકાકાર કે અવલોકનકાર'—એ પદને હું યોગ્ય હોઉં, એ સર્વાંશે શંકાસ્પદ છે આતો જેમ [illegible] ત સાગરમાંના થોડા જલનું પાન કરતાં મમત્વશ બની [illegible] દનું અનિવાર્ય ઇચ્છાએ વિવેચન કરવા મંડી [illegible] વ,—તેવા રીતે [illegible] ત ગ્રંથ અવલોકતાં, હૃદયમાં ન સમાતા આનંદપુરને શબ્દદ્વારા પ્ર[illegible]ત કરવા જેવું કંઈ છે. નિર્જીવ છતાં સજીવથી અધિક સત્તા [illegible]. ઉક્ત નવલકથા સર્વાંશે સર્વને દ્રવીભૂત કરી, પોતાની સત્તા [illegible]વત્ર પાથરે છે; આ ત્હેનું માહાત્મ્ય શું ઓછું છે?

જડશું, કે ચૈતન્ય શું, સર્વમાં ગુણ અવગુણ રહેલા છે, માટે શોધકે સર્વમાંથી ગુણનુંજ શોધન કરવાનું છે. વિશેષ ગુણ, લાભ સમાયલા, એવી ઉદ્‌ભવ પામતી નવલકથાઓ, અધિક અધિકવાર ચર્ચાયતો, એ સાર્વજનિક લાભપ્રદ છે.

વાચક અને લેખક જેટલે અંશે [illegible]ાન સમૃદ્ધિ સંપન્ન હોયછે તેટલેજ અંશે જ્ઞાન સમૃદ્ધિ વિહીન પણ હોયછે, યોગ અને વેદાન્તના પારાંગત થવું જેટલે અંશે સરલ હોય છે તેટલે [illegible] તેના રહસ્યજ્ઞ થવું અતિ કઠિન

હોય છે. સામ્પ્રત કાળમાં વાચક અને લેખકની ઉપર પ્રમાણે બે વર્ગમાં ગણના થાય છે. પરતંત્ર લેખકો પ્રાકૃત પ્રાણધારી સમીપ એટલે અંશે ઉભરાવા લાગ્યા છે કે સ્વતંત્ર, અદૃશ્ય આત્માને લેખિની સમેત પ્રસિદ્ધિમાં આવવાનું ઉચિત સમજાયજ. પરવશ થવું જેટલે અંશે સાધારણ છે તેથી પ્રતિકૂલ પરવશ કરવું અસાધારણ છે. આપ્ત વર્ગ., સુજ્ઞલેખક, એનેજ કહે છે કે જે પરતંત્રતાનું શિક્ષણ આપતાં, લક્ષની પ્રદક્ષિણા કરાવતાં કરાવતાં, સ્વાર્થી, પરમાર્થી અને એ દ્વૈતથી પણ ભિન્ન,–એ ત્રીપુટીનું રહસ્ય સમજાવતાં સમજાવતાં, અંત સમયે અલક્ષ્ય સ્વભાવમાં લીન કરાવે. અસ્તુ.

પંચ ભિન્નભિન્ન તત્વનું સમ્મિલન એજ સૃષ્ટિ; માટે એકજ રૂચિસદૈવ સ્થિરભાવે રહેતી નથી પરંતુ એક વૃત્તિ સમી જવાથી બીજીનું સ્ફુરણ,—એવી રીતે, આંખ્યનું વહન થાય છે માટે ભગવન્ પતંજલિએ–'योगश्चित्त वृत्तिनिरोध ।' એ મોક્ષ માર્ગ સૂચક કથન કહેલું છે.

ગમે તેવી આ પત્તિમાં આવેલા માનવને, સંસારભારરૂપ દુઃખ રૂપ અનુભવવાથી ત્હેના ત્યજનારને, શું કરવું ? વ્યહવારમાં કેમ ચાલવું ? લક્ષ્મી કેવી રીતે પ્રાપ્ત થાય? અધિકાર કેમ મેળવાય! મહાન કોહને કહેવાય? સંસાર ચિન્ન કોને કહેવાય ? સર્વમાં સામાન ચિત્ત કોહને કહેવાય ? સંસાર [illegible] થી કૃશ થતા તરૂણને–'આતો અસહ્ય છે માટે મરવું એજ ઉ[illegible] [illegible]લ્પ વિકલ્પ કરનારને, અનિર્મિત અનુચિત કૃત્રિમસૌંદર્યમાંજ આકૃ[illegible] મનુષ્યને, વિદ્યા સંસ્કારી, બ્રહ્મચર્ય વૃત્ત પાળન[illegible] પવિત્ર વિદ્યાર્થીની, (અસંગતિથી) ડગમગતી પવિત્રતાને, યોગ્ય ન[illegible]લકથા શુભ, ઉચિત અને સત્ય માર્ગ દર્શાવે છે. નંવલ ક્થાનું કેટ[illegible] પ્રાબલ્ય!

અનેક ઉપાધિથી શક્તિહીન થએલા મનુષ્યને શક્તિ આણવા સારૂ અભાવ પડેલી પણ ગુણદાયક વસ્તુ, ભાવવાળી વસ્તુમાં મિશ્ર કરી આપીએ તો પ્રયાસ સફળ થાય, અજ્ઞ માણસને પૃથક્પણે ઉપદેષનું ભાન ન આપતાં મિષ્ટ વાર્તાના જીજ્ઞાસા રસમાં ઉપદેષરસ પાઈ દેવાય તો પ્રયાસ સફળ થાય,–તેવી રીતે સંસાર ઉચિત સમાવેશ પામતા સર્વ વિષયોને પ્રથક્ ન કરતાં, મિશ્રિત રૂપે વાર્તા વસ્તુ પ્રસંગેજ કથી જવાય, તો વાચકને શ્રમરૂપ ભાસ ન થાય.

મિષ્ટ જીજ્ઞારસમાંજ ઉપદેષરસ અસરકારક છે, સ્વાર્થ સાધન ભૂત છે. પ્રયાસમાંજ મન–ઇચ્છા પરિપૂર્ણતાનું બંધારણ છે.

લેખનો કંઇક અંશ.

સરસ્વતીચંદ્ર—

કુમુદ! જન્માંતરથી તું ચંદ્રનીજ હોવા છતાં પ્રમાદ પાસે કેવી રીતે ગઇ? કોણે મોકલી? ક્યાં ચંદ્ર! ક્યાં કુમુદ! અને ક્યાં પ્રમાદ! કુમુદ ત્હારા માટે તો ચંદ્રની વર્ષા ઉચિત હતી,—પ્રમાદની પ્રમાદી ઉષ્ણ જ્વાલા નહિ. ખરેજ તું પ્રમાદની પ્રમાદી ઉષ્ણ જ્વાલાથી બળવા લાગી, ત્યારેજ નદીમાં પડી. કુમુદ! તું આર્યવર્તની ખરી, આર્યાવર્ત ત્હારો ખરો, તું એનેથીજ ઉજ્વલ, ત્હારાથીએ ઉજ્વલ:—પરંતુ કુમુદ! મ્હારાપર ક્રોધ કરિશ નહિ, ત્હને આર્ય કે સતી શીરીતે કહું? ના પણ ત્હારોએ શું દોષ કાઢું, ત્હને ભ્રષ્ટ, દીન કરનાર પશ્ચિમાત્ય દેશની છાયા છે, તે છાયાથીજ તું દીન થઇ ગઇ,—નહિતો ક્યાં ચંદ્ર! અને ક્યાં પ્રમાદ! જે હૃદયમાં ચંદ્ર પ્રકાશે, તે હૃદયમાં પ્રમાદતિમિરનું ક્યાંથીજ દર્શન! શું કુમુદ! તું પણ સ્થાન ભ્રષ્ટ! એવી પણ દિનતા? આતે લેખકની લઘુતા, કુમુદની લઘુતા કે જનસ્વભાવની લઘુતા? આખું જગત્ 'કુમુદ ચંદ્રનીજ' એમ કહેછે.

કાદમ્બરી—

જ્યારે વૈશમ્પાયનને શાપ થયાના અમંગલ વર્તમાન સાંભળી, ચંદ્રાપીડનું સરસ હૃદય વિભિન્ન થયું, તે સમાચાર ચંદ્રાપીડનું નિવાસસ્થાન કાદમ્બરીને પહોંચતાંજ, સખિમદલેખા સહિત કાદમ્બરી દેવ ચંદ્રાપીડ પાસે આવી,—ત્યારે દેવને જોઇ કાદમ્બરીની ન સમજાતી હૃદય સ્થિતિ જોઇ, મદલેખા પ્રિય સખિપ્રતિ કહેવા લાગી.

"પ્રિય સખિ! કૃપા કરી આ શોકના ભારને રૂદનવડે દૂર કર અશ્રુપાતવડે આ શોક વેગ લઘુ ન કરતાં, અતિભારથી પીડાતા સરોવર જેવું સરસ મૃદુ ત્હારૂં હૃદય સહસ્ત્રધા ફાટી જશે."

આવું મદલેખાનું વચન સાંભળી, કાદમ્બરીએ હસીને પ્રતિ ઉત્તર દીધો;

"ઘેલી! આ મ્હારૂં વજ્રજેવું કઠિન હૃદય જે જોઇને જ સહસ્ત્રધા વિભિન્ન થયું નહિ તેને તે ફાટવાનું કેવું?"

આહા! કાદમ્બરી! શક્તિ તે તુંજ! ન સમજાતો ત્હારો દીવ્ય પ્રભાવ કોણ સમજી શકે એમ છે? તું અબળા નહિ પણ ત્હારા

રાજ્યમાં અનેક અબળાઓ સબળા થાય છે. કેટલું ધૈર્ય ?–પોતાનું સર્વસ્વ, સ્નેહ સમૂહ દેવ ચંદ્રાપીડને આ સ્થિતિમાં જોઈ, ચક્ષુદ્વારા કપોલ સુધી તો શું, પણ નયન કમળમાં અશ્રુ બિન્દુ સરખું પણ નહિ !

આ મ્હારા પ્રથમ પ્રયાસ પરત્વે, સુજ્ઞ વિદ્યા વિલાસી શ્રીયુત ઠાકોર સાહેબ **શ્રી શિવસિંહજી–મુડેટી**–તેઓ સાહેબે મને સારી મદદ આપી છે માટે તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનુંછું,

શ્રવણ, મનન અને દર્શનદ્વારા આ નિજ ચિત્તે ઘણાક આર્યાવર્તીય નૃપતિચિત્ત અવલોકયાં છે તેમાં હૃદય—ઉર્મિ અનિવાર્ય થઈ નિર્વિવાદ પત્રપર ટપકવરાવે છે કે **ઈડર સંસ્થાનસ્થ પ્રજાપ્રીય મુકુટમણી ઈડર નરેશ શ્રી કેસરીસિંહ તો અદ્વિતીયજ છે** યથા-નામા તથા ગુણા જેવું કંઇ દર્શન છે. તે માહારાજશ્રીની પ્રજામાંનો હુંએકછું તેથી વિશેષ શું કથું ? વિશેષ કથવાથી વિદ્વાન વર્ગને–'પ્રભુતાના ગર્વ જેવું' (મ્હારી પ્રતિથી) ઉપમાન મળે, તેથીજ હૃદય-ઉર્મિને રોકવા અનિચ્છાયે પ્રયાસ કરૂંછું, તદપિ જે જે વિદેશીય મહાશયે ઉકત મહારાજશ્રીના દર્શન કર્યા છે તે તો દૃશ્ય, અદૃશ્ય અનુભવે છે જ કે–મહારાજશ્રી સરસ્વતી ભુષિત, નિર્અભિમાનતા, વિનય, ક્ષમા, દયા, દાન અને ધર્મ પરાયણુતા આદિગુણથી વિશિષ્ટ, દર્શનીય વંદનીય છે. ગર્ભૈશ્વર્ય, લક્ષ્મી, યૌવન, અને સત્તા સર્વ કોઇને સ્વ વશ કરી લેછે. તદપિ મહારાજશ્રી આગળતો ઉક્તચાર પોતાનો સ્વભાવ ત્યજી, તેઓ શ્રીની પ્રકૃતિ શરણુ થઇ ગયાં હોય તેવું તેઓ શ્રીની વિનય–વાણીયુક્ત મુખમુદ્રા સૂચવે છે. અસ્તુ મને - વિદ્યાદાન આપી મ્હારૂં શ્રેયકર્ત્તા આ માહારાજશ્રીજ છે તેઓ શ્રીનો આ ક્ષુદ્ર પ્રાણીપર અપરિસિમ અનુગ્રહ છે માટે ઇશ્વરને પ્રાર્થુંછું કે તેઓ શ્રીનો દિનપ્રતિદિન અભ્યુદય કરે અને મ્હારામાં ગદ્ય લેખન શક્તિ સર્વાંશે સ્ફુર્ણાયમાન થઇ, મહારાજશ્રીને અર્પણ કરવા યોગ્ય, એક સદ્બોધક નવલકથા રચાવી, મ્હારી આસા સફલ કરે.

" વાચકસુહૃદ ! ઇડર **મહારાજશ્રીનું** માનસિક દર્શન આ શ્લોકમાં—

जनस्य साकेतनिवासिनस्तौ द्वावप्यभूतामभिनन्द्यसत्त्वौ ॥
गुरुप्रदेयाधिकनिःस्पृहोऽर्थी नृपोऽर्थिकामादधिकप्रदश्च ॥

(**रघुवंश**)"

અર્પણ પત્ર.

સાત્વિક પ્રકૃતિસ્થ, રસજ્ઞ, આર્ય શ્રીયુત્ ઠાકોર સાહેબ શ્રી દીપસિંહજી—ટીંટોઇ વિભુષિત.

મહાશય !

શું લખું ! કે શું અર્પણ કરૂં ! કે સ્તુતિ કરી શું લઘુ કરૂં !—સૃષ્ટિનું સૌંદર્ય, અને તેમાં પ્રારબ્ધ કર્માનુસાર વેહેતા પ્રાણીઓનું, જીવન દીપ છે. અજ્ઞ જનસમૂહને મોક્ષદાયી છે, તિમિરાવૃતને પ્રભાદાયી છે મહાત્માજનના ચિરૂસ્થાયી છે, વ્યવસાયીના વ્યયહારપાલક છે. સૃષ્ટિનું સ્વરૂપ, જીવન છે.

ગુણ, જ્ઞાન અને રસિકતાનું અધ્યયન થતાં, આકૃષ્ટ પ્રેમ પરવશ જન શું ન કરે ? ઘણી મુદતથી ન સમજાતો આપનો દીવ્ય પ્રતાપ તથા ક્ષત્રીય કુલ અલંકૃત રાજનીતિમાં નિપુણતા, સર્વ શાસ્ત્રનું સારરૂપે અવલોકન, રાજ્ય કાર્ય નીતિમાં પ્રવિષ્ટ છતાં બ્રહ્મનિષ્ટ જેવું દર્શન, સરસ્વતી સમૂહ, સ્વયં પુરૂષાર્થી, સ્વતંત્ર...આવી આવી સમૃદ્ધિથી દિપ્તિમાન, પરવશતાનું અધ્યયન કરાવતો આપનો દીવ્ય, પ્રતાપી, વિલક્ષણ સ્વભાવ કઠિનતાએ કિંચિત સમજવાથી આકૃષ્ટ, પરવશ બની-સૃષ્ટિ સૌંદર્ય નામક, ક્ષુદ્ર લેખકથી લખાએલું આ લઘુ પુસ્તક તેના મહત્વને માટે, આપ વિદ્યારસીકશ્રીને અર્પણ કરૂં છું તો કૃપા કરી તેનો અનુગ્રહ કરશો.

ઇડર (મહિકાંઠા)
તા. ૧-૧૨-૯૮

આપશ્રીનો—
કૃપાકાંક્ષી નિજ સેવક
લક્ષ્મણ વરતાજી

અનુક્રમણિકા.

પૃષ્ઠ......પૃષ્ઠ

કુમુદ સુંદરીને તે ધન્યવાદ, આશ્વાસન કે ઠપકો ?......૧——૬૧

કાદમ્બરીના પ્રણય પ્રાબલ્યપ્રતિ દષ્ટ ઊર્મિ............૬૧——૮૨

સ્નેહથી વિભિન્ન થએલાં હૃદય......................૮૨—૧૨૫

પ્રાસ્તાવિક..૧૨૫-૧૫૪

હૃદય ઉર્મિ મંગલ પુષ્પવૃષ્ટિ.

પુરૂશોત્તમમાસની પૂર્ણિમાની પ્રાતઃકાળે એક કન્યકા વૃન્દ અરણ્યને સુસ્વરથી કોકિલામય અને સ્મિત પ્રભાથી દીપ્તિમાન કરતું, હરિ કિર્તન કરતું એક તીર્થ રૂપ સરોવર ઉપકંઠે આવી પહોંચ્યું ત્યાં સુંદર શીત જલમાં સ્નાન કરતું, હાસ્ય વિનોદ કરતું, અન્યોન્ય પ્રતિજલ પ્રહાર કરતું, કંઈ કંઈ જીજ્ઞાસાથી પરસ્પર સમ દેતું, શરીર ચેષ્ટા કરતું સ્થાનને રમણીય બનાવતું હતું. સ્નાન કરી રક્ષાપશ્ચાત્ દેવ દર્શન કરી, અવન્તિ પ્રતિ જ્યારે તે લલિત વૃન્દે પ્રયાણ કરવા માંડ્યું ત્યારે આખું વન લલનાના લાલિત્યથી રંજિત, પ્રકાશમય થઇ ગયું; તેમાં એક પ્રમુખ રમણીએ કોકિલ સ્વરે કંઇક ગાવા માંડ્યું:-

(સખિયો નિજનિજ નીતિ ધર્મ સદા સંભાળીયેરે-એ રાગ.)

સખિયો ચાલો સત્વર કેસરી નૃપ નિહાળીયેરે,
દર્શન સ્નેહ કરતાં પામી સુધારસ આજ—
ધરિયે હોંશ નિરખતાં સ્વર્ગીય સમ સુખ માણીયેરે.
મુખ દૃષ્ટિમાં સ્મિત હાસ્ય પ્રકાશતુંરે,
જોઇ ઉરમાં ન સમાય સહિયર ! હર્ષ—ધરિયે૦

સાખિ-રસભરી મુખકલા દેવની, જાણે ઇન્દુ અપાર.
કરિયે પ્રેમે પાન રસ, તોય ન આવે પાર—
એવા રણબંકા રોઠોડ અતિ શોહામણારે
સુણીયે વચનામૃત ઉમંગે આપણ આજ—ધરિયે૦
દુર્લભ દર્શન દેવને, એવા નટવર રાય
દર્શન દાને મનહરે, મૃદુતા છે મન માંય—
એવા ચતુર શીરોમણી શ્રીમન્ જે ધાણુનાથ છેરે
સદ્વર્ત્તનમાં અતિ પ્રિત એવી રીત—ધરિયે૦
ક્ષમા દાન ગુણવળી, વિદ્યા એજ વિલાસ
તનમન છે ધર્માર્પણ હૃદયે એજ ઉલ્લાસ-
નીતિ રીતિથી ભૂષિત અતિ પ્રેમાળ છેરે
જેનું વદન કનક સમાન એવા રાય—ધરિયે૦
પરહિત અર્થે શ્રમ સહે, વ્યય કરે સદા સ્વતન
સુખ શાન્તિ પ્રસારવા, નિશદિન કરે મનન-
નિરાશ ચિત્તના સ્વામિન્ અતિ દયાળ છેરે
કરે પુરણ સૌની આશા આપી પ્રદાન—ધરિયે૦
ક્ષત્રીય ધર્મ વિશિષ્ટ વળી, દેવાંશી વીર રાય,
કૃત્યૂ કૃત્યૂ દર્શન થતાં દૃષ્ટા મન હર્ષાય—સખિયો ચાલો૦

શ્રી.

સૃષ્ટિ-સૌંદર્ય.

પ્રથમ દર્શન.

કુમુદસુંદરીને તે ધન્યવાદ, આશ્વાસન કે ઠપકો ?

एकमपि लोकेऽस्मिन्न निर्दोषं न निर्गुणम्।
आवृणुध्वमतो दोषान्विवृणुध्वं गुणान्बुधाः॥

(ચણ્ડકૌશિક)

અર્થ:—આ લોકમાં કંઇ પણ નિર્દોષ દીઠું નથી, અને કંઇ પણ નિર્ગુણ દીઠું નથી; એથી (હે) બુધજનો! દોષોને ઢાંકો અને ગુણોને પ્રકટ કરો.

સરસ્તીચંદ્રભાગ ૧. પ્રથમાવૃત્તિ. પૃષ્ટ ૭, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯

"તેની સાથે-પણ જરા પાછળ-ચૌદ પંદર વર્ષની સંપૂર્ણ મુગ્ધાવસ્થામાં પણ જુવાનીના મળસ્કાના ઉજાસમાં તથા તે સમયને યોગ્ય મદનની વિરલ પણ શીતળ લેહેરોમાં મોજ માણતી, બુદ્ધિધનના પુત્ર પ્રમાદધનની નવોઢા પત્નિ કુમુદસુંદરી હંસગતિથી ચાલતી હતી.

અવલોકન—

કુમુદસુંદરીના સહૃદય મંદિરમાં, અને હૃદયમંદિરની કોઇ રસ વૃત્તિમાં, હૃદયજીત, અનુપમેય, પ્રીતિપાત્ર, એક તરૂણ વિદ્વજ્જન પુરૂષ, વિમળ, સતીત્વ મતિનો અનાદર સહતો, વસતો હતો. પ્રસ્તુત ગુણ કર્મથી, સ્થપાએલા, આ હૃદયેશને, હૃદયસ્થાનપરથી ખસેડી, પ્રારબ્ધે યોજેલા, નવીન સત્તાધિકારીની સત્તાનુકૂલ વર્ત્તન, અને ત્હેનો સપ્રેમ સ્વીકાર, એમાંજ મહત્વ. કુલાચાર સમજી, મુગ્ધ વયથી અધિક ખલ ધારણ કરી, મન સાથે સદૈવ યુદ્ધ કરતી, દીન બનતી, અતૃપ્તિ અનુભવતી, એક પક્ષે દૈવનો દોષ કાઢતી, અન્ય પક્ષે પોતાના કર્મનો, અયોગ્યતાનો દોષ સમજતી, વળી કિંચિત સમય ઉક્ત હૃદયજીત પુરૂષનો દોષ કલ્પતી, સેહેજ વાર પોતાના મનની નિર્બળતાનો દોષ

આણુતી, વળી 'હું આર્યા'—એ કલ્પનાથી વિશુદ્ધિ આણુતી, શક્તિમતી થઇ મનોવૃત્તિને ભસ્મિભૂત કરી, પ્રારબ્ધને શરણુ થતી, ઘડીમાં પશ્ચિમાત્ય દેશ્ય નિવાસિયોના વિચારના અંકુરો સ્ફુરી, પ્રારબ્ધે ત્યજેલા તરૂણને પુનઃ બોલાવી માનસિક સ્પર્શ કરતીઃ—કુમુદ અવિદ્યાવાળા પ્રદેશમાં ઉછરેલા સહચારિયો સાથે અસહ્ય ભાર સહતી, સમય વ્યતિત કરતી હતી.

યુવાવસ્થાના પ્રાથમિક સંસ્કારવિહીન રસવૃત્તિયો અતિ પ્રબલ હોય-છે, તેવી યુવાવસ્થાના ઉજાસમાં ગરીબ બિચારી કુમુદના હૃદયમાં પેઠેલા, બુદ્ધિધનના કુટુમ્બથી અજ્ઞાત ધૂર્ત,એ તરૂણ પુરૂષને, હૃદય સ્થાનપરથી ધકેલી પાડવા મનોબલ સાથે યુદ્ધ કરતાં, અનિવાર્ય કપોલમાર્ગે વહેતા અશ્રુપુરને ખાળવા, તેમજ વહેતા અશ્રુપ્રવાહને, કોઇ ન જાણે તેવી રીતે અદૃશ્ય કરવાના પ્રયાસમાં દયાપાત્ર કુમુદને કેટલું સોસવું પડયું—પડતું હશે, એ કલ્પનાજ દુઃખકર છે.

સરસ્વતીચંદ્ર છેક આમ અણધારી કઠિનતા વર્ષાવી ત્યાગ કરી ચાલ્યા ગયા છતાં, મુગ્ધ સુકુમાર[૧] વૃત્તિવાળી કુમુદે તો ત્હેનો દોષ ન આણતાં

सुखस्यदुःखस्यनकोऽपिदाता
परोददातीतिकुबुद्धिरेषा ।
अहङ्करोमीतिमुधाभिमानः
स्वकर्मसूत्रग्रथितोहिलोकः ॥

(આ શ્લોકથી) સર્વે કાર્યનું નિમિત્ત પોતાને લેખી સર્વ સહવા પ્રયાસ કરવા લાગી.

પ્રથમના તરૂણની દીવ્ય સુવાસથી સુવાસિત થતું—થેલું—પરવશ થતું કુમુદ—મસ્તિક, નવા આવેલા તરૂણની વાસથી કોઇ પણ પ્રકારે ઉદ્દીપન થયું નહિ, છતાં મર્યાદશીલ, પ્રારબ્ધશીલ, પ્રભાવશાલી, પણ દીન કુમુદ પ્રારબ્ધવત્ સર્વ સહવા પ્રયાસ કરવા લાગી, શારીરિક યોગપ્રમાદજ માત્ર પ્રથમના પ્રિયનો સનાતન્ ત્યાગ કરાવે, તોપણ તેથી કુમુદનું લાઘવ્ય પ્રદીપિત થાય છે; પરંતુ સરસ્વતી (ચંદ્ર) ની વર્ષાથી ઉછરેલી કુમુદ, માત્ર શારીરિક ભોગાનંદથી તૃપ્ત થઈ, પ્રથમના તરૂણને વિદ્યા—મસ્તિક મંદિરમાંથી શી રીતે વિદાય કરી શકે ? વળી જ્યાં કુમુદ, ત્યાંજ ચંદ્ર, અને પ્રમદા. ત્યાંજ પ્રમાદઃ માટે—

મદનની............ચાલતી હતી, આસ્થાને લેખકે એટલું વિ-

શેષ લખ્યું હોતતો અધિક ઉચિત હતું કે--મદનની વિરલ પણ શીતળ લેહેરોમાં, એકતરૂણ **વિદ્વર્જન મિત્ર વિના શૂન્ય મોજ માણતી, ધનાઢ્ય શેઠ લક્ષ્મીનંદનના અદૃશ્ય વિદ્વાન પુત્રની રસસુંદરી, અને,** બુદ્ધિધનના પુત્ર પ્રમાદધનની નવોઢા પત્નિ કુમુદસુંદરી હંસગતિથી ચાલતી હતી.

"અલકકિશોરી પાછળી સૌમ્ય કાન્તીવાળી, અર્ધ વિકસેલા સ્મિત ભરી કુમુદ સુંદરી,**શરમાતી શરમાતી** પોતાના પ્રફુલ્લ વદનનો **સ્થિરઆભાસ** આખા મંદિરમાં પ્રકટાવતી હતી."

અવલોકન—

જ્યાં ઉચ્ચ સ્વભાવ હોય ત્યાં શરમનો ભાવ પણ હોયજ, જ્યાં શરમનો ભાવ હોય ત્યાં અનુકંપ પણ કિંચિત્ હોયજ, અને જ્યાં અનુકંપનો ભાવ પ્રદર્શિત હોય ત્યાં—'સ્થિરઆભાસ, નહિ પણ **સ્થિરાસ્થિર** આભાસ હોય; માટે કંપતા વદનને વાયુથી પણ હલકાપણાનો ઉપમેય કરી, અને અસ્થિર આભાસમાં (સ્થિર દર્શનરૂપ અતૃપ્તિનો) દર્શન વળી અદર્શનરૂપ, મોહ મુકી, વિધુતનો ઉપમેય કરી લખાયું હોયતો—ઉચ્ચ સ્વભાવે કરી–'શરમાતી શરમાતી એ વાક્ય રચનાનો બાધ ન આવે; વળી કુમુદનો વર્ણ પણ રૂપેરી કલપ્યો છે અને વિધુતનો ભાસ પણ રૂપેરી છે માટે:—

"શરમાતી શરમાતી કુસુમસમ-કુમુદસુંદરી વાયુના સ્પર્શથી કિંચિત્ કંપ અનુભવતી, પોતાના પ્રફુલ્લ વદનનો વિધુતાભાસ આખા મંદિરમાં પ્રકટાવી, નૂતન નૂતન દૃશ્ય અદૃશ્ય દર્શનથી, દૃષ્ટાને ચિત્તાકૃષ્ટ, દર્શનાતુર અને પ્રેમાર્દ્ર કરતી હતી."

" પરણ્યા પહેલાં ઇંગ્રેજી અને સંસ્કૃતમાં પ્રવેશ થયેલો હોવાથી,—સંસાર ધર્મ, રસજ્ઞતા, " અને રસિકતા, વ્યવહાર કુશળતા, નીતિ માર્ગ આદિ..............ગણી લેતા. "

અવલોકન-

સંસાર ધર્મ......નીતિમાર્ગ આદિ પ્રાપ્તવ્ય કરતાં પણ કુમુદ સુંદરી—' મનોનિગ્રહ ' ' સમયાનુકૂલ વર્તન'—આ અભ્યાસમાં વિશેષ સંવર્ધ થઇ હોય એમ જણાય છે. આ સંસ્કાર, ત્હેને વિદ્યા, માતાપિતાપ્રતિના, કે પૂર્વના હોય, એ યથાર્થ કલ્પવું સુજ્ઞ વાચક

અચિન છે. લેખક પૃષ્ટ ૧૭ મામાં લખે છે કે—' ગુણસુંદરી વિના તેને કળી શકે એવું કોઇ હતું નહિ. તે પાસે હતતો આ જોઇ હે-તું વત્સલ હૃદય ફાટી જાત.' પ્રિય વાચક ! આર્યાવર્ત્તીય પ્રભાવ શાલી, વિમલ, શક્તિમતી કુમુદનાં દર્શન કરો ! ક્યાં એનું વય ! અને કેવો એનો હૃદયવીંધનારપતિથી ખેંચી લીધેલો જયવંત મનોનિગ્રહ ! ગુણસુંદરી ! ક્યાં તું ! અને ક્યાં ત્હારી બાળકી ! કેટલું સામર્થ્ય ! ગુણ સુંદરી ! ત્હારી બાળકીની એ સ્થિતિ ત્હારાથી જોવાઈ, સાંભળી શકાય એમ નથી, ત્યારે ત્હારી મુગ્ધ બાળકી હૃદયોભાર હલકો કર્યા સિવાય, (અદૃશ્ય રાખી) સર્વ સહે છે.—એનું હૃદય ફાટી નહિ જાય કે ? કેટલું મનોબળ ?—માટે સર્વ પ્રાબલ્યમાં કુમુદ સુંદરીનું, ' મનો બળ'—આ પ્રાબલ્ય ત્હેનું અપ્રતિમ પ્રશંસનીય છે અને તેથીજ જો કે મન ચલ વિચલ થતાં પણ શરીરને પતિત ન થવા દેવામાં સફલ થઇ શકી. આથી મનનું ચલિતપણું ક્ષણિક અને કૃત્રિમ અનુભવાયું.

આવા સંસ્કારવાળી કુમુદસુંદરી બુદ્ધિધનના ઘરમાં આવી એટલે તરત તો એને એક નવી દુનિયામાં પેઠા જેવું લાગ્યું. દેખાવમાં અલકકિશોરાનાથી બહુ જુદી હતી.................... એવી નિર્દોષ રસિકવૃત્તિનો અનુભવ કરતાં."

અવલોકન—

કર્ત્તાએ કુમુદના પ્રથમજ દર્શને, કુમુદ વિષય અને જન સ્વભાવ વર્ણન પરત્વે, ટુંક શબ્દમાં પણ એવું માધુર્ય મુકયું છે કે વાચકને કુમુદપર પ્રેમ આવ્યા વિના, તેમજ લેખકપર ધન્યવાદની વર્ષા વર્ષાવ્યા વિના રહેવાયજ નહિ. આ લેખનશક્તિ વિરલનેજ પ્રાપ્ત હોય છે.

"કુમુદસુંદરી સાસરે આવી, ત્યાર પછી પણ તરતમાંતો સરસ્વતીચંદ્રને સંભારી સંભારી છાની છાની રોતી, લાગ મળે નિઃશ્વાસ મુકતી, પણ બધાં બેઠાં હોય તેમની રમત ગમતોમાં તથા ઉત્સાહમાં શૂન્ય હૃદયથી ભાગ લેતી, ફીકા હાસ્યવડે મર્મ શોકપર ઢાંક પીછોડો કરતી, લજ્જાળુપણાને નામે સઉ ચાલ્યું જતું, અને હૃદય શંકુનાં ઉપજાવેલાં આંસુ આનંદના આંસુમાં ગણાતાં. પ્રમાદધન સાથે મન મેળવવા ઇચ્છતા અને પ્રયત્ન કરતી, પરંતુ ત્હેનું હૃદય મા-

ત્ર ઘસડાતું આવતું અને ઘસડાતાં ઘણાક ઘા ખમતું. આમ છતાં કાળના પ્રવાહનું બળ, નવી સૃષ્ટિનો અનુભવ, બીજાં સઉના આનંદની ભરતીનો વેગ, પોતાના બાળક મનની સ્થિતિસ્થાપકતા, ઇશ્વર ઇચ્છાને શરણ થવાની આવશ્યકતા, બુદ્ધિ, નિરૂપાય વાતને નિભાવી લેવાનો શાણો વિચાર, અને નવા પતિના સંબંધને લીધે હવે પરપુરૂષ બની ગયેલાની કલ્પના પણ કરવી એ પતિવૃત્તા ધર્મથી વિરૂદ્ધ છે એવું જ્ઞાનઃ આ સઉને લીધે બળવાન બાળકીએ પોતાના મનને તંગ ખેંચી હળવે હળવે સ્વાધીન કરી લીધું હતું અને સમય–ધર્મને અનુસરવા લાગી હતી. પાછલી વાત વિસારે પડવા માંડી હતી અને પ્રસન્નતા ત્હેના મુખઉપર ભાસતી હતી; માત્ર એટલું હતું કે આ પ્રસન્નતા પ્રાતઃકાળની ચંદ્રલેખા જેવી હતી.''

અવલોકન—

વાચક પ્રિય! દયાપાત્ર કુમુદ હૃદય અનુભવ્યું? કુમુદ–મસ્તિક કલિમાં પ્રથમના પ્રિયત્તમની કેટલે અંશે સુવાસ પ્રસરી હતી? યુવાવસ્થાની વેગવાળી વૃત્તિયોથી અથડાતાં કુમુદ–હૃદય–મંદિરદ્વાર ઉઘડતાં, અદૃશ્ય ચોરરૂપે કોનાં દર્શન થયાં? રસવૃત્તિયો કોની આજ્ઞાને શરણ હતી? જ્ઞાન શું સૂચવતું હતું? બુદ્ધિનું કેટલું પ્રબળ હતું? વિદ્યાનો કેવો ઉપયોગ થતો હતો? નીતની રીતિ કોણ સૂચવતું? લજ્જાનું ભાન કોણ કરાવતું? નિઃશ્વાસ કોણ નખાવતું? વળી હસમુખી પ્રફુલ્લ મુખમુદ્રા કોણ રખાવતું? પ્રસ્વેદ કોણ આણતું અને કોણ સમાવતું? રોમાંચ કોણ કરાવતું? અને તેથી ઠપકો કોણ આપતું? અરેરે! છેક નિર્દય! એવા દીર્ઘ નિઃશ્વાસની સાથે અશ્રુ કપોલપર કોણ આણતું? અને વળી પરપુરૂષને આંસુ લ્હોવાની શું સત્તા, એમ કલ્પી—ભાવિ–પ્રબળ–એ વિચારથી અશ્રુ કોણ સૂકાવતું? ઇંગ્રેજી અને સંસ્કૃત વિદ્યાના મિશ્ર સંસ્કારનો કેવો પરિપાક હતો? માતા પિતાની સત્તા કેટલે અંશે સ્ફુરતી હતી? અનિર્મીત પ્રિયનો આદર હતો કે અનાદર? પ્રારબ્ધે શોધેલા પ્રિયનું કેવું સનમાન હતું? શરીર કોને અનુસરતું હતું? મન કયા વિલાસ ચિન્તવનમાં વિચરતું હતું? બુદ્ધિનો શું નિશ્ચય હતો? સત્યુગની અને કલિયુગની આર્યામાં કંઇ ફેર હતો? ઇંગ્રેજી ભાષા અને સંસ્કૃત ભાષાના સંસ્કારમાં, અને બંનેના મિશ્ર સંસ્કારમાં કંઇ ભેદ હતો? એક પક્ષમાં મન અને રસવૃત્તિયોરૂપ સૈન્ય

અને પ્રતિપક્ષમાં બુદ્ધિ અને ત્હેના અધિન વિધારનાનથી પ્રક્ષાલિત થયેલી વૃત્તિયો: આ બન્નેના દ્વંદ્વયુદ્ધમાં કહોનો વિજય હતો?:—આ સર્વના યથાર્થ ઉત્તર કુમુદ! તુંજ જાણે છે. જેને જાણવા ઇચ્છા થાય તે ત્હારા સ્વરૂપને ઓળખવા પ્રયાસ કરે. અસ્તુ.

કુમુદસુંદરી! મમપ્રિય આર્ય રત્ન! સતયુગની સતિતો ગમે એવા વિચારથી પણ દૂષિત ન થાય તેવી હો; પરંતુ સામ્પ્રત કાળમાં તો ત્હારાં દર્શન પણ દુર્લભ છે. જે સરસ્વતીકિરણથી હૃદય સર્વત્ર પ્રકટાયેલું છતાં, ઇશ્વર–ઇચ્છા, માતૃ પિતૃની આજ્ઞા–પાલન અર્થે પરમાર્થમાંજ સ્વાર્થ સમજી, તેજ સરસ્વતીની સહાય લેઇ, એ પ્રકાશનો હૃદયમાંથી તદન લોપ કરવા, તું ત્હારા હૃદયનું શ્રેય ચાહ્યા સિવાય સમર્થ થાય છે;–આ તે ત્હારૂં મુગ્ધાવસ્થાને ઉચિત બળ કે કંઇ દૈવિકદર્શન? આટલું છતાં પણ ચંદ્રપ્રકાશવિયોગથી અને પ્રમાદતિમિરયોગથી ત્હેને કેવી તીવ્ર વેદના થાય છે તે અદૃશ્ય રાખવા છતાં પણ 'માત્ર એટલું હતું કે આ પ્રસન્નતા પ્રાત:કાળની ચંદ્રલેખા જેવી હતી'–આ વાક્યથી સ્પષ્ટ સમજાય છે.

" પ્રમાદધન, અલકકિશોરી, અને ટુંકામાં અમાત્ય કુટુંબનો બધો વ્યહવાર: તેમાં વિદ્યાચતુરના ઘરમાં જે સંસ્કાર થયા હતા તેનાથી જુદીજ જાતના સંસ્કાર કુમુદસુંદરીના અનુભવમાં આવ્યા. પિયરમાં અને સાસરામાં વ્યહવાર, વિનોદ અને સર્વ રીતના આચાર વિચારમાં ફેર હતો. નવે ઘેર પુસ્તકો હશે જાણી તેણે જુને ઘેરથી પુસ્તક એક પણ ન્હોતું આણ્યું. આ નવી સૃષ્ટિમાં જુની સૃષ્ટિને સંભરનાર તેની પાસે એકજ વસ્તુ રહી હતી. સરસ્વતીચંદ્રે વિદ્યાચતુરપર કાગળ લખ્યો હતો તેજ ટપાલમાં એક બીજો કાગળ કુમુદસુંદરીપર પણ લખ્યો હતો. પરંતુ તેમાં માત્ર એક શ્લોકજ સોનેરી શાહી વડે લખ્યો હતો અને માત્ર તે લખનારના અક્ષરનો પરિચય હોવાથી તથા શ્લોક ઉપરથીજ કાગળ મોકલનારનું નામ કુમુદસુંદરી જાણતી હતી.

શશિજતાં, પ્રિય રમ્ય વિભાવરી,
થઈ રમે જતી અંધ વિયોગથી;
દિનરૂપે સુભગા બની રૂહે, ગ્રહી
કર પ્રભાકરના મન માનીતા!

આ શ્લોક તેણે કોઇને બતાવ્યો નહોતો અને બતાવતી નહતી; માત્ર કંચુકીમાં છાતી સરસો સાચવી રાખતી, એકાંત વખતે લાગ મળે કાઢી જોતી, શ્લોક મોઢે થયો હતો તોપણ કાગળ વાંચી ગાતી, કાગળ જોઈ શ્લોક ગાઈ રોતી અને આંસુ સારતી, અને કોઇને દેખે એટલે કાગળ સંતાડી સજ્જ તથા સાવધાન થતી. કાગળના સામું કોઇને ઠપકો દેતી હોય તેમ જોતી, ભમર ચઢાવતી, અને વદનકમળ સાથેલાગું દુઃખીયારૂં દયામણું અને કોપાયમાન કરી, આકાશ સામું જોઈ, નિઃશ્વાસ નાંખી, આંખમાંનાં આંસું પોતાનેજ હાથે લ્હોતી. અસંસ્કારી સાસરિયામાં સર્વ છાનુ રાખી શકતી હતી અને સંસારની દૃષ્ટિને ત્હેની સ્થિતિમાં કાંઇ અસાધારણ જણાતું નહોતું ટુંકામાં ચર્મચક્ષુથી જોનારને તો અમાત્ય કુટુમ્બમાં સર્વ રીતે સફનામાં ઉત્સવ, ઉત્સાહ અને આનંદ દેખાતો હતો.”

અવલોકન—

વાચક પ્રિય! કુમુદસુંદરીને થયેલા અને થતા સંસ્કારમાં કંઈભેદાભેદ અનુભવ્યો? ચંદ્રથી ત્યાજ્ય કુમુદનો શું વિલાસ હતો? અને શાથી કાલ વ્યતિત કરતી હતી? કોની સાથે સદૈવનો પરિચય હતો? અસંતુષ્ટ ચિત્ત શાથી સંતુષ્ટ થતું? દુઃખી મન શાથી સુખ અનુભવતું:વગેરેનું દુઃખ વિદારણ ઔષધ, અદૃશ્ય વિલાસ–કેટલાંએક પુસ્તક હતાં, તે પણ,—‘સર્વ પ્રદેશ અને તેમાં વસતાં સર્વ પ્રાણીયો વિદ્યાસંસ્કારી, પોતાના જેવાજ હશે’ એમ કલ્પી, કુમુદ ત્હેનો હૃદયવિલાસ અને સમય વ્યતિત સાધન, પિયરમાં મુકતી આવી હતી. સરસ્વતીચંદ્રતો હૃદયફાટ વજ્રરૂપ શ્લોક પ્રહાર કરી ગયા પણ આશ્વાસન અર્થે સરસ્વતીસંચય પણ સાથે ન લેવા દેવામાં કઠિનતા દર્શાવતા ગયા; એ વજ્રપ્રહારથી કુમુદનું હૃદય વીંધાઇ ગયું, સર્વસ્વ લુટાઇ ગયું, જીવતર નિરર્થક થયું, એક ભવમાં બે ભવ થયા જેવું થયું, મુગ્ધ, ચિત્ત મુગ્ધાવસ્થાથીજ વિરાગી થયું, મુગ્ધાવસ્થાથીજ રસવૃત્તિયોને શુષ્ક કરવાનો અભ્યાસ આરંભ્યો, અને વ્યવહાર વર્ત્તનમાંજ માત્ર બાહ્ય આનંદ પ્રવર્ત્તાવવા લાગી. ‘પરમાર્થમાંજ સ્વાર્થ’ એ ઉપદેષ પ્રદર્શિત કર્યો. ઇશ્વર ઇચ્છાને શરણ, માતા પિતાની આજ્ઞા પાલન, ‘મ્હારાથી નહિ સેહેવાય–મનાય’– એ નિર્માલ્ય લજ્જાસ્પદ વિચારનું અદર્શનઃ–આ સર્વનું પાલન, એમાંજ મહત્વ, સ્વાર્થ સિદ્ધિ. આહા! કુમુદ સુંદરી! ધન્ય છે ત્હા-

રી પરમાર્થશીલ વૃત્તિને, અને નિશ્ચયાત્મક બુદ્ધિને! આવી આર્યાઓનું અદર્શનજ ભારતવર્ષની અવનતિનું મૂલ કારણ છે.

વારૂ, કુમુદસુંદરી, હવે ત્હને પ્રથમની આર્યાઓ સાથે સરખાવીયે. ના, ના તું તો કલિયુગની આર્યા છે. સ્વયંવર રચવાનો રીવાજ અદ્યાપિ પર્યંત જારી હોતતો કુમુદ, ત્હું આ અવદશાને પ્રાપ્ત અને દયાપાત્ર ન થાત. અસ્તુ.

કુમુદસુંદરી! ત્હું મનથી ચંદ્રને વરી ચુકેલી, વળી પત્રદ્વારા, એ વિચારને દર્શાવ્યો પણ; ચંદ્રે પણ એ વિચારને અભિનંદ્યો. છતાં ત્હારા માતાપિતાને-"આપનો વિચાર પ્રથમ મને ચંદ્રની કરવાનો હોવાથી મ્હેં મ્હારૂં હૃદય એમને અર્પણ કરી દીધું, એમણે પણ સ્વીકારી લીધું. આપે પણ થાય તેમ થવા દીધું; હવે ચંદ્રથી પતિત થયેલું મન અન્ય હૃદયમાં શી રીતે જઇ વસે? સર્વ શાસ્ત્રથી પણ એ વર્ત્તન વિરૂદ્ધ છે. નીતિથી પણ પ્રતિકૂલ છે. અન્યને ઠગવાનો માર્ગ છે. સત્યના પાલન અર્થે સત્ય વિચાર પ્રકટ કરતાં લજ્જા જેવું કંઇ નથી. લજ્જા, અસત્ય, નિંદિત કર્મ વર્ત્તનમાંજ છે. ચંદ્રની શોધમાં જવાની મને આજ્ઞા આપો. મન તેનુંજ શરીર છે. મનના સ્વામિ એ થઇ ચુકયા છે તો શરીરના કેમ નહિ! માટે આ મન, શરીર જેણે ગ્રહેલું છે તેની પ્રતિ જવાદ્યો. એના ચિત્તનું યથાર્થ રહસ્ય જાણવા જવા આજ્ઞા આપો. પોતે એકલા માતા પિતાને ત્યજી, મ્હારાજેવીનો પણ વિચાર કર્યા વિના જતા રહેવાનું શું કારણ છે? સરસ્વતીસમૂહ વિદ્વાન ચંદ્રની કૃતિમાં આ આકસ્મિક ફેરફાર શું? ઉપદેષક ઉપદેષ્ટારૂપ કેમ?- માટે પિતાશ્રી માતુ:શ્રી! મ્હારો અપરાધ ક્ષમા કરો. મ્હારાથી પ્હેલ વ્હેલું, આ કંઇ અવિનય જેવું વર્ત્તન થતું આપને દેખાયતો ત્હેને અવિનયનું વર્ત્તન નહિ લેખતાં, આપમાંથી આપની પુત્રીમાં આવેલી આ કુલક્રમાગત સત્ય નીતિ રીતિ છે. અર્પાયેલું મન બીજાને અર્પી શું આપની પુત્રી એક ભવમાં બે ભવ કરશે? શું જગતને છેતરવાનું કરશે? અને તેને શું સદ્વર્ત્તન કહેવાશે? તે છતાં કદાચ ચંદ્ર ક્ષિતિજ ત્યજી જશે તોપણ હું તો ચંદ્રની થઇ ચુકી છું. ચંદ્ર નામ જપીશ. શું અસ્ત થયેલો ચંદ્ર ઉદયને પામતો નથી જોવામાં આવતો? અને તે છતાં કદાચ ચંદ્રના શીતલ સરસ્વ-

તી કિરણથી જીવન ધારણ કરી રહેલી હું, ત્હેના વિયોગથી છિન્ન ભિન્ન થઇશ, તોપણ જેના સંસ્કાર તે તો તેનામાંજ જઇ વસશે. શું મહાશ્વેતા જેવું અનુકરણ મ્હારાથી નહિ થાય?—માટે કૃપા કરી આ દીન આપની પુત્રીની વિનંતિનો સ્વીકાર કરો."—આ પ્રમાણે વિનતિ કરી હોત તો તેઓ શું ન સ્વીકારત?

વાચક પ્રિય! બંને કુમુદસુંદરીને અનુભવી. બંનેમાં આપની વિશેષ પ્રસન્નતાનું સ્થાન કયી સુંદરી છે? દેશોદ્ધાર, ધીરરત્નનો જન્મ આપનારી કયી જનુની છે? "ચંદ્રને તો ઇંગ્રેજી ભાષાયે ઉદ્ધત બનાવી વિચાર શુન્ય આ પગલું ભરાવ્યું હશે; તોપણ ત્હેનામાં મ્હારો અવકાશ હશે. ત્હેની સરસ્વતીમાંથી હું તદન લોપ થઇ ગઇ હોઉં, એ એકદમ મનાય એમ નથી. વળી આ ક્ષુદ્ર જીવનનો આદર સત્કાર કરી, પાછળથી આ વજ્રપ્રહાર શ્લોક શા માટે મોકલવો પડ્યો હશે? હું તેમની દૃષ્ટિને રોષરૂપ ક્ષુદ્ર ભાસ્યમાન્ થઇ હઇશ અને તેથા મને સ્વીકારવામાં એમને કંઇ વિઘ્ન આવતું હશે? કે મને સુખી કરવાના સાધનોમાં ન્યૂનતા જોઈ આમ ચાલ્યા ગયા હશે?—પણ હું એમના હૃદયમાં સ્ફુરી રહીછું એ તો એમના પ્રથમના મ્હારા ઉપરના પ્રતિઉત્તરથી જણાય છે. શું લખે છે કે—આપણે બે માત્ર એકજ દેશનાં અન્યોન્ય અનુકંપી ક્ષુદ્ર પ્રાણી છિયે, હાઃ હવે તો ત્હારોજ સરસ્વતીચંદ્ર. ચંદ્ર! આ શું સૂઝયું! આટલો સ્નેહ સાધનારને એકાએક આમ શા માટે કરવું પડયું? કંઈપણ સબળ કારણ હોવુંજ જોઇયે."

પ્રકરણ ૭ મું.

વાડામાં લીલા.

પૃષ્ટ ૭૩, ૭૪, ૭૫, ૭૮, ૭૯, ૮૦, ૮૧.

"અલકકિશોરી—ને ભાભી, મ્હારાભાઇ પાસે મુજરા કરજો."

"ફાગ્ણુકલિકા—(હસી પડી) મરો, મુજરાતો ગુણકા કરે."

"અલક—મેર, મેર, બોલનારી ન જોઇ હોયતો. લાજ,"

"એનું વચન સાંભળી કુમુદસુંદરીનું મ્હો ઉતરી ગયું. પોતાની અવગણુના થઇ લાગી. પોતે નીચ સોબતનું ફળ ભોગવે છે એમ વિચાર થયો. શરીરના ભોગ અને વૈભવ પુરા પાડનાર પ્રમાદધન સાથેના સંબંધઉપર તર્ક કરવા લાગી અને તે જોતાં,—ખરે, આશું

ખોટું કહે છે ? એમ મનમાં આવ્યું. પોતાનાં પ્રિય પુસ્તકો સાંભર્યાં, સરસ્વતીચંદ્ર સાથનો સંબંધ સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરત–સર્વ મનોરથ પુરા કરત–એવો અસંતોષ થયો, સરસ્વતીચંદ્રના ગુણ સાંભરી આવ્યા, હૈયું ભરાઈ આવ્યું, અને રોવા જેવી થઈ ગઇ. સર્વેએ જાણ્યું કે કષ્ણુકલિકાપર ખોટું લાગ્યું અને એને ઠપકો દેવા તથા કુમુદસુંદરીને સમજાવવા મંડી ગયાં. કુમુદસુંદરીએ આંખો લોહી નાંખી, કષ્ણુકલિકાપર ખોટું લાગ્યું નથી એવું કહ્યું, પણ તેની સાથે પોતાના મનેવિકારનું કારણ આપી શકી નહિ એટલે સૌને પોતાનો તર્ક ખરોજ લાગ્યો."

અવલોકન—

ઉચ્ચ અને નીચ સંગતિનો શું પ્રભાવ છે તેનું દૃષ્ટાંત કુમુદસુંદરી છે. આવી વિદ્યાસંસ્કારી શાણી કુમુદસુંદરીને કૃષ્ણુકલિકાના કથનથી આમ થયું તો અન્ય સ્ત્રિયોનો શું દોષ કાઢવો ? કૃષ્ણુકલિકાના વચને પ્રમાદધનપતિ અસંતોષ અને સરસ્વતીચંદ્રપ્રતિ તુષ્ટભાવ ઉત્પન્ન કરાવ્યો ત્યારે શું સંગતિનો પ્રભાવ ખરો અને ખરોજ ? વિદ્યા માત્ર ઉપદેશકજ ? કર્ત્તા અન્ય ? વ્યતિત સંગતિનો સંચય સારો, પરિપક્વ થયો હોયતો પ્રસ્તુત સંગતિનો પટ લાગતો નથી, તોપણ કાલાન્તરે તો ક્ષય થતો હશે ? ત્યારે કુમુદને ઓછું કોણે અધમ સંગતિએ અણુાવ્યું હશે ? અને વળી સજ્જ કરી, પ્રસ્તુત વિષય વ્યાપારમાં કોણે સંયુક્ત કરી ! સંગતિનો પટ સર્વ કોઇને લાગે છે— માત્ર ફેર એટલોજ છે કે કોઇને બાહ્ય શરીરપરજ તેની છાયા પડેછે અને પાછી ઉડી જાય છે. અને કોઇને શરીરપર, મનપર, બંનેપર પડી નિસ્તેજ થઈ જાય છે. કોઇને મન અને શરીરપર પડતાંજ તેમાં વિકૃતિ કરી સ્વવશ કરી લે છે. કોઇ કોઇમાં પરસ્પર યુદ્ધ થતાં જેની હાર થાય છે તે તેને શરણ થાય છે. આ સર્વમાં અધિકતો એજ કહેવાય છે કે સમાગમી પરિચયમાં આવતા સર્વને સ્થાન દાન આપી, પોતાનાજ રૂપમાં મિશ્ર કરી દે છે અને પોતે તટસ્થ રહે છે.

કૃષ્ણુકલિકાની છાયાએ કુમુદ–હૃદયમાં વિકૃતિ કરી પરંતુ તે કૃષ્ણુ છાયા કુમુદ-ડાહાપણુ-વિવેક–સંતોષ દલ આવતાં વિદિર્ણુ થઇ ગઇ.

"સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી એક બીજાને ઘણા દિવસ ઉપર માત્ર એકજ વખત મળ્યાં હતાં અને પ્રમાદધન સાથે તો આ-

ટલો સંબંધ થયો હતો,–પ્રમાદધનનો 'સવારથ' (સ્વાર્થ) દીઠો હતો, તે છતાં બીચારાના મનમાં એ ચંદ્ર જેવાના સ્મરણનો સ્પર્શ થતાં, ચંદ્રકાન્તમાંથી ઝરે તેમ શોકમય રસ ઝરતો. સરસ્વતી ચંદ્ર રૂપવાન છે કે નહિ તેનો હેને વિચાર પણ નહોતો થયો. માત્ર તેની સાથે પત્ર વ્યવહાર હતો, તે ઉપરથી મોહ પામી હતી. અને પ્રમાદધન કાંતિવાળો, ફક્કડ અને ભોગી હતો તે છતાં આ મોહ ખસતો ન હતો."

"પરંતુ તેની શક્તિની હદ હતી અને પાણીવગર હવામાં માછલી તરફડે તેમ વિદ્યાવગરના ઘરમાં વિદ્યાચતુરની બાળકી વલોપાત કરતી હતી. મહા મ્હેનતે એ વલોપાત ઓછા થવા આવ્યા હતા, એટલામાં આ કૃષ્ણકલિકાના વચનથી સરસ્વતીચંદ્ર પાછો સાંભર્યો. તેણે મોકલેલા શ્લોકવાળો કાગળ અત્યારે પણ કમખામાં હતો. સઉના દેખતાં કાગળ કહાડયો તો નહિ, પણ મન એમાં ભરાયું. મગજમાંથી છાતીમાં તાર ગયો હોય તેમ કાગળના સ્પર્શનું ભાન આણી હૈયું ધબકવા માંડ્યું. ત્હાડની કંપારી આવી હોય તેમ શરીરમાં ચમકારા થયા અને રૂવે રૂવાં ઉભાં થયાં. કાંઇક પરસેવો પણ થયો. પરંતુ આ સર્વ તેણે એકલીએજ જાણ્યું. મ્હો ઉપર આનંદ ઉત્પન્ન કર્યો. અને રંગમાં ભંગ પડયો હતો તે જતો રહ્યો."

અવલોકન—

વિદ્યાચતુરની બાળકી કુમુદ સુંદરી, શારીરિક પ્રેમ કરતાં માનસિક પ્રેમ અધિક, ઉત્કૃષ્ટ અનુભવે છે. ત્હેના ચિત્તમાં શરીર સૌંદર્ય કરતાં મન સૌંદર્યની અધિક સત્તા સ્ફુરે છે. વિદ્યા સંસ્કારી અને અવિદ્યા સંસ્કારીમાં શું ફેર, એ કુમુદસુંદરી ત્હું પ્રદર્શિત કરે છે. 'Passion is not love'–એનું ભાન આણે છે. ત્યારે મન સંબંધ અને શરીર સબંધ, શું ભિન્ન ભિન્ન છે? મનવિનાનો શરીર સુંબંધ શું શૂન્ય? કૃત્રિમ? નિરર્થક? મનની મૈત્રીવાળાને શરીરસંબંધની અપેક્ષાશિવાય ચાલે છે? મન ત્યાંજ શરીર, કે શરીર ત્યાંજ મન? બનેમાં પ્રમુખ કોણ? શરીર પાછળ મન ત્યાં કાર્યસિદ્ધિ, કે મન પાછળ શરીર ત્યાં કાર્યસિદ્ધિ? મન–મૈત્રી અને શરીર–મૈત્રી ઉભયમાં વિશેષ સૌંદર્ય મોહક કોણ? કોઇ સમય સ્પર્શાએલું શરીર મનને જાગૃત કરે છે, કોઇ સમય જાગૃત થયેલું મન શરીરને કૃત્રિમ, અકૃત્રિમ ભૃષ્ટ કરે છે;

તોપણ મનનો પ્રવાહતો બંનેમાં જોવામાં આવે છે. સ્વવૃત્તિ રહિત જગાડાયેલું મન, તે નિર્જીવ, અપરિણામી અને સ્વવૃત્તિથી જાગૃત થયેલું મન, તે સજીવ અને પરિણામી. મન વિનાનો સર્વ કાર્યભાર શૂન્ય. મન પાછળ જ શરીર. તે વિના કુમુદસુંદરીનાથી રોમાંચ, પ્રસ્વેદ ક્યાંથી અનુભવાય? સરસ્વતીચંદ્ર પાછળ ગયેલા મનને પાછું બોલાવવાની પ્રમાદધનમાં સત્તા ન જોવામાં આવી. આથી શરીરયોગ કરતાં મનયોગ અધિક ઉચ્ચત્તર પ્રદીપ્ત થયો. પ્રાકૃત ચિત્ત તો મનના મૈત્રી અને તે દ્વારા શરીરની કૃત્રિમમૈત્રીથી તૃપ્ત ન થતાં, પર થયેલી અનિર્મિત જડ, ચૈતન્ય વસ્તુથી અકૃત્રિમ સમાગમ કરી ભ્રષ્ટ થાય છે; મગજમાં કલ્પના પ્રકટતાંજ વિહ્વલ બની, અકર્ત્તવ્ય સંગતિથી પતિત થાય છે. આવા નિજચિત્તમાં અને કુમુદચિત્તમાં કેટલો ફેર? આટલા નિર્મળ પ્રેમનો અંબાર, ત્હેને વિદ્યાચતુરના વિદ્યા અને ગુણસુંદરીના ગુણ વડે આચ્છાદિત કરી, દ્રવતી વૃત્તિયોને શુષ્ક કરી, પ્રસ્તુત કાર્યમાં પ્રવર્ત્ત થઈ એટલે કે–મ્હોં ઉપર આનંદ પ્રદીપ્ત કર્યો. કેટલી સહનશીલશક્તિ?

“ આશા ભંગ થઇ ભામિની,
“ રૂવે, સ્તુતી કરે સ્વામિની.”

“ પોતે પણ ‘આશાભંગ’ થઇ હતી તે કુમુદસુંદરીને સાંભર્યું. હળવે રહી વનલીલાથી છૂટી પડી અને ઓટલાના મૂળઆગળ મહાદેવની પછીતની ભીંતને અઢીંગી તળાવભણી જોતી જોતી એકલી ઉભી રહી, વનલીલાવાળી કડી ફરી ફરી ગાતાં અણધારી એક નવી કડી એનાથી એની મેળેજ જોડાઇ ગઇ–ગવાઇ ગઇ;—

“ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંય?
પડ્યું તિમિર કુમુદ મીંચાય!”

વળી થોડી વાર અટકી બોલી ઉઠી;

સૂઝ્યું ભ્રમર, ત્હને શાથી આવું રે?
“કેમ કમળ તજી દઇ જવાયું રે?”

“ ચિત્તવૃત્તિ આમ સળગ્યાં જતી હતી અને તેનો ભડકો કલ્પનાના રાતા પીળા રંગ ફેરબદલ ધારી વધ્યાં જતો હતો. વિચાર અંજાઇ ગયા અને કોમળ અંતઃકરણ તપી જતાં આંખે અને કાને પોતાનું કામ કરવું છોડી દીધું જાગૃત અવસ્થામાં સ્વપ્નની પેઠે કુમુદસુંદરીના

મગજમાં સરસ્વતીચંદ્ર આમેહુબ ખડો થયો. પલવાર એક મ્હોટા અરણ્યમાં, એક ઝાડની છાયાતળે ઉભેલો દેખાયો. બીજી પળે એક ગામડાની ભાગોળે કોઈ કણબીના ખાટલા ઉપર થાકયોપાકયો બેઠેલો લાગ્યો. વળી એક મ્હોટાનગરમાં ધોરીરસ્તાપર ભીડમાં એકલો અજાણ્યો અપ્રસિદ્ધ આથડતો લાગ્યો. થોડી વારમાં એકલો ધર્મશાળામાં માંદો પડેલો અને કોઇ સંભાળનાર ન મળે એવું સ્વપ્ન થયું. "પોતાની પાસે વેશ બદલી ઉભો રહ્યો હોય અને પોતે ઠપકાભરી આંખે જોતી હોય એમ લાગ્યું. આ જાગતી નિદ્રા—આ અવસ્થા તેને ઘણીવાર અનુભવવી પડતી હતી, પરંતુ તે તેને પતિવ્રતા ધર્મેથી વિરૂદ્ધ લાગતી હતી અને કાંઇક ઉપાય કરવા ઇચ્છતી હતી. સાસરે આવ્યા પછી આ આધિથી તે દુબળી થઇ ગઇતી અને મન પણ નબળું પડયું તું."

અવલોકન—

પ્રિય, દુઃખ સાગરમાં તણાતી કુમુદ! વનલીલાની પણ સરસ્વતીચંદ્રને ઇર્ષા આવી કે ત્હેનાથી તને છૂટી પાડી, કે ત્હારી વૃત્તિજ ત્હને ચંદ્રપ્રતિ લઈ ગઇ! ત્હને જે આશ્વાસન આપતી ત્હારી પ્રિય સખિ તેને પણ કઠિન ચિત્તવાળા સરસ્વતીચંદ્રના ચિન્તવનઅર્થે પડતી મૂકી, તું નિઃશ્વાસ નાંખતી સરસ્વતીચંદ્ર પાછળ દોડી અને પછીતની ભીંતનો આશ્રય લેઇ, કઇ દિશાએ, કયાનગર, વનભણી વળ્યા તેના ચિન્તવનમાં પડી. મનુષ્યને જ્યારે કોઇ પણ પૂર્વ સંસ્કાર દૃશ્ય નિમિત્તે કરી, સ્મરણદ્વારા સ્ફુરે છે, ત્યારે ત્હેને ગમે તેવો પ્રિય પરિચયપણ છોડી એકાંત શોધવો પડે છે, તેનું કુમુદસુંદરી પોતે દ્રષ્ટાંત થાય છે. નહિતો કુમુદ વનલીલાને છોડે ખરી!

આહા! કુમુદ! પ્રિય વાચક! કુમુદનું હૃદય કેટલું ચીરાય છે? "ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંઇ, પડ્યું તિમિર કુમુદ મિંચાય"—કોના આશ્રયથી, સત્તાથી હજુ કંઇક ત્હું પ્રફુલ્લ રહી છે તે ઈશ્વર જાણે; પણ ગુણસુંદરી? તમારી ગુણશક્તિથી અને વિદ્યાચતુર, તમારી વિદ્યાશક્તિથીજ કુમુદ, જીવને મુઠીમાં બળથી દાબી રાખી, માત્ર શુષ્કપણે સંસાર પ્રવાહમાં વહે છે– પ્રવર્ત્તે છે. જલ વિના જુઇ સુકાય તેમ ત્હારી જુઈ જેવી નાજુક પાંખડીયો ચંદ્રની અપ્રાપ્તિથકી સુકાય છે, એ ચર્મચક્ષુસાથે અંતરચક્ષુથી જોનારને જણાઇ આવે છે.

કુમુદ! તું સરસ્વતીચંદ્રને ઠપકાપાત્ર કરી કહે છે કે—
'ભ્રમર ત્હને શાથી આવું સુઝ્યું રે, કમળ તજી દઇ કેમ જવાયું રે'—
ત્યારે તું ઠપકાને પાત્ર નહિ! ચંદ્રનુંજ નિષ્કંટક રાજતંત્ર ત્હારા ચિત્તમાં ચાલતું હતું અને સર્વત્ર ચંદ્રપ્રકાશ જોતી, અને એનેજ પોતાનું પ્રાણજીવન ગણતી ત્યારે ત્હને પ્રમાદતિમિરમાં કોણે પ્રવર્ત્તાવી? શું લોક લજ્જાયે? માતા-પિતા આગળ એવો અવિનય દાખવતાં ઈચ્છા કેમ ઉપડે? ત્યારે પરણ્યા પહેલાં મેડી ઉપર એકલા સરસ્વતીચંદ્ર પાસે જતાં, પિતાશ્રીના ટેબલમાંથી ચોરી કરતાં, પત્ર લખતાં, લજ્જા ન આવી,—અને માતા પિતાને સત્યવાર્તા કહેતાં લજ્જા આવી? અને કદાચ ચંદ્રપુનર્ પ્રકાશની આશા ત્હને નિરાશા જેવી લાગી હોય તોપણ જે હૃદયમાં પ્રકાશની સ્થાપના થઇ હોય ત્યાં તિમિરની સ્થાપના હોયજ?—આવા પ્રકારની લજ્જા ત્હારામાં કોણે આણી? કે કલિયુગ અને પશ્ચિમાત્યવિદ્યાયે ત્હારામાંથી સતિત્વ ખુંચવી લેઇ, દીન કરી દીધી. ત્હને પૂર્વની સતિયોનું સ્મરણ છે કે માત્ર વિચારકલ્પનાથી, તેઓ જે પુરૂષનું ધ્યાન કરતી, દર્શન કરતી, તે પુરૂષને તેઓ (મનથી,) વરી ચુકતી, અને પ્રાણાંત્ત સુધી એ વ્રત તેઓ પાળતી, ત્યારે ત્હેં તો દર્શન અને હસ્તસ્પર્શ પણ (ચંદ્રનો) કર્યો હતો. કદાચ ચંદ્ર ક્ષિતિજ ત્યજી ગયા તોપણ જ્યાં ચંદ્ર પ્રકાશે, ત્યાં પ્રમાદતિમિરનું ક્યાંથીજ દર્શન? શું વિદ્યાચતુર વિદ્યાહીન અને ગુણસુંદરી ગુણહીન હતાં, કે ત્હારી આર્ય નીતિરીતીને ન સ્વીકારત? શું તું ચંદ્રને તદન ભૂલી ગઇ, કે ત્હેના ગુમ થયા વિશે કંઇ પણ ચર્ચા, શોધ ચલાવ્યા સિવાય પ્રમાદતિમિરમાં પ્રવર્તાઇ? પ્રમાદતિમિરમાં પ્રવર્ત્તાયેલી તું. ચંદ્ર પુનઃદર્શન આશામાં પ્રવર્ત થઇ હોત તો સુખી ન થાત? શું ચંદ્રમાં માત્ર ત્હને કઠિનતાજ લાગી? મનથી ચંદ્રને વરેલી કુમુદ, તું ચંદ્રસાથે ચંદ્રસાગરમાંજ ડુબી હોત, કે પુંડરીક માટે મહાશ્વેતાયે કર્યું, તેવું સ્તવન ત્હેં પુનઃ ચંદ્ર સમાગમ માટે કર્યું હોત, તો મહાશ્વેતા, સતિસીતા અને ત્હારામાં શું ફેર હતો? માટે કુમુદસુંદરી! સરસ્વતીચંદ્ર ભૂલ્યો—ભૂલ્યો. ઇંગ્રેજી ભાષાયે સાહસિક કર્યો, પરંતુ ત્હારામાંથી સરસ્વતી ક્યાં સરી ગઇ, કે ચંદ્રથી પતિત થયેલી તું બિચારા પ્રમાદને ઠગવા ગઇ. પ્રમાદ અજ્ઞાને ક્યાંથી ખબર કે મ્હારા કુમુદ—મનોરાજ્યમાં અન્યની સત્તા રહુરેછે. કુમુદસુંદરી! સતિતો એનું નામ કે, જે મનથી પણ પતિત નથી. કુ-

મુદસુંદરી ! ત્હું સરસ્વતીચંદ્રને ઠપકો દે છે તો હું ત્હને ઠપકો દઉં-છું કે—

કુમુદ ! તને શાથી આવું સુઝ્યુંરે
કેમ પ્રમાદતિમિર પ્રતિ જવાયુંરે.,

"નવીનચંદ્ર બેઠો થયો. એની અને કુમુદસુંદરીની પળવાર મળી દૃષ્ટિ" "નવીનચંદ્રની આંખ તો આ સ્હેજ હોય એમ પાછી વળી." "ગરીબ બિચારી કુમુદસુંદરી ! નવીનચંદ્ર પાછળ એની આંખ ગઇ પોતે અને વનલીલા પાછાં ફર્યાં તોપણ આંખ પાછી ફરી નહિ અને એક પાસ આંખ અને બીજી પાસ શરીર એમ ચાલ્યાં. થોડીકવાર મ્હેલાં જેનો ચિતાર મન આગળ હતો તેના જેવોજ નવીનચંદ્ર લાગ્યો—શું ! એજ સરસ્વતીચંદ્ર ! ભમતા ભમતા અહિં આવ્યા હશે ? ના, ના. એમ એ મ્હારા દુઃખની મશ્કરી કરે એવા નથી, પણ છેતો એજ, હા કહો કે ના. હશે—નિઃશ્વાસ નાંખી—મ્હારે હવે એની સાથે શો સંબંધ છે ? એનો તો વિચારજ કહાડી નાંખવો. એ હોયતોયે શું ને બીજો કોઇ હોયતોયે શું ? ઇશ્વરે જેની સાથે પાનું પાડ્યું તે ખરૂં, બીજા સઉ ખોટા.—નરમ બની જઇ મરજી ઉપરાંત વનલીલા સાથે ચાલી. વળી વિચાર થયો—પણ એજ એ હોયતો સારૂં. હશે. મ્હારે એનો બીજો કાંઇતો સ્વાર્થ નથી, મ્હારી પ્રીતિનો કળસતો લગ્નથી રેડાયો તે રેડાયો. પણ આ અહિંયાં રહેશે તો કોઇ વખત કોઇની સાથે પણ વાત કરશે. તે એકલી બેઠી બેઠી સાંભળીશ. જો એજ હશે તો એની વિદ્યા ઢાંકી નહિ રહે, કોઇકિ વખતે પણ તેનાં ઝરણ ઝરશે અને આ અવિદ્યાના દેશમાં—આ અરણ્યમાં—એના સંસ્કારી વચનામૃત આવેથી પણ મ્હારે કાને આવશે."

" ના ના, પણ એટલો એ સંબંધ ખોટો "

" પણ એવા અશરીર સંબંધમાં શો દોષ છે ? "

" પણ શાથી જાણ્યું કે આતે એજ !

" એજ મુખારવિંદ. વળી પુસ્તક પાસે હતું—એતો અમથું હોય—કોણ જાણે શુંયે હશે. પણ એતો અહિંયાં રહે તો સારૂં. એની ક્ષેમ કુશળતા જાણીજ મગ્ન રહીશ. મ્હારો રોગ જશે. મ્હારે બીજું વધારે શું જોઇએ ? આટલોજ સંબંધ રહે તેમાં શો દોષ ? એની સાથે બોલીશ ચાલીશ નહીં. એના સામું જોઇશ નહિ માત્ર એ કુ-

ઈની સાથે વાત કરશે તે સાંભળીશ. એને ક્ષેમકુશળ જાણી મને ચિંતા નહિ રહે."

અવલોકન—

પ્રિયવાચક ! કુમુદસુંદરીનું સંકલ્પવિકલ્પાત્મક આકૃષ્ટ પરવશ મન અનુભવ્યું ? સરસ્વતીચંદ્ર પાછળ ગયેલી આંખ કેમે કરી પાછી ફરી શકી નહિ. શરીર પાછું ફર્યું, પણ મન અને દૃષ્ટિ પાછાં ફર્યાં નહિ. મન અને શરીર વચ્ચે યુદ્ધ થવા માંડ્યું. શરીરે દૃષ્ટિને પોતાની સાથે લઇ જવા માંડી, મને તેમ થવા દીધું નહિ; તેથી શરીર પરાજીત પામી ચાલ્યું. દૃષ્ટિ કોણ જાણે કયારે પાછી વળી તે જણાયું નહિ. કુમુદ ! સરસ્વતીચંદ્રની સત્તા ત્હારા હૃદયમાં કેવી અનિવાર્ય છે કે, લોકલજ્જા અને વનલીલાની સંગતિ પણ ત્હારી દૃષ્ટિને પાછી વાળવા સમર્થ થઇ શકતી નથી. સરસ્વતીચંદ્રનું ચિન્તવન ત્હારા મગજમાંથી ખસતું નથી, તેના જેવાજ આકૃતિવાળા પુરૂષને જોઇ, તું વિહ્વલ બને છે વળી ' પર પુરૂષ '—એ કલ્પનાથી નરમ, નિરૂપાય બની, પ્રાતિ પલટાવીને પણ તું, ત્હેનાં દર્શન અને તત્ર-નિવાસ ચાહે છે. ' એજ સરસ્વતીચંદ્ર ' —એ મન સાથે નક્કી કરવા, અવિદ્યાવાળા પ્રદેશમાં સરસ્વતીકિરણ પથરાવા, તેમજ પોતે પણ તેમના વચનામૃતની શ્રોતા બનવા ઇચ્છે છે અને એવી ઇચ્છામાં શું દોષ ! એનો નિર્ણય પોતે મનમાં કરી, સંતુષ્ટ થાય છે.

કુમુદ ! ચંદ્રસત્તા ત્હારામાં કેટલી સ્ફુરે છે ? તે જોયું. તે સત્તાનો ત્યાગ કરવા તું કેવો પ્રયાસ કરે છે? છતાં અશરીર સંબંધ ચંદ્ર સાથે રાખવો,—એટલી મનને આશ્વાસન, અતૃપ્તિરૂપ ઇચ્છા રહી જાય-છે. આ પ્રયાસ કરવામાં ત્હારા હૃદયને કેટલું સહન કરવું પડે છે? એ પણ સમજાયું. કુમુદ ! ત્હારા જેવી દયાપાત્ર સ્થિતિવાળીતો અમે કોઇયે, કોઇને, અદ્યાપિ પર્યંત જોઈ નહિ અને એમપણ અમને શંકા થઈ આવે છે કે આ તિવ્ર તાપ સહતાં,—સહતાં વખતે ત્હારૂં મૃદુ સરસ હૃદય ફાટી ન જાય,—તેનું સ્મરણ રાખજે. ચંદ્રમતિની વિમલ મૈત્રી તો છૂટવાની નથી. ચંદ્ર સાથેનો અશરીર સંબંધ રાખી એમના સામું જોયા સિવાય ત્હારો રોગ મટાડી, એમનું ક્ષેમ ઇચ્છવા ધારે છે પરંતુ કુમુદ, ત્હને ખબર નથી કે; મનની મૈત્રીમાંથી કેટલાક શરીરની મૈત્રીનું શરણ લેઇ પડે છે? અદમ્ય દ્રવતી વાસના-

ઓ,–યૌવન સમય, એકાંત, અને સમાગમી મળતાં, સળગી ઉઠે છે અને વિદ્યા સંસ્કારી, પ્રભાવ શાલી ત્હેની સામે યુદ્ધ કરતાં, પ્રાણ પણ વખતે ખોઇ બેસે છે. કુમુદ! એ સંસ્કાર હજુ ત્હારા અનુભવમાં એકે વાર આવ્યા નથી, તેથી તે વિશે ત્હને પ્રથમ ક્યાંથીજ કલ્પના થાય? પણ તે સંસ્કાર હજુ ત્હારા પર ગુજારવા કર્મફલપ્રદાતાની મરજી છે. ત્હારૂં ધૈર્ય, બળ ત્યારે સમજાશે. ત્યારેજ તું ઉચ્ચારણ કરીશકે –'સરસ્વતીચંદ્ર! હવે તો તમે મ્હારી દૃષ્ટિસન્મુખ, સમીપ ન જોઇયે.'

"શાની ચોપડી છે? બુદ્ધિધને પૂછ્યું. ચોપડીમાં પાનું જોતી જોતી શરમાતી કુમુદસુંદરી બોલી; આતો રાધાના હાથમાં હતી એનું નામ–ધી–પંડીત– કાશી વિદ્યા સુધાનિધિ એવું છે. એમાં સંસ્કૃત તથા ઈંગ્રેજી આર્ટીકલો તથા જૂના પુસ્તકોના ઉતારા આવે છે. મ્હારા પિતાજીને ત્યાં પ્રતિમાશે આવે છે. સઉ સ્ત્રીવર્ગ જોઇ રહ્યો, કાંઇ સમજાયું નહિ."

"સ્ત્રીવર્ગ છેટે સંકોચ પામી ઉભો રહ્યો, અને કુમુદસુંદરી ધ્રુજવા લાગી–પુસ્તક ઉપરથી ત્હેની શંકા વધારે બળવાન બની હતી અને સઉની પાછળ ઉભા રહી, બધાં પોતાને દેખે નહિ એમ સઉનાં માથાંના વચ્ચે રહેતા અંતરમાંથી નવીનચંદ્રનું મુખ નિરાંતે અને નિઃશંક ન્યાળી શકતી હતી. ત્હેના મનમાં એમ હતું કે જો મ્હારી શંકા ખરી હશે તો એ મ્હારો દૃષ્ટિપાત્ ખમતાં ક્ષોભ પામશે."

અત્રે રહો ત્યાં સુધી આપણે ઘેર જમજો.' જેવી ઇચ્છા કુમુદસુંદરીને ચિત્તવૃત્તિને ગમ્યું તેની પતિવૃત્તા વૃત્તિને ન ગમ્યું."

"કુમુદસુંદરી જાણી જોઇ આના સામું જોઈ રહી હતી. કદી કદી તેના દૃષ્ટિપાત્ ન ખમાતા હોય એમ આંખો મળતાં, તે આંખ ખેંચી લેતો હતો, ઘડીક બેધડક જોઈ રહેતો. ઘડીક દરકાર ન હોય તેમ જોઇ બીજે ઠેકાણે નજર નાંખતો. પરીક્ષાના કામમાં સુંદરીના મનની અમુઝણ ધોવાઇ ગઇ. "ચંદ્ર"અને "ભ્રમર" વાળી કડીયો જોડી હતી તે ફરી ફરી મનમાં ગાતીગાતી સઉની જોડે ગાડીમાં બેઠી."

અવલોકન—

વાચક! વિદ્યાચતુરની વિદ્યાસંસ્કારી બાળામાં અને અન્ય સુંદરીમાં ફેર અનુભવ્યો? ધી–પંડીત–કાશી વિદ્યા સુધાનિધિનામક માસિક

પત્રને તે ઓળખે છે. વિદ્યામાં તે કેટલે અંશે સંવર્દ્ધમાન છે તે આથી સમજાય છે. આ ઉપરથી સરસ્વતીચંદ્ર વિનાના સર્વ પ્રાણી શૂન્ય, અજ્ઞ, ત્હેની દૃષ્ટિમાં આવે તેમાં શું આશ્ચર્ય ? અને તેવાઓની સાથે મન મેળવી, માર્ગ કરી, આનંદમાં એકમેક થવું તે ત્હેને કેટલું કઠિન કાર્ય થઇ પડતું હશે? કુમુદસુંદરી ! સરસ્વતી મૂર્તિ ! ત્હારી શહનશીલતા, ખરેખર, સ્તુતિ જન્ય છે. એક લેખક લખે છે કે–'સર્વ સહ્ય છે–પરંતુ વિદ્યાવિહીન પ્રદેશમાં નિવાસ, અવિદ્યાવાળા પ્રદેશમાં પ્રવાસ કરતા માનવોની સંગતિ, અસ્થાનિક પ્રસૃતિ–એ સહનથી આજ સ્થિતિમાં પ્રવાસ કરાવવો ધાર્યો હતો તો વિદ્યાનિર્મિત નહોતી કરવી.'–એનું તને ચિંતવન પણ છે ? કદાચ ચિન્તવન હશે તો તે કૃત્રિમ,અલ્પાયુષી, સ્વપ્નવત્ હશે. પ્રિય કુમુદ ! પૂર્વના ત્હારા કયા અપરાધે ત્હને આટલા તીવ્ર પરિતાપમાં દગ્ધકરી? કઠિન ચિત્તવાળાને પણ ત્હારાપર રેહેમ આવ્યા વિના રહે તેમ નથી. ત્હારા મધુર, શુદ્ધ ઉચ્ચારણને શ્રવણ કરતો, ત્હારી જાતિનો સર્વ વર્ગ ત્હારી મુખ મુદ્રા સામે શૂન્ય બુદ્ધિયે જોઇજ રહ્યો. કુમુદસુંદરી, તું તેમનાથી કેટલેઅંશે ઉત્કૃષ્ટછે તે તું જાણે છે? સ્વાર્થમાં પ્રવૃત માનવસંસારી ચિત્ત? ચર્મચક્ષુથી જોતાં તમને કુમુદ અને ત્હેની સહચારીયોમાં ન્યૂનાધિક કયાંથીજ માલમ પડે ? આખા સુવર્ણપુરના રાજ્યનો તંત્રી અમાત્ય, તે પણ કુમુદસુંદરીને યથાર્થ અવલોકવા સમર્થ નથી તો અલ્પ બુદ્ધિવાળા માનવોની શું સત્તા ? કુમુદસુંદરી ! તું દૂરથી ચંદ્રને જોતાં ધ્રૂજવાલાગી. ચંદ્રથી તું કેટલી દ્રવિત છે તે આથી સમજાય છે. ચંદ્રને નિષ્કંટક નિહાળવાની ત્હેં સારી યોજના રચી. આવી યોજના રચતાં ત્હને કોણે શિખવી ? 'સઉ પાછળ ઉભા રહી જોવાની યોજના'–આ યુક્તિ ત્હારા વિદ્યાભ્યાસમાંથી ત્હને પ્રાપ્ત થઇ હોય એમ મનાય તેમ નથી. ત્યારે શું સરસ્વતીચંદ્રના પ્રેમે શિખવી ? હા, એમજ હશે. ઘણા વરસના અભ્યાસમાં પણ ન શિખેલું, ટુંકસમયમાં પ્રેમે ત્હને કેવી ત્વરાથી શિખવ્યું ? ' અહિં આવી તું સુખી થઇશ નહિં'–એ વેગવાળી કલ્પનાયે, સરસ્વતીચંદ્ર ત્હને નસાડયો,–તે ત્હું, અવિદ્યાવાળા પ્રદેશનાક્ષુદ્ર પ્રાણિઓ વચ્ચે ત્હારી સર્વસ્વ વિલપતી કુમુદને જોઇ, તું તેનો દૃષ્ટિપાત કેવી રીતે ખમી શકે ? કુમુદસુંદરી, ધન્ય છે ત્હારી કલ્પનાને ! આટલું બધું તું છાનુંમાનું ક્યારે, અને કયાંથી શિખી !

કુમુદસુંદરી ! આખરે ચંદ્રે ત્હારી પાસે વારંવાર 'ચંદ્ર' અને 'ભ્રમર' ની કડિયો ગવરાવી ત્હારી ચિત્તવૃત્તિનું સન્માન થયું અને પતિવૃત્તા વૃત્તિને માત્ર ઉપરનો આવકાર મળ્યો.

પ્રકરણ ૯ મું.

ઉનમત્તપણાનું પૃષ્ટ ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૧૦૩, ૧૦૪, ૧૦૫.

"અલકબ્હેન, સાંભળો. આ એક રસિક વાત છે બાયડીને એકલી મૂકીને એનો ધણી જતો રહ્યો તે ઉપરથી એ બીચારી એકાંતમાં મનમાંને મનમાં રૂવે છે ને કહે છે કે તે બોલ રોજ યાદ આવે એવા છે. સાંભળો."

"બધાંને તો દુઃખ ખમતાં ખમતાં નિરાંતની ઘડી આખરે મળે છે, કારણ કોઇક વખત પણ ખોળ્યું હાથ આવે છે અને ખરેખરાં તોફાન મચી રહેછે તોપણ કાંઇ જન્મારો રહેતાં નથી. ગમે તેવું પાપ કર્યું હોય તેવાંને પણ ઈશ્વર ગઇગુજરી વીસરાવે છે."

"હવે મ્હારો ને એનો એટલે મ્હારા વરનો મેળાપ ન થવાનો હોયનો તે પણ કશુંએ મને માલમ પડે એટલે બસ. આ ફરી મળવાની આશા રહે છે તે છોડતી નથી ને આશા પ્રમાણે થવાતું નથી એટલે મન ચણચણ્યાં કરે છે. તેને ઠેકાણે એક વખત સાથેલાગીજ આશા જતી રહેતો નિરાંત કે કાળજું ફાટી જાય એટલે થયું ! કુમુદસુંદરીને કાંઇકિ વિચાર થયા ને મનમાં નિઃશ્વાસ મૂકયો."

"रुरुदिषावदनाम्बुरुहश्रिय:
सुतनुसत्यमलंकरणायते
तदपिसंप्रतिसंनिहितेमधा
वाधिगमंधिगमंगलमश्रुण: ॥" १

૧ "માઘ, સર્ગ૬. હે શોભન અંગવાળી ! પતિ વિયોગને લીધે ત્હારૂં મુખકમલ રોવા જેવું થયું છે એજ ત્હેની લક્ષ્મીને અલંકાર આપવા બસ છે. પણ આ વસંત–માસ પાસે આવ્યો છે તેવે સમયે આંસું પાડી અમંગલ ન કરીશ."

અવલોકન—

કુમુદ! ત્હને વસ્તુતઃ જડતો આવતો દાખલો ત્હેં ક્યાંથી શોધી કાઢયો ? ત્હારૂં હૃદય અક્ષરશઃ તેમાં ટપકેલું છે ખરેખર કુમુદ! આ

જીવમાં હવે ત્હારે ચંદ્રની આશા છે ? આશા આપી તે માત્ર કુમુદ હૃદય વિંધવા સારૂ ? આથી તો અદર્શનજ ઉચિત હતું. આશા આપી તો (ચંદ્રે) તેનું આપને નિરાશારૂપાંતર ન્હોતું કરવું. "ચંદ્ર મ્હેં તમારો શો અપરાધ કર્યો હતો કે છેક મુજ અબળા ઉપર અસહ્ય વિચારશૂન્ય નિર્દયતા વર્ષાવી ? સર્વપર પરોપકારની વર્ષા વર્ષાવોછો અને મ્હેં તમારૂં શું બગાડ્યું ? રમણીયપ્રિય કુમુદ, અને હવે તો ત્હારોજ સરસ્વતીચંદ્ર—એવાં એવાં મધુરામૃત પણ કૃત્રિમ વચનો પત્રદ્વારા પાઠવી, મને શૂન્ય હૃદયની કરી મૂકી, આખરે સદૈવને માટે રઝળતી મૂકી. આપની સરસ્વતીને ક્રૂરતાનું સ્થાન હુંજ હાથ લાગી. બળ્યું ! હૃદય પણ કેવું કઠિન છે કે ન સહેવાઇ શકાય એવું સર્વ સહે છે અને ફાટતું નથી, હવે ત્હારા મનનું નિવાસસ્થાન કયું રહ્યું છે કે જે ત્હને કંઇક આશા આપી વિભિન્ન થતાં રોકે છે!"

કુમુદ ! અશ્રુબિન્દુને ટપકાવવાં હવે છોડીદે વિભિન્ન થતા હૃદયને ફાટવા દેઇ સુખી થવું એ ત્હારા હાથમાં નથી. હવે તો જે કંઇ વિદ્યાપ્રાપ્તિથી જ્ઞાન થયું છે તેમાં શનૈઃ શનૈઃ સંવર્ધમાન થઈ, ન્યુનાધિકની કલ્પના સમૂળગી કાઢી નાંખ. વિદ્યા અને ગુણથી ઉપજેલી ત્હું, ત્હેની સાથેજ મૈત્રી સાધ. બાહ્ય ફરતાં ચક્ષુને અંતરિક્ષ ફેરવ અને ત્હારા ચિત્તને સગચિત્ત બુદ્ધિઅધિન કરવા મથ. ત્હારા પવિત્ર સંસ્કારને જગાડી પરોપકાર વૃત્તિસ્થ થા. પરોપકારમાં પણ સ્વાર્થ અનુભવે તો નિષ્કામ થા. પણ તેવું તો હાલ ત્હારાથી થવાય એમ નથી. આત્મસંતુષ્ટ ચિત્તને સ્વાર્થ શું કે પરમાર્થ શું ? પરમાર્થ પણ સ્વાર્થ ઉન્નતિ અર્થે. કુમુદ ! ચંદ્રને વીસરી સત્યચિત્ત " કરવા તું ઇચ્છા રાખે તો યોગ અને વેદાન્તનો અભ્યાસ કર. તેથી ત્હને ચંદ્રથી ન મળતો એવો અનિર્વચનીય અપૂર્વનિસીમ આનંદ મળશે અને સર્વે પ્રકારના હૃદય રોગ મટશે. એ બંને શાસ્ત્ર શિખવા જેટલો સમય ગૃહકાર્યમાં પરોવાયલી હોવાથી ન મળતો હોય તો શ્રી વશિષ્ટગુરૂયે રામપ્રતિ કહેલા શ્લોકનું સ્મરણ કરી મનન કરી રહસ્ય સમજ. ત્હારી પ્રસ્તુત સ્થિતિને અતિ લાભ પ્રદ છે. પ્રથમ આ સુખ દુઃખના દ્વંદ્વને અવલોક.

सुख स्थानंतरं दुःख दुःख स्थानंतरं सुखम् ।
द्वयमेतद्द जन्तु नाम लंघ्यं दिनरात्रिवत् ॥

સોરઠો.

સુખની પછી દુઃખ જાણુ, દુઃખ અનંતર સુખવળી
એ બે અલંધ્યમાન, જન્તુને દિન રાત્રિસમ.

ખરૂં સુખ—**आत्म नैव सहायेन सुखार्थी विचरे दिह** સુખના અર્થીએ આત્માના પોતાનાજ સહાયવતે વર્ત્તવું જોઇયે.

કુમુદ ! આ બે શ્લોકઃ—

प्राप्तेषुसुखदुःखेषुयोनश्यतिसनश्यति ।
योननश्यत्यना ।ोऽसावलंशास्त्रापदेशैत: ॥
प्राप्तकर्तव्यमेवेतित्यक्तेष्टानिष्टभावन: ।
प्रवर्त्ततेयःकार्येषुनसमज्जति ।कचित ॥

અર્થ—૧ પ્રાપ્ત સુખ દુઃખોમાં જે નાશ પામે છે. તેજ નાશ પામે છે. જે નાશ નથી પામતો તે અવિનાશી છે. શાસ્ત્રના ઉપદેશોએ કરીને તે સંપૂર્ણ છે.

૨ કર્ત્તવ્ય પ્રાપ્તજ છે એવું જાણી ઇષ્ટ અનિષ્ટ ભાવના ત્યજી છે જેણે એવો જે પુરૂષ કાર્યોમાં પ્રવર્ત્તે છે તે કહિંજ બુડતો નથી.

(સ. મનસુખરામ કૃત અસ્તોદય)

પ્રિય વાચક ! કુમુદ શું ગાય છે? એના ગાયનનો મર્મ અદૃશ્યજ રહેવો ઉચિત છે. કુમુદ નરમ બની, ન રોકાતો અશ્રુવેગ બહાર નીકળી જાય તો એમાં મ્હારો શું દોષ ?

"પણ કુમુદસુંદરી ! ગમે તે હો પણ આતો ખરૂં કે ત્હારૂં દર્શન આ દેશમાં ન જોઇયે ! કમળ ! તું તો સરોવરમાંજ જોઇયે. વિદ્યાચતુરની બાળકી-તું કોણ? આ માણસો કોણ ? કારભારે ચ્હડેલાં આ ક્ષુદ્ર માનવો ત્હારી આગળ શું મ્હોટાં થઇ ગયાં ?

गिरि शिखर गता बिकाक पंक्ति-
र्नहि तुलना मुपयाति राजहंसै:॥

રાજહંસિની ! ત્હારા દિવસ અહિં કેમ જાય છે વિશુદ્ધ પવિત્ર સુંદરી ! મલિન અપવિત્ર દેશમાં તું ! અરેરે ! દિવ્ય ઉત્કર્ષ ભરી રાજહંસિની !

માનસ-સરમાં ઉછરેલી તું દિવસ આંહ કેમ કહાડે ? (ધ્રુવ)

"સારસ શુદ્ધ તરે વિકસેલાં, અલિકુલ ગુંજે માંડે; માનસ૦૧

" માંડી ગુંજાએ સરી જાતાં સુરભી પરાગની માંહે,
" સુરભી પરાગ કરે સુરભી ખરી, પ્રસરે સલીલ પ્રવાહે! માનસ૦ ૨
" એ માનસ સરમાં ઉછરેલી! પડી અહીં તું આજ!
"મલીન દેડકાં ભર્યાંજ ખાડામાં પડી હંસિની:હાય!
"માનસ સરમાં ઉછરેલી! તુજ દિવસ કેમ અહીં જાય?"

" અરેરે! સ્વાર્થમાં પરમાર્થ ડુબ્યો. ન્હોતી ખબર કે આમ થશે–સરસ્વતીચંદ્ર! "બહુ ખોટું કર્યું! ભૂલ પડી મ્હારી સરસ્વતીપર!"

અવલોકન—

પ્રિયવાચક! સરસ્વતીચંદ્ર જાગ્યો. ચંદ્ર પ્રકાશના અપ્રાપ્તિ થકી ટળવળતી દયાપાત્ર કુમુદને જોઇ મુગ્ધ, દયાર્દ્ર થયો. પોતે અવિચારી કામ કર્યું તેથી તીવ્ર પશ્ચાતાપ, સંતાપ સહવા લાગ્યો.' કુમુદ,પ્રિય કુમુદ, મ્હારી આ દશાનું હુંજ કારણ!' એ વિચારે ત્હેનો સરસ્વતીપર નિષ્ઠુર વચનપ્રહારનો વરસાદ વરસાવવા માંડયો. તરૂણવય, ઇંગ્રેજી વિદ્યા, ગર્વૈશ્વર્ય, અને અસંસ્કારી ચિત:—આ સર્વને અવિચારી કૃતનું કારણ કલ્પ્યા. "હવે દુઃખ સાગરમાંથી શી રીતે કાઢું? નિરૂપાય." કદિપણ નહિ અનુભવેલી એવી ચિત્તની મૂઢ, શૂન્ય સ્થિતિ સરસ્વતીચંદ્રે આજ અનુભવી. સરસ્વતી કોણ જાણે આજ કયાં સરી પડી. ઉપદેષક ઉપદેષ્ટા આજજ બન્યો. સરસ્વતીચંદ્ર જેવા વિદ્વાનને પણ પ્રારબ્ધ-કર્મ પ્રવાહે કુદરતે કાનની બુટ પકડાવી- ભૂલ્યો, એકવાર નહિ પણ હજારવાર ભૂલ્યો; એમ વારંવાર નિકળતા નિઃશ્વાસ દ્વારા નિઃશબ્દ પણ કહેવરાવ્યું. આર્ય જે પ્રારબ્ધની સ્તુતિ કરે છે તે મિથ્યા નથી. આવા બુદ્ધિમતી સરસ્વતીચંદ્રને ભૂલવ્યો તો અન્ય એની આગળ શી વિસાતમાં? ત્યારે, મનુષ્ય એજ ભૂલ અને નિર્બળતાનો સમૂહ–એ જનવાર્ત્તા સત્ય, માનસિક, શારીરિક, દૃશ્ય, અદૃશ્ય કલ્પના વૃત્તિમાં-સંગતિમાં તણાતા સંસાર વ્યવસાયીને, ભવિષ્ય ફલ—પરિણામનું યથાર્થ જ્ઞાન કયાંથીજ હોય? એમની કલ્પનાશક્તિજ એમને ઠગે છે ટુંકામાં—મનુષ્ય પરવશ થાય છે ત્યારેજ શુભાશુભ ફલ–પરિણામનો ભોક્તા થાય છે. જીવત્વભાવમાં લીન થાય તો તેવો, ઇશ્વરત્વભાવમાં લીન થાય તો તેવો, અને જેમાં જીવત્વ, ઇશ્વરત્વ બન્નેનો સમાવેશ થાય છે તે પ્રતિસત્સંગે કરી વળે તો તેવો થાય છે. માટે આપ્તવાક્ય જેવો પ્રયાસ તેવું ફળ અને જેવી સોબત તેવી અસર. સરસ્વતીચંદ્ર!

ત્હું આવો વિદ્વાન, વિરાગ ચિત્તવાળો છતાં, કુમુદસુંદરીને જોઇ દયાર્દ્ર થયો. નિઃશબ્દ અશ્રુવિના પણ ત્હું રોયો; અને હવે કુમુદનો પ્રસ્તુત હૃદયતાપ ન્યૂન કરી, તેનું શ્રેય કેવી રીતે કરવું તેના ઉપાયની શોધમાં પડયો. પણ આટલી વિદ્વત્તા છતાં કંઈ માર્ગ નજ જડયો. 'કુમુદ, બીજાને પરણી મને ભૂલશે." સરસ્તીચંદ્ર ! કુમુદનું હૃદય વાંચવા છતાં, ત્હેનું સર્વસ્વ હરી લેવા છતાં, ત્હેં આ ક્ષુદ્ર કલ્પના ઉચિત સમજી, કુમુદને ત્યાગ કરતાં રજ પણ વિચાર ન કર્યો. 'ઘરમાં આવી તે સાસુ સસરા તરફથી સુખી નહિ થાય'–એ કલ્પના રચતાની સાથે ત્હેં એટલો વિચાર ન કર્યો કે-સ્ત્રિ સાસુ સસરાનું દુઃખ સહવા સમર્થ થાય છે પરંતુ અજ્ઞ, અયોગ્ય પતિનું દુઃખ તેનાથી સહ્યું જાતું નથી. "કુમુદને વિકસાવવું એ ચંદ્રનું કર્તવ્ય ગણાય છે'–આ વાકયથી ત્હને ન સમજાયું કે કુમુદ ત્હારાથી કેટલી આકૃષ્ટ છે ? ત્હેને હું ત્યાગ કરી જાઉછું ? અને—" શશી જતાં પ્રિયરમ્ય વિભાવરી..........કર પ્રભા કરના મન માનીતા"–આ વજ્રબાણથી વિંધી શનૈઃ શનૈઃ પ્રાણ લઉ છું. સરસ્વતીચંદ્ર ! આ,-કૃતિમાં ત્હારી વિદ્વત્તાનું દર્શન છે. વૈરાગ્ય ત્હને પ્રથમથીજ વ્હાલો હતો, તો તે વ્હાલો જ રાખવો હતો અને કુમુદને સ્નેહ પુરિત, રસદ્રવિતપત્ર ન્હોતા લખવા–દર્શન આપવા–કરવા રત્નનગરી નહોતું જવું. સંસારમાં રહી વૈરાગ્ય પળાય એટલું ત્હારામાં બળ ન જોવામાં આવ્યું અસ્તુ. હવે પશ્ચાતાપ કરવો છોડી દે-અને જીવતી, બળતી કુમુદના શ્રેયનો કાંઈ માર્ગ શોધ. પછી ત્હારૂં અમરંગી ચિત્ત જેમ કહે તેમ કરજે.

" અલકકિશોરી પાસે બેઠેલી કુમુદસુંદરી ચારેપાસ જોજો કરતી હતી પણ તેને એ જડતો નહોતો. આખરે ત્હેના શબ જેવા શરીરપર નજર પડી. કાંઇ બ્હાનું કાઢી ઉઠી અને ફરવા લાગી. એજ આ–એમ નિશ્ચય થયો. અને તેની અવસ્થા જોઇ, અમંગળ શંકાથી અંતરમાં ઉંડો ત્રાસ પડયો પણ કોઇને કેહેવાયું નહિ. આખરે અંતરના સગપણે લોકલજ્જાને જીતી અને નસાડી મૂકી."

" અરે–આ–નવીનચંદ્ર કે કોણ પડયું છે અહિંયાં ? પાછું જોઇ એકદમ ઉભી થઇ કુમુદસુંદરી બોલીઉઠી પોતાની અવસ્થા ભૂલી એકદમ અલકકિશોરી પણ જાગી ઉઠયા જેવી થઇ ઉભી થઇ."

" લાવોને, એક ચીથરૂં ખોળતાં કેટલીવાર ? તેણે પોતે ઓઢે-

લા ધીતિશાસામી નજર કરી અને ફાડવાનો વિચાર કર્યો. તે પ્હેલાં તો કુમુદસુંદરીએ પોતે પહેરેલા સાળુમાંથી ચીંદરડું કાઢ્યું. "

" કુમુદસુંદરીએ દ્રૌપદીનું કામ કર્યું. હજી નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર કે બીજો તે બાબત તેની ખાતરી થઈ નહતી, પરતુ બળવાન કલ્પનાને મનોવૃત્તિ અનુસરી. ફાડેલું લુગડું તેણે જૂદુ રાખી મૂકયુ–સાચવી મૂકયું.

અવલોકન––

અલકકિશોરીની આસના વાસનામાં પડેલાં અમાત્ય સહચારી સર્વચિત્ત, કુમુદ પ્રાય, લક્ષાધિપતિના બાળને ભૂલી ગયાં. ચંદ્રપ્રતિ પલટાયેલા પ્રેમે, કુમુદ, ત્હારા ચિત્તને જાગૃત કર્યું અને તેની શોધમાં મોકલ્યું. અમાત્યના ઘરમાં ઘાયલ થઇ મુર્છાવશ પડેલા ગરીબ નવીનચંદ્રની ભાળલેનાર ત્હારા સિવાય કોઈ નહોતું. અને ત્હેના ક્ષેમ અર્થે નિઃશબ્દ પ્રાર્થના કરતું અશ્રુ ટપકાવતું ત્હારા સિવાય અન્યચિત્ત નહોતું. પ્રેમ સુખ દુઃખમાં કેવો સહાય ભૂત થઈ પડે છે તેનું આજ દષ્ટાંત લોકલજ્જાથી પણ કુમુદ રોકી રહી નહીં. કેટલો પ્રભાવ ?

"કાંઇ બહાનું કાઢી ઉઠી અને ફરવા લાગી"–હવે એ ફરી અલકકિશોરી પાસે આવી કયારે બેઠી એ બિના અદૃશ્ય રાખી લેખક લખે છે કે–' અરે–"નવીનચંદ્ર કે કોણ પડયું છે અહિયાં પાછું જોઈ એકદમ ઉભી થઈ કુમુદસુંદરી બોલી ઉઠી"–આમ આ બિના અદૃશ્ય રાખવામાં લેખકે શું ભાવ દર્શાવ્યો હશે તે સમજાતું નથી–પરંતુ અનુમાનથી સમજાય છે કે "એજ–આ–એમ નિશ્ચય થયો"–આ નિર્ણય થતાની સાથે કુમુદસુંદરી પાછી (નિર્ણયને અપ્રકટ રાખી) અલકકિશોરી પાસે પ્રથમ બેઠી હતી ત્યાંજ આવીને ફરી બેઠી અને પછી ન જાણતી હોય તેવો ડોળ કરી બોલી ઉઠી–અરે–આ–નવીનચંદ્ર કે કોણ ! .

પોતાને તો ચંદ્રથી કોઇ અધિક વ્હાલું નહોતું અને તેમાં વળી બુદ્ધિધનનું સામું જોવું એટલે ભાવતું હતું અને વૈદે કહ્યું-તેવું થયું. તરતજ પોતાના સાળુમાંથી એવી ત્વરા અને સફાઇથી ચીર ફાડયું કે આડું અવળું ફાટયા સિવાય એકી વખતે અંક બંધ ફાટયું. કુમુદસુંદરી ! સત્ય કહેજે–ચંદ્રને સ્વસ્થ કરવામાં હૃદયનો ખપ પડત, તો તું જેટલી ત્વરાથી ચીર ફાડી ચીંદરડું આપ્યું તેટલી ત્વરાથી હૃદય અ-

કરી શકે એમ છે ?

શંકાયુક્ત સરસ્વતીચંદ્ર ત્હને આટલો પ્રિય અને લોકલજ્જા પણ મૂકાવે છે તો શંકારહિત સરસ્વતીચંદ્રનું સ્વાસ્થ્ય જાળવવા તું ત્હારૂં હૃદય અર્પવામાં શું વિલંબ કરે ? 'ફાડેલું લુગડું તેણે જુદું રાખી મૂકયું—સાચવી મૂકયું'—કેટલો પ્રેમ ? સરસ્વતીચંદ્ર ! હાથમાં આવેલું રત્ન ત્હેં ખોયું. સૃષ્ટિસૌંદર્યનું દર્શન આપતી, ઇશ્વરની અદ્‌ભૂત રચનાનું શિક્ષણ આપતી—રસવતી—કુમુદરત્નને ત્હેં ખોઇ—ખોઇ. સંસારી પ્રાણીઓની દૃષ્ટિમાં ત્હારા જેવો હવે દુર્ભાગી પ્રાણી કોણ છે ? સરસ્વતીચંદ્ર ! જાગ્યૂ. હવે તો છેક મધ્યાન્હ કાળ થવા આવ્યો. આંખ ન ઉઘડે તો પાણી છાંટ. ત્હને સમજણ પડે છે ? ત્હારી નહિ છતાં કુમુદ ત્હારા હિત અર્થે શું શું કરે છે ?

પ્રકરણ ૧૨.

પૃ૯ ૧૩૪.

" આહા ! કુમુદસુંદરી દૂર કરી પાસે આવી ! શું ત્હારી સંભાળ લેવાનો મ્હારે વખત આવશે ? ઘર ! મિત્રતા ! સ્નેહ ! શું તમે ભૂલાઓ એવી વસ્તુઓ નથી ? સુંદરતા ! પવિત્રમનની સુંદરતા ! સરસ્વતી ભરી સુંદરતા ! શું ત્હારો મોહ અનિવાર્ય ? ના, ના"

અવલોકન--

અનુભવાર્થી સરસ્વતીચંદ્ર ! ઘર, મિત્રતા, સ્નેહ—એ કેવી પ્રભાવશાલી વસ્તુઓ છે—તેના ત્હને સંસ્કાર થયા ? કંઇક ન્યૂનતા રહી હોયતો કુમુદસમીપ નિવાસ કરી, દુઃખી પિતાનો પત્ર, કવચિત, કોઈ સમય આવે તે વાંચી, કુમુદસુંદરીવિના અમાત્યના ઘરમાં ત્હારી કોઇ ખબર લે તેવું નહોતું—એ સ્મરણમાં લાવી પૂર્ણ સંસ્કારી થજે. ત્હારા પિતાશ્રીયે અન્યના ભમાવ્યા ઉપરથી તેમની યોજેલી જાળમાં ફસાઇ, ત્હારા ઉપર કૃત્રિમ આરોપ મૂકયા—તે ત્હારાથી અસહ્ય થયા તો—' તે પિતાશ્રી અન્યના ભમાવ્યાથીજ ભૂલ્યા છે ત્હારા પ્રતિનો એમનો પ્રેમ ન્યૂન નથી અને પિતાના સુખનો માર્ગ સદૈવ પુત્રે શોધવોજ જોઇયે; વળી પિતાની વૃદ્ધાવસ્થા છે,—આ વગેરે શોચી ત્હારે સર્વ સહ્ય કરી, અમિત પિતાશ્રીને સત્ય વાર્ત્તા દર્શાવ

વી હતી, ત્હારે, ન્હોતી કહેવી તો– ચંદ્રકાન્ત પાસે કહેવડાવવી હતી. બન્ને મિત્ર વિદ્યાપ્રાપ્તિમાં ન્યૂન ન હતા. બેરીસ્ટર પદવીએ પહોંચેલ હતા. શું તમે સત્યવાર્ત્તા પિતાશ્રીના મનમાં ન ઉતારી શકત ? કે વૃદ્ધપિતા તમે કહો છો તે સત્ય છે–એટલું સમજી ન શકત ? ખગપુરૂષે પાથરેલી જાળને કાપવાનાં તમારી પાસે વિદ્યારૂપી શસ્ત્ર નહોતાં ? કે દુષ્ટ સાથે આપણે દુષ્ટજ થવું એ સિદ્ધાન્ત હતો ! ત્યારે શસ્ત્ર લઇ સામા મારવા આવનારની સામે, તમારૂં રક્ષણ કરવા તમે નહિ થાઓ ? હથીયાર ત્યજેલા અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને શું કહ્યું છે તેનું સ્મરણ છે ? नमां कर्माणि लिम्पन्ति नमे कर्म फले स्पृहा। इतिमांयोऽभिजानाति कर्मभिर्न सबद्धते ॥ સરસ્વતીચંદ્ર ! આ શ્લોકનો અભ્યાસ કરવો રહી ગયો હતો ! ઓછામાં પુરૂં–સુખી હું તેથી કોને શું ? દુખી હું તેથી કોને શું ?–એવાં કઠિન વચનનો વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પિતાશ્રીપર મારો ચલાવી મિત્ર જેવા મિત્ર ચંદ્રકાન્તને પણ છેતરી પલાયન કરી ગયા ? ત્હારા અદર્શન ઘેલા થતા ત્હારા પિતાશ્રીના દુઃખમય પત્રથી ત્હારા હૃદયને શું નવીન સંસ્કાર થાય છે તે જોઇ દૃષ્ટા વર્ગ ત્હને હસસે, અને ત્હારી વિદ્વત્તાની તુલના કરશે. સરસ્વતીચંદ્ર ! તું વિરાગી તો છે પણ કાર્યવ્યવસાયમાં પ્રવર્ત્તાઇ, વિરાગ ધારણ કરી શકાય એટલું ત્હારામાં સામર્થ્ય નથીજ.

"શું ત્હારો મોહ અનિવાર્ય" ! "ના, ના," સરસ્વતીચંદ્ર ! તું ના કહે છે પણ હું તો હા કહું છું. ત્યારે કૃપા કરી ઉત્તર આપ-શોકે–ચારે દિશાઓ છે એમાં જે દિશાયે કુમુદનિવાસ છે તે દિશા કોણે લેવરાવી અને આણ્યા ? કે જે પંથે કુમુદ પસાર થઇ તે કુમુદ-પંથની વાસ લેતા લેતા કુમુદસ્થાને આવી પહોંચ્યા અને કુમુદ સ્થિતિ જોઇ નવીન સંસ્કારી થયા !

પ્રકરણ ૧૩ મું.

રસ્તામાં–પૃષ્ટ–૧૭૧, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮.

"સુવર્ણપુરનું કોઇ પ્રાણી–કંઇ પણ પદાર્થ તેના મનમાં વસતો નહતો. ઘરમાં હૃદય અને હૃદયમાં ઘર એમ હતું. છતાં સુવર્ણપુરના

એક જણને તેમાં અવકાશ મળ્યો. પોતાના ઘરની સર્વ સૃષ્ટિ વચ્ચોવચ્ચ અમાત્યના ઘરની—ન સગી—ન—એવી કુમુદસુંદરી ઉભી. કુમુદસુંદરી ! તુ અહિંયાં ક્યાંથી ! નવીનચંદ્ર ! આજ ત્હને શું થયું ! રાજ-ઉદ્યાનમાં પેઠો ત્યારેયે ઘર સાંભર્યું અને બહુણાંયે સાંભર્યું. એ શાથી ! ઘરની સાથે કુમુદસુંદરીને સંભારવાનું કારણ શું ! આ સર્વ પ્રશ્ન નવીનચંદ્રનાજ હૃદયમાં સમુદ્રના તરંગ પેઠે ઉઠતા હતા અને આકાશ સુધી ઉછાળા મારતા હતા."

"શું આ ખરૂં કહે છે ! વિદ્વાન સરસ્વતીચંદ્ર ! આ શું કહે છે ? મ્હારો ત્યાગ કર્યો તે આ અર્થે ! અથવા નવીનચંદ્ર ! શું તું સરસ્વતીચંદ્ર ન હોય ? તું નહિજ હોય. મ્હારો—અરેરે—એક વેળા જે મ્હારો હતો તે શુદ્ધ સરસ્વતીચંદ્ર આવો ન હોય ! આંખોપર હાથ ફેરવતી કુમુદસુદરીએ વનલીલાનો હાથ વછોડયો. વનલીલા ! જા તું ત્હારે જોવું હોયતો. હું તો નહિ આવું. "

"વનલીલાને કહાડી કુમુદસુંદરી પાછી ફરી, આંખમાં આંસુતો માય નહિ એમ ભરાઈ આવ્યાં—જાણે કે પોતાનાજ પતિને પરકીયા સાથે દીઠો હોય—જાણે કે પોતેજ ખંડિત થઇ હોય. પલંગપર પડતું મૂક્યું અને ઉંધે માથે રહી છાનું માનું પુષ્કળ રોઈ કંઇક નવો વિચાર ઉઠતાં, અચિંતિ સફાળી ઉઠી અને આંસુ લોહી નાંખી મેડી વચ્ચે ઉભી."

"અરે, પણ આશું ? એની ફજેતી હું થવા દઉં ! સરસ્વતીચંદ્ર, ત્હને આ રસ્તે નહિ ચઢવા દેઉં. હશે. ભુલ થઈ હશે—પણ ત્હારા પવિત્ર સંસ્કારને જગાડું એટલે તું જાગવાનોજ. આ કૂમાર્ગે તું ચઢયો તો બાપડા જગત્‌ની શી વલે થવાની—બીજા લોકોને તો કાંઇ કહેવાશેજ નહિ. ત્હને આ રસ્તે જોતાં મ્હારૂં કાળજું કહ્યું કેમ કરે !—મ્હારૂં કાળજું કેમ રહેશે? મચ્છેન્દ્રનાથ ! ત્હને સ્ત્રિયા રાજ્યમાં લપટાઇ દીન થયેલો જોઈ ગોરખ શું બેસી રહેશે ? ગોરખનાથ, મને સહાયતા કરો. મ્હારામાં તમારી શક્તિનો કાંઇક અંશ મૂકો. સંસ્કારી સરસ્વતીચંદ્ર, આ શું !"

"વળી આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. લુહોતી લ્હોતી સારંગી લેઇ નવીનચંદ્રવાળી મેડીની પાસે ખુરસી માંડી બેઠી અને એ મેડીમાં સંભળાય એમ સારંગી સાથે ઝીણુ કંઠે ગાવા લાગી."

"શુભ્રસ્વર્ગમાં વસનારી તે ચળી પડી હર-શિરે,........ભ્રષ્ટ

થઈ મતિ તેનો શતમુખવિનિપાતજ નિશ્ચે.”

“પોતાની મેડી બ્હાર સંભળાય એમ કુમુદસુંદરી કદી પણ ગાતી નહતી. હૃદયના સંબંધે-એની મર્યાદા આજ છોડાવી અને ગાતાં ગાતાં તે ખરેખરી ખીલી. જેમ જેમ ગાયન આગાડી ચાલ્યું તેમ તેમ તેની આંખમાંથી આંસુની ધારા વહી, સારંગીને પ્હલાળી નાંખી, અને છેલ્લું પદ ગાતાં ગાતાં-આથી વધારે મ્હારૂં બળ નથી-એમ શબ્દ વિના કહેતા કહેતા, કંપતા-મૂર્છા પામતા હૃદયપરથી સારંગી જમીનપર સરીપડી, ડોક ઢીલી થઇ ગઇ, માથું ખુરસીની પીઠપર ભાગી ગયું હોય એમ ઢળી પડ્યું, કમળાની પાંખડીયો જેવી લલિત આંખો અંધારૂ પડ્યું હોય એમ મીંચાઇ ગઇ, નિઃશ્વાસને જવા આવવાનો રસ્તો રાખવા પહોળું રહી મુખ સ્તબ્ધ થયું........હૃદય ચીરી નાંખે એવી આ અવસ્થા જોનાર, ને સમઝનાર આ પ્રસંગે-કુમુદસુંદરી ત્હારી પાસે કોઈ ન હતું. ભરવસ્તીવાળા સાસરાના ઘરમાં તું એકલી જ હતી. મૂર્છા પામેલા ઉજળા ગાલ ઉપર નિર્જીવ થયેલાં આંસુ સૂકાઇ ગયાં અને માત્ર તેના ચળકતા સૂકા શેરડા રહ્યા. એની આસનાવાસના કરનાર કોઇ ન હતું.”

“કુમુદસુંદરી હજીએ ખુરશીપર એની એ અવસ્થામાં હતી. ....આંખમાં આંસુ આણી દેવી બોલી—વનલીલા—આશું ?”

“વનલીલા ગભરાઇ.........કોણ જાણે સારંગી લેઇ ગાતાં હતાં અને ગાતાં ગાતાં કાંઇક આમ થઈ ગયું અને માથું નાંખી દીધું.”

“નવીનચંદ્ર આગળ આવ્યો......અલકબ્હેન જરા ગુલાબ જળ મંગાવો.”

“કુમુદસુંદરી, કુમુદસુંદરી-વહુ-બેટા-બાપુ-બોલોને, આમ શું કરો છો ? કુમુદસુંદરી-આડું જોઇ આંખોપર પહોંચો ફેરવતો નવીનચંદ્ર બોલ્યો-દેવિ, ચાલો, એમને પલંગપર સુવાડિયે; અહુણાં એ નહિ બોલે.”

“શું નહિ બોલે ? શું કુમુદ નહિ બોલે ? નવીનચંદ્ર એમ શું બોલો છો ? એતો મ્હારા ઘરનો દીવો—હો ! ઘેલી બનતી સૌભાગ્યદેવી લવી.”

“અલકકિશોરી અને વનલીલાએ પગ અને કેડ આગળથી ઉચકી. નવીનચંદ્રે માથા નીચે અને વાંસા નિચે હાથ રાખ્યા. સૌભા-

ચ્યદેવી વાંસેથી ઉચકવા ગઇ પણ મડદું ઉચકવા જેવો દેખાવ જોઇ છળી હોય તેમ કુમુદસુંદરી મરીજ ગઇ હોય એવું કલ્પી–પાછી પ-ડી–હાય, હાયરે, ઓ મ્હારી કુમુદ ! આ શું ? દેવી પરતી પડતી ભીંતને આધારે ટકી. ”

“ માથાભણીના નીચા નમેલા નવીનચંદ્રની આંખ કુમુદસુંદ-રીના મ્હોપર આવી. ત્હેની આંખમાંથી આંસુ પડ્યાં તે કુમુદસુંદરી-ની આંખ ઉપર–ગાલ ઉપર પડ્યાં. હાથ રોકાયલો હોવાથી આંસુ લ્હો-વાય એમ નહોતું. ”

“ હળવે રહીને, આંચ ન આવે એમ, મૂર્છા પામેલીને પલંગ ઠીક કરી તેપર સુવાડી.........તેની મૂર્છા વળી ન હતી પણ મૂ-ર્છામાંથી ફાટી આંખ કરી લવવા માંડ્યું—

“ તું મુજ જીવિત, તું મુજ હૃદયજ, તું કૌમુદી મુજ નેત્ર તણી,
“ તું મુજ પીયુષ, તું મુજ વ્હાલી–એમજ પ્રિયશત કંઇ કંઇ–
“ એમજ જુઠાં જુઠાં પ્રિયશત કંઇ કંઇ કહી કહી,
“ ભોળી મુગ્ધાને ભરમાવી–વ્હાલે વ્હાઈ ઘણી ઘણી–
“ આખરે કીધું શું–શા અર્થે–એ–એ–

“ અંત્ય એકારને લંબાવતી પાછી આંખ મીંચી દઇ, બંધ પડી. કોઇ સમઝ્યાં નહિ. સઉને ધાસકો પડ્યો––સઉના જીવ ફટકી ગ-યા–ધીરજ આપવી છોડી દઇ નવીનચંદ્ર એકદમ ઉઠી ગયો અને એક ટેબલપર ચિત્રામણ પડ્યાં હતાં તેના ભણી નજર કરતો અફરા-ટો થઇ ઉભો રહ્યો– અને આંસુ ખાળી રાખવા પ્રયાસ કરવા લા-ગ્યો અને કોઇ સાંભળે નહિ એમ ગણગણવા લાગ્યો—

“हरि हरि हतादरतया सागता कुपितेव...शोणपद्म मिवोपरि भ्रमता कुलं भ्रमरेण. ”

“ગતા–ગતા–ગઇ–ગઇ–એમ મનમાં બકતોબકતો ટેબલપર નીચું જોઇ રહ્યો અને સ્ત્રિનીપેઠે પારકા ઘરમાં ગુપ્તરીતે અશ્રુપાત કરવા લાગ્યો. ”

“ એટલામાં ટેબલપર નજર પડતાં કેટલાંક ચિત્ર જોવામાં આ-વ્યાં તે કુમુદસુંદરીનાં કાઢેલાં હતાં. એક કાગળ ઉપર ઉત્તરરામચ-રિતમાંના ત્રીજા અંકનો દેખાવ હતો. અન્ય, અદૃશ્ય સીતાદૃશ્યરામને

સ્નિગ્ધ રોષ ભરી ત્રાંસી નજરે જુવે છે તેનો આલેખ હતો. એક બીજા કાગળપર દુષ્યંતને કશ્યપમુનિના આશ્રમ આગળ એક વેણીધર શકુંતલાને આવતી દેખતો ચિતર્યો હતો. પાસે શેકસપીયર પડયું હતું તેમાં–આલ્સ્ વેલ્ ધેટ્ એન્ડસ વેલ્–અને વીન્ટર્સ્ ટેલ્–ની વચ્ચોવચ્ચ કાગળના કકડા મૂકી નિશાનીયો રાખી હતી. દાઢિયે હાથ સંખી નવીનચંદ્ર સઉ જોઇ રહ્યો અને વિચારમાં ગરક થયો એટલામાં પલંગમાં મૂર્છા પામેલીના મુખમાંથી ત્રુટકગાન પાછું નિકળવા માંડયું–

" ઓરે......વિદ્યા...ઓરે...વિદ્યા...સરસ્વતી......સરીગઇરે ....ઓરે...ભ્રમરા...શાથી ઉડી ગયોરે...સરીગઇ નામથી... સરી...મુજ હાથથી......ઉરથી સરી નાંહરે......ભ્રમર તને શાથી ગમ્યું છેક આવું ? "

" નવીનચંદ્ર પાછો ફર્યો, પલંગ પાસે આવ્યો, અને એના મૂર્છિત મુખ સામું જોઇ રહ્યો...........વાઇનુંદરદ દરાવવામાં આવ્યું. આખરે મૂર્છા વળી અને સર્વનો શ્રમસફળ થયો. વડીલની આજ્ઞા સઉએ માન્ય રાખી. શ્રમથી ઉઠતી કુમુદસુંદરીયે પ્રથમજ પોતાનો નિયમતોડયો. શ્વસુરગ્રહમાં નવીનચંદ્ર આવ્યો ત્યાર પછી તેના સામી નજર નાંખતી નહતી તેણે ગાડીમાં બેસવા ઘરના દ્વારમાંથી નિકળતાં, કોઈ ન દેખે એમ ક્રોધ, દયા, અને દીનતા ત્રણે વાનાથી ભરેલી દૃષ્ટિ ભમ્મર કમાન ચઢાવી નવીનચંદ્ર ઉપર નાંખી "

" આ બનાવ બન્યા પછી જ્યારે જ્યારે તક મળતી ત્યારે કુમુદસુંદરી નવીનચંદ્રપર કઠોર કટાક્ષ નાંખતી જણાતી."

" સરસ્વતીચંદ્ર ! તને કાંઇ ખબર છે કે કુમુદસુંદરી શું બકે છે ? ત્હારી સરસ્વતી–સરી ગઇ નામથી......ઉરથી નહિરે."

" અરરરર ! નિર્દયતા અને મૂર્ખતાની હદ વળી ગઇ !

" થયો દાઉણુ મન માન્યો વિફળ થઈ સ્નેહની સાનો !
હવે સુકુમાર ઉર ફાટી જશે, ઓ મૂર્ખ હત ભાગી ! "

અવલોકન—

મ્હોટી મ્હોટી પાઠશાળાઓમાં પસાર થઈ, પારિતોષિક, ચાંદ મેળવી, સંસારશાળામાં પ્રવેશતાં વિદ્યાર્થીનું અનુભવાર્થી થવું પડે છે. વિદ્યાર્થી સ્થિતિમાં સંસારશાળાની પરીક્ષા થતી નથી, તેમાં મા-

ત્ર પાઠ શિખવાય છે. પરંતુ તે સ્વસંસ્કાર રૂપે નહિ. સરસ્વતીચંદ્રે શાળામાં રહી, સરસ્વતી પોતાનીજં કરી લીધી હતી પરંતુ તેના સં- સ્કાર, અનુભવહિન જીવ્હાગ્ર પાઠરૂપે હતા. શરીરે ખમવામાં વિ- ષયોનો જે યથાર્થ બોધ થાય છે તે શ્રુતથી પાઠે કર્યાથી થતો ન- થી–આ બોધ સરસ્વતીચંદ્રને સંસારશાળામાં આવ્યા બાદ થયો. વિ- દેશના વિલાસે સ્વગૃહનું માહાત્મ્ય વધાર્યું.'આપ જેવો જગ 'એ કૃત્રિ- મ વિદ્યાર્થીવત્ કલ્પના બળે–કુમુદસુંદરીને યોગ્ય વર મળશે એટલે મને ભૂલી જશે–એવો (વિચાર શૂન્ય) કરેલો એ નિર્ણય, કુમુદને પથ્થરપર પછાડયા જેવું કર્યો જેવો લાગ્યો અને એથી પસ્તાવા લાગ્યો. વિદ્યાર્થી અને અનુભવાર્થીમાં શું ફેર છે એ સમજાયું. સ્નેહની સ- ત્તા કેટલી છે અને કેટલે અંશે તે મનપર અસર કરે છે એ અનુ ભવનાં પણ વિશેષ વૃદ્ધિ થઈ.

પ્રિય વાચક ! જૂઓ, કુમુદનો ચંદ્રપ્રતિ કેવો અપ્રતિમ ભાવ છે? એની ઉચ્ચ પ્રૌઢ વૃત્તિ જૂઓ ! વનલીલાના અતિ આગ્રહ છતાં કુમુદસુંદરી એ હૃદયવેધક દેખાવ જોવા ગઈ નહિ આ ત્હેની ઉચ્ચ વૃત્તિનું દર્શન છે–'વનલીલાનો હાથ વછોડયો જા તું ત્હારે જો- વું હોયતો '–આ વાક્ય ચંદ્રપ્રતિનો કુમુદપ્રેમ અગાધ દર્શાવે છે. 'મ્હારો સરસ્વતીચંદ્ર આવો ન હોય'–એ વિચારે ત્હેની સર્વ શક્તિયો- ને પ્રજ્વલિત કરી મૂકી અને જ્વાલાથી બાઝતું નીર અશ્રુદ્વારા ટપકતું કર્યું. સ્નેહનું પ્રબળ એટલું વિસ્તરાયું કે આ સંસારમાં સ્નેહનું સ્થા- ન માત્ર સરસ્વતીચંદ્રજ છે અન્ય નથી એ વિનાનો સર્વ સંસાર શૂન્ય છે. આ સમયે ગમે એવા શોધકને પણ કુમુદ હૃદયમાં, ચિત્ત- માં, કોઇ સ્થળે પ્રમાદ જડનાર નથી તેમજ એને, પ્રમાદ સાથે રજ- પણ પરિચય હશે એમ (કોઇ) સમજી શકે એમ નથી.

ભૂતપૂર્વના અપ્રતિમ સંબંધે સર્વત્ર ભ્રમણ કરતાં કરતાં, એક વિજયી તર્કને શોધી કહાડયો અને એ તર્કને અમલમાં લાવવા અ- શ્રુસારતી કુમુદ, વિષપાશમાં સપડાએલા પ્રિયને ઉગારવા સારંગી લ- ઇ ગાવા લાગી. કુમુદ ! એમની આ સ્થિતિ ત્હારાથી સહન ન થઇ ? એમની ફજેતી, એ પોતાની ફજેતી. એવું શા ઉપરથી લાગ્યું ? શું ! પ્રેમનો ત્હેં પરમાર્થમાંજ ઉપયોગ કરવો ઉચિત ધાર્યો ? જો સરસ્વતી- ચંદ્ર જેવા રત્નમાં કલંક આવ્યું તો આખો સંસાર કલંકિત થશે–

એમ શાથી ધાર્યું ! ત્હારી વિચારમાળામાં સરસ્વતીચંદ્રની તુલના ક-રે એવું કોઇ નહોતું ? વિચાચતુરની વિધાબાળકી ! આવી ફૂલયુક્ત યુ-ક્તિ ત્હારા મગજમાં ક્યાંથી સ્ફુરી આવી? પ્રેમના દર્દની દવા પ્રેમી તેમજ વિદ્વાનના દર્દની દવા વિદ્વાનજ જાણે. સરસ્વતીચંદ્રે તો માત્ર પત્રમાંજ કૃત્રિમ દાખવ્યું હતું કે–આપણે બને માત્ર એકજ દેશના અન્યોન્ય અનુકંપી ક્ષુદ્ર પ્રાણી છિયે–અને કુમુદા ત્હેં તો એ સિદ્ધ કરી બતાવ્યું. ધન્ય ! કુમુદ ! ! સ્નેહનો ત્હેં અલક અને ચંદ્રના બચાવમાં સારો પરમાર્થી જયવંત વ્યય કર્યો. એજ મન, ગૌરવીનું ગૌરવ અને વિદ્વાનની વિદ્વત્તાનું કેવું માન મુકાવે છે, તેનું આ આબેહુબ દષ્ટાન્ત છે. મનુષ્ય એ સમયપર નિર્બળતાનો સમૂહ છે. સરસ્વતીચંદ્ર, વિધા જ્ઞાનમાં પોતાથી અધિક છે તેથી તેમને મચ્છેન્દ્રનાથનું રૂપ આપી, પોતે ગૌરખ બને છે. પ્રાણીમાત્રથી વખતે ભૂલ થઇ જાય છે. હવે એ ભૂલ સ્વછાયા અને પરછાયાના સમ્મિલનથી અથવાતો પોતાનાજ અલ્પજ્ઞતથી મનુષ્ય માત્રથી થઇ જાય છે. એમ ધારી કુમુદ એના પવિત્ર સંસ્કારને જાગૃત કરે છે અને જાગૃત થતાંજ પથરાએલા તિ-મિર આવરણનો ધ્વંસથતાં, માત્ર સ્વપ્રકાશજ મનુષ્યના મસ્તિકમાં પ્રકટે છે. જાગૃત અવસ્થામાં કે સ્વપ્નાવસ્થામાં, દશ્ય કે અદશ્ય સં-ગતિયે કરી, સ્વ અને પરવૃત્તિયોનું સમ્મિલન થઇ, હૃદય ભૂમિપર પ-રસ્પર દ્વંદ્વ યુદ્ધ થાય છે ત્યારે બને પક્ષ શુભાશુભ પરિણામને પ્રાપ્ત થાય છે એક વિજય મેળવે છે તો પ્રતિપક્ષી હાર પામે છે.

ચંદ્રને ઉગારવાના પ્રયાસમાં પ્રવર્ત્તાયલી કુમુદને–આજ હું કેટલે સ્વરથી ગાઉં છું એ ભાન ન રહ્યું. કદાચ ભાન રહ્યું હશે તો સર-સ્વતીચંદ્રના પ્રેમે ગુપચુપ તેને વિદાય કરી દીધું હશે. હૃદય સંબંધ, સારંગી અને ગાયન એ ત્રણેનો મેળ મળતાં, કુમુદને પૂર્ણ ઘેનમાં ઘેરી. અશ્રુપ્રવાહ રોકયો રહ્યો નહિ અને આખરે–' આથી મ્હારામાં વિશેષ બળ નથી, એમ ત્રુટક શબ્દ નિકળતાંજ મૂર્છાવશ થઇ.

કુમુદ ! ધન્ય છે ત્હારી મૈત્રિને ! અને મૈત્રિના પાલન અર્થે કરે-લા સફળપ્રયાસને ! ખરેજ, ત્હેં નવીનચંદ્ર જેવાને મહાપાતકમાંથી ઉ-ગાર્યોજ. સરસ્વતીચંદ્રને ત્હેં આમ ઉગાર્યો–ત્યારે સંસારમાં પ્રવાસ ક-રતાં કુમાર્ગે ચડેલાં કેટલાંક ક્ષુદ્ર વિષયાધીન ચિત્તને ઉગારવા અર્થે તું કાંઇ ન કરી શકે? આ પરમાર્થ કર્યો તેવો આ પરમાર્થ ન કરી શ-

કે? પુરૂષવર્ગમાં, સર્વમાં અમાનતા વાળો મળે તો મનનો શું ભરૂ-સો ? એમ સરસ્વતીચંદ્રના યોગે ત્હને શંકાયુક્ત કરી હોય તો ત્હારી જાતીમાં તું સહનશીલતા છઇ, અકર્તવ્ય સાંભળીથી ડગમગતી ચિત્ત-વૃત્તિ વાળી અબળાઓનાં પતિવ્રતાનું રક્ષણ કરી કર્તવ્ય કર્મ શિખવ. સર્વગુણ, વિદ્યા, સામર્થ્ય વાળી તું, ત્હારી આ દશાનું કારણ કલ્પી, અન્યને (તો) બચાવ. આ ઉત્કૃષ્ટ પરમાર્થ શીલવ્રતને કરી તું પુનર જન્મે ચંદ્રને પામીશ. ત્હારી જાતી નબળા મનની વિશેષ હોય છે તે ત્હને વિધાસંસ્કારીને ખબર હશે.

કુમુદની મૂર્છા અવસ્થાના શરીરનું ચિત્ર લેખકે એવું રસપુરિત અનુપમ આપ્યું છે કે વાચકને પુનઃ પુઃન વાંચતાં શ્રમનું ભાન ન થતાં લેખકની અપૂર્વ લેખનશક્તિ વિશે દૃઢમત બંધાયજ. કુમુદ! તું તો પ્રેમ પરાર્થેજ અર્પવામાં સમર્થ, સફળ થઇ-પરંતુ ત્હારો બચાવ કરવા અમાત્યના ઘરમાં કોઇ સમર્થ જીવન છે કે કેમ ? પરમાર્થ કરવા જતાં, હૃદય જર્જરિત થતાં મૂર્છાવશ થયેલી ગુણસુંદરી ત્હારી બાળકી કુમુદ ? અત્યારે સુવર્ણપુરના અમાત્યના ઘરમાં અનાશ્રિત અનાશ્વાસિત, વ્યાપાર શૂન્ય પડી છે? ગુણસુંદરી! ત્હારા સતિત્વ બળથી કે યોગાભ્યાસ જાણતી હોય તો સંયમથી કુમુદનું દર્શન વસ્તુતઃ કરી શકે એમ છે ? અને એની વાહરે ચડી શકે એમ છે? કુમુદને સ્વસ્થ કરી એના સુકાએલાં આંસુના ચળકતા સુકા સેરડાને એનાજ આનંદાશ્રુથી પ્રક્ષાલિત કરાવા તું સમર્થ છે. ? ગુણવતી! પ્રથમતો એની એ અવસ્થાજ ત્હારાથી જોવાઇ શકવી અશક્ય છે તો એને સ્વસ્થ કરવાની વાર્ત્તા તો ક્યાં રહી ? કુમુદથી વિખુટી પડેલી વનલીલા, ગાયન એકદમ બંધ પડતાંજ દોડી આવી-સૌભાગ્યદેવી પણ પાછળ દોડી આવી. વનલીલાને પૂછતાં રોજ ગામગપાટા સપાટાબંધ મારતી સેહેજ આભી બની ગઇ. કુમુદસુંદરીને આ સ્થિતિમાં જોઇ સૌભાગ્યદેવીનું ચિત્ર અસલની આર્યા જેવું છે. કુમુદપ્રતિનો એનો વધૂ-પ્રેમ અસાધારણ છે એમ-'શું કુમુદ નહિ બોલે, એ તો મ્હારા ઘરનો દીવો છે '-આ વાક્યથી સિદ્ધ થાય છે.

વાચક પ્રિય, વિરાગી-વિદ્વાન સરસ્વતીચંદ્રનું ધૈર્ય સરી જાય છે. અન્યતો હવે થએલી ભૂલ માટે ક્ષમા અને ઉપકારના બદલામાં કઇ રીતે બદલો વાળી શકે! પરંતુ કુમુદ મુખચંદ્રપર અશ્રુ ટપકાવી, તે

ને સચેત કરી ક્ષમા માગવા લાગ્યો. અવિચારી, અપરાધી, નિર્બલ મનનો છું એમ કબુલ કરવા લાગ્યો.

કુમુદે જ્યાં છાટી આંખે હૃદય જ્વાળા, ત્રટક શબ્દમાં પ્રકટાવવા માંડી ત્યાં સર્વેની, તેમાં વિશેષ સરસ્વતીચંદ્રની જેટલી હતી તેટલી સર્વ ધીરજ એકી વખતે સરી ગઈ. ધીરજ આપવી પડતી મૂકી, હૃદય જ્વાળાથી દગ્ધ થતાં સરસ્વતીચંદ્ર નિઃશબ્દ ચીસ પાડતો કુમુદ પાસેથી નાઠો. શોકથી શક્તિહીન થતાં ભગાયું નહિ અને ભાગવા પ્રયાસ કરત તો સૌભાગ્યદેવીનો દૃષ્ટિ પ્રતાપ તરતજ રોકી પાડત. સરસ્વતીચંદ્ર ! ભાગ્યહીન સરસ્વતીચંદ્ર ! સુખનોચંદ્ર પ્રકાશેલો, તેમાંથી તું સ્વેચ્છાયે નીકળી જઈ, હવે પારકા ઘરમાં બાળકની પેઠે રૂદન કરે છે. આહા ! શું દૈવની ઘટના ! આવા સરસ્વતીચંદ્રની આવી સ્થિતિ તો અન્ય જનની શી વિસાત ! એક જ્વાળામાંથી દગ્ધ થતાં નાસી છૂટી અન્ય સ્થળે આવ્યો તો ત્યાં પણ તેવીજ બળતી જ્વાળા નજરે પડી અને પ્રથમના જેવીજ તીવ્ર હોવાથી દગ્ધ થવા લાગ્યો. સરસ્વતીચંદ્ર ! હવે ક્યાં જઈશ ? કુમુદસુંદરી ત્હને દીર્ઘ પશ્ચાતાપરૂપ અગ્નિથી ભસ્મ કરવા સમર્થ છે તેવી રીતે સૌભાગ્યદેવીના પ્રતાપ આગળથી ત્હારાથી ચસકાય તેમ નથી. આ સમયે કુમુદ કરતાં ત્હારી સ્થિતિ કંઈ અધિક સુખકર નથી. ફેરમાત્ર એટલોજ છે કે તું પુરૂષ છે, એ સ્ત્રી છે, છતાં ત્હારી ગુરૂ હિતૈષી એ છે અને તું એનો શિષ્ય, ઉપકૃત પ્રાણી છે. સરસ્વતીચંદ્ર ! આખરે કુમુદને ત્હારા રોજ[1] પર દયા આવી. એના મનમાં એમ વસ્યું કે—સરસ્વતીચંદ્રને મહાપાતકમાંથી બચાવતાં રખેને મ્હારૂં હૃદય ફાટી જાય,—એ તીવ્ર કષ્ટ સરસ્વતીચંદ્રથી અસહ્ય છે—એમ ધારી કુમુદસુંદરી વેદની દવાનું નિમિત્ત કરી સ્વસ્થ થઈ, સરસ્વતીચંદ્રને દ્વિતીય પશ્ચાતાપ પાતકમાંથી મુક્ત કર્યો.

આ બનાવ બન્યા પછી કુમુદસુંદરીનું ચિત્ત સરસ્વતીચંદ્ર પ્રતિ કંઈ—'એતો જોયા જોયા તમને'—એવા વિકારવાળું જણાતું હતું અને એ વિકાર ફક્ત સરસ્વતીચંદ્રનેજ જણાવવા કોઈ ન જુએ તેમ, કઠોર ક્રોધ કટાક્ષ ફેંકતી. કુમુદસુંદરી ! ઇશ્વરે ચંદ્રને ત્હારી પાસેથી છુંટવી ન લીધો હોતતો તું ચંદ્રનુંજનામ, ચંદ્રનુંજધામ, ચંદ્રનુંજકામ, અને ચંદ્રનુંજ દર્શન—સ્મરણ કર્યા કરત. અને સૌભાગ્યદેવી જે-

---

1 રડવાપર.

વી પૂજનીય, દર્શનીય, પવિત્ર ગણાત. અને વિઘા ત્હારામાં એનાથી અધિક એટલું વિશેષ ગણાત.

સરસ્વતીચંદ્ર–'સુકુમાર ઉર ફાટી જશે.'–એ જ્ઞાન તને આજ થયું. એ હ્રદયને ફાટતું રોકવાને તું હવે સમર્થ રહ્યો નથી. ફક્ત ત્હારા હ્રદયનેજ તું દ્રવતું મૂકતો ના. કારણ કે તને ખબર છે કે વિશેષ વેગમાં દ્રવતું હૃદય વખતે અનિષ્ટફલનું પરિણામી થાય છે.

પ્રકરણ ૧૪ મું.

સૌભાગ્યનો સંપૂર્ણ ચંદ્ર. પૃષ્ટ ૧૯૭, ૧૯૮, ૨૦૦, ૨૦૨.

"બ્હેન, હું તો તમારો ભાઈ થાઉં હો!–એ શબ્દ પુરે પુરા કાનપર પડવાથી વનલીલાએ નવીનચંદ્રની શુદ્ધતાની ખાતરી કરી આપી હતી એટલે કુમુદસુંદરીના હૃદયમાંથી એક મહા કંટક નિકળી ગયો હતો. બેભાનપણામાં બકી જવાએલાં પદ જાગૃત્ત અવસ્થામાં વનલીલાની શુદ્ધ સ્મરણ શકિતને બળે કુમુદસુંદરીએ સાંભળ્યા અને નવીનચંદ્રના અંતઃકરણમાં એથી કેટલું દુઃખ થયું હશે તેનો વિચાર કરી એ પોતાને નિર્દય માનવા લાગી. પર પુરૂષ થયેલાની બાબતમાં આટલો મોહ થાય એતો પતિવ્રતા ધર્મથી કેવળ વિરૂદ્ધ અને પોતાના મનમાં આટલી નિર્બળતા હોવા છતાં નણંદને ઠપકો દેવો એ કેવળ મૂર્ખતા એમ વિચારી નવીનચંદ્રને જોઇ થતા વિકારો એકદમ દાબી નાંખવા ઠરાવ કર્યો અને તરતજ તે ઠરાવ પ્રમાણે વર્તવા સમર્થ થઇ."

"હાસ્તો, હવે કોઇ આવશે. નવીનચંદ્ર આવે–નવીનચંદ્રનું નામ લેતાં કુમુદસુંદરીના ગાલ પર શેરડા પડયા."

"વરેલું ન હોય તે ઇશ્વરના ઘરનું અપરાધી." અલકકિશોરી શરમાઇ ગઇ. ઇશ્વરના ઘરનું અપરાધી–એ શબ્દ બોલી કુમુદસુંદરી પોતે પણ મનમાં લેવાઇ ગઇ, પ્રમાદધનની છબિ સામું જોઇ રહી, નિશ્વાસ મુકી મનમાંથી સરસ્વતીચંદ્રને છેલ્લા નમસ્કાર કર્યા.

"જવાના વિચારમાં પડેલા નવીનચંદ્રે ચાલતી વાતોમાં ભળતા પ્હેલાં– ભળતાં ભળતાં– કુમુદસુંદરીને પોતાના મનથી છેલી જોઇ—સીધી એકવાર જોઇ—બીજીવાર જોઇ–

બીજીવાર જોઈ-જોવાનો પારજ ન આવ્યો. કુમુદસુંદરી ! હવે આ છેલ્લો મેળાપ ! વિચારમાંને વિચારમાં તેની વાર્તા અવિચ્છિન્ન ચાલી નહિ, પણ તેપર કોઇનું લક્ષ ખેંચાયું નહિ. દૃષ્ટિ આગળથી પણ જુદા પડવાનો પ્રસંગ વિચારી તે ગળગળો થવા લાગ્યો. પક્ષીના અભિલાષીના કબજામાં પડેલીને જોઇ તેનો અંતઃપશ્ચાતાપ વધ્યો. એની આંખોનું નવીન નૃત્ય, એના વદનમાં દેખાઇ આવતી મનની દીનતા, અને ટપાલનો કાગળ: ત્રણને સાંધી કુમુદસુંદરી ચિંતાગૃસ્ત થવા લાગી; 'શું હશે'-એનો તર્ક કરવા લાગી; તેના દૃષ્ટિપાતને પ્રત્યુત્તર ન વાળવામાં આજસુધી જયવંત નિવડેલો નિશ્ચય હાથમાં ન રહેતો લાગ્યો, પણ મનનું સમાધાન કરવા રસ્તો ન સુઝયો."

અવલોકન—

કુમુદ ! નવીનચંદ્રને અલકથી દૂષિત થએલો જાણી તું તેની પ્રતિ અસહ્ય વચન બાણ ફેંકે છે તે ત્યાંથી પાછાં વળી ત્હારા હૃદયમાં ભોંકાય છે. તીર ધનુષ્યમાંથી ફેંકાવનાર, અને તે તીર ત્યાંથી ફરી પાછાં તને ભોંકાવનાર,--એ બને કાર્યનું નિમિત્ત ત્હારી પ્રિયસખિ વનલીલા છે. કુમુદસુંદરી ! સરસ્વતીચંદ્રને તો કાંઈ અસહ્ય થઇ ન પડે એવું વર્તન કરવું એ ત્હારો અભિલાષ-છે કે રખેને સરસ્વતીચંદ્રને મ્હારા માટે વિરૂદ્ધ મત બંધાય અને એથી આટલો પણ સંબંધ તુટે ? એ બ્હીકથી સરસ્વતીચંદ્ર પ્રતિના વર્ત્તનમાં તુ વિશેષ સાવધાન રહે છે ? 'પરપુરૂષ સાથે શા માટે સંબંધ?' આ વાક્ય વારંવાર ઉચ્ચારે છે પણ તે પ્રમાણે વર્તવા સમર્થ થતી નથી. સરસ્વતીચંદ્ર પ્રતિના પવિત્ર પ્રેમને-પરપુરૂષ-એ ધ્વનિ કલંકિત કરે છે. કારણ કે પિતા, કાકા, ભાઇ, મિત્ર આદિ સર્વ પુરૂષ વર્ગ છે અને એમની પ્રતિ જે પ્રકારનો પ્રેમ હોય છે તે પ્રકારનો પ્રેમ તું સરસ્વતીચંદ્ર સાથે પ્રથમના પ્રેમનું રૂપાંતર કરી, કલ્પે છે ત્યારે તું 'પરપુરૂષ' એ શબ્દનું વારંવાર ઉચ્ચારણ કરી શંકાસ્પદ કલંકિત અદૃશ્ય પ્રીતિનું કેમ દર્શન આપે છે ? આથી તો સરસ્વતીચંદ્રના દૃશ્ય અદૃશ્ય સમાગમથી તુ બ્હીએ છે અને કંઇક બ્હી ગઇ હોય, એમ દીસે છે. વળી આથી ત્હારી ગુપ્ત વાસનાઓનું રૂપાંતર થયું નથી એમ સિદ્ધ થાય છે. વારંવાર હૃદયમાંથી સનાતન દેશનિકાલ કરવા નિશ્ચય કરે છે છતાં પાછી પડે છે. આથી ત્હારૂં ક્ષુદ્ર મન પ્રદર્શિત થાય છે.

પરપુરૂષ થયેલાની પ્રતિ આટલો બધો મોહ રાખવો એ પતિવ્રતા ધર્મથી વિરૂદ્ધ છે એમ સમજી હૃદયમાંથી સરસ્વતીચંદ્રનો તદન લોપ કરવા પ્રયાસ કરે છે છતાં નવીનચંદ્ર નામ જાણી જોઇને, કે પ્રસંગાનુસાર, આકસ્મિક લેવાઇ જાય છે અને લેવાઇ જતાં, કંપ સાથે ગાલપર શેરડા પડે છે—આ શેરડા, પરપુરૂષનું નામ અને તેમાં વળી નવીનચંદ્ર નામ—એ પાડે છે-કે અનિવાર્યમોહ ત્હને દીન કરી ન્હારા ગાલપર શેરડા પાડે છે કે પછી પિતાને ત્યાં પુસ્તક આપતાં થયેલો સ્પર્શ-સ્મરણ, આ કાર્યનું નિમિત્ત છે? પરંતુ એ બનાવને તો ઘણો સમય વ્યતિત થઇ ગયો અને તે વખતના ચંદ્રપ્રતિના મનનું ત્હેં રૂપાંતર પણ કરી નાંખ્યું છે.

કુમુદસુંદરી ! 'ધારેલું ન હોય તે ઇશ્વરના ઘરનું અપરાધી'—આ આરોપ નણંદપર મુકતાં તું શા સારૂ લેવાઈ ગઇ ? શું જે ગાદી ઉપર પ્રમાદધન બિરાજીત છે તે ગાદીનો ખુણો દબાવીને પણ સરસ્વતીચંદ્ર હજુ બેઠો છે શું ? કે સરસ્વતીચંદ્રની બેઠક પ્રમાદધનની ગાદી ઉપર ન હોતાં, કેવળ ન્યારીજ, સર્વ સગાં સંબંધી વર્ગથી વિચિત્રજ છે? હશે ગમે તેમ હોય 'પરંતુ ઇશ્વરના અપરાધી' એમાં એવી શુ સત્તા રહી છે કે સર્વનાં મન જાગૃત કરે છે અનુકંપાવે છે. અર્થ રહિત પરિશ્રમ, આપત્તિ વિશિષ્ટ, પણ શુભ કાર્ય કરતાં આપણને કેવો અવર્ણનીય આનંદ ઉત્પન્ન થાય છે અને શ્રમ રહિત દ્રવ્ય લાભપ્રદ વિઘ્ન રહિત પણ અશુભ કાર્ય કરતાં આપણને કેટલો ભય, ત્રાસ અને અનુકંપ થાય છે. ચોર અને શાહુકાર બંને વર્ગ ઉપર અસર કરે છે—આ આનંદ અને ભય કુહોની પ્રતિથી અને ક્યાંથી પ્રદીપ્ત થાયછે—એનું યથાર્થ અવલોકન સાર્વજનિક શ્રેયસ્કર, જ્ઞાતવ્ય છે. એના દીર્ઘ મનનમાં અને સમાધાનમાં પ્રાસવ્ય છે.

ચંદ્રે કુમુદપ્રતાપ બરોબર અનુભવ્યો અને તેના પ્રતાપથી મોહિત થયો હોય, અને આ પ્રતાપના હું ક્યારે દર્શન કરીશ ? ફરી જોવા મળશે કે નહિ ? "પ્રતાપ"નું સૂક્ષ્મ બુદ્ધિથી અધ્યયન કરતો હોય, એમ એ નિઃસ્પૃહ કુમુદસુંદરીને જોઇજ રહ્યો. પાસેના સંસારી ચિત્તને ક્ષુદ્ર લેખી હિસાબમાંજ ન લેખ્યાં. કુમુદસુંદરી તરફ આંખ ન માંડતો આજ નિઃશબ્દ કંઇ કંઇ વાતો કરવા મંડી ગયો. લોક લજ્જાજેવું ઉભયને સ્વપ્ન પણ ન રહ્યું—

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया

वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून्।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः
स्वयंत्यक्ता ह्येते शमसुखमनन्तं विदधाति ॥

તાત્પર્ય-ઉદ્ભવિત સર્વ ઇચ્છાઓ એક સમય વિયોગ અર્થેજ; માટે તેના અદ્રશ્ય થતા અગાઉ આપણેજ તેનો પરિત્યાગ કરવો હિતકર છે એમ નિશ્ચય, નિર્ણય કર્યા છતાં કુમુદસુંદરીએ પણ ઉત્તર આપ્યા-પ્રશ્ન કર્યા. આજ સુધી જાળવેલી લોકલજ્જા ત્હેની વિદૂષામાંથી કુમુદમતાપે ટપકાવી દીધી. સર્વને છેતરતી કુમુદની, ચંદ્રને પ્રશ્નોત્તર કરતી દૃષ્ટિ, ત્હેના પતિની માનિતી કૃષ્ણકલિકાએ પકડી પાડી. અસ્તુ. ચાલો હવે, ચંદ્ર કુમુદ કયા પ્રદેશમાં નિપજ્યાં, એ પ્રદેશનું દર્શન કરિયે.

પ્રકરણ ૧૫ મું.

સરસ્વતીચંદ્ર-પૃષ્ટ ૨૧૩, ૨૧૪, ૨૧૬, ૨૧૭, ૨૧૮,
૨૧૯, ૨૨૦, ૨૫૭.

" કુમુદસુંદરી વચમાં આવી.....ચાલી. ' પિતાના ટેબલમાંથી ચોરી કરૂં છું ' એ વિચાર ત્હેના મનમાં પળવાર આવ્યો પણ ઇશ્વરલીલાને બળે એ ચોરી એના પવિત્ર મનમાં પણ વસી નહિ ! કાગળ વાંચ્યો-બીજી વાર વાંચ્યો-ત્રીજીવાર વાંચ્યો-વાંચતાં ધરાઇ નહિજ. સરસ્વતીચંદ્રના સુંદર અક્ષરથી-મનહરભાષાથી-પ્રૌઢ વિચારથી-તે મોહપામી, પરવશ બની. કાગળ છાતી સરસો ડાબ્યો, રોમાંચ અનુભવ્યો અને શૂન્ય ભીની આંખ્યોથી ઉંચું જોઇ રહી-મ્હારા પ્રિય- પ્રીતમ-પ્રાણનાથ-એના આ અક્ષર ! આવા કાગળ મ્હારા ઉપર ન આવે ? એવાજ કાગળની આતુર મુગ્ધાએ પતિપર કાગળ લખવા આરંભ્યો-કાગળ લખું છું એ વિચારથી એકાંતમાંને એકાંતમાં શરમાઇ-મથાળુંજ કેમ કરવું તે સુઝયું નહિ. મ્હારા પ્રિય-એમ લખું ? પ્રાણનાથ લખું ? કંઇ કંઇ વિચાર કરી, કંઇ કંઇ વિશેષણો કંઈ કંઇ કારણથી રદ કરી, આખરે મ્હારા ચંદ્ર અને આપની કુમુદ-એ સંબંધથી લેખનાં અથઇતિ કર્યાં. તેના હૃદયને સાથે પકડી, હૃદયને ઠેકાણે આતુરતા, ઉત્સુકતા મૂકી, કાગળ ટપાલમાં આ-

ઃયો અને પ્રવાસ કરતો કરતો લક્ષ્મીનંદનને ઘેર તેના ઉપરના કાગળોના બંડલ ભેગો એ પણ આવ્યો."

"મ્હારા ચંદ્ર,

"શું લખવું તે મને સુઝતું નથી. લખવાની સ્વયંભુવૃત્તિ થવાથી લખું છું અને અક્ષરદ્વારા આપના દર્શન ઇચ્છી રંક લેખ મોકલું છું. આપનેતો આ નિર્માલ્ય પત્ર વાંચી હાસ્ય થશે. પરંતુ ચંદ્ર છો–સર્વગુણમાં આકાશ જેટલા ઉન્નત છો–તોપણ પૃથ્વીપર પડી રહેલા ક્ષુદ્ર કુમુદને વિકસાવવું તે ચંદ્રનું કર્તવ્ય ગણાય છે. આખું જગત્ એમ ગણે છે તો હું કેમ ન ગણું ? બીજું શું લખવું તે સુઝતું નથી."

"આપની છબિ આપની પાસે માગું તો ?"

"આ પત્રનો વિષય મ્હેં નથી શોધી કહાડયો. મ્હારા અંતઃકરણે શોધી કહાડયો છે અને તેને પ્રેરનાર આપ છો."

"વિશેષ શું લખું ?"

લ. આપની કુમુદ.

"રસીકના બીડાયલા મર્મ સ્થળને વિકસાવનાર એકાંતે સરસ્વતીચંદ્રની હૃદયકમળની પાંખડિયો કંપાવી. તેના વિચાર પ્રમાણે તો માણસના જીવનને સ્ત્રી આવશ્યક ન હતી; લગ્ન આખા જન્મારાના પાશરૂપ હતું; નિર્વંશ થવામાં વૈરાગ્યની સંપત્તિ હતી; સ્નેહ માનસિક રાખવોજ ઉચિત હતો; શરીર સૌંદર્ય મૂર્ખતુંજ મોહક હતું; મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાળે શકય હતું; અને સંસાર ક્ષુદ્ર, નિઃસત્વ, નિર્માલ્ય, અને નિરૂપયોગી હતો. આવું છતાં સંસારના પ્રવાહથી અવળે માર્ગે જઇ વૃદ્ધ પિતામહીના વત્સલ ઉત્સાહનો ભંગ ન કરવો એટલી ઇચ્છાથી વિવાહ સ્વીકાર્યો હતો અને કુમુદસુંદરીના ગુણ દોષ વિશે તેના મનમાં કેવળ ઉદાસીનતા હતી. પરંતુ કાચમાં સંતાયલા પારાને પણ શીતૌષ્ણ્ય જણાયા વિના રહેતું નથી, તેમ આવા વિરકત વિચારોમાં ઢંકાયલી રસજ્ઞતા શુદ્ધ સુંદરતાથી ચમકવા લાગી અને કુમુદસુંદરીના રમણીય પત્રમાં છલકાતા તરંગોના બળથી પત્થર જેવું અંતઃકરણ ભીનું થઇ ધોવાવા લાગ્યું. ચંદ્રકાંત ગયો એટલેતો હૃદયનું કમાડ ધકકેલી ઉઘાડી અંદરની રસવૃત્તિયો પાંજરામાંથી છુટતાં પક્ષિયોની પેઠે બ્હાર ઉડવા લાગી. એ-

કદમ હડપચીએ હાથ મુકી સરસ્વતીચંદ્ર બોલી ઉઠયો—

"આ શું—આ શું ? આ શી બળવાન અસર—ચંદ્રકાન્ત, તું એ જાણે તો કેટલો હશે ?

"કાગળ સામું જોતાં આત્મપરિક્ષા અદૃશ્ય થઇ અને શિથિલ થઇ—ખુરસીપર બેઠો. ઘણીવાર સુધી પત્રના અક્ષર સાથે નેત્રવૃત્તિ—તદાકાર—થઇ ગઇ. એને પ્રત્યુત્તર લખવા બેઠો. આનો ઉત્કર્ષ સ્પષ્ટ સ્વીકારતાં શરમાયો નહિ."

"રમણીય પ્રિય કુમુદ,

"ત્હારૂં પત્ર મને ઘણું પ્રિય થઇ પડયું છે. કુમુદથી વિકસતો નથી એ ચંદ્ર આકાશમાંનો ખરો. પણ ત્હારા પત્રે મને સિદ્ધ કરી આપ્યું છે કે આપણે બે માત્ર એકજ દેશનાં અન્યોન્ય અનુકંપી ક્ષુદ્ર પ્રાણિ છિયે."

" પ્રિયકુમુદ ! મ્હારૂં અંતઃકરણ કેવું કઠિન છે તે મ્હારો મિત્ર ચંદ્રકાન્તજ જાણે છે અને તેવું અંતઃકરણ ત્હારા એક ન્હાના પત્રથી એટલું બધું દોલાયમાન થતું હું અનુભવું છું કે કાંઇ કહેવાની વાતજ નહિ ! શરમ આવવાથી ચંદ્રકાંતની આગળ એ અસર મ્હેં દેખાડી નથી અને એ બીચારો મને હજી અસલના જેવોજ પત્થર ધારે છે "

"તું મ્હારી છબિ માગતો! ત્હારા માગ્યા વિનાજ હું મોકલું છું અને વળી ત્હારી પાસેજ આવીશ.—ત્હારી છબી જોઇશ."

" પ્રિય કુમુદ ! લાંબા પ્રેમદર્શક વાગ્જાળ લખવાનો મને તિરસ્કાર છે; ત્હારી સાથે મ્હારે રજ પણ પરિચય—પ્રસંગ પડયો નથી, તે છતાં આ આવો પત્ર મ્હારાથી કાંઇક લખી જવાય છે અને મ્હારૂં આત્મસંતુષ્ટ ચિત્ત ત્હારા પુનરુત્તરનો લોભ આગ્રહથી રાખે છે ! લોકો જેને સ્નેહ કહે છે તે શું આજ હશે? સ્વયંભુ અને મનસિજ તે શું આજ હશે ? કઠિન અંતઃકરણ ઉપર પણ બલાત્કાર કરવામાં તે આટલો ફાવી ગયો લાગેછે તે શું ખરી વાત ?"

" લા. **હવેતો ત્હારોજ સરસ્વતીચંદ્ર** "

" કુમુદ મ્હારી અને હું ત્હેનો—એ સ્વપ્ને મસ્તિકને ધમધમાવી મુકયું. જ્ઞાનની પ્રૌઢતા સ્નેહની રસવૃત્તિ આગળ મસ્તક નમાવતી લાગી એમ કરતાં કરતાં કંઇ નિમિત કહાડી સરસ્વતીચંદ્ર ર-

ત્નપુરી ગયો અને વિદ્યાચતુરના સ્નેહનો સત્કાર પામ્યો. કુમુદસુંદરીને તેણે દૃષ્ટિપાતથી ઓળખી લીધી. અને વિદ્યાચતુર દરબારમાં ગયા પછી બપ્પોરે એકાંત શોધી ધ્રુજતી, શરમાતી કુમુદસુંદરી સોડિયું વાળી ચોરની પેઠે, સરસ્વતીચંદ્રને ઉતરવા આપેલી મેડીમાં અનિવાર્ય સ્નેહની પ્રેરી, પોતાની મેળે છાનીમાની આવી ઉભી. માતાની રજા વિના તે આવી–રજા લેવા વિચાર પણ ન કર્યો અને આવી."

" સરસ્વતીચંદ્ર એક ટેબલ આગળ બેશી ચંદ્રકાંતને પત્ર લખતો હતો, કુમુદસુંદરી ભણી તેની પીઠ હતી. એટલે તે આવી જાણી નહિ. કુમુદસુંદરી ત્હેની દૃષ્ટિ પડે તેમ ટેબલની જમણી પાસ ભીંતમાં લપ્પાતી ઉભી, પણ એની બોલવાની શક્તિ જતી રહી હોય એમ થયું અને પત્રમાં મગ્ન બોલાવનારે એની ભણી જોયું નહિ. એટલામાં હાથ હલાવતાં સોડિયું સજડ કરતાં કુમુદસુંદરીનો ઘસારો સંભળાયો. અને ચમકી સરસ્વતીચંદ્રે તેના ભણી જોયું. રોમાંચ અનુભવ્યો. અને મુંબાઇની પાઠશાળાનો વિદ્વાન—ધનાઢ્ય લક્ષ્મીનંદન શેઠનો પ્રખ્યાત પુત્ર, સુંદરી કન્યાની લલિત લાવણ્યમય પાંદડી જેવી મુખકળા અને મુગ્ધ શરીર કળી જોઇ, સ્તબ્ધ બની ગયો. અને થોડીકવાર તો ઉભયમાંથી એક જણે પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ, આંખ પલકાવી નહિ, અને સામી આંખ વિના બીજા કોઇને અને જગતને તો શું પણ પોતાને પણ સ્મરણમાં રાખી શકાયું નહિ. આટલા બધા ઉમળકાવાળાને બોલવાનો વિષય તો શું જડે પણ બોલવાનું સુઝયું પણ નહિ. કન્યા બીચારી મુગ્ધ હતી. આવા વરને આવું થાય તો એ કન્યાને થાય તેમાં શી નવાઇ ? આખરે ભાન આવ્યું હોય, જાગ્યો હોય, તેમ સરસ્વતીચંદ્ર પરવશ ઓઠ ઉઘાડી બોલ્યો.

"મ્હેં એક બે પુસ્તક રચેલાં છે તે આણ્યાં છે–કહિ પુસ્તક આપ્યાં."

"એક હાથવતે પુસ્તક લેઇ છાતી આગળ ઝાલી રાખી કુમુદસુંદરિયે સોડિયામાં સંતાડયાં અને પોતાના તથા પતિના અંગુઠા ઉપર વારા ફરતી નીચી નજરે જોઇ રહી–બોલી નહિ."

"પુસ્તક આપતાં લેતાં એક બીજાની આંગળીઓનો સ્પર્શ થયો. જળથી ભરેલો મેઘ અચિન્ત્યો ઉજાસ મારવા માંડે તેમ રસથી

ભરાતા સરસ્વતીચંદ્રનું મુખ ઉજ્વળ બન્યું. મળસ્કાના સ્વચ્છ આકાશનો પૂર્વ પ્રદેશ સૂર્ય કરના સ્પર્શથી સળગી ઉઠે તેમ સુંદરીના ગોરા રૂપેરી ગાલપર લજ્જાભરી રતાશ ચઢી આવી. ઉભયના પરસ્પર અવલોકનથી રસેરસને વધાર્યો. પરંતુ મુગ્ધા નીચુંજ જોઈ રહી. પુરૂષ ધૃષ્ટ બન્યો અને વાર્ત્તાનો વિષય શોધ્યો.

"હવે ઇશ્વર કરશે તો તું થોડા સમયમાં મુંબાઇવાસી થઇશ."

"ઉત્તર ન મળ્યો."

"આ પુસ્તકો આજજ જોયાં કે પ્રથમ જોયાં હતાં ?"

"ઉત્તર કોણ આપે ?"

"આવા સુંદર પત્રતો આટલા બધા લખાયા અને આજતો મુખથી અક્ષર પણ નિકળતો નથી."

"પ્રતિમા જેવીના મુખમાંથી અક્ષર નજ નિકળ્યો."

"કુમુદ—મ્હારી કુમુદ—સરસ્વતીચંદ્ર ઉભો થયો."

"પોતાના નામાક્ષર પ્રિયમુખમાં સાંભળી મુગ્ધા આનંદમાં ડુબી, નવીન ઉત્કર્ષથી ફુલતી ધ્રુજવા લાગી. અને પ્રિયને ઉઠતો જોઇ નિરૂપાય બનતી લજ્જા શેરડા રૂપે ગાલ ઉપર પડી તેના બળથી દીન બની. હતું એટલું બળ બોલવાનું સાહસ કરવામાં અજમાવ્યું અને ઉંડા પાતાળમાં ઉતરી પડતી હોય એવો વિકાર અનુભવતી ધીમે સુંદર સાદે બોલી:

"આપે અત્રે રહેવાનો વખત ઘણો થોડોજ રાખ્યો."

"ચાંદીની ઘુઘરિયો વાળાં નૂપુરમાંથી રણત્કાર ઝીણો ઝીણો નિકળે, મૂર્છના સમયે સારંગીના તાર સ્વર કરી રહે: તેમ શુદ્ધ મોતી જેવા—હીરા જેવા—દાંતની બેવડી તેજ મારતી શ્રેણી વચ્ચે થઇને અદ્ધર ટપકતા આ મધુર મિતાક્ષર સરસ્વતીચંદ્રના કાનમાં પેઠા અને તેના હૃદય—પુટમાં સ્નેહ—સ્વાતિનાં મોતી પેઠે અદૃશ્યરીતે ભરાઇ ગયા. આ મંગળ સમયે તેના આખા મસ્તિકમાં આનંદ-તરંગની છોળો અથડાવા લાગી. ઘૂર્ણાયમાન થતી તેની વિકસતી આંખો અદ્ધર ઉડતા ચકોરની પેઠે લલનાના વદનચંદ્ર ઉપરજ ઠરી. માનસિક સ્નેહ સંભોગના અનુભવથી નિશો ચઢયો હોય તેમ તે પાછો વેત્રાસન (ખુરસી) ઉપર ભારે શીસાની પેઠે પડયો. અને પડયાં પડયાં આઘે ઉભેલી કુમુદસુંદરીની સાથે તેણે કલાકેક સુધી નિર્દોષ પ્રમોદ

ભર વાતો કર્યા કરી. પરંતુ તે કલાક જણાયો પણ નહિ.”

“તમારા ગયા પછી—એણેરે મને મોહની લગાડી—એ પદ મ્હારી જીભ ઉપરથી ખસતું નથી અને તે ગાતી ગાતી તમારી મૂર્તિ મ્હારી દૃષ્ટિ આગળ ખડી કરૂં છું—મોહની શું તે હું હવે સમજી.”

“ શું પ્રિયચંદ્ર! આ બધું મ્હારે સારૂં સોસવું પડયું ? શું તમને હું હવે પ્રિય કહી શકું નહિ? મૃત પતિને સંભાળનાર પતિ શું મરનારીને પ્રિય નહિ કહેતો હોય ? તમે મ્હારા વીતી ગયા ભવમાં પ્રિય હતા—ઇશ્વરને પ્રિય કહું છું—પિતાને પ્રિય કહું છું—તેમ સરસ્વતીચંદ્રને પ્રિય કહેતાં શો બાધ? હવે તે મ્હારા પતિ નથી; હવે મ્હારૂં શરીર મ્હારા પતિનેજ સોંપ્યું છે, મનમાં પણ પતિજ પતિ છે; પરંતુ હું ઇશ્વર, માતાપિતા, અને સ્નેહી વર્ગને પ્રિય કહી તેમનું રટણ કરૂં તે અયોગ્ય ન હોયતો, સરસ્વતીચંદ્ર તમારૂં રટણ કરૂં તેમાં અયોગ્ય શું ? મ્હારે સારૂ તમે એટલું ખમો છો—એક સમય આવો સંબંધ હતો.”

અવલોકન—

પૃથ્વીપર વસતા કુમુદને જેવો આકાશમાં વસતા ચંદ્રપ્રતિ પ્રેમ છે અને તેના દર્શનથી વિકસાય છે તેથી અધિક પ્રેમ ગુણસુંદરીની બાળકી કુમુદનો ચંદ્રના વગર દર્શન થયે ચંદ્રપ્રતિ છે. વગર દર્શને માત્ર નામ સ્મરણથીજ વિકસિત થાય છે. આથી અનેક જન્માંતરથી સ્નેહ—સંસ્કાર તેમનો અવિચ્છિન્ન ચાલતો આવતો હોય અને એજ આ જન્મમાં પણ મુગ્ધાવસ્થામાં માત્ર નામ સ્મરણથી સ્ફુરિત થતો હોય, એમ મનાય છે. વિદ્યા પ્રાપ્ત કર્યા છતાં એ સ્ફુરણ કિરણ—‘પિતાના ટેબલમાંથી ચોરી કરૂં છું’—એ નિર્માલ્ય વાત સમજે છે. ‘ના, પણ એય ચોરી કહેવાય ’—એ કલ્પનાનું, સ્ફુરણ કિરણ શક્તિ, સમાધાન કરે છે. મનુષ્યનું ચિત્ત જ્યારે કોઇ વિષય પરત્વે અનિવાર્ય આકર્ષાય છે ત્યારે તેને શુભ અશુભનો વિચાર કવચીતજ રહે છે. માત્ર અનુકૂલ કારણ શોધવામાંજ મન પ્રવર્ત્ત રહે છે. ચંદ્રના દૃષ્ટિપ્રિય, સુંદર અક્ષરથી અને મધુર, રસદ્રવિત મનહર ભાષાથી!, ઉચ્ચ આશયથી, તે ખરેખરી આકૃષ્ટ, પરવશ બની. જે વિષય પ્રતિ મનુષ્યનું મન વળેલું હોય છે અને તેમાં વૃદ્ધિ અર્થે, તેની ઉત્કૃષ્ટતાના કારણોનું દર્શન થાય છે ત્યારે તેનું મન દ્રવવા માંડે છે તેવું મન કુમુદસુંદરીનું, પ્રિયના પત્ર વાંચી થયું. મનુષ્ય જ્યારે પરસત્તા અધિન

થઇ સ્વસત્તા રહિત થાય છે ત્યારે તે પરસત્તાને પોતાનું ચરિત બનાવી, ત્હેને પ્રિય થવાના ઉપાયની શોધમાં મગ્ન બની જાય છે તેવી રીતે કુમુદસુંદરીને સ્વાભાવિક કલ્પના થાય છે કે મ્હારાથી ચંદ્રપર પત્ર લખાય કે નહિ? અને લખાયતો કેવાં અથ ઇતિ થાય? આખરે પ્રેમના ઉત્કર્ષે અને ગ્રહેલી વિદ્યાએ મન અનુકૂલ અથ ઇતિ શોધી આપ્યાં. વિદ્યાબળ અને સાથે પ્રેમ ઉત્કર્ષ : આ બંને જ્યાં યુક્ત દૃશ્યમાન્ ત્યાં કોઇ કાર્યની સિદ્ધિ કઠિન નથી.

કુમુદ! કેવો મનહર પત્ર! વિદ્યાચતુર તમારી બાળકીનું વિદ્યા બલ અનુભવ્યું? સરસ્વતીચંદ્ર, આવા મનહર સુખદ કુમુદપત્ર વિના ત્હારૂં ચિત્ત કોઈ પણ દોલાયમાન કરે તેવું ત્હારા માનવામાં હતું? કે ત્હારી વિરાગ વૃત્તિને સરાગી કરનાર પૃથ્વીપર કોઇ શક્ય, સમર્થ હતું? 'સ્નેહ શું અને એની મનપર કેટલી અસર?' તેનો યથાર્થ અનુભવ આપે એવું કોઇ હતું? ત્હારી કઠિનતાને મૃદુતાનું રૂપાંતર કરનાર કોઇ હતું? ચંદ્રકાન્તથી તું ન સમજ્યો. ચંદ્રકાન્ત તને ન સમજાવી શક્યો. આખરે કુમુદસુંદરીએ તેનું રહસ્ય સમજાવી–'લોકો જેને સ્નેહ કહે છે તે શું આજ હશે'–એ ત્હારા મુખમાંથી નિ:શબ્દ ઉચ્ચારણ કરાવી કુમુદ પુનરૂત્તર પરીપકવ કરાવ્યું. સરસ્વતીચંદ્ર! આજ ત્હારૂં વિરાગચિત્ત બદલાઇ ગયું. ' કુમુદને વિકસાવવું એ મ્હારૂં કર્તવ્ય'–એવું મમત્વ બંધાયું. 'કુમુદ મ્હારી, હું ત્હેનો'–એ સંબંધ હૃદય સાથે જોડાઈ ગયો અને જોડાતાં જોડાતાં પ્રિય લાગ્યો. 'લગ્ન આખા જન્મારાનું પાશરૂપ હતું'–એ વિચારનો તદન લોપ થયો. ચંદ્રકાન્ત જતાં તેની વૃત્તિયો નિરંકુશ બની, કુમુદ–માધુર્ય,–રસપત્રપર બેસવા લાગી, અને કોઇ ન જાણે એમ રસપાન કરવા લાગી. આવા ધૂર્ત વિદ્વાનનો ઉપહાસ (રહસ્ય, મર્મ, સમજી) ચંદ્રકાન્ત વિના કોઇ કરે તેમ ન્હોતું તેથી તે જતાં ન રોકાતો કુમુદ–સ્નેહ પ્રફુલ્લ બની પુનરૂત્તરના સ્નેહાનંદમાં પડયો. અને કુમુદ સ્નેહ–સન્માન, સ્વીકાર અર્થે, નૂતન રસિક સંસાર અનુભવવા અર્થે, કુમુદને પત્રદ્વારા સ્નેહ–સંદેશો મોકલ્યો કે–' આપણે બંને માત્ર એકજ દેશના અન્યોન્ય અનુકંપી ક્ષુદ્ર પ્રાણી છિયે'–આટલેથી કુમુદ સ્નેહ–સત્કાર પુરેપુરો ન થયો હોય એમ અનુભવી, લખે છે કે–' પ્રિય કુમુદ! મ્હારૂં અંતઃકરણ કેવું કઠિન છે તે મ્હારો મિત્ર ચંદ્રકાન્તજ જાણે

છે. અને તેવું અંતઃકરણ ત્હારા એક ન્હાના પત્રથી એ હું બધું દેદીપ્યમાન થતું હું અનુભવું છું કે કાંઇ કહેવાની વાતજ નહિ ? – તેની સાથે નવીન રસના અનુભવ કરાવનારના દર્શન અર્થે (પ્રિયાર્થે) પ્રયાણ કરાવ્યું તે ત્હેની વિજ્ઞપ્તિના સ્વીકાર અર્થે–કે પછી પોતાની અનિવાર્ય દર્શન–અભિલાષા અને કુતુહલને શમાવવા અર્થે–કે પછી– 'સંસાર ક્ષુદ્ર, નિઃસત્વ, નિર્માલ્ય અને નિરૂપયોગી છે, શરીર–સૌંદર્ય મૂર્ખનુંજ મોહક છે'–એ બંધાએલા મતને ત્હેના દર્શન અને સિક્ષણ દ્વારા યથાર્થ અવલોકવા રત્નપુરીસ્થ રત્નના દર્શન કરવા, નિશ્ચયાત્મક મન, કંઈ કારણ શોધી ત્વરાયે ઉપડ્યું. વાચક ! સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકતાં મનજ સુખદુઃખ, પ્રારબ્ધ કર્મ,–નું ઉત્પાદક છે. મનથીજ સર્વ જગત્ સ્ફુરાયમાન્ છે.

'તેના વિચાર પ્રમાણેતો માણસના જીવનને સ્ત્રી આવશ્યક ન હતી; સ્નેહ માનસિક રાખવોજ ઉચિત હતો; મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાળે શક્ય હતું.'–આવા વિચાર જે વિદ્વાન પુરૂષના મગજમાં દૃઢ રૂપે ભરાઇ રહેલા, તે પુરૂષને કુમુદ સ્નેહ–પત્ર, ઉક્ત વિચારનો ધ્વંસ કરી લખાવે છે કે– 'તું મ્હારી છબિ માગેતો ! ત્હારા માગ્યા વિનાજ હું મોકલું છું અને વળી ત્હારી પાસેજ આવીશ—ત્હારી છબિ જોઇશ.' ગૌરવમાં તણાતા, ચસમાના ડાબડા નેત્રપર જડેલા, ગરદન ઢળી પડેલી,–એવા વિદ્વત્તાની ગરમી વડેજ જીવન ધારણ કરી રહેલા, સ્વ વિચાર–મત સીવાયના સર્વ મતને તુચ્છ માનનારા પુરૂષને ખબર હોય છે કે મ્હારી વીદ્વત્તા દૈવ ધારેતો પળવારમાં વીખેરી નાંખે એમ છે. હું જે નીર્બળતાનો સમૂહ, હું જે સબળતાનો સમૂહ, હું જે બંને, અને હું જે બંને માંનો એકપણ નહિઃ—આનું રહસ્ય જેણે યથાર્થ અવલોક્યું છે તેને હું સવિનય વંદન કરૂં છું. અસ્તુ. સરસ્વતીચંદ્ર ભૂત અને વર્તમાન અનુભવ સંસ્કારમાં ઘેરાતા, અનેક પ્રકરણ ઉખેળતા રત્નનગરી તરફ ઉપડ્યા. સરસ્વતીચંદ્ર ! ત્હને કુમુદ પત્રના દર્શન ન થયાં હોતતો ત્હારા અતીત વિચાર નિઃસંસ્કાર રહત ! સૃષ્ટીજન્ય સર્વ વિષયમાં મોહ છે વૈરાગ્યમાં પણ મોહ છે છતાં પણ આ મોહ કંઇ વિચિત્રજ છે. કે પછી મ્હારી પ્રકૃત અવસ્થાજ, જેમાં અનુકૂલતાનું ભાન થાય છે, તેમાં ગુણ બતાવે છે પણ એટલુંતો ખરૂં કે સૃષ્ટિ જન્ય સર્વ

સૌંદર્યમાં સ્ત્રી પ્રથમ વર્ગમાં છે. શ્રી કૃષ્ણ પરમાત્માને તો સર્વ પ્રામણ્ય છે પરંતુ તે આ શ્લોકના તાત્પર્યને લઇનેજ—

त्यक्ता कर्मफलासङ्गं नित्य तृप्तो निराश्रयः।

कर्मण्यभि प्रवृत्तोऽपि नैव किञ्चित् करोतिसः॥

પરંતુ સરસ્વતીચંદ્ર ત્હારામાં એટલું સામર્થ્ય નથી કે તું સંસારમાં વિચરાયલો આવો નિવૃત રહે? કુમુદસુંદરી ત્યારે મ્હારે ત્હારો અભિલાષ સ્વીકારવો? કુમુદ પ્રેમ બળે જાગૃત થયેલી મ્હારી વૃત્તિને કુમુદવાસથી તૃપ્ત કરવી? અને તૃપ્ત કરવા જતાં, અધિક અતૃપ્તિ અનુભવાશે તો મ્હારી વિદ્યા, અને જ્ઞાનમાં કંઇ વિનિમય થશે ? શું કુમુદવાસ લેતાં લેતાં મ્હારાથી પરમાર્થ જેવું કંઇ નહિ થાય? અને કદાચ ન થાય તો–'ચિત્તવૃત્તિના નિરોધ અર્થે સ્ત્રી મ્હારે આવસ્યક નથી '–એ કાર્ય મ્હારાથી કુમુદ પ્રાપ્તિથી સિદ્ધ નહિ થાય? ક્ષુધાતુર અને તૃષાતુર મનુષ્યને ક્ષુધા, તૃષાની નિવૃત્તિ અર્થે અન્નજલ આહારપાન કરવું જોઇયે કારણકે અણુસમજે એકાએક એના નિરોધથી નુકશાન છે–તેવી રીતે કુમુદથી દ્રવિત મ્હારી વૃત્તિયોને સ્થિતિ અનુકૂલ કરવી ઉચિત છે. આહા! કુમુદ ત્હારા પત્રથી સિદ્ધ થાય છે કે તું વિદ્વાન છે. સરસ, માધુર્યથી પુરિત, છલાછલ છે. તોપણ ત્હારા આશય પ્રૌઢ છે. નિઃસંશય ત્હારો નિવાસ, મ્હારા હૃદયને મૃદુ,ભૂષિત કરે છે અને સૌંદર્યવશ કરે છે. વિદ્યા–અને ગુણરસ, જેનાં માતાપિતા છે એવા દ્વિવિધ રસથી પુરિત કુમુદના મન, હૃદય અને આશયનું તો દર્શન કરી લીધું છે. અને એ દર્શનજ મુખમુદ્રા નિહાળવાની, વાર્તાલાપ કરવાની, કુમુદ ચેષ્ટા રીતભાત નજરો નજર અવલોકવાની અભિલાષા પ્રદીપ્ત કરે છે. "કુમુદ, મ્હારી કુમુદ-તું શરમાળતો હઇશ ! મ્હારી સાથે કંઇ બોલીશ કે.? ત્હારો સ્વર કેવો હશે ? ત્હને સંગીતપર શોખ હશે કે ? ત્હને કયાં કયાં પુસ્તકો પ્રિય હશે ? પ્રથમ તું મને બોલાવીશ કે મ્હારે તને બોલાવવી પડશે ? ના, ના. પણ વિશેષ– તો–તું–દર્શન આપીશ પણ વાર્તાલાપનો યોગતો કયાંથીજ આવશે? અને તું મુગ્ધ છે. સ્ત્રી છે. લજ્જાથી ભરેલી છે, ત્હારાથી એટલો પ્રયાસ કયાંથીજ થાય ? ના, ના, પણ કુમુદ! ઘડીક નિર્દોષ વાર્તાલાપ કરવા પણ તું તક, અવકાશ નહિ મેળવે? એમાં લજ્જા, દોષ આ

ણીશ ?–આહા ! ત્હારી મુખકલા કેવી હશે ?" એમ રમણીય વિચાર પ્રકરણમાં દોડાદોડ કરતી વૃત્તિયોવાળા સરસ્વતીચંદ્રને, 'રત્નનગરી * દસમીલેટ' આ શબ્દનો ધ્વનિ કર્ણે પડયા છતાં, વિચાર ગાળાયે તે રમણીય પ્રકરણને પડતું મુકયું નહિ. આખરે કોઇ ઓળખીતા મનુષ્યે આવી, † શેકહેન્ડ કર્યાં, ત્યારે તે ખરેખરો જાગ્યો અને 'આજ રત્નપુરી'–એમ સમજી ઉતર્યો.

સરસ્વતીચંદ્ર ! ત્હેં દૃષ્ટિપાતથીજ કુમુદસુંદરીને ઓળખી કાઢી. સરસ્વતીચંદ્ર ! મુગ્ધા તો ત્હારી મતિની અપ્રતિમ પ્રેમની પ્રેરી, ત્હારી સમીપ આવી ત્હારી અભિલાષા તૃપ્ત કરે છે. કુમુદ ! આર્યાઓના ચરિતમાં તો આવું દર્શન ત્હેં પ્રથમજ આપ્યું. કેટલું બળ ? કેટલી હિંમત ? કેટલો પ્રેમ ? સરસ્વતીચંદ્ર તું પણ કંઇક વિસ્મય પામ્યો હઇશ ? પ્રકૃત સુધારાયે ત્હારા ચિત્તમાં લજ્જાનો પ્રવેશ થવા ન દીધો. કુમુદ ! પાશ્ચિમાત્ય પ્રદેશના પ્રાણીઓની છાયા ત્હારા ઉપર પડી જણાય છે. ત્હારા પિતાને કોર્ટમાં જવા દીધા ત્યાં સુધી ચંદ્ર દર્શન સાથે વાર્તાલાપ અભિલાષાને મુલતવી રાખી એ પણ ત્હેં અધિક કર્યું છે ! અને એટલી ત્હારામાં આર્યનીતિરીતિ સત્તા સ્ફુરે છે. જે વેગમાં ગઇ તે વેગ ચંદ્ર પ્રકાશમાં આવતાં શાન્ત પડી ગયો. જાતિ સ્વભાવાનુસાર મુખકળા તો સંકોચાઇજ ગઇ. પણ અદૃશ્ય, પ્રફુલ્લ બની–રહી. ઇચ્છાથી કે પછી સ્વાભાવિકપણે સોડિયું સજ્જ કરવાની નિમિત્ત ક્રિયા કરી, મિત્રપર કાગળ લખવામાં રોકાયેલા પ્રાણપ્રિયને જગાડયો. જાગતાંજ, નિઃશંક અવિચ્છિન્ન કુમુદ દર્શન થતાંજ, ચંદ્રલક્ષ્મીનો વિદ્વાનચંદ્ર,–'શરીર–સૌંદર્ય મૂર્ખનુંજ મોહક હતું'–એ તદન ભૂલી ગયો. અને પ્રથમના વિરાગી સર્વ વિચાર, અવમાન-અભાવ થયે, જેના તે પુસ્તકમાં ભરાઇ અદૃસ્ય થઇ ગયા. નૂતન લાવણ્યમય રમણીક સુંદર મોહકમૂર્તિ સામે દૃષ્ટિ માંડી તદ્રૂપ બની જઇ, નવીન અભ્યાસ આરંભ્યો. આહા ! સૌંદર્યની પણ શું સત્તા છે? અદૃશ્ય પણ એ રૂપના સંયોગે જાગૃત થતી દબાયેલી વૃત્તિયો આપણામાં છે. જેની તે વસ્તુનો જ્યાં સુધી યોગ્ય નથી થયો ત્યાં સુધીજ તેઓ નિષ્કામ રહે છે. ત્યારે શું આવી લલના સર-

* આ કલ્પના સરસ્વતીચંદ્રના પુસ્તકમાં નથી તેથી પ્રથક્ છે.

† હાથ મેળવી સલામ કરવી.

સ્વતીચંદ્રે મુંબાઇ જેવા લલના સંગ્રહ સ્થાનમાં એકે ન્હોતી જોઇ! અને જોઇ હતીતો આવી સ્વરૂપા એકે ન્હોતી અવલોકી? એમ કેમ બને? કદાચ એમ હશે કે જાગૃત અવસ્થામાં નહિ જોઇ હોય? અને આતો કુમુદે પ્રથમથી ચંદ્રને સર્વ વૃત્તિયો સહિત પત્ર દ્વારા જાગૃત કર્યો છે. જાગૃત ન કર્યો હોતતો સરસ્વતીચંદ્રના આ વાકય-(શરીર-સૌંદર્ય મૂર્ખનુંજ મોહક હતું) સાથે કુમુદદર્શન કેવું યુદ્ધ કરે છે અને કોનો વિજય થાય છે? એ વસ્તુતઃ સમજાત. તો પણ આખરે હારતો સરસ્વતીચંદ્ર! ત્હારીજ થાત!— કારણ કે ત્હારી તે વૃત્તિયો સરસ્વતી આચ્છાદનથી આચ્છાદિત છે પરંતુ તે સજીવ છે તેથી સરસ્વતી વાળી કુમુદને સરસ્વતી આચ્છાદન ખસેડવું શું કઠિન લાગે? અસ્તુ.

મુગ્ધાતો બિચારી ચંદ્રપ્રકાશમાં આવતાંજ અંજાઇ ગઇ-પણ આવા વિદ્વાનોની સભા ગજાવનાર સરસ્વતીચંદ્રની વકતૃત્વ શકિત આજ કોણ જાણે કયાં સરી પડી. આખરે કુમુદની સરલતાએ કે પ્રેમના ઉત્કર્ષે સારાં સારાં કારણ કથન શોધી કાઢી ઉચ્ચરાવ્યાં; પણ મુગ્ધા તો લજ્જામાં ડુબતાં, એકેનો ઉત્તર ન વાળ્યો. આખરે સરસ્વતીચંદ્રની ધીરજ ન રહી-કુમુદ, મ્હારી કુમુદ! કહેતો ઉભો થયો. સરસ્વતીચંદ્ર! શાળામાં ત્હને કદિ કોઇએ ન ઉભો કરેલો---તે આજે કુમુદે ત્હને ઉભો કર્યો. પ્રિયની મુખ મુદ્રામાંથી નિકળતા પોતાના નામાક્ષરથી ઉત્કર્ષિત બની, સહવાસિની બની, મુગ્ધા બાળકી બોલી:

'આપે અત્રે રહેવાનો વખત ઘણો થોડોજ રાખ્યો.'

આહા! થોડું પણ અમૃત! મુગ્ધ બાળાએ વિરકત સરસ્વતીચંદ્રને અનુરકત કરી સર્વસ્વ હરી લીધું. મસ્તિકમાં સર્વત્ર કુમુદ રમી રહી. 'મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાલે શકય હતું'—એ વિચાર, શંકા ઉપજતાં અદૃશ્ય થઇ ગયો. અને ગુણસુંદરીની લલિત લલિતા સામું જોઇજ રહ્યો. આખરે અદૃશ્ય ઝરતા અમૃત રસથી નિશો ચડયો હોય એમ એ નેત્રાસન પર પડયો. અને ત્યાં પડયાં પડયાં કેટલોક સમય નિર્દોષ પ્રમોદભરવાતો કર્યા કરી. વિદ્વાન સરસ્વતીચંદ્ર! ત્હને કુમુદ સમાગમ ન થયો હોતતો ત્હારૂં ગોરવ ન ઉતરત અને તું વિદ્વાન છતાં અનુભવહીન રહત.

વિદ્વાન સરસ્વતીચંદ્ર! 'લોકો જેને સ્નેહ કહેછે તે આજ હશે!'-

એ તું સમજ્યો, અને વિદ્યા, ગુણની સંસ્કારી કુમુદ ! 'મોહની શું'— એ તું સમજી.

વિદ્યા અને જ્ઞાને યોજેલા ચંદ્રપ્રકાશથી પરાયાસે હૈવે વિમૂખ કરી, પ્રમાદતિમિરમાં ત્હને પ્રવર્તાવી ત્યાં જઇ તું દિન શુષ્કપણે વ્યતિત કરવા લાગી. અને બંધાયેલી, અનુભવેલી અનિવાર્ય ચંદ્રમોહનીને બન્ધુપ્રેમમાં રૂપાંતર કરી પલટાવી. મુગ્ધ કુમુદ! આ ભરતકાર્યની સિદ્ધિઅર્થે વિદ્યા અને ગુણની સહાયતા હોવા છતાં ત્હારે કેટલું સોસવું પડયું હશે ? ત્હેનો યથાર્થ અનુભવ, લખનાર શું લખશે, પણ તેના અનુભોક્તાનેજ હોય છે.

પ્રકરણ ૧૭ મું,

પ્રમાદધન અને કુમુદસુંદરી પૃષ્ઠ૨૬૮, ૨૭૧, ૨૭૨, ૨૭૩.

“નવીનચંદ્રવાળી મેડીમાંથી નિકળી છાનીમાની પણ ઉતાવળી કૃષ્ણકલિકા દાદર ભણી દોડી. કુમુદસુંદરી એકદમ બહાર નિકળી અને છલંગ મારતી-ફલંગ ભરતી—અબળા બાળકીગે કૃષ્ણકલિકાને પકડી પડી—અને તેનું કાંડુ પકડયું.”

“ત્યારે આ સાંકળી આપી દેઉં એમને ? ફાવે તે કરે મ્હારે શું ? ભણેલાએ પરણ્યા પહેલાં છોડી—વગર ભણ્યાએ પરણીને છોડી.”

“ન રહેવાયું અને કુમુદસુંદરીગે ભોંયપર માથું પછાડયું. દૈત્યને દયા આવી.........હું અપરાધી છું'- એ બુદ્ધિ પ્રમાદના મસ્તકમાં ઉપજી.”

“ઉઠતાં ઉઠતાં પતિ ઉપર પ્રેમ ઉપજ્યો. ના, એતો એ રાંડનાંજ વાનાં-મ્હારા પતિતો બચારા ભોળા છે-આટલો વિચાર કરી પતિની ભોળાઇ, પોતાને પ્રસન્ન કરવાની તેની આતુરતા, મનાવતાં સુકાઇ જતું ત્હેનું મ્હોં, એવું કંઇ કંઇ જોઇ, વિચારી, દયા આવતાં, ઉમળકો આવતાં, પોતાના કોમળ માંસલ ભુજવડે પતિને કણ્ઠાશ્લેષ દીધો અને પોતાની પવિત્રતા તેનામાં સંક્રાંત થઇ માનવા લાગી.”

“પ્રસન્ન થયેલા પતિની સાથે... ....એવી રીતે બે વાતો નક્કી કરી લીધી.”

"આ રાજેશ્વરમાં રાણાજી અને..........જમાલવાળી વાત એને પ્રથમથી ખબર હતી." "આ સમાચારથી ચમકેલા પતિમસ્તિ-કમાંથી કુટુમ્બ વૈરિણી એકદમ નિકળી ખસી ગઇ હોય એવું બુ-દ્ધિમતીને સ્પષ્ટ લાગ્યું."

"પતિના દક્ષિણ હસ્તથી વીટાયલું છુટા થએલા કેશપાશ વાળું કમળપુટ જેવું મસ્તક ઉંચું કરી ગુણસુંદરીને મળવા ભદ્રેશ્વર જવાની અનુમતિ માગી લીધી. કોમળ ગાલ ઉપર પતિહસ્તના કો-મળ પ્રહારની જોડેજ એ અનુમતિ મળી. લાંબા વિરહને અંતે મ-ળ્યો હોય તેમ ખંડનને અંતે મળેલો આ વિભ્રમ ઉત્કૃષ્ટ પ્રીતિદાય હોય તેમ પતિવ્રતાએ અભિનંદ્યો. પણ પ્રીતીદાય માગ્યું ક્યારે? આપ્યું શાથી? દુષ્ટ કલહમાંથી પ્રણય ક્યારે થયો? કિલ્મિષ ભુલાયું કેમ? પ્રણય વચન પતિવ્રતાએ કહ્યું કિયું? स्त्रीणामाद्यं प्रणय वचनं वि-भ्रमे हिप्रियेषु ॥ કહ્યા વિના કહેવાય એવાં પ્રણય વચન દંપતિને ક્યાં હતાં નથી? એવાં વચનનો ઉત્તર બોલ્યા વિના ક્યાં અપાતો નથી? प्रत्युक्तंहिप्रणयिषुसतामीप्सितार्थक्रियैव ॥ અશબ્દ પ્રણય વચન વિભ્રમ નો આવિર્ભાવ કુમુદસુંદરીમાં ક્યારે થયો? પ્રમાદધને ક્યારે દીઠો? વિભ્રમના ઉત્તરમાં દૃષ્ટિ વિભ્રમ ક્યારે મળ્યો? મૂર્ખ પ્રમાદધન આ ક-ળા ક્યારે શીખ્યો? વિમાનતા ભૂલી સુશિક્ષિતાએ અશિક્ષિતનો પ્રણય શી રીતે સ્વીકાર્યો: ઇત્યાદિનું તત્વજ્ઞાન પુરાણોમાં નથી, વેદને સુજયું નથી, વેદાંતને જડયું નથી, ઇંગ્રેજી વિદ્યામાં આવે એમ નથી, અ-ને વ્યહવારીથી સમજાય એમ નથી. જેને સમજવાની અગત્ય હતી તે અંતઃકરણ વણ સમજાવ્યે સમજ્યાં. એ ઇશ્વરની રચના. ગમે તેવા ભૂતકાળને ભુલવો, ગમે તેવા વર્તમાનથી સંતુષ્ટ રહેવું, ગમે તેવા ભવિષ્યને બલાત્કારે સારૂં કરવું—એ શક્તિ, એ વૃત્તિ, આર્યાંગ-નાનીજ છે,—ઇશ્વર તેને અમર રાખો.

અવલોકન—

કુમુદ! પોતાની પ્રિયનણંદની કૃષ્ણકલિકાપ્રતિ લાગેલી મૈત્રી તોડાવવા ત્હેં નણંદને તો કંઇયે ન કહેતાં, વનલીલાને નણંદ પાસેને પાસે રખાવી, તેના અવગુણ ગવરાવી, કૃષ્ણકલિકાપ્રતિની મૈત્રી ક-મી કરાવી. કેવી યુક્તિ રચી? જ્યારે આવી સામાન્ય બાબત માટે તું ત્હારી નણંદને કંઇ ન કહી શકી, તું ત્યારે ક્ષુદ્ર અધમ સ્ત્રીની પેઠે

ત્હેં છલંગ મારી કૃષ્ણકલિકાનું કાંડું પકડ્યું–આ કૃત્ય ત્હારા સ્વભાવમાં કેવી રીતે સંભવિત હોય ? પતિને કુમાર્ગેથી બચાવવા ત્હારી વિદ્યા પાસે કયાં બીજી યુક્તિયોની ખોટ હતી? ગમે એવા આ વેશમાં આવેલી તોપણ તું કુમુદ–જુઓ. કૃષ્ણકલિકા તે વ્યભિચારીણી રાક્ષસિની–કંટક. કયાં એનું કાડું ! અને ક્યાં ત્હારો મુગ્ધ હસ્તકમળ ! ક્યાં એની પતિતતા ! અને કયાં ત્હારી પવિત્રતા ! ક્યાં ત્હારી સરસ્વતી ! અને કયાં એની અવિદ્યા ! શું નીચ કૃષ્ણકલિકા સાથે, અધમસ્ત્રીયોની પેઠે, શરીરયુદ્ધ વાણીયુદ્ધ કરવું–એ ત્હારી પ્રકૃતિમાં કવચિત પણ દૃશ્ય અદૃશ્યવત્ હતું ? વ્હાલી નણંદને તું તેના હિત અર્થે પણ મોઢામોઢ, અધમ સંગતિ ત્યાગ કરવા કંઇ કહિ શકી નહિ–તે ત્હારા સ્વભાવમાં આવા સાહસીક આચરણનું દર્શન સંભવતું હોય ? કે ત્હને પણ આ પ્રદેશના પ્રાણીઓની હવા લાગી? કે લેખકને કુમુદ કૃષ્ણકલિકાની કુસ્તી જોવી હતી ?

"ન રહેવાયું અને કુમુદસુંદરીયે ભોંયપર માથું પછાડ્યું"–આ પણ કૃત્ય કુમુદ સ્વભાવમાંસંભવતું નથી. 'ભણેલાએ પરણ્યા પ્હેલાં છોડી અને વગર ભણ્યાએ પરણીને છોડી'–આ ક્ષુદ્ર વાકયથી એમ સિદ્ધ થાય છે કે–એકજ સ્થાને બંનેની સ્થાપના હોયની ?

ગમે એવા આવેશવાળા કલહમાં પણ દંપતીને, કલહનું પ્રણયમાં રૂપાંતર કરવું કઠિન નથી. નિઃશબ્દ માત્ર દૃષ્ટિ મેળથીજ, કલહ અદૃશ્ય થઇ જાય છે એટલુંજ કે પુરૂષપત્નિ રસજ્ઞ હોવાં જોઇયે. રસદ્રવિત અદૃશ્ય હૃદય ઉર્મિયો,–ઉભય ન બોલતાં રીસાએલા હૃદયમાં સંદેશી લઇ જાય છે લાવે છે પ્રણયનો કલહ કરે છે, કલહનો પ્રણય કરે છે. આનું ચિત્ર લેખકથી યથાર્થ પાડી શકાય એમ નથી. એનો અન્યોન્ય હૃદયજ સમજે છે અને સમજેલાં હૃદયની વાણીમાં પણ યથાર્થ આવી શકે એમ નથી–તોપણ પ્રમાદધનથી અસંતુષ્ટ અને તેમાં વળી આ કૃષ્ણકલિકાના તાત્કાલિક બનાવથી તદન શોકગ્રસ્ત થએલી કુમુદ, પ્રમાદધનના સ્પર્શથી, વાર્તાલાપથી એકાએક અનુરક્ત થઇ જાય–એ કેટલેક અંશે કુમુદ સ્વભાવથી પ્રતિકૂલ કહેવાય ખરૂં? કામવશ સ્ત્રીનું આ એક લક્ષણ છે.

પ્રકરણ ૧૯ મું.

શાન્તિ સંસાર. પૃષ્ટ ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫

"અંતે રોતી રોતી કુમુદસુંદરી ખાટલા પર જઇ એ પત્ર વાંચવા લાગી. સરસ્વતીચન્દ્રનું સર્વ હૃદય તેમાં દુઃખમય અક્ષરરૂપે ચમકતું હતું-શાહી તાજીજ હતી! દુઃખથી વાંકી વળી ગઇ હોય તેમ વાંકી વળી પત્ર વાંચવા લાગી: ગઝલો ગાવા લાગી.

"દીધાં છોડી પિતા માતા, તજી વ્હાલી ગુણી દારા,
"ગણ્યા ના મર્મ ભેદાતા: લીધો સંન્યાસ એ ભ્રાતા! ૧
"પિતા કાજે તજી વ્હાલી, ન માની વાત મ્હેં ત્હારી!
"ગણ્યાના ગાઢ નિશ્વાસ: લીધો સંન્યાસ એ, ભ્રાત!- ૨
"થયો દારુણ મન માન્યો, વિફળ થઇ સ્નેહના શાનો,
"હવે સુકુમાર ઉર ફાટી જતું જોવું રહ્યું બાકી. ૩
"રૂવે તે દેવી રોવારે! અધિકારી ન લ્હાવ ને
"પ્રિયાનાં આંસુ હું, ભાઇ;-ન એ ર્‌હેવાય જોવાઇ. ૪
"અહો ઉદાર વ્હાલીરે! ટકાવી દેહ રાખીરે
"ન ભૂલાતું તું ભૂલી દે! વિધિનું ધાર્યું વેઠી લે! ૫
"અહો ઉદાર વ્હાલીરે! સતી તું શુદ્ધ શાણીરે!
"ન જોડાતું તું જોડી દે! છુટેલાને તું છોડી દે! ૬
"અહો ઉદાર વ્હાલીરે! સતી તું શુદ્ધ શાણીરે!
"છુટે નાતે નિભાવી લે! પડ્યું પાનું સુધારી લે! ૭
"અહો ઉદાર વ્હાલીરે! દીઠું તે સ્વપ્ન માનીરે
"ન ભૂલાતુ તું ભૂલી દે! દિસે તેને નિભાવી લે! ૮
"અહો ઉદાર વ્હાલીરે! ન નિવારાયું ભાવિ રે
"ન ભૂલાતુ તું ભૂલી જા વિધિનું પાયું તે પીજા ૯
"અયિ ઉદાર ઓ વ્હાલી! સખા વ્હાલા ખરા ભાઈ!
"અમીની આંખ મીંચોને! જનારાને જવા દ્યોને ૧૦
"ગણી સંબંધને ત્રુટયો, ગણી સંબંધને જુઠો,
"કૃતધ્નીને વિસારોને! જનારાને જવાદ્યોને! ૧૧
"હતી લક્ષ્મી! હતા તાત! હતી વ્હાલી! હતો ભ્રાત!
"નહીં!-ત્યારે-નહીં કાંઇ? ન લેવું સાથ કંઇ સાહી ૧૨

" અહો તું બાઇ વ્હાલારે ! ભૂલી સંસ્કાર મ્હારારે,
" બિચારો દેશ આ આર્ય !–કરે તે કાજ કંઇ કાર્ય ૧૩
" અહો તું બાઇ–બાઇરે તું રૂપી છે કમાઇ રે
" બિચારા દેશને, તેને ગુમાવે શોધી શે મુને ? ૧૪
" મૂકી દે શોચવો મુને ! મૂકી દે શોચવો મુને !
" પ્રિયાની આ દશા દેખું–નથી સંસારમાં રહેવું ૧૫
" હવે પાછો નહીં આવું ! મૂક્યું પાછું નહીં રહાઉં !
" રહ્યું તેયે તજી દેવું–શું છે સંસારમાં લેવું ? ૧૬
" અહો તું જીવ મ્હારારે ! દીધો શો દંશ દારાને
" ગણીના પ્રાણપ્યારી ત્હેં ! ઠગી ત્હેં મુગ્ધ વ્હાલીને ૧૭
" અહો તુ જીવ મ્હારારે ! દીધો શો દંશ દારાને
" થશે શું પ્રાણપ્યારીને ? હણી મુગ્ધા કુમારી ત્હેં ૧૮
" હવે, ઓ ક્રુર ઉર, ફાટ ! અહો રાત્રિ વહો ધાર
" અભાગી નેત્ર મ્હારાની ! ઘટે નિરાંત તે શાની ? ૧૯
" અહો ઓ જીવ મ્હારારે ! દઇ આ દંશ દારાને,
" ઘટેના વાસ સંસારે–ઘટે સન્યાસ તો ત્હારે. ૨૦
" અહો ઓ જીવ મ્હારારે ! દઇ આ દંશ દારાને,
" ઘટેના ભોગ–સંસાર, ઘટેના શાંત સંન્યાસ. ૨૧
" શરીરે ભસ્મથી છાયો. ઉરે અત્યન્ત સંતાપ્યો,
" ઉંડો જ્વાળામુખી જેવો–હવે સંન્યાસ આ તેવો ! ૨૨
" તજી ત્હેં ત્યાં પડી છૂટી સરિતા અબ્ધિમાં સૂતી !
" ગિરિ ! એ સાંકળી તુને નહીં તેડી કદી તુટે. ૨૩
" જડાઇ ભૂમિમાં સ્થિર, ઉંચે આકાશ ઉદ્ગ્રીવ,
" થઇ ત્યારે રહ્યું જોતું નદીનું અબ્ધિમાં સૂતું. ૨૪
" હવે સ્વચ્છન્દચારી હું ! યદચ્છાવેશ ધારી હું !
" પતંગો ઉડતી જેવી–હવે મ્હારી ગતિ તેવી. ૨૫
" ઉડે પક્ષિ ગણો જેમ, હવે મ્હારે જવું તેમ;
" સમુદ્રે મોજું રહે તેવું હવે મ્હારેય છે રહેવું. ૨૬
" નહીં ઉંચે–નહીં નીચે મળે આધાર, ઘન હીંચે
" નિરાધાર–નિરાકારઃ–હવે મ્હારીય એ ચાલ. ૨૭
" સ્ફુરે પોતે, ન દેખાય, કુમુદની ગન્ધ અહીં વાય

" અરણ્યે એકલો વાયુ ! જીવન એ બાવિ છે મ્હારૂં ! ૨૮
" જહાંગીરી–ફકીરીએ ! લલાટે છે લખાવી મ્હેં !–
" પ્રજાએ હું–નૃપાગ્ર્યે હું ! ઉરે, આ એકલી, તું–તું !" ૨૯

" કવિતા વંચાઈ કાગળપર ઠેકાણે ઠેકાણે લખનારનાં આંસુપડવાથી ઘણાક અક્ષરો વ્હેરાયા હતા અને ઘણેક ઠેકાણે આંસુના ડાઘ ભીના અને તાજા હતા. જેમ જેમ વધારે વધારે વાંચતી ગઇ તેમ તેમ કુમુદસુંદરીના મર્મ કચડાવા–ચીરાવા–લાગ્યા, દુ:ખનો પાર રહ્યો નહિ, અને આંસુનો અવધિ દેખાયો નહીં."

કુમુદ, દરય ઉપદેષ–હૃદય ઉર્મિ

"તમારી સાથે બોલવાનો મ્હારો અધિકાર તમેજ નષ્ટ કર્યોછે તે છતાં કોણ જાણે શાથી હું આજ બોલું છું–પણ તે છેલવ્હેલુંજ બોલુંછુ"

"મ્હારી ભૂત, વર્તમાન, અથવા ભવિષ્ય અવસ્થા જાણવાનો અધિકાર તમેજ તજી દીધોછે–તમને એમજ ગમ્યું–તમારી ઇચ્છા. એ અવસ્થા હવે તમને જણવવી એ સર્વથા અનુચિતછે. એટલુંજ કહું છું કે ભૂલ્યેચૂકયે બીજી કોઈ ભાગ્યહીનની એ અવસ્થા ન કરશો! "

"મ્હારે તમને કહેવાનું તે તમારા ખીસામાંના પત્રમાંછે– એટલું પણ તમે મ્હારૂં હિત કરશો એટલું પણ સાંભળશો–એવો મને વિશ્વાસ નથી. વિશ્વાસ શી રીતે રાખું? હું રાખું કે ન રાખું તેની તમારે પરવા પણ શી? હાસ્તો–ખરી વાત. મ્હે મૂર્ખીએ એ પત્ર લખાઇ ગયો: લખ્યા વિના ના રહેવાયું"

સરસ્વતીચદ્ર! કૃપા કરી, દયા આણી, મુંબઇ જાવ. શું ભણેલાઓ સર્વ તમારા જેવા હશે! શું ક્રુરતા વિધાની અંગભૂતજ હશે! મુંબાઇ જાવ કે મ્હારા પિતાને મળો. પણ આમ ક્રુર ન થશો !"

" પતંગ પેઠે રહો–કે સમુદ્રના મોજા પેઠે રહો–કે વાયુ પેઠે રહો ! એ સર્વ નિર્દયતા રચતાં તમને કોઇ રોકે એમ નથી! જીવની છતાં ચિતા વચ્ચે બેઠેલી તેને કાંઇ નાસવાનુંછે? તમે છૂટયા પણ મ્હારાથી કંઈ છુટાયું?–બળીશું, ઝળીશું, રોઇશું, કે મરીશું–વજ્ર જેવુ આ કાળજું ફાટશે તે સહીશું–થશે તે થવા દેઇશું–તેમા તમારે શું તમારી સ્વતંત્રતા અખંડ રહો–એટલે થયું."

"ઉત્તર મ્હારે નથી જોઇતો!-કહુંછું તે વિચારજો એટલે ઘણું!"

"ઇશ્વર તમને સદ્બુદ્ધિ આપો!"
આટલું બોલતાં બોલતાં ગળગળી થઇ ગયેલી, આંખમાં વ્હેતું આંસુનુ પૂર ખાળવા વૃથા પ્રયત્ન કરતી, અંતે રોઇ પડતી,–મને દુઃખમાં છાતી સરસી તમે કાંઇ હવે ચાંપી શકવા જેવું રાખ્યું છે?

અવલોકન.

કુમુદસુંદરી પ્રમાદધનમય બની પણ વિશેષ વખત રહી નહિ. કારણ કે પ્રમાદતિમિરમાં કોઇ કોઇ છિદ્રદ્વારા ચંદ્રકિરણ આપવા માંડયાં અને ચંદ્રકિરણની તીવ્રધારથી પ્રમાદતિમિર અદૃસ્ય થઇ ગયું–વિખરાઇ ગયું. અને સંસ્કૃતમયકુમુદ ઇંગ્રેજીમય બની ભાષાને બળે ઉદ્ધત, અવિચારી, સાહસિક બની. મનને શા માટે મારવું? સ્વાર્થ શા માટે ન સાધવો? પ્રમાદધનની અને મ્હારી કયાં જોડ છે? એનું ચિત્તતો કૃષ્ણકલિકામાં ચોટેલું છે! સરસ્વતીચંદ્રનો ટુંક સમાગમ પણ કેવો આલ્હાદક હતો?'–વિગેરે કલ્પતી કુમુદસુંદરી, સ્ત્રૈણ જીજ્ઞાસા, મન્મથને કેવળ વશ થઇ. આખરે ઇંગ્રેજી વિદ્યાનો જય થતો જોઇ, સંસ્કૃતવિદ્યા ગુણસુંદરી અને વિદ્યાચતુરને લઇ આવી પહોંચી અને તેની પુત્રીને આંગળીવતે બતાવી કહ્યું કે–જૂઓ તમારી પુત્રી! કયાં જાય છે! શું વિકારથી! ઇંગ્રેજી વિદ્યાએ ઉદ્દત બનાવી, તમારો, ઇશ્વરનો ભય કાઢી નખાવ્યો; માટે તમે ત્યાં તો શી રીતે જશો! પણ તમારી શુદ્ધિ અને યોગ બળે કરી, તેમની મનકલ્પનામાં પ્રવેશ કરો, નહિ તો તમારી બાળકી મ્હારી નિવારી નહીં રહેતાં પતિત થશે! તો પૃથ્વીમાતાપર, મ્હારા પર, તમારાપર, સૌપર કલંક આવશે અને સંસાર એજ દૃષ્ટાંત દઇ દઇ પતિત થશે;–આથી ગુણસુંદરી સંયમદ્વારા કુમુદ કલ્પનામાં પ્રવિષ્ટ થઇ. પ્રવિષ્ટથતાં કુમુદને, ગુણસુંદરી, દૃષ્ટિ સન્મુખ અગ્ની ઝરતી રોષ ભરી દૃષ્ટિવાળી જણાઈ. જોતાં તાપ સહન થયો નહિ –'અલકબ્હેન! હું તો તમારો ભાઇ થાઉં?'–એ શબ્દબાણથી અલકની જેવી સ્થિતિ અત્યારે–કુમુદની થઈ ગઇ–માતૃ પાસે અનિવાર્ય અશ્રુવેહતી–રોતી પુત્રીએ ક્ષમા માગી અને રક્ષણ અર્થે આવેલી માતાનો ઉપકાર માન્યો. 'હું તમારી નહિ અને સરસ્વતીચંદ્રની પણ નહિ'–એ વિચાર મુગ્ધા મસ્તિકમાં આવી ગયો. સંસ્કૃત વિદ્યાના સંસ્કાર, ઇંગ્રેજીવિદ્યાના સંસ્કાર શમી જતાં, સજીવ થયા. ઇંગ્રેજીવિદ્યાના સંસ્કાર શમતાં શમતાં,–સરસ્વતીચંદ્રને કંઇ કહે-

વાનું, સંસ્કૃત વિદ્યાએ—એ—સ્વીકાર્યું પણ. કુમુદસુંદરી ઉપદેશાત્મક પત્ર આપે, વિશુદ્ધિસ્નેહ, ચંદ્ર પાસે ગઇ અને પત્રમાં ચંદ્રનું ચિત્ત ટપકાવેલું જોઇ મૂર્છા વશ થઈ. આખરે સરસ્વતીચંદ્રે સાવધાન કરી. ચંદ્રનું પણ પળવાર મન ભ્રષ્ટ થયું ખરૂં પરંતુ વિદ્યાયોગે શરીર ભ્રષ્ટ થયું નહીં. સર્વમાં સમાનતા, સ્નેહનો આવો આવેશ, યુવાવસ્થા, એકાંત અને અનુકૂલ સમય છતાં—વિદ્યા અને આર્યત્વ ! તમારી વિજયી ધ્વજા કેવી અવિચ્છિન્ન, સ્વતંત્ર ફરકે છે ? આહા ! સત્ય છે કે—विद्या विहिनः पशु.—સરસ્વતીચંદ્ર અને કુમુદ ! તમારા હૃદયમાં આર્યત્વ અને વિદ્યાની સ્થાપના ન હોતતો ખરેજ ! તમે પશુજ બનત. કુમુદ ! 'મર્મદારક બસમ'—એ રૂપે પણ ઇંગ્રેજી વિદ્યાના સંસ્કાર ત્હારામાં સજીવ રહ્યા. ત્હારો શું દોષ ! સંગતિ[1] અને સમય[2]નું બલ જેણે તોળ્યું છે તેજ એને યથાર્થ જાણે છે.

---

૧ A man is known by the company he keeps. માટે विशिष्टाया विशिष्टेन संगमोगुणवान्भवेत् । યુક્તનો યુક્ત સાથે સંગમ તે ગુણવાળો થાય છે અને તેથી (જો) વિપર્યય યોગ થાય તો જે સંગતિથી મન વિસ્તૃત થયું છે તે સંગતિ, અયોગ્ય યોગ મળતાં, મનને ક્ષીણ કરી નાંખે છે. મનનો ધ્વંસ થતાં શરીરનો પણ ધ્વંસ થાય છે.

૨ कालः समविषमकरः परिभवसन्मानमानदः कालः ।

પ્રકરણ ૨૧ મું.

ચ.હ્યો. પૃષ્ઠ ૩૪૫, ૩૪૬.

" કુમુદસુંદરી ! હું ત્હારે વાસ્તે શું કરૂં ? ત્હારી ઇચ્છા મ્હારા મુંઝાઇ જવામાં સમાપ્ત થાય છે ! ખરે તું સતી છે ! અણગમતા પુરૂષને વશ ન થવામાં ઘણીક સ્ત્રીયો ભયને ગણતી નથી—તેમનું સતીપણું વધારે કે આટલી ઉંડી અને ન ભુંસાય એવી પ્રીતિ છતાં મળેલા પ્રસંગે આટલી દૃઢતા રાખે તેનું સતીત્વ વધારે ? સીતાને રાવણ ઉપર પ્રીતિ નહતી અને તેનાથી એ વિમુખ થાય એમાં નવાઇ શી ? કુમુદસુંદરી ! ત્હેં એ નવાઇ કરી—ત્હેં મને મોહ્ય આ-

યો. હું ન્હોતો જાણતો કે મ્હારામાં આટલી નિર્બળતા હશે. ત્હે આ બીજીવાર મ્હારૂં રક્ષણ કર્યું. મ્હેં ત્હારો ત્યાગ ન કર્યો હત તો ત્હારાથી હું કેટલો ભાગ્યશાળી થાત. હવે ત્હારો ત્યાગ કરવામાંજ મ્હારૂં ભાગ્ય રહ્યું. ત્હારો ઉપદેશ મ્હારે માનવો ? ''

" ક્ષમા કરજે—ત્હારો ઉપદેશ નહી મનાય. મ્હેં ત્હારી આ દશા કરી દીધી તેનું પ્રાયશ્ચિત મ્હારે કરવું જોઇયે— હું અથડાઇશ ભમીશ, અને તને સ્ંભારીશ! મ્હારે મ્હોટાં નથી થવું. સંસાર વૈભવ મ્હોટાઇ એ સઉકોને માટે ? પિતાને વાસ્તે હું સંસારમાં રહ્યો હતો—ત્હારી 'માયા' મને ઉપભોગનાં ઇન્દ્રજાલ દેખાડત. પિતાની વૃત્તિએ મને સંસારમાંથી મુક્ત થવા સ્વતંત્રતા આપી-ત્હારો ત્યાગ કરી હું સંન્યાસી થયો! હવે એ સ્વપ્ન જોવાં તે શા માટે ? ',

" પ્રિય ચંદ્રકાન્ત ? તું વળી ભદ્રેશ્વર કયાં ગયો ? શું ત્યાં પણ મ્હારે કુમુદસુંદરીને પાછું મળવાનું રહ્યું ? સુવર્ણપુરને 'કાલરાત્રિના સંસારે એમ એકદમ છોડાવ્યું એટલે અહિયાં તો તને મળાય એમ નથી.

અવલોકન—

કુમુદ ! ત્હને કર્ત્તા સીતાથી અધિક ઉત્કૃષ્ટ પ્રભાવશાલી બનાવે છે પણ એ કેટલેક અંશે માનનીય નથી. કારણકે સીતાનો જેવો રામપ્રતિ પ્રેમ હતો તેવો વસ્તુતઃસ્નેહ કુમુદ ત્હારો ચંદ્રપ્રતિ હોય એમ સંભવતું નથી; લેખકે લેખિનીદ્વારા માત્ર પ્રકટાવ્યો છે પરંતુ વસ્તુતઃ સ્નેહ એજ હોય તો સીતાયે પ્રાણ જતાં પણ રાવણનો અંગીકાર ન કર્યો તેવી રીતે કુમુદ ત્હારામાં સતિત્વજ હોતતો પ્રથમ સ્વીકારેલા ચંદ્રને છોડી પ્રમાદનો સ્વીકાર, પ્રાણજતાં પણ ન કરત કદાચ માતપિતાની આજ્ઞા ઉલ્લંઘન ન થાય એ અર્થેજ પરમાર્થમાં પ્રવર્ત્તી હોયતો સરસ્વતીચંદ્રનું ભૂત ત્હારા મગજમાંથી ખસવું જોઇયે પણ તેમનથી તેથી માતાપિતાની આજ્ઞાપાલન જેવું વર્ત્તન પણ ત્હારાથી થયું નથી, વળી મનથી અને, શુદ્ધ પણ શરીરસ્પર્શથી તું ચંદ્રથી સ્પર્શાએલી હતી; મદનવિકારપણ અદૃશ્ય હશેજ;—પરંતુ વિધિ

કાલઃકરોતિ પુરુષ દાતાર યાચિતારંચ ॥

કાલજ સમ વિષમ કરનાર છે. પરિભવ, સન્માન અને માન દેનાર પણ કાલ જ છે. કાલજ પુરૂષને દાતા અને યાચિતા કરેછે.

અને કુલિન ાગે દૃશ્ય થવા દીધા નથી અને શરીરને શુદ્ધ રાખ્યુંછે માટે સતીનું લક્ષણ કોઇ શાસ્ત્રમાં એવું નિરૂપણ નથી કર્યું કે મનો રાજ્યમાં સ્થપાએલા પતિસ્થાને અન્ય પતિની સ્થાપના સતીથી સ્વીકારાય; પણ પતિ વિયોગે વગર પ્રયાસે પ્રાણ વિદાયતો ઘણીકના થયા છે અને કદાચ તેમ ન થયું હોય તો જીવતા સુધી તેમનુંજ નામ સ્મરણ તો થયું હશે, પણ કુમુદસુંદરી ત્હારી પેઠે, ચંદ્ર ગયો તો પ્રમાદ એવું,-નહિ કર્યું હોય ! આથી એમ સિદ્ધ થાયછે કે લેખકની કલ્પિનીમાંજ કુમુદનો સરસ્વતીચંદ્ર પ્રતિ અપૂર્વ પ્રેમ છે પણ કુમુદમાં નથી.–ચંદ્રને છોડી, પ્રમાદને સ્વીકારતાં, ત્હેને કંઇ ન થયું તો પછી હવે શું થવાનું હતું ? માટે સતી તો સીતા—કુમુદ નહિ, નહિજ.

કુમુદ, સરસ્વતીચંદ્ર પર પ્રેમ હોવા છતાં શુદ્ધ રહેછે તે પણ પળે પળે મનથી તો દૂષિત થાયછે. પરંતુ વિદ્યા, જ્ઞાન, કુલ, નીતિનું સ્મરણ કરી, તેને અનુસરી, સર્વ ભ્રષ્ટ વિચારોને ઉત્પન્ન થતા પાછા શમાવી દેઇ, શરીરને પતિત થતું અટકાવેછે અને વિદ્યાસંસ્કારે કરી તેમ થવુંજ જોઇયે. મનના વિકારોને નિયંત્રણ કરી, શરીરને અન્યત્ર ન જવા દેવામાં, કુમુદ સમર્થ થાયછે. આ સફળ પ્રયાસ માટે કુમુદને ધન્યવાદ અપાવવા લેખકની ઇચ્છા હોયતો તે સર્વાંશે સફળ છે.

કનોજના જયચંદ રાઠોડે જ્યારે રાજસૂય યજ્ઞ આરંભ્યો ત્યારે ભારતવર્ષના સર્વ રાજાઓ તેની સેવામાં ઉપસ્થિત થયા હતા તેમાં માત્ર સમરસિંહ અને પૃથીરાજ હાજર થયા નહોતા તેથી જયચંદે પૃથીરાજના નામનું, તેવીજ આકૃતિવાળું સોનાનું પુતળું બનાવી દ્વાર સમીપ ખડું રાખ્યું અને એને દ્વારપાળની સંજ્ઞા આપી. જયચંદની પુત્રી સંયોગતા, પૃથીરાજની કૃત્રિમ મૂર્તિ જોતાંજ મોહ પામી અને 'પરણવું' તો એનેજ 'એવો મન સાથે સંકલ્પ કર્યો માતા પિતા નારાજ થાય તો ભલે, પણ મ્હારા એકથી આકૃષ્ટ થયેલ મનને હું અન્યને અર્પણ કરી, પતિત થાઉં ? માતાપિતાને, કુલને કલંક લગાડું ? પૃથ્વીમાતાને નિરર્થક ભાર આપું ? ઇશ્વરની ચોર થાઉં ? માતપિતાને અને દુનિયાને છેતરૂં ? ધા રૂઝાયછે પણ નિશાની શું જતી રહેછે ? મનને કૃશ, પતિત કર્યા વિના, મનને કોઇ વારી

શકયું છે ?-વિગેરે કલ્પતી સંયોગતા, પૃથ્વીરાજ નહિ મળે તો આ સોનાની તેમની મૂર્તિને પુજી, સમય વ્યતિત કરીશ. પણ અન્યને હવે નહિ પરણું. કુમુદસુંદરી ! સતીનો આ ! તું નહિ ! સંયોગતાએ તો સોનાની મૂર્તિથી સંતોષ વાળ્યો હતો અને ત્હારી પાસે તો એણેજ સપ્રેમચિન્હ મોકલેલી છબિ હતી ! ત્હારી પાસે વિશેષ સંતોષ સામગ્રી છતાં, તું સંયોગતા જેવી ન થઇ. પ્રેમના સતત્‌અવિચ્છિન્ન પ્રવાહથી સંયોગતાને પૃથીરાજ મળ્યા તેવી રીતે ત્હેં જીવન ધારણ કરી રાખી, ચંદ્રનું માનસિક ધ્યાન કર્યું હોત, કે તેની શોધ અર્થે નિકળી પડી હોત તો ચંદ્ર શું છેક કઠિન હૃદયનોજ હતો કે ત્હારો સ્વીકાર નજ કરત? અને સંયોગતા જેવી તું સુખી ન જ થાત ? કે શું ક્ષત્રિચિત્તથી પણ વણીક ચિત્ત કઠિન હતું?. માટે સતીનુ દર્શન તો આ-કૃતિમાંજ હતું.

કુમુદ્દ ત્હેં તો સર્વ ચદ્ર પ્રેમ પત્રોનો નાશ કરી અગ્નિ સંસ્કાર કરી, માત્ર "મર્મ દારક ભસ્મ" એટલા અક્ષર દર્શનથી સંતોસ વાળ્યો પણ ચંદ્રતો ત્હારા મર્મસ્થાનની ભસ્મનું પોતે નિમિત્તછે એમ અનુભવી, પ્રાયશ્ચિત અર્થે-

" અરણ્યે એકલો વાયુ! જીવન એ ભાવિ છે મ્હારૂં
" પ્રજા-એ હું નૃપાળ એ હું ! ઉરે ઓ એકલા તું-તું-
" નહિ ઉંચે નહિ નીચે મળે આધાર ધન હીંચે
" નિરાધાર-નિરાકારઃહવે મ્હારીય એ ચાલ- "

એ પ્રમાણે શૂન્ય વહે છે; ભદ્રેશ્વર ત્હને મળાય તેથી ચંદ્રકાન્તને પણ મળવાનું માંડી વાળે છે કુમુદ વાડામાં ફરતાં ફરતાં તું કહેતી હતી કે-"પણ એ તો અહિયાં રહેતો સારૂં, એની ક્ષેમ કુશળતા જાણીજ મગન રહીશ મ્હારો રોગ જશે"-પણ કુમુદ્દ ત્હારો રોગ મટવાને બદલે તો ઉલટો વધ્યો અને ચદ્ર દૃષ્ટિ આગળ ન જોઇયે-એ કલ્પના થઇ. આર્યાની પેઠે સ્વચ્છન્દ તું ન વીસરી શકી! રાત્રિના બનાવથી તુ ખરેજ બ્હીની અને તેથીજ ચંદ્ર દૃષ્ટિ આગળ ન જોઇયે-તેવો વિચાર થયો. કુમુંદ આ સસ્કાર ન થયા હોત તો મનનું યથાર્થ સ્વરૂપ તું ન અવલોકત ? અને દબાયેલા વિધા સંસ્કાર ત્હારા નિરૂપયોગી રહત.

સરસ્વતીચંદ્ર ! તમે પણ વિદ્વાન પુરૂષ થઈ પલાયન સામગ્રી

ની તૈયારી કરવા માંડી. કાં, શું થયું? મનને કસતાં કસતાં મનનું મનમાં સમજી જવાયું? અને એ પ્રકટ થાય તો એટલોય કોઇ દોષ કાઢવા ઉભું થાય! કુમુદ પ્રેમ સ્થાને કુમુદ ભીતિ દાખલ થઇ–એતો નિષ્કલંક કુલિન આર્યજ સ્વચ્છન્દ ગમે તેમ વીચરી શકે! ભીતિયે સુવર્ણપુરથી અતિથિનું અંજળ ઉઠાડયું અને બચકી બગલમાં ભેરવાવી. કોઇ પૂછે–કયાં જશો ?–તો ત્હેનો ઉત્તર તુરત વાળી શકાય એવી ચિત્તની સ્થિતિ ન હતી.

કુમુદસુંદરીનું ચિત્ર લેખકે ઘણું અનુપમ આલેખ્યુંછે. અને તેમાં જાણે સંસ્કૃત વિદ્યાના અને ઇંગ્રેજી વિદ્યાના યોગથી કુમુદ સુંદરી આલેખાઈ ન હોય?

ઇંગ્રેજીવિદ્યાના અને સંસ્કૃતવિદ્યાના યોગથી, સ્વદેશી અને વિદેશીયોના સમ્મિલનથી, થતા પ્રકૃત આર્યરત્ન કેવી પ્રકૃતિવાળાં કેવીવૃત્તિવાળાં, કેવી રીતિવાળાં, કેવા વિનયવાળાં, કેવી ધર્મપાલન વૃત્તિવાળાં, કેવા સ્નેહવાળાં થાય છે તેનું યથાર્થ દર્શન કુમુદસુંદરી આપે છે. તોપણ માતૃઆર્યભૂમિનો પટ તેનાપર વિસ્તૃત રહે છે. સ્નેહ, સમય અને સંગતિથી દાનવની જાય છે અને પાશ્ચાત દેશના લોકોની રીતિ પ્રસન્ન કરવા જેવી ચિત્તની સ્થિતિ થાય છે. સ્ત્રીને સ્વતંત્રતા હોય છે એથી એમની રીતિની મનમાં પ્રશંસા કરેછે હું સ્વત્રંતજ હોતતો, ચંદ્રપ્રકાશને જતો જવા દઇ પ્રમાદતિમિરમાં પ્રવર્તનજ થાત! અને ચંદ્ર આમ છેતરી, મને હવે દર્શન આપી ટીંગળાવે છે, ટળવળાવે છે, દૃષ્ટિદ્વારા દુઃખ દે છે એ સર્વ હું સહી, જોઈ રહું ? આનો આપણી રીતિ શું સારી ? કેટલાક સમજુ પણ કહે છે કે પૂર્વના રીતિની અવગણના ન કરવી–પણ આમાં અવગણના કરવા જેવું શું છે? ત્યારે શું ભૂલને પણ છૂપાવવી ? અને આપણે પણ ભૂલને અનુસરવું ? ને ન અનુસરીયેતો દોષ ? ચંદ્રથી મને છૂટી પાડનાર આ રીતિજ છે અને ધુર્ત કઠિન ચંદ્ર પણ કઠિનતા વર્ષાવી, અને કંઇ શેષ રહી ગઇ હશે તેયે, શાંત ટાઢી ન પડે તે અર્થે પાશ્ચાત દેશી રીતિ—ડાઇવોર્સનું પણ સ્મરણ કરાવ્યા આવ્યા છે ? પણ આહા ઋષિ મુનિ પ્રણીત મ્હારી આર્યરીતિ હવે હું ત્યજું ? આ દેહ સંબંધ જેનાથી બંધાયો તેને હું પતિત કરૂં ? ડાઇવોર્સનું સ્મરણ સ્વપ્ન ચિંતવન થતાં મને કંપા-

રી આવે છે. જેનાથી જન્મ થયો,–જેનાથી આ શરીરનું કષ્ટ સહી પાલન થયું–ઉછેરાયું–તે માતાપિતાના આજ્ઞાનુવર્તી ન થઇ,–સભ્યતા, લજ્જા આદિની મર્યાદા મુકી પોતાનો નિર્લજ સ્વાર્થ દર્શાવવો–આપની આજ્ઞા મ્હારાથી પળાય એમ નથી-આદિ અધમવચન જીભ્હાબહાર કાઢવાં–એ રીતિ અનાર્યા તમારેજ સદૈવ રહેજો. અમારે એ રીતિનો હાલ સુધી તો સ્વીકાર કરવો પડે એમ નથી. આ શરીરનું ગમે તે થાઓ, પ્રાણ પણ ભલે વિદાય થાઓ,–પણ હું કોણ ! વિદ્યા અને ગુણની બાળકી ?–પાશ્ચાત્ નિવાસીયોના વિચાર, વિદ્યા અને સંગતિ મસ્તિકમાં ભરાયેલા હોવા છતાં, અને તે વિચારને બત્તી મુકી ફુંક મારી પ્રકટાવનાર સરસ્વતીચંદ્ર, અને તે પણ વય, વિદ્યા, ગુણ, જ્ઞાન, રસ, સૌંદર્યમાં સમાન, અને વળી પૂર્વનો સ્નેહ સંબંધીઃ આ સર્વને સાથે લઇ, ઇશ્વર માતાપિતાનું ચિંતવન કરતી, વિશુદ્ધ જાળવતી, પ્રાણની રક્ષા કરતી, પરમાર્થમાંજ સ્વાર્થ અનુભવતી–હું સંસાર ચક્રમાં નિઃશંક વિચરૂં છું. અનાર્યા ! ત્હારૂં આટલું સામર્થ્ય છે ? ત્હને એવું સ્વપ્ન પણ છે ? ત્હારાથી સહન થાય એમ છે ? ”

યુવાવસ્થાના પુરમાં હોવા છતાં, એક તરૂણ ચંદ્ર પ્રતિવૃત્તિસમેત મન વળેલું છતાં, મૈત્રી છતાં, મુગ્ધવય અને સંસ્કાર વિહીન હોવા છતાં;—જે મનને ક્ષીણ, અશરણ, પરાજીત કરવામાં સમર્થ થાય છે, અને શરીરને પતિત થવા દેતી નથી—તે કુમુદને **ધન્યવાદ** ઘટે છે.

મનને અશરણ કરવાના મહાન પ્રયાસ પરત્વે, સ્થિર સ્થિતિ રહેવા કુમુદને **આશ્વાસન**ની આવશ્યકતા છે.

મનોરાજ્યમાં પર થયેલા પુરૂષનું દ્રવતી વૃત્તિયોસહિત, પ્રકરણ ચાલતું જોઇ, વિદ્યાસંસ્કારી કુમુદને કંઇક **ઠપકાને** પાત્ર કરિયે તો અનુચિત જેવું નથી. ઇતિમ્.

શ્રી.

સૃષ્ટિ-સૌંદર્ય.

દ્વિતીય દર્શન.

કાદમ્બરીના પ્રણય પ્રાબલ્યપ્રતિ દૃષ્ટ ઉર્મિ.

Beauty is truth, truth Beauty that is all;
You know on earth and all ye need to know.

સૌંદર્યજ સત્ય છે, સત્ય સૌંદર્ય છે, જગત્માં એજ તમે જાણો, એજ જાણવા જેવું છે. એજ જાણવું જરૂરનું છે. (કીટ્સ)

કાદમ્બરી-દ્વિતીય આવૃત્તિ.

એનો મદન-વિકાર (પૃષ્ટ ૨૩૧.)

" કુમારને જોયા પછી પ્રથમ રોમોદ્દગમ, પછી ભૂષણ-રવ અને છેલ્લે કાદમ્બરી પોતે ઉભી થઇ. મદન-વિકારથીજ એને આ સમયે સ્વેદ થઇ આવ્યો પણ તેનું કારણ, જાણે સત્વર ઉઠવાનો શ્રમ હોય એમ જણાયું ! એની ગતિને ખરેખરો રૂંધનાર તો ઉરૂ-કંપજ હતો પણ તેનો અપયશ નૂપુર-સ્વર સાંભળી દોડી આવેલા હંસ-મંડળને મળ્યો ! નિશ્વાસ ચાલવાથીજ એનું વસ્ત્ર કંપવા લાગ્યું પરંતુ ચામરનો પવન એનું નિમિત્ત હોય એમ દેખાયું ! અંતરમાં વિરાજતા ચંદ્રપીડને સ્પર્શ કરવાના લોભથીજ એનો હાથ તે ક્ષણે છાતી ઉપર પડયો, પરંતુ તે જાણે સ્તનને ઢાંકી દેવા મૂકયો હોય એમ લાગ્યું ! આનંદથીજ એની આંખમાં અશ્રુભરાઇ આવ્યાં, પણ હાલેલા કર્ણપુરની કુસુમરજ તેના કારણ જેવી થઇ પડી ! લજ્જાને લીધેજ એનાથી બોલી શકાયું નહિ, પરંતુ મુખ-કમલના પરિમલથી દોડી આવતા મધુકર જાણે એને અટકાવતા હોય એમ દેખાયું ! મદન-બાણના પ્રથમ પ્રહારની વેદનાથીજ એને સીત્કાર કરવા લાગ્યા, પરંતુ પુષ્પના ઢગમાંથી કેતકીનો કાંટો વાગ્યાથી તે ઉત્પન્ન થયા હોય એમ જણાયું. કંપથીજ એનો હાથ ધ્રુજવા લાગ્યો, પણ સમા-

ચાર કહેવા આવેલી પ્રતિહારીને ના કહેવા સારૂ જાણે તે હલાવ્યો હોય એમ દેખાયું! વળી તે સમયે કાદમ્બરીના હૃદયમાં પ્રવેશ કરતા મદનનો પણ એક જાણે બીજો મદન ઉત્પન્ન થયો જે કાદમ્બરી સહિત ચંદ્રાપીડના અંતઃકરણમાં પેઠો. તેણે કરીને એ પણ ગંધર્વ રાજપુત્રીના રત્નાભરણની પ્રભાને પણ આચ્છાદન વસ્ત્ર જેવા ગણવા લાગ્યો; પોતાના હૃદયમાં તેના પ્રવેશને પણ પરિગ્રહ માનવા લાગ્યો; તેના ભૂષણ-રવને પણ સંભાષણ ધારવા લાગ્યો; પોતાની સર્વ ઇન્દ્રિયોના હરણને પણ પ્રસાદવત્ માનવા લાગ્યો; અને તેની દેહ-પ્રભાના સ્પર્શથી પણ સુરત-સમાગમનું સુખ ભોગવતો હોય એમ એ કલ્પવા લાગ્યો!"

હૃદય ઉર્મિ—

કુમારને જોતાંજ કાદમ્બરીને થતા મદન-વિકારને, કવિયે કેવી વિચિક્ષણ અનુપમ રીતે, અન્ય વિષયનું નિમિત કારણ કરી દર્શાવ્યા છે કે વાચકવર્ગને કવિની વિચિક્ષણ શક્તિ સાથે આનંદ ઉત્પન્ન થયા વિના રહેજ નહિ? સેહેજ મદન -વિકાર પણ અદશ્ય કરવા પ્રયાસ કરવા જતાં, પ્રસિદ્ધ-જણાઇ-સમજાઇ આવે છે તો મદન વિકારના જ્યાં આવતા એક પછી એક ઓટને પ્રસિદ્ધ ન થવા દેતાં, અપ્રસિદ્ધ રાખવા, એ અપૂર્વ શક્તિવિના બનવું અસંભવિત છે. કવિ પાત્રદ્વારા માત્ર એક વિકારનેજ, અન્યનું રૂપાંતર કરાવતાં શિથિલતા કરાવે તો સર્વ પ્રસિદ્ધ જણાઈ આવે, ત્યારે પરંપરાની તો વાતજ શી કરવી! માટે જ્યાં આવો મર્યાદશીલ મદન-વિકાર પ્રચલિત છે તેના દર્શન અર્થે કોણ ઉત્સુક ન થાય? આવો અન્યોન્ય હૃદય વિનિમય યોગ જોઇ, કોની ઉદાસીનતા નિવૃત્ત ન થાય? આવો નિષ્કારણ સ્થાનિક સ્નેહ જોઇ-કયું સહૃદય આશીર્વચન ઉર્મિ રહિત હોય?

પૃષ્ટ ૨૩૮—

"સખિ! ચંદ્રાપીડ ક્યાં ઉતરશે?-ત્યારે, શું અનેક સ્ત્રીઓના હૃદયરૂપી સ્થાન એમને રહેવાને બસ નથી?-એમ વિચારી જરા મનમાં હસીને કાદમ્બરીએ પ્રત્યુતર આપ્યો-સખી મહાશ્વેતા! ત્હારે એવું શા સારૂ કહેવું પડે છે? દર્શન દીધું ત્યારથી આ શરીરના પણ એજ પ્રભુ છે તો પછી મહેલની, વિભવની કે પરિજનની તે

વાતજ શી ? જ્યાં એમને ગમે અથવા મ્હારી પ્રિય સખીને ગમે ત્યાં એ સુખેથી રહે. "

હૃદય ઉર્મિ—

આહા ! કાદમ્બરી ! શું સ્નિગ્ધ ઉત્તર ! શું સંસારના સર્વ કઠિન ચિત્તને આર્દ્ર કરી, મુગ્ધ બનાવવા અર્થેજ તું નિર્માણ થઇ હઇશ ! કે ઇશ્વરની અગાધ શકિત, કૃતિ, સૌંદર્યનું તુંજ દર્શન હઇશ? કયા મૂઢ ચિત્તમાં આ ઉત્તર અવકાશ સ્થાન ન કરે ? કે કયા મદ-મત્ત ચિત્તને શાંત કરી પરવશ ન કરે ?

ચંદ્રાપીડની ચન્તા. પૃષ્ટ ૨૪૧.

" ચંદ્રાપીડ પણ, કાદમ્બરીનું જાણે હૃદય હોય એવા સ્વચ્છ મણિગ્રહમાં પ્રવેશ કરીને શિલાતલ ઉપર પાથરેલું એક આસ્તરણ જેની બંને બાજુએ ઉપરા ઉપરી ઘણાં ઉશીકાં મૂકેલાં હતાં તેમાં જ્યારે સુઇ ગયો, કેયુરક એના ચરણને ઉત્સંગમાં લઇને બેઠો, ને પેલી કન્યાઓ બતાવ્યા પ્રમાણે એની આસપાસ ભરાઇ બેઠી, ત્યારે દોલાયમાન ચિત્તથી ચિન્તામાં પડ્યો કે:—ગન્ધર્વ-રાજપુત્રી કાદમ્બરીના શું સ્વાભાવિક વિલાસજ આવા સર્વ લોકનાં હૃદય હરી લે એવા હશે કે વગર આરાધનાએ પ્રસન્ન થઇને ભગવાન્ કુસુમા-યુધે મારે લાધે ઉત્પન્ન કર્યા હશે ? મ્હારી સામું એ, અશ્રુથી ભ-રેલી, રાગયુક્ત, તથા હૃદયની અંદર વાગતાં કામબાણના પુષ્પની રજ પડી હોય તેમ જરા મીચાયેલી આંખથી કટાક્ષવડે જોયાં કરતી હતી. હું જ્યારે એના ભણી દૃષ્ટિ કરતો ત્યારે શરમાઇ જઇને એ શ્વેત સ્મિત-પ્રભારૂપી જાણે વસ્ત્રવડે પોતાનું આચ્છાદન કરતી હતી! મ્હારાથી શરમાઇને મુખ ફેરવી દઇ, જાણે મારા પ્રતિબિંબને પ્રવેશ કરાવવાની લાલચે એ પોતાના ગાલ રૂપી દર્પણને મ્હારી તરફ ધરતી હતી ! ! મને અવકાશ આપવાથી હૃદયે કરેલા પ્રથમ અભિનયની જાણે રેખાને એ પોતાના નખવડે શયન ઉપર ઘેરતી હતી ! મને બીડી આપતાં ખેદથી કંપતો પોતાનો હસ્ત, જેને રક્ત કમલ ધા-રીને ભ્રમરોનાં ટોળાં આજુબાજુ ભમ્યાં કરતાં હતાં તેમ ગણું તમાલ-પલ્લવ લઇને એ પોતાના ખિન્ન થઇ ગયેલા મુખો જાણે પવન નાંખતી હતી ! !

હૃદયઊર્મિ—

કાદમ્બરીના મદન-વિકારનું કારણ રસિક નિપુણ રાજપુત્ર સમજી ગયો અને તેનું પ્રતિબિંબ પોતામાં પડેલું જોઇ, તેનું સન્માન અને પોતાનો ભાગ્યોદય સમજવા લાગ્યો. રાજકુમારની સ્મિત વિકસિત મુખમુદ્રાથી દષ્ટાને જણાઇ આવતું. કાદમ્બરી વિશિષ્ટ રાજપુત્ર જ્યારે દશ્ય કાદમ્બરી વિહીન થયો ત્યારે હૃદયમાં અદશ્ય કાદમ્બરીને દષ્ટિ સન્મુખ લાવી, દર્શન કરતો કરતો, વિચારાબ્ધિમાં વેહવા લાગ્યો.

આહા! ! જ્યાં આવા સભ્ય, નિપુણ અને રસિક નાયક નાયિકાના ચિત્ર શક્તિમંત લેખકથી આલેખાયાં હોય, તેના દર્શન કરતાં, અવલોકન કરતાં, કોને અતૃપ્તિ કે શ્રમનું ભાન થાય? કવિયે દરેક વિષય દર્શનમાં એવું રહસ્ય અને માધુર્ય મૂકયું છે કે સામ્પ્રત લેખકને યથાસ્થિત વર્ણવું પણ વિચારણીય થઈ પડે ! નાયિકા મદન વિકારનું રૂપાંતર કરવા જતાં જતાં, નિપુણ નાયકજ માત્ર દષ્ટિ અધ્યયન કરી લઈ, દષ્ટિદ્વારાજ, સ્મિત વિકસિત મુખમુદ્રા કરી, સર્વથી અદશ્ય પ્રતિઉત્તર આપી દેછે. આવેલા મન્મથને સ્થાન દાન દઇ, સ્મિતથી છલકાતી પણ કંઇક રોષ દર્શાવતી કીકીને છેક ઉર્ધ્વ ખુણામાં લેઇ જઇ—'જાઓ, જાઓ, તમે તો ધૂર્ત છો ! અસભ્ય છો !'—એવા અર્થ યુક્ત દષ્ટિ ઉપાડી, છુટી મારવા જાણે હવે કંઇ વિલંબ નથી—એવો ભાસ પ્રકટાવતી નાયકના હૃદયને દ્રવતું કરી મૂકે છે. નાયક માત્ર ગરદનને એક બાજુ ઝુકતી રાખી, દષ્ટિને અર્દ્ધ મીંચી રાખી, સ્મિત વિકસિત મુખમુદ્રાએ નિઃશબ્દ—'દેવિ ! હવે તો ઘણું થયું ! એટલો બધો દેવિપ્રસાદ આ હૃદયમાં માઇ શકે એમ નથી—સુરત—સમાગમથી સંતુષ્ટ ન થતા, એટલા પણ શરીર-અંતરાયથી અંતરાત્મા બહાર નિકળી આવશે'—એમ કહેવાઇ જતું.

એમનું પરસ્પર આલોકન પૃષ્ઠ ૨૪૨—૨૪૩.

" કાદમ્બરીએ એને જોયો કે તરતજ—મહાશ્વેતાને આવતાં વાર લાગી માટે લાવ માર્ગમાં જોઉં—એવું બ્હાનું કાઢી, કામાતુર ચિત્તને લીધે પેલી ભલી છોડીને એ પોતાની હવેલીને છેક ઉપલે માળ, પાર્વતી જેમ કૈલાસ—શિખર ઉપર ચઢે તેમ ચઢી ગઇ. ત્યાં એની સાથે દાસીઓ થોડીજ હતી; પૂર્ણચંદ્રમંડળ જેવું શ્વેત સુવર્ણ-દંડવાળું છત્ર એના ઉપર છાયા કરવા ધરેલું હતું; ફીણ જેવા

ધોળા ચાર નાના નાના પંખા ઉરાડીને દાસીઓ એને પવન નાંખતી હતી; અને માથા ઉપર, પુષ્પની સુગંધથી લલચાઇને ભમતા ભમરારૂપી શ્યામ આચ્છાદન-વસ્ત્ર દિવસે પણ ઓઢીને એ જાણે ચંદ્રાપીડની અભિસારિકા થવા સારૂ વેષ સજવાનો અભ્યાસ કરતી હતી! ત્યાં રહી રહી, કોઇવાર ચામર-શિખાને બાઝી બાઝીને, કોઇવાર છત્ર-દંડને ટેકો દઇને, કોઇવાર તમાલિકાના સ્કંધ ઉપર હાથ મૂકીને, કોઇવાર મદલેખાને આલિંગન દઇને, કોઇવાર પરિજનની અંદર સંતાઇ જઇ માત્ર આંખના ખૂણાથી દૃષ્ટિ કરીને, કોઇવાર ત્રિવલી વળી જાય તેમ ફરી ફરીને, કોઇ વાર પ્રતિહારીની છડીની ટોચ ઉપર ગાલ મૂકીને, કોઇ વાર નિશ્ચલ હાથમાં લીધેલી બીડી હોઠ આગળ ધરી રાખીને, તથા કોઈ વાર કમલ ફેંકી પ્રહાર કરવાથી દોડી જતી દાસીની પછવાડે કેટલાંક પગલાં ભરીને, હસતી હસતી એ ચંદ્રાપીડને જોવા લાગી, અને ચંદ્રાપીડ એને જોવા લાગ્યો."

હૃદય ઉર્મિ—

આહા! પૂર્વે ન શિખેલી પણ સ્નેહ તતક્ષણ કેવી વિધવિધ ચેષ્ટાઓ શિખવે છે? સ્નેહ શું કરવા અસમર્થ છે? ચંદ્રાપીડને અધિક અધિક પ્રિય થવા કાદમ્બરી સખીઓ સાથે કેવી લીલા કરે છે? ઇશ્વરની કૃતિનું કેવું અનુપમ ચિત્ર! એમ કલ્પીને યોગીઓ પણ આનંદભર નિહાળે છે! તો ચેષ્ટા ઉત્પાદક અને અવલોકનકારના હૃદયાનંદની તો કથાજ શી કરવી! કવિઓ આ બધું ક્યાં શિખવા જતા હશે! પણ એ સૌંદર્ય વિનાનું તો જીવન ધારણ કરી રહેલું કોઇ જીવન હશેજ નહિ! સર્વમાં ન્યૂનાધિક અંશે સ્ફુરિત છે. અદૃશ્ય એ અંશના પરમાણુંનું અન્યોન્યમાં વિનિમય થયાંજ કરે છે. એ વિનિમયે કરીનેજ કાદમ્બરીમય ચંદ્રાપીડ અને ચંદ્રાપીડમય કાદમ્બરી થયાં.

શેષ નામના હારનું અર્પણ. પૃષ્ટ ૨૪૫, ૨૪૬.

રાજપુત્ર! અહંકાર રહિત તમારી આ મનોહર કાન્તિ જોઇને પ્રીતિ-પરવશ જન શું ન કરે? તમારી સભ્યતાજ આવાં આવાંને અવકાશ આપે છે. તમારી આ આકૃતિ કોનું ચિત ન ચોરે? આ તમારૂં નિષ્કારણ—સ્નેહમય ચરિત જોઇ કોણ બંધુ ન થાય? તમારો આ મધુર પ્રકૃતિનો વ્યહવાર કોને મિત્ર ન કરી લે? અને આ

સ્વાભાવિક સુકુમાર વૃતિના તમારા ગુણુ કોને પ્રેમાર્દ્ર ન કરી દે! ખરો દોષ તો તમારી આકૃતિનોજ છે કે તે પ્રથમ દર્શનેજ આવો વિશ્વાસ ઉત્પન્ન કરે છે! નહિ તો, તમારા જેવા સકલ ભુવનમાં વિખ્યાત પુરૂષો સાથે જે કંઇ આચરણ થાય તે અનુચિત જેવું લાગે.—(અમારે) વાત કરવી એ પણ (તમને) હલકા પાડવા જેવું દેખાય; (તમારો) આદર સત્કાર કરવો એ પણ (અમારી) પ્રભુતાના ગર્વ જેવું ગણાય; સ્તુતિ કરવાથી પણ સ્વાભિમાન જેવું કંઇક પ્રકટ થાય; ઉપચાર થકી પણ (અમારી] જાણે કે અણસમજણુ દેખાય; પ્રીતિ દર્શાવવાથી પણ જાણે (અમારે) આત્મજ્ઞાન નથી એમ માલમ પડે; વિજ્ઞાપના કરવી એ પણ પ્રાગલ્ભ્ય જેવુ લાગે; સેવા કેરવી એ પણુ ચાપલ જેવુ દેખાય; અને દાન કરવુ એ પણુ પરિભવ જેવુ થઇ પડે—પણુ જેણે આવીને હૃદયનુંજ ગ્રહણુ કર્યું છે તેને દાન કરવાનુ એ શું રહ્યું? પ્રાણુનાથને આપિયે પણ શું? અહીં પધારીને તમે જે મ્હોટો ઉપકાર કર્યો છે તેનો બદલોએ શા-રીતે વાળિયે? દર્શનથીજ જેમણે અમારૂં જીવત સફલ કર્યું તેમનુ આગમન અમે કયે પ્રકારે સફલ કરિ શકિયે?—આ બ્હાને તો કાદમ્બ-રી તમને પોતાનો માત્ર પ્રેમ દર્શાવવા ચાહે છે—વિભવ નહિં; કેમકે સજ્જનોનો વિભવ પરાર્થેજ છે એ કંઇ સિદ્ધ કરવું પડે એમ નથી, માટે વિભવની વાત તો અહિં છેજ નહિ. તમારા જેવાની એ દાસી થઇને રહે તોપણુ એ કંઇ અયોગ્ય કરે છે એમ ન કહેવાય; પોતાનો આત્મા તમને સમર્પિત કરે તો કાંઇ છેતરાઇ એમ ન કહેવાય; અને જીવિતનું અર્પણુ કરે તો પણુ એને કદી પશ્ચાતાપ ન થાય—કેમજે સત્પુરૂષોની મહત્તા પ્રણયિ—જનનું પ્રત્યાખ્યાન કરવામાં પરાઙ્-મુખ, અને સભ્યતાથી કરીને પરવશ રહે છે. તમારા જેવાને કંઇ આપતાં જેટલી (અમને) શરમ આવે છે તેટલી તો માગતાં પણુ ન આવે! માટે આથી કરીને જો કે કાદમ્બરી ખરેખર તમારી જાણે અપરાધી થઇ હોય એમ પોતાને માને છે તોપણુ એણે પો-તાનો આ હાર એમ ધારીને મોકલ્યો છે કે—આ આભુષણ તમારેજ શરીરે શોભે—ચંદ્રનું યોગ્ય સ્થલ આકાશજ, પૃથ્વી નહિ."

સરલ સૌંદર્ય—લાવણ્યજ પ્રીતિ ઉત્પાદક છે. સર્વ દસ્ય વર્ત્ત-નની પ્રેરક સભ્યતાજ છે. આ કૃતિમાંજ ચિત્ત વિકૃતિ છે. નિસ્વાર્થ

સ્નેહ દર્શનજ સર્વને બંધુ કરે છે. મૈત્રીનું બંધારણ મધુર પ્રકૃતિ વિશિષ્ટ વ્યહવાર છે અને સ્વાભાવિક સુકુમાર વૃત્તિ વિશિષ્ટ ગુણજ સર્વના સ્નેહદ્રવનું કારણ છે.

'ખરો દોષતો........પરિભવ જેવું થઇ પડે'—આ સ્થળે મદલેખાએ, કાદમ્બરી આપની સાથે સરખાવતાં કંઈ વસ્તુમાત્ર નથી—એવું દર્શાવી ચંદ્રાપીડનું મહત્વ જાળવે છે—પ્રદીપિત કરે છે—છતાં આવું પ્રાગલ્ભ્ય દર્શાવવાનું કારણ માત્ર આપની આકૃતિ દર્શનમાંજ પૂર્વ સંબંધ જેવું સ્મરણ, અને તેથી વિશ્વાસ ઉત્પન્ન થઇ (અસભ્ય) આવા આચરણનો જન્મ આપે છે, અર્થાત્ તમારી બરોબરી કાદમ્બરી કરી શકે એમ નથી વળી જેનો આગમનજ હૃદય ગૃ ણ અર્થી છે તેનીપ્રતિ 'દાન' એ વસ્તુ દર્શનજ ક્યાં રહ્યું ? પ્રાણનાથને હવે આપવા જેવું એ શું છે ? કારણ કે પ્રથમ આવાગમન સમયે દર્શન આપતાંજ જેણે નિઃશબ્દ હૃદય ગૃહણ કર્યું છે.

' આ બ્હાને........પૃથ્વી નહિ સજ્જનોનો વૈભવ પરાર્થેજ કાદમ્બરી અને તમે ભિન્ન નથી. વળી કાદમ્બરી જે કાંઇ આપની પ્રતિ અસાધારણ પ્રણયથી વર્તન ચલાવે છે તેથી તેને કદી પણ વિમાણસ થાય તેમ નથી કારણ કે સત્પુરૂષની મહત્તા સ્નેહી—જન ના સ્વીકારે કરી પરવશ રહે છે એ એના અનુભવમાં છે વળી આપને કંઇ આપવું એ તો લજ્જાસ્પદ અને પ્રાગલ્ભ્ય સૂચકજ છે માટે તમારા જેવાને કંઇ આપતાં જેટલી (અમને) શરમ આવે છે તેટલીતો માગતાં પણ ન આવે—માટે આથી કદી કાદમ્બરી પોતે તે પોતાને અપરાધી થઈ હોય એમ માને છે તોપણ.. .... પૃથ્વી નહિ. '

હૃદય ઊર્મિ

અહા ! મદલેખા ! શું ત્હારૂં સ્નેહ, વિનય, માધુર્ય, રસવિત, સ્નિગ્ધ ભાષણ ! એવા કયા કઠિન ચિત્તમાં આ સરસ ભાષણ અવકાશ સ્થાન ન કરી શકે ? મદલેખા ? એવો કયો માર્ગ ત્હેં ખુલ્લો રાખ્યો છે કે જે માર્ગ દ્વારા સ્વાતંત્ર્યની રક્ષા કરવા કોઇ પ્રયાસ કરે ? બોલવામાં ત્હેં એટલું તો માધુર્ય વાપર્યું છે કે ત્હારા માધુર્યપુરિત સંભાષણ અહોનિશ શ્રવણ કૃતાર્થ કરવામાંજ સદામગ્ન રહી, પરવશતમાંજ સ્વાતંત્ર્ય અનુભવે !

ભાષાંતર કર્ત્તાએ આટલો અનુગ્રહ ન કર્યો હોતતો મ્હારા જે-વા સંસ્કૃત ભાષાના મુગ્ધ સંસ્કારીને, પ્રાચીન કવિઓની અગાધ શક્તિનું ક્યાંથીજ દર્શન થાત ? માટે આ ઉપકૃત કાર્ય માટે ભાષાન્તર કર્ત્તાનો જેટલો આભાર માનીએ તેટલો ન્યૂનજ છે.

કાદમ્બરીનું મળવા આવવું. પૃષ્ટ ૨૫૦, ૨૫૧.

" આ સાંભળી ચંદ્રાપીડ સત્વર ઉઠયો, અને જોયું તો થોડીક સખીઓની વચ્ચે, તે કાળે રમણીય લાગતા વેષને લીધે સાક્ષાત્ ચંદ્રોદય દેવતા જેવી દીપતી કાદમ્બરીને તેણે મદલેખાનો હાથ ઝાલી આવતી દીઠી.—સર્વ રાજચિન્હ એણે કાઢી નાંખેલાં હતાં; સાધારણ સ્ત્રીની સમાન માત્ર એક એકાવલીનું આભૂષણ પહેર્યું હતું; શરીર ઉપર સ્વચ્છ ચંદન રસની શ્વેત લેપ કરી દીધો હતો; એક કર્ણમાં દંત પત્ર પેહેરેલું હતું; (બીજામાં) ચન્દ્ર—કલા રૂપી કલિ જેવું કોમલ કુમુદ—પત્ર કર્ણપૂરરૂપે શોભતું હતું; અને ચંદ્રિકા જેવાં શ્વેત. કલ્પવૃક્ષનાં બે વસ્ત્ર એણે પેહેરેલાં હતાં. આવીને પ્રીતિયુકત મધુરતા દશાવતી, પરિજનોને યોગ્ય ભૂતલ ઉપર પ્રાકૃત સ્ત્રીની સમાન એ બેઠી. (તે જોઇ) ચંદ્રાપીડ પણ,—રાજકુમાર ! આપતો શીલા ઉપર બેઠા રહો—એમ મદલેખાએ ઘણીવાર કહ્યા છતાં ભૂમિ ઉપરજ બેઠો, અને સર્વ કન્યાઓ બેસી રહ્યા પછી જરાવારે કહેવા લાગ્યોઃ–દેવિ ! તમારા માત્ર દૃષ્ટિપાતથીજ સંતુષ્ટ થયેલા દાસજનને સંભાષણાદિ પ્રસાદનો પણ અવકાશ ન રહેતો પછી આવા મ્હોટા અનુગ્રહની તો શી વાત ? ઘણું ઘણું વિચાર કરતાં પણ મ્હારામાં હું કોઇ એવો, જેવો તેવોએ ગુણ નથી દેખતો જે આવા મહાન અનુગ્રહને ઉચિત હોય. એતો તમારી સરલતા, અને નિરભિમાની મધુર સુજનતાજ (મ્હારા જેવા) નવા સેવક ઉપર પણ આવી કૃપા કરેછે. તમે મને કદાચિત્ એવો અસભ્ય ગણતાં હશો જેનું મન ઉપચારવડે હરણ કરવું પડે, (પણ) ધન્ય છે તે પરિજનને.કે જેના ઉપર તમારી નિયંત્રણા હોય ! જે સેવકજન તમારી આજ્ઞા પાળવાને ઉચિત છે તેના ઉપર વળી આટલો આદર હોય ?–આ શરીરતો પરોપકારને અર્થે છે, અને જીવિત તૃણ જેવું તુચ્છ છે–એ, તમે અત્રે પધારીને કીધેલા મ્હોટા અનુગ્રહના બદલામાં અર્પણ કરતાં હું લજવાઉં છું. (તોપણ) આ હું રહ્યો, આ શરીર રહ્યું, આ જીવ, આ ઇન્દ્રિયો—એમાંના ગમે તેનો પરિગ્રહ કરીને (તેનું) માન વધારો. "

હૃદયઊર્મિ—

આહા ! શું રાજપુત્રનો કાદમ્બરી ઉચિત પ્રણુય–પ્રત્યુતર ! દેવિના આવા ગમનરૂપ અનુગ્રહના બદલામાં આત્માર્પણુ કરવામાં પણુ (તુલ્ય ન હોય એમ) રાજપુત્ર લજ્જા સમજેછે ! આહા ! ચંદ્રાપીડ ! મહારાજાધીરાજ છતાં શું ત્હારો નિર્ભિમાન સવિનય ! કાદમ્બરી ! ત્હારી પ્રિય મહાશ્વેતા રાજપુત્રને આ પ્રદેશમાં ન લાવી હતતો ત્હારા વાસ્તે ઉચિત અન્ય હૃદય આ સૃષ્ટિમાં પ્રકાશ્ય હતું ? પ્રિય સખિ મહાશ્વેતાને દુઃખે દુઃખી અને સુખે સુખી રહેલી કાદમ્બરી ! ત્હને દ્રવીભૂત કરી પરવશ કરનાર પૃથ્વીપર રાજકુમાર સિવાય કોઇ શકય હતું ? કે મહાશ્વતાને દુઃખી જોઇ લીધેલી ટેક કોઇ છોડાવત ખરૂં ? રાજકુમાર ! તમને હૃદય વિનાના કરી મૂકનાર કાદમ્બરી સિવાય પૃથ્વીપર અન્ય રત્ન હતું ? કે જેણે સર્વ પ્રિય વર્ગને વિસ્મૃત કરાવી, હૃદયમાં અને બહિર્ પણુ એજ કાદમ્બરી અવલોકન કરાવ્યું ! સ્નેહની હૃદયપર શું સતા ચાલેછે તે યોગ્ય યોગ થતાં અન્યોઅન્ય અનુભવ્યું. વિદ્યાભૂવનમાં ન શિખાએલી વિદ્યા અત્ર શીખાઇ.

કાદમ્બરીનું પ્રત્યુત્થાન. પૃષ્ટ ૨૬૫, ૨૬૬.

“ એટલામાં જ્યારે એણે વધારે ધવલ થતી પોતાની આંખે ચંદ્રાપીડને સન્મુખ આવતો જોયો ત્યારે દૂરથીજ, તરત પકડી આણેલી હાથણીના જેવી ઉર–સ્તંભ (થી) વિધૂત એ પરવશ વરારોહા અંગ ચેષ્ટા કરતી કરતી,–ઉતાવળમાં ખસી ગયેલા ઉત્તરીયને બદલે હાર કિરણુથી છાતી ઢાંકવા જતી જતી,—મણિ ભૂમિ ઉપર મૂકેલા વામ કરતલને લીધે, પોતાની પ્રતિમા પાસે જાણે હાથનો ટેકો માગતી માગતી,— છુટા થઇ ગયેલા કેશનો અંબોડો વાળતાં થાકી જઇને સ્વેદજલથી ભીના થયેલા જમણા હાથવડે, જાણે જલ લઇને એણે પોતાનું દાન કરતી કરતી,—પૃષ્ટ વળવાથી ત્રિવલી તાત્ર થઇને તરંગિત થયેલી રોમ–રાજિને લીધે અનંગથી જાણે સર્વરસ નિષ્પીડિત થતી થતી,–કપાલ ઉપરના તિલકમાંથી અંદર પેઠેલા ચંદન–રસ સાથે જાણે મિશ્ર થયું હોય એવું શીતલ આનંદજલ આંખમાંથી પાડતી પાડતી,–આનંદજલના પ્રવાહવડે, હાલેલા કર્ણુપૂરની રજથી મલિન થયેલા પોતાના ગાલને પ્રિયતમની પ્રતિમાને પ્ર-

વેશ કરાવવાના જાણે લોભથી પોતી પોતી,—જાણે ચંદન તિલકના ભારથી જરા નીચું જોતી જોતી,—ને ક્ષણે ખૂણા તરફ ગયેલી કીકીવાળી તથા રાજપુત્રના મુખ ઉપરજ જાણે ચ્હોટી હોય એવી, દીર્ઘદષ્ટિવડે આકૃષ્ટ થતી થતી,—કુસુમ—શયનમાંથી, તેના સુવાસને લીધે બરાબ ને શબ્દ કરતાં મધુકરનાં ટોળાંની જાણે સહાય્યથી ઉઠી ચંડાપીડતો પાસે આવીને પેહેલાંની પેઠેજ, પૂર્વે મહાશ્વતાને પ્રણામ કર્યા પછી વિનયસહિત એને નમ્યો; અને સામો પ્રણામ કરીને ફરીથી એ તેજ કુસુમ—શયનમાં બેઠી એટલે, પ્રતિહારીએ આણેલા, ઝગઝગતાં રત્નજડિત પાદવાળા સુવર્ણમય આસનને પગથીજ ખસેડી મૂકી રાજપુત્ર ભૂમિ ઉપરજ બેઠો."

"દેવી ! હું જાણું છું કે તમે કામ—રતિને લીધે આ અતિ સંતાપકારક તીવ્ર વ્યાધિ સહન કરો છો, " સુતનુ ! ખરેખર અમને જેટલી એથી પીડા થાય છે. તેટલી તમને નહિ થતી હોય; (માટે) " દેહ—દાન થકી પણ તમને હું સ્વસ્થ કરવા ઇચ્છું છું. "

" પછી મદલેખાએ પ્રત્યુત્તર દીધો:—રાજપુત્ર ! શું કહું ? આ સંતાપ અતિ દારૂણ અને કહી શકાય નહિ એવો છે. તેમાંય વળી દેવીકુમાર ભાગ્યયુક્ત છે એટલે એમને શાથી પીડા ન થાય! કમલિનીનું શીતલ પલ્લવ પણ એમને અગ્નિ—દાહ જેવું લાગે છે તે છે ને ચંદ્રિકાપણ તાપ જેવી લાગે છે. પલ્લવરૂપી પંખાના પવનથી (પણ) એમના મનમાં કેટલો ખેદ થાય છે તે શું તમે નથી જોઇ શકતા ? આટલું છતાં એ પોતાના પ્રાણ ધારણ કરી રહ્યાં છે તેનું કારણ કેવલ ધૈર્યજ છે. કાદમ્બરીએ મદલેખના આ વચન જેવાજ મનમાંથી કુમારને પ્રયુતર આપ્યો."

હૃદય ઉર્મિ—

કાદમ્બરીની શરીર સ્થિતિ જોઇ ચંદ્રાપીડે અનુભવ્યું કે આ સર્વનુ નિમિત્ત કારણ હુંજ છુ અને કાદમ્બરી એ પણ નિઃશબ્દ દૃષ્ટિ દ્વારા એવોજ પ્રતિ ઉત્તર આપ્યો. મદલેખાએ હિતકર પણ કંઇ શંકા યુક્ત ઉત્તર આપ્યો,

આહા ! જ્યાં કુમારભાવ સર્વત્ર સ્ફુરિત હોય, વય—રૂતુ સંમતિ પણ અનુકુલ હોય, તેમાં જે ધૈર્યનું મહત્વ જાળવે છે એવા

આર્ય બાળકને ધન્ય છે! જે સ્થાન શીત પવનથી વિકસીત ચિરજી. ય રહેવું હોય તે સ્થાનપર ઉષ્ણ પવનના પ્રહાર,-છતાં ધૈર્યનું સ્ખલન ન થતાં પ્રાણરક્ષા! આવા હૃદયના સામ્પ્રત કાળમાં દર્શન દુર્લભ છે. મદનાગ્નિથી જ્વલિત આવી કાદમ્બરી દેવચંદ્રાપીડને જોઇ ચલિત ન થતાં-યોગ્ય સમય આવશે-એવું ધૈર્યને આશ્વાસન આપી પ્રાણની મદનાગ્નિથી જ્વલિત થતાં રક્ષા કરે છે. કેટલું મહત્વ ?

કાદમ્બરીનો સંદેશો. પૃષ્ટ ૨૮૫—૨૮૬.

"હું જાણુંછું કે તું મ્હારાઉપર ઘણીજ પ્રીતિ રાખે છે, પણ કોમલ શિરીષ પુષ્પજેવી મૃદુ પ્રકૃતિવાળી "અબલાઓમાં ને "તેમાં વળી વિશેષે કરીને બાળક કુમારિકાઓમાં એટલું બધું પ્રાગલ્ભ્ય ક્યાંથી હોય (કે સંદેશો મોકલે)? એ તો ખરી સાહસકારિણી હોય તેજ પોતે સંદેશો મોકલી શકે અથવા જઇ શકે. હું તો બાળક છું અને આવું સાહસ કરીને સંદેશો મોકલતાં શરમાઉં છું પણ મ્હારે સંદેશોએ શો કહાવવાનો છે? જો એમ કહું કે તમે મને બહુ વ્હાલા છો તો એ પુનરૂક્તિ થાય; તમને હું વ્હાલી છું?—એ તો જડ પ્રશ્ન કહેવાય; તમારા ઉપર મ્હારો પ્રેમ અતિશય છે—એતો વેશ્યાનું બોલવું કહેવાય; તમારા વિના હું જીવી શકતી નથી—એ તો અનુભવ વિરૂદ્ધ થાય; અનંગ મને બહુ પીડે છે એ તો પોતાનોજ દોષ કાઢયો કહેવાય; મદને મને તમને અર્પણ કરી છે—એમ કહેવું એ પાસે જવાનો ઉપાય ગણાય; મે તમને જોરથી પકડી રાખ્યા છે—એ કુલટાનું પ્રાગલ્ભ્ય કહેવાય; તમારે અવશ્ય અહિં આવવું—એ સૌભાગ્યનો ગર્વ ધરાવ્યો કહેવાય, હું પોતેજ તમારી પાસે આવું છું—એમ કહેવુ એ સ્રીચાપલ કહેવાય; આ દાસી અનન્ય-રક્ત છે—એ તો સ્વભક્તિ દર્શાવવાની લઘુતા ગણાય. પ્રત્યાખ્યાનની શંકાથી હું સંદેશો મોકલતી નથી—એમ કહેવું એ તો સૂતાને જગાડવું કહેવાય; અનુજીવિ જનના દુઃખને ન ગણું એવી હું દારૂણ થઇ જાત—એતો અતિ પ્રણય કહેવાય; ને મરણથી તમે મ્હારી પ્રીતી જાણશો—એમ કહેવું એ તો અસંભવીતજ છે."

હૃદય ઉર્મિ—

આહા! આ સ્થળે કાદમ્બરીએ કેવી યુક્તિ-રચના કરી છે,

કે પત્રલેખાને કુમાર-પ્રણય-વિયોગ સંબંધી-પ્રણયને સ્પષ્ટ દર્શાવતાં લાઘવ્ય જેવું, લજ્જા જેવું પ્રદીપિત થાય, વળી સાગરનીસિમાને કોણ વર્ણવી શકે એમ છે એમ સમજી-આમ કહું તો આ દોષ આવે-એવા રૂપમાં જે કંઈ કહેવાનું હતું તે સર્વ કહિ દીધું અને જે પ્રણય-વિયોગ અમુક વિશેષણોમાં સર્વાંશે ન દર્શાવી શકાય, એ એણે સર્વ પ્રતિકૂલ પણ હિતકર વિશેષણોમાં દર્શાવી દીધો. વળી કુમારને પણ આ મ્હારી સ્થિતિ વિદિતજ છે. આહા ! શું કાદમ્બરીનું હૃદય-મહત્વ ! સ્નેહ અપ્રકટ્ રહે ત્યાં સુધીજ હૃદય-મહત્વ ! આજકાલના સંસ્કારી ચિત્ત, પ્રણય હૃદયમાં ન સમાવી શકતાં પત્રપર પ્રકટાવે છે-'તમે મને બહુ વ્હાલા છો, હું તમને બહુ વ્હાલી છું'-એવાં અનેક વિશેષણો અન્યોન્ય લખે છે તેમને આ કાદમ્બરીનાં રદ કરેલાં સર્વ વિશેષણો વાંચી એમજ થશે કે-આ તો સર્વ માત્ર મિથ્યા પ્રલાપ છે. સ્નેહ અન્ય દ્વારા દર્શાવવાથી પોતાની લઘુતા જણાય છે અને જે શરીર અને મન ઉપરથી સ્પષ્ટ જણાઇ આવતી વાત, હકિકતને શબ્દમાં પ્રકટ કરી શું લઘુ કરવી ? એતો અજ્ઞજનનો પ્રલાપ છે. એ સર્વ અદૃશ્ય સ્થિતિ સમાગમે દૃષ્ટિદ્વારા, અને વિયોગે હૃદયદ્વારા જણાઇ આવે છે.

ચંદ્રાપીડનું ચિન્તન. પૃષ્ટ ૨૯૪.

"આ સાંભળી ચંદ્રાપીડને વિચાર થયો કેઃ—અહો ! મારૂં જીવિત સંદેહને હિંદોલે ચઢયું છે ! (એકપાસ) માતા આમ ક્ષણવાર પણ મને નથી જોતાં તો દુઃખી થાય છે; અને (બીજી પાસ) નિષ્કારણ-વત્સલ દેવીએ પત્રલેખાને મ્હોંએ ત્યાં આવવાની મને આમ આજ્ઞા કરી છે. જન્મકાલથી બંધાએલો જનની-સ્નેહ બલવાન છે અને મ્હારૂં હૃદય વાચ્છાને લીધે આકુલ વ્યાકુલ થઇ ગયું છે. તાત-ચરણની સેવાનું સુખ ત્યજાય એમ નથી; અને દુષ્ટ મન્મથ અતિ પીડાકારી છે. ગુરૂજનનાં લાડ મનોહર છે. ઉત્કંઠા (નાં દુઃખ) દુઃસહ છે. બાંધવ જનની પ્રીતિ બાંધી રાખે એવી છે; અભિનવ પ્રાર્થના કુતૂહલ ઉત્પન્ન કરે છે. કુલક્રમાગત નૃપતિયો (મ્હારા) મુખને જોનારા છે; (પણ) પ્રિયા-મુખ-દર્શન જીવનસફલકારી છે. પ્રજા સર્વ અનુરક્ત છે; (પણ) ગંધર્વ-રાજપુત્રીનો પ્રેમ અનહદ છે. જન્મભૂમિ ત્યજવી કઠિન છે; (પણ) દેવી કાદમ્બરી સંમાનાર્હ છે.

મનને વિલંબ દુઃસહ છે, (પણ) હેમકૂટ વિંધ્યાચલ વચ્ચે અંતર ઘણો છે.—એમ વિચારતો વિચારતો પત્રલેખાનો હાથ ઝાલી, પ્રતિહારીએ બતાવેલે માર્ગે માતાની સમીપ ગયો, અને માતાએ લડાવેલાં અનેક પ્રકારના લાડના સુખમાં દુઃસહ હ્રદયોત્કંઠા ભૂલી જઇને તે દિવસ એણે ત્યાંજ ગાળ્યો. ”

હ્રદય ઉર્મિ—

આહા ! ચંદ્રાપીડ ! કાદમ્બરીમય છતાં શું ત્હારૂં માતાપિતા, બાંધવ, ગરૂજન, સામંત, પ્રજાવર્ગ પ્રતિ દીર્ઘ અવલોકન ! સામ્પ્રત કાળમાં આટલો સ્નેહ જ્યાં પ્રચલિત હોય ત્યાં કોણ માતાને, પિતાને, ગુરૂને કે બાંધવને ગણે ? 'ડોન્ટ કેર' કરીને ઉભા રહે. કાદમ્બરીની સ્થિતિ પત્રલેખાદ્વારા શ્રવણ કરતાં, પોતે તેથી થતા અસહ્ય તાપને સહન કરી, માતાપિતાપ્રતિના ધર્મનું જે ઉલંઘન કરતો નથી કે મોહને જે વશ થતો નથી—તેવા આર્યકુમાર ચંદ્રાપીડને ધન્ય છે ! દૂર્ભાગી આર્યાવર્ત ! આવા ક્ષત્રીય રાજરત્ન વિહિન તું થઇ ગયો ? સુવર્ણભૂમિના સુવર્ણ પુત્ર અદૃશ્ય થઇ ગયા ? પણ સંતોષ ! ધૈર્ય ! જ્યાં એક વખત એ નિપજ્યા છે ત્યાં એ નિપજવાનાજ. ભારતવર્ષ ! ચંદ્રાપીડ જેવા રત્નની ખોટથીજ તું-પરતંત્ર થઇ ગયો ! દાસત્વ ભોગવી દીન, પતિત થઇ ગયો ! સમય ! ત્હારી કૃપાયે કૃપા છે. વિદ્યા, કલા, બ્રહ્મચર્યવ્રત અને અકય જ્યાં જોઇયે ત્યાં ભારતવર્ષમાં તમે દૃષ્ટિએ પડતા—તે આજ કાલ કયાં અદૃશ્ય થઇ ગયા ? કે તમે પણ સમયની રાહ જોઇ બેઠાછો ? ભાવિ ! હવે તમે કયારે કૃપાળુ થશો ? કરોડો પ્રાણીઓના પ્રાણનું જે રક્ષણ કરતું અને રક્ષણ કરે છે તે આર્યવર્ત, આજકાલ પોતાનાજ સતાનને ન જોવાઇ શકાય તેવી સ્થિતિને અવલોકે છે ?

કાદમ્બરીની અવસ્થા. પૃષ્ઠ ૨૯૯—૩૦૫.

“મદલેખા ! બીજું કાંઇ એવું હશે કે જેણે કુમાર ચંદ્રાપીડના જેવું કર્યું હશે વા કરશે ?—એટલું કહિ, ઉભાં થઇ, સર્વ પરિજનને દૂર કરી, શયન ઉપર પડી, ઉત્તરીય વસ્ત્રથી મસ્તક ઢાંકી દઇ, સમાન દુઃખી મદલેખા સાથે પણ કંઇ બોલ્યા ચાલ્યા સિવાય આખો દિવસ એમને એમ રહ્યાં.”

“સુગંધી મલય—પવન જેવા આપના પ્રથમ આગમનથી જે

વેળાએ સમસ્તજ કન્યકા-લતાવન ચલિત થયું તે વેળાજ સલક ભુવન મન ગમતા વસંત જેવાને આપને જોઇને રક્ત અશોક વૃક્ષની લતા જેવી દેવીમાં મદને પ્રવેશ કર્યો, અને હવે તો આપને લીધે દેવી કાદમ્બરી મહાન આયાસ ભોગવે છે........સર્વથા, મદન—વેદનાએ કરીને એમના અંગ, દિવસે કરીને વાડીમાંનાં પુષ્પ, અને અહર્નિશ પ્રહાર કરી કરીને કામદેવનાં બાણુ—નિઃશેષ ક્ષીણ થઇ ગયાં છે. વધારે શું કહું ?—હવેતો તમારે નામે એ સર્વ સખીજનને બોલાવે છે; તમારા સંબંધી ત્યાં સર્વ રહસ્ય ચાલે છે; તમારા સમાગમના ઉપાય શોધવા સારૂ સર્વ મેળાવડા થાય છે; તમારી વાર્તા મેળવવા સર્વ પ્રશ્ન થાય છે; તમારોજ વૃત્તાન્ત પરિજન કહ્યાં કરે છે; તમારા આલાપથી સર્વ વિનોદ થાય છે; તમારા આકારનોજ ચિત્ર-કલાભ્યાસ ચાલે છે; તમારા ઉપાલંભથી સર્વ માગધી મંગલગીત ભરેલાં હોય છે; તમારાં પુનરૂક્ત દર્શન યુક્ત સ્વમ આવે છે, તમારા પરિહાસમય, સર્વ મદન-જ્વર-દાહના વિપ્રલાપ પ્રવર્તે છે; તમારા નામ ગ્રહણ રૂપી એકજ ઉપાયથી મટી શકે એવી મહા ભયંકર મૂર્છા થાય છે........

હૃદય ઉર્મિ—

કવિયે કાદમ્બરીની અવસ્થાનું એવું તો અનુપમ ચિત્ર પાડેલું છે કે વાચક સર્વ કાદમ્બરીના પક્ષકાર થઇ, ચંદ્રાપીડની અવગણના કરી, તેને કઠિન ચિત્તનોજ અનુભવ ! વળી કાદમ્બરીની એક વૃત્તિમાં કુમાર નથી—એવું નથી, ભયંકર મૂર્છામાંથી પણ બચાવતું, કુમારનું નામ ગ્રહણરૂપ માત્રજ કુમારી-સ્વાસ્થ્યનું ઔષધ રહ્યું છે ! આટલું છતાં પણ એ ધૈર્યનું, લોકાચારનું, લજ્જાનું, વિનયનું માન જાળવી રહ્યાં છે ! અને પ્રસિદ્ધ પડતાં નથી. કેટલું મહત્વ ? તમારાથી એ અવસ્થા જોઇ શકાતી નથી તો અનુભોક્તાની વાતતો ક્યાંજ રહિ ! આવી રાજ્યકન્યકાના દર્શન આર્યાવર્તમાંજ હશે કે અન્ય સ્થળે પણ હશે ? વિનય છોડાતો નથી, લજ્જા મૂકાતી નથી, ધૈર્ય સરી જતું નથી, સ્નેહ વારી શકાતો નથી, વિયોગ સહન થઇ શકતો નથી, મદનાગ્નિ શાંત થતો નથી; આ સર્વભાર શરીર લઇ વહે છે. બંધિગૃહ મન અદૃશ્ય સર્વ સહે છે. કાદમ્બરી કેટલું ત્હારૂં બળ ? કુમાર પાછળ ગયેલા મન સાથે શરીર સંચરતું નથી. મદનથી ઉ-

સ્નેહરાયલું મન મર્યાદા, વિનય છોડી શકતું નથી.

ચંદ્રાપીડનો ઉત્તર. પૃષ્ઠ ૩૦૭

"દેવીનું શરીર, મલયાચલનો પવન લાગવાથી લતામાંથી પડતા પુષ્પને સહન કરી શકે એવું નથી, અને કામબાણ વજ્ર જેવા કઠિન હૃદયવાળાને પણ દુઃસહ છે (તો પછી દેવીની શીવાત?) નિમેષમાત્રમાં શું થશે તે કળાતું નથી. દેવીને પણ કદાચિત આ દુઃખ સહન કરવાનું લખેલુંજ હશે!—વળી, દુઃખદાનમાંજ નિપુણ, દુર્ઘટ ઘટના રચવામાં પંડિત, યતકિંચન કરનાર, નિષ્કારણ કુપિત હત વિધિનો જેમ જેમ હું સર્વ પાસથી અસ્થિર સમારંભ જોઉછું તેમ તેમ મને લાગે છે કે આટલેથીજ એ બંધ રહેશે નહિ. નહિતો ક્યાં મ્હારૂં નિષ્પ્રયોજન કિન્નર મિથુનને અનુસરતાં અમાનુષ—ભૂમિમાં આવવું! ક્યાં ત્યાં તૃષા લાગવી અને અચ્છોદનું દર્શન થવું! તેને તીરે વિશ્રાન્ત થતાં ક્યાં એ અમાનુષગીત ધ્વનિનું શ્રવણ થવું! તેની જીજ્ઞાસાએ જતાં જતાં ક્યાં મહાશ્વેતાનો મેળાપ થવો! તરલિકા સાથે તે સ્થળે ત્હારા આવવાથી ક્યાં મ્હારા ગમનનો પ્રસંગ નિકળવો! ક્યાં મ્હારૂં મહાશ્વેતા સાથે હેમકૂટ જવું! ક્યાં દેવી કાદમ્બરીના વદનનું ત્યાં દર્શન થવું! ક્યાં આ શરીર ઉપર દેવીના અનુરાગી ઉત્પત્તિ થવી!ને અપરિપૂર્ણ મનોરથે ચાલી આવવાની ક્યાં મ્હારા પિતાની અનુલ્લંઘનીય આજ્ઞા મળવી!—માટે અયુકત કાર્ય કરનાર, અમારા કર્મ—બળની આજ્ઞાને અનુસારવામાં ચતુર, દગ્ધ વિધિયે અતિ દૂર લઇ જઇને અમને ખરેખર પાડયા છે; તોપણ દેવીની સંભાવના કરવાને અમે પ્રયત્ન કરીશું."

હૃદયઉર્મિ—

કેયુરકે વર્ણવેલી દેવીની અવસ્થા શ્રવણ કરી ચંદ્રાપીડ વિચારમાં પડયો કે દેવીનું મુગ્ધ શરીર પુષ્પરજ ભારને પણ સહન કરી શકે એમ નથી ત્યાં મદનબાણની પરંપરો—ખરેજ! દેવી મને કઠિન ચિત્તનોજ સમજતાં હશે. આહા! પ્રારબ્ધ—કર્મની શું લીલા છે! હું દેવીના દર્શનની પ્રયાણ સામગ્રી રચુંછું અને અનેક વિંટબના રૂપ વિધિ તેને વિખેરી નાંખે છે છતાં પ્રકૃત પુરૂષાર્થે કરી, અમે એ વિધિને નષ્ટ કરવા પ્રયાસ કરી, દેવી દર્શન કરીશું. આહા! પ્રારબ્ધ—કર્મની ઘટમાળા વિચિત્રજ છે! કોઇ ક-

હેશે કે નશીબમાં માંડયું હશે એમ થશે; કોઇ કહેશે કે ઉદ્યમ છે
એજ ખરો છે, કોઇ કહેશે ઉદ્યમ કરી કરીને કુટી મર્યા પણ પા-
શેર આટાનો અદશેર આટો થતો નથી,—આવી રીતે કોઇ
પ્રારબ્ધને—કોઇ કર્મને વખાણે છે. પણ આ બંને એકજ વસ્તુ
છે એવું થોડાજ સમજે છે. વસ્તુ સ્વરૂપ એકજ છે પણ જેવો
પિતા પુત્રનો સંબંધ છે તેવોજ પ્રારબ્ધ કર્મનો સંબંધ છે. કર્મ
પિતા સ્થાને છે અને પ્રારબ્ધ પુત્ર સ્થાને છે. કારણ કે શુભ અથ-
વા અશુભ કર્મથી બંધાયેલું એ પુત્રરૂપ પ્રારબ્ધ વ્યતિત કર્મ કયારે
નષ્ટ થશે ? નવીન કર્મ કયારે સ્ફુરિત થશે ? એનું યથાર્થ અવલોકન
મહાત્માજન કરી શકે છે. કર્મના ફલનું શું પરિણામ આવશે—એનું પ્ર-
ચમથી યથાર્થ અવલોકન કોઇકજ આપ્ત કરી શકે છે. ગૃહગતિનું
અધ્યયન કરતા—ચાલતા પ્રાણીને ખબર નથી રહેતી કે અમુક સ્થાને
ખાડો આવતાં, અને તેમાં પડી જતાં, ગૃહગતિના અધ્યયનનો મ્હા-
રો અભ્યાસ અધુરો રહી જશે !—આથી કરી ' મનુષ્ય ધારે એ
કરી શકે ' એ કથનને બાધ આવતો નથી. [1] કારણ કે પુરૂષાર્થે
કરી પુરૂષત્વને પામેલા પુરૂષને કંઇ અશકય નથી.

માર્ગમાં ચંદ્રાપીડને થતા શેખચલ્લીના વિચાર.

પૃષ્ઠ ૩૫૨.

" અને મળવા સારૂ ઉભાં થવાને પ્રસંગેજ કુસુમ—શય્યાને
દુર કરતી હશે.—એવી કાદમ્બરીને જોઇ, દર્શનીયના અવલોકનરૂપી
ફલવડે મ્હારાં ચક્ષુને હું કૃતાર્થ કરીશ. પછી અંજલિયુકત પ્રણામ
અને કંઠ ગ્રહથી મદલેખાને મળી ચરણે પડેલી પત્રલેખાને ઉ-
ઠાડી, કે યુરકને પુનઃપુનઃ ગાઢ આલિંગન દઇશ. અને મહાશ્વેતા મ-
ને લગ્નની મંગલ ક્રિયા કરશે તથા બધી સખીઓ ત્વરાથી દેવીના
વૈવાહિક સ્નાનની મંગલ વિધિ કરશે એટલે હું વરસાદથી અભિ-

---

१ शरीर निर पेक्षस्य दक्षस्य व्यवसायिनः।
बुद्धिप्रारब्धकार्यस्य नास्तिकिञ्चन दुष्करं ॥

જેને શરીરની પણ અપેક્ષા નથી એવા (નિઃસ્પૃહ શૂરને)
પ્રત્યુત્પન્ન કાર્યોમાં સદ્ય યથાવત જાણવાને સમર્થ એવા) દક્ષને,
દૃઢનિશ્ચયી ઉદ્યમની વિચાર પૂર્વક આરબ્યું છે કાર્ય જેણે એવા,
મહાપુરૂષને કંઇજ દુષ્કર છે નહિ. વિશેષ પ્રાસ્તાવિકમાં જુઓ.

વિકસિત પૃથ્વી જેવી દેવીનું કરગ્રહણ કરીશ. પછી પુષ્કલ કુંકુમ, કુસુમ, ધુપ તથા લેપના સુવાસથી કામોદ્દીપન કરતા શયનગૃહમાં હું શયન ઉપર બેઠો હોઇશ ત્યારે મ્હારી સમીપ બેસી થોડીવાર સુધી નમ્ર ભાષણ કરી મદલેખા બ્હાર જશે એટલે, લજ્જાથી અવનમ્ર મુખે રહેલી ના ના કહેતી પ્રિયાને બે હાથે બલાત્કારે શયનમાં લાવી, શયનમાંથી ઉત્સંગે અને ઉત્સંગમાંથી હૃદય પાસે લઇ જઇશ. પછી ગાઢ નીવિ-ગ્રંથીએ અતિ દૃઢતાથી બે હાથ રાખી, લજ્જાથી એ પોતાનાં લોચન મીચી દેશે તેમને ચુમ્બન કરી, બહુ દિવશે હું કૃતાર્થ થઇશ. દેવને પણ દુર્લભ એવું અધરામૃત તૃપ્ત થતા સુધી પીને મ્હારૂ જીવિત સફલ કરીશ. અતિ કોમલતાને લીધે ઓગળીને જાણે અંગે અંગે પ્રવેશ કરતી હોય એવી પ્રિયાના-મદનાગ્નિથી બળતાં શેષ રહેલા શરીરને ગાઢ આલિંગન દઇ સુખરસથી શાંત કરીશ. પરવશ છતાં પણ જાણે સ્વેચ્છાએ વર્તતી હોય, પ્રયત્ન રહિત છતાં પણ જાણે યત્ન કરતી હોય, અપસર્પણ કરવા છતાં, જાણે ઉપસર્પણ કરતી હોય, સર્વ અંગ ઢાંકયા છતાં જાણે ભાવ દર્શાવતી હોય એવી દેવી કાદમ્બરી સાથે પછી હું-સર્વજનને સુલભ છતાં કેવલ યોગને જ ગમ્ય, સ્પર્શ-વિષયક છતાં હૃદયગ્રાહી, ઇન્દ્રિયોને મોહિત કરવા છતાં પ્રસન્ન કરતું, મદનાગ્નિ ઉદ્દીપ્ત કરવા છતાં નિવૃત કરતું, સર્વ અંગ ખિન્ન કરવા છતાં આલ્હાદન કરતું, વિષય ઉચ્છ્વાસ અને શ્રમ-સ્વેદ ઉત્પન્ન કરવા છતાં સીતકાર સહિત રોમાંચ કરતું, અનુભૂત થતાં પણ અનુભવવાની સ્પૃહા ઉત્પન્ન કરતું, સવાર અનુભૂત છતાં પણ અપુનરૂકત લાગતું, અતિ સ્પષ્ટ છતાં પણ અવર્ણ્ય સ્વરૂપવાળું, અચિન્ત્ય સમાગમવાળું, અતુલ સ્પર્શવાળુ, અનુપમ રસવાળુ, અવર્ણ્ય પ્રીતિ ઉત્પન્ન કરતું, અગણીત ધ્યાનથી પ્રાપ્ત થતા અપર પ્રકારના મોક્ષ સુખ જેવું-સુરત નામનુ વિચિત્ર સુખ ભોગવીશ; અને નિમેષ માત્ર પણ વિયુકત રહ્યા વિના એની સાથેજ વિવિધ વિવિધ રમ્ય સ્થોલોમાં ક્રીડા કરીને, સ્વાભાવિક રીતે રમ્ય છતાં પણ યૌવનને અધિક રમણીય બનાવીશ. પછી નશ્વાસ ઉત્પન્ન થશે એટલે દેવીનેજ વિનતિ કરી વૈશમ્પાયનનું પણ મદલેખા સાથે લગ્ન કરાવીશ.

હૃદય ઊર્મિ–

સર્વશાસ્ત્રજ્ઞ, વિદ્વાન, રસજ્ઞ, નીતિજ્ઞ ચંદ્રાપીડને પણ પોતાના મનોરથના સિદ્ધિની આશામાં વેહેતાં ખબર નથી પડતી કે હજુ આશાસિદ્ધિમાં શું વિઘ્ન અને અંતરાય આવવાનાં છે તો સામાન્ય મનુષ્યની વાતજ શી કરવી! આધિદૈવિક ક્લેશ એવા પ્રકારનો છે કે કોઇ પણ મનુષ્યને તેના અમૂક સમયપર આવાગમનનું જ્ઞાન હોતું નથી. કાર્યની સિદ્ધિ અર્થે મનુષ્ય શકિતઅનુસાર સર્વ યોજના રચે, પણ દૈવ એને પળવારમાં તોડી નાંખે છે. અલ્પજ્ઞ તે અલ્પજ્ઞ જ કર્મનું પરિણામ જ દૈવ હોયતો પણ પૂર્વ કર્મના દર્શન પછી જ પ્રકૃત કર્મફલના દર્શન. શરીરથી પ્રથક્ કરનાર પણ એજ કર્મ છે, શરીરથી મુકત કરનાર પણ એજ કર્મ છે; પણ ઇચ્છાનુસાર મૃત્યુ ન થવાથી, પ્રાણ ન રહેવાથી, મનુષ્ય ભ્રાન્તિમાં પડે છે કે—કર્મ કર્તા તો આપણે છિયે તેમાં વળી બીજાને વચમાં પડવાનું શું પ્રયોજન? પરંતુ જે કર્તા છે તેજ ભોક્તા છે અને જે કર્તા નથી તે ભોક્તા પણ નથી. આ વિષયપર હાલ વિશેષ વિવેચન નહિ કરતાં, પ્રકૃત વિષયને અનુસરીયે.

ચંદ્રાપીડના મસ્તિકમાં દેવીના સ્નેહની સુવાસ એટલે અંશે પથરાઇ ગઇ છે કે માર્ગમાં ત્હેને દેવી–સમાગમ રૂપી નવા નવા બાલ અભિલાષ ઉત્પન્ન કરાવે છે અને નમ્રતાનું કંઇક વિસ્મરણ કરાવે છે. સૌંદર્યમાંજ એવી કંઇ અપૂર્વ અદૃશ્ય આકર્ષણ શક્તિ રહેલી છે કે –સમાગમમાં આવતી સર્વ વસ્તુને તે પોતાના પ્રતિ ખેંચે છે. જેવા પ્રકારનું મન–તેવા પ્રકારનું મન મળતાં આકૃષ્ટ થવાયજ. સૌંદર્યથી જ સૃષ્ટિનું સ્થિરત્વ છે આકર્ષણ શક્તિવડે એ વસ્તુને ભિન્ન કરે છે અભિન્ન કરે છે.

આ સમયે કાદમ્બરીનું ત્યાં આવી પહોંચવું પૃ૪ ૩૬૫. ૩૬૬. ૩૬૭.

“એમ કહેતી કહેતીજ ત્યાં આવી એટલે અમૃતરહિત સાગર જેવા, ચંદ્રરહિત નિશાસમય જેવા, તારાગણ રહિત ગગન જેવા, કુસુમ રહિત ઉપવન જેવા, ઉખાડેલી કર્ણિકાવાળા કમલ જેવા, ખંડિત અંકુરવાળા મૃણાલ જેવા, મધ્ય મણિવિનાના હાર જેવા, પ્રાણરહિત ચંદ્રાપીડને એણે દીઠો. જોતાંજ સહસા—અરે! આ શું?—એમ (કહી) અધોમુખે ભુમિતલ ઉપર પડતાં એને, આક્રંદ

કરતી મદલેખાએ જેમ તેમ કરીને ઝાલી રાખી પણ પત્રલેખાતો કાદમ્બરીનો હાથ મૂકી દઈ અચેતન થઇ ભૂમિ ઉપર પડી. બહુ વારે સચેતન થયા છતાં કાદમ્બરી એમને એમજ, મૂઢ હોય તેમ નિશ્ચલ તથા સ્તબ્ધ દૃષ્ટિ સહિત, આવિષ્ટ હોય કે સ્તંભિત હોય તેમ નિષ્પ્રયત્ન રહી, શ્વાસ પણ લીધા વિના અંતરમાં રહેલા શોકના ભારથી જાણે નિશ્ચલ બની જઇ, ચંદ્રાપીડના મુખ ઉપરજ ચક્ષુ સ્થિર કરી,—શ્યામ પડેલા અરૂણ વદનને લીધે, ગ્રહણ સમયે રકત થયેલા ચંદ્રબિંબ વાળી પૂર્ણિમાની નિશાજેવી,—ધ્રુજતા અધર-પલ્લવને લીધે. તીક્ષ્ણ પરશુના ઘાતથી કંપતીલતા જેવી,—સ્ત્રી સ્વભાવને વિરૂદ્ધ મન રાખી, ચિત્રિત હોય તેમ ઉભી રહી. આમ એને ઉભેલી જોઈ, આર્તસ્વરે મદલેખા પગે પડીને કહેવા લાગીઃ—પ્રિય સખિ! કૃપા કરીને આ શોકના ભારને રૂદન વડે દૂર કર. અશ્રુપાત વડે આ શોકવેગ લઘુ ન કરતાં, અતિભારથી પીડાતા સરોવર જેવું સરસ તથા મૃદુ ત્હારૂં હૃદય સહસ્રધા ફાટી જશે. માટે દેવી મદિરા તથા દેવ ચિત્રરથના સામું જો. ત્હારા વિના બંને કુલ ઉચ્છિન્ન થશે."

"આવું મદલેખાનું વચન સાંભળી, કાદમ્બરીએ હસીને પ્રત્યુત્તર દીધોઃ— ઘેલી! આ મ્હારૂં વજ્ર જેવું કઠિન હૃદય જે જોઇનેજ સહસ્રધા વિભિન્ન થયું નહિ તેને તે ફાટવાનું કેવું? વળી જે જીવતો હોય તેને માતા, પિતા, બંધુ, આત્મા, સખિયો પરિજન વિગેરે આ સર્વ છે પણ હું તો મરતી હતી તેવામાં જેમ તેમ કરીને મને આ જીવિત-હેતુભૂત પ્રિયતમ-શરીર મળ્યું છે જે—જીવતું સંભોગથી, ન જીવતું અનુમરણથી, બંને—પ્રકારે મ્હારાં સર્વ દુઃખ શાંત કરે એમ છે. માટે, મ્હારે સારૂ આવીને પ્રાણ ત્યાગ કરી, જે શરીરને દેવે અતિપ્રશસ્ત પ્રાપ્ત કરાવ્યું છે તેને, માત્ર અશ્રુપાત વડે લઘુ કરીને શું હું પતિત કરૂં? સ્વર્ગમાં જતા દેવને, રૂદન વડે શું હું અમંગલ આચરૂં? પાદ-ધૂલી જેવી, દેવ-પાદને અનુગમન કરવાને તત્પર થયેલી શું હું હર્ષસ્થાને પણ રૂદન કરૂં? એવું શું મ્હારે દુઃખ છે? હવે તો મારાં સર્વ દુઃખજ દૂર થયાં! શું હજીએ મ્હારે રોવું? જેને અર્થે કુલ-ક્રમ ન ગણ્યો, ગુરૂ જનની અપેક્ષા ન કરી, ધર્મનો અનુરોધ ન કર્યો, જનાપવાદની ભીતિ ન રાખી, લજ્જાનો ત્યાગ કર્યો, મદનોપચાર કરાવી કરાવી-

ને સખીજનને ખેદ આપ્યો, મ્હારી પ્રિય સખી મહાશ્વેતાને દુઃખિત કરી, અને એને લીધે જે પ્રતિજ્ઞા લીધી હતી તે પણ ન પાળી એટલુંએ મેં વિચાર્યું નહિ--તે મ્હારા પ્રાણનાથે મ્હારે અર્થેજ પ્રાણ ત્યાગ કર્યા પછી મને—પ્રાણ રાખી રહેલીને—તે એવું કેમ કહ્યું ? આ સમયે તો મરણ એજ જીવિત, અને જીવિત એજ મરણ છે.”

હૃદયઊર્મિ—

આહા! કાદમ્બરી!! શકિત તે તુંજ! ન સમજાતો ત્હારો દીવ્ય પ્રભાવ કોણ સમજી શકે એમ છે? તું અબળા નહિ પણ ત્હારા રાજ્યમાં અબળાઓ સબળા થાયછે. કેટલું ધૈર્ય? પોતાનું સર્વસ્વ, સ્નેહસમૂહ દેવ ચંદ્રાપીડને આ સ્થિતિમાં જોઇ, ચક્ષુદ્વારા કપોલસુધીતો શું પણ નયન કમલમાં અશ્રુબિન્દુ સરખું પણ નહિ ?

ભારતવર્ષની આર્યા! ત્હારા પુનર્દર્શનેજ આર્યનું શ્રેય થનાર છે. તું હોઇને, અદૃશ્ય રહી હોય તો, ત્હારા આર્ય પણ હોઇને અદૃશ્ય રહ્યા છે. જેવું ત્હારૂં સ્વરૂપ, વર્તન, દર્શન—તેવુંજ ત્હારા આર્યનું સ્વરૂપ, વર્તન, દર્શન સમજજે. જેવા પ્રભાવમાં તુ અમારામાં સ્ફુરીશ, તેવા રૂપમાં અમે પ્રકટ થશું. પરંતુ પ્રકાશ અને અંધકાર! ઉન્નતિ અને અવનતિ! તમારા ચક્રક્રમને રોકવા કોણ સમર્થ છે? સમય! ત્હારૂં સ્વરૂપ પણ વિચિત્રજ છે!—

> भ्रान्तः कष्टमहो महान्स नृपतिः सामंतचक्रं च तत्
> पार्श्वे तस्यच सापिराजपरिषत्ताश्चन्द्रबिंबाननाः ॥
> उद्रिक्तः सचराजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः
> सर्वं यस्य वसादगात् स्मृतिपदं कालाय तस्मै नमः॥

ઓ ભાઇ! કષ્ટ સામું તો જો! મહાન એ ભૂપ, એ એનું સામંત મંડળ, એની પાસેની વળી પેલી રાજાઓની સભા, પેલી ચંદ્રબિમ્બ જેવાં મુખવાળીયો, ઉદ્રેક ભર્યો પેલો રાજપુત્રોનો સમાજ, પેલા બન્દિજનો, પેલી કથાઓઃ—આવું આવું સર્વ જેને લીધે સ્મરણમાંજ રહેનારૂં બની ગયું તે કાળને નમસ્કાર કર! ઇતિમ્.

શ્રી.

સૃષ્ટિ-સૌંદર્ય.

ત્રતીય દર્શન.

સ્નેહથી વિભિન્ન થએલાં હૃદય.

See the sole bliss heaven could on all bestow!
Which who but feels can taste, but thinks can know;
Yet poor with fortune and with learning blind
The bad must miss, the good untaught will find
Slave to no sect, who takes no private road
But looks through nature up to Nature's God;
Pursues that chain which link th' immence design
Joins heaven and earth, and mortal and divine
Sees that no being and bliss can know
But touches some above and some below;
Learns from this union of the rising whole
The first best purpose of the human soul;
And knows where faith, law, morals all began,
All end in love of God and love of man.

(Plain living & High thinking)

કાચનકુમારી નામક નવલકથા મ્હેં વિદ્યાર્થી આશ્રમમાં લખી હતી તેમાંની આ એક ઉપકથા છે. આ નવલ કથાનો ઉદ્દેશ એ જ છે કે–'અન્ય બાબતપર પછી લક્ષ અપતાં પ્રથમ વિવાહિત-વિવાહિતાની યોગ્યતાપર લક્ષ આપવું અત્યાવશ્યક છે.'

પ્રકરણ ૧ લું.

માળવ દેશમાં આવેલા રતલામ શહેરમાં એક રતનચંદ નામે વ્યાપારી રહેતો હતો. ત્હેની મ્હોટા મ્હોટા શહેરોમાં ઘણેખરે સ્થળે દૂકાનો હતી. ત્યાંનું વ્યાપાર કાર્ય પોતાના રાખેલા મુનીમ ચલાવતા

હતા. વ્યાપારમાં પ્રતિદિન સારો લાભ મળતાં દ્રવ્ય પણ સારી રીતે સંપાદન થયું અને ક્રમે ક્રમે વ્યાપાર કરવાની આવડથી વ્યાપાર વધતાં, દ્રવ્ય મળતાં એક મ્હોટા શ્રીમંત વ્યાપારીમાં ગણાવા લાગ્યો. દેશ દેશાવરમાં નામ પ્રસિદ્ધ થયું. મહાન શાહુકારો સાથે પરિચય થયો. જેમ જેમ વ્યાપાર વધતો ગયો, તેમ તેમ નવા મુનીમ રાખી પ્રસ્તુત સ્થિતિમાં વ્યયમાં વધારો કરવો પડયો. મહાન શાહુકારો સાથે લેવડ દેવડ ચાલી,—એમ સંસારમાં પ્રવાસ કરતા, ક્રમે ક્રમે વૃદ્ધિ પામતા, એ વ્યાપારીએ, કેળવણીનો, કિંચિત્ પટ હોવા છતાં, સૂક્ષ્મ બુદ્ધિવડે વ્યાપારી વર્ગમાં સારો યશ પ્રાપ્ત કર્યો.

આ નામનાથી તે તે ઉર્જ્જન શહેરના અતિ લક્ષ્મીવાન વ્યાપારીની એકની એક વિદ્યાસંસ્કારી અતિ સ્વરૂપવાન પુત્રીને પરણ્યો કેળવણી પામેલી સ્ત્રીના સંસ્કાર તેને થવા લાગ્યા. અભ્યાસમાં વૃદ્ધિ કરવા ત્હેનું મન થયું. વિદ્યા પરિપકવ થતાં તેના સંસ્કાર સજીવ થયા. રસિક નવલ કથાનું વ્યસન થયું. વિદ્વાન વર્ગનો પણ આવ જા થવા લાગ્યો. સ્ત્રીથી આનંદ સંતોષ અનુભવવા લાગ્યો. તેનું રહસ્ય સમજવા લાગ્યો અને વસ્તુતઃ ઉભય દંપતિ સુખઅનુભવવા લાગ્યાં. જેમ જેમ વિદ્યા સંવર્ધમાન થતી ગઇ તેમ તેમ બુદ્ધિ વિશેષ પ્રફુલ્લ થતી ગઇ અને વ્યાપાર વધારવાના નવ નવા પ્રકાર યોજના રચવા લાગ્યો; અને પૂર્વ વ્યાપારી સ્થિતિમાંથી વિદ્વાન વર્ગની સંખ્યામાં પણ દાખલ થયો. પતિ પત્નિને એક બીજા તરફથી અસંતોષનું કારણ રહ્યું નહિ, આથી દંપતિ સ્નેહ ઉચ્ચતરને પ્રાપ્ત થયો.

એવામાં વિપત્તિ વિપત્તિને અને સંપત્તિ સંપત્તિને અનુસરે છે એ જનપ્રવાદ પ્રમાણે તેની સ્ત્રીને ગર્ભ રહ્યો અને થોડા માસે પુત્ર પ્રસવ થયો. આથી પિતાને બહુ આનંદ થયો પુત્રપ્રસવનો ઉત્સાહ અતિ શોભા સાથે કર્યો મ્હોટા મ્હોટા શેઠીયાઓને અધિકારી વર્ગને સગા સંબંધીઓને શાસ્ત્રીઓને જ્યોતિષિઓને અને મિત્રવર્ગને આમંત્રણ કર્યાં. નિશાળમાં, પાઠશાળાઓમાં પારિતોષિક વ્હેચ્યાં. કન્યાશાલામાં સુંદર વસ્ત્ર, મીઠાઇ વિગેરે આપી. રંક માબાપના છોકરાઓને વિદ્યાભ્યાસ કરવા માટે સાધનો કરી આપ્યાં. વૃદ્ધ મા બાપની સલાહ—હવે તો નથી ભણવું, ઘણું ભણ્યા, વિગેરે શિખામણ આપતા મા બાપની આજ્ઞામાં ન રહેનારા, વિદ્યાના સ્નેહી વિદ્યાર્થીઓને, તેમના

માતા પિતાને સમજુત આપી, પાંડિત્યવેતન્ બાંધી આપી કેટલુંક ઉત્તેજન આપ્યું. ક્ષુધાથી પીડાતા પ્રવાસી જનને સંતોષ્યા.

પિતા વિદ્યા સંસ્કારી હોવાથી, પુત્રને પણ વિદ્યા સંસ્કારી કરવા ઇચ્છયું. પુત્ર જેમ વયમાં આવતો ગયો તેમ તે અતિ ચપળ અને બુદ્ધિમાં પિતાના જેવો નિવડશે, એમ વિદ્વાન વર્ગે અનુમાન કર્યું. પિતાયે પુત્રને કુમળી વયમાંથીજ નિશાળમાં દાખલ કર્યો અને પોતાને ગૃહ પણ એક સંસ્કૃત, ઇંગ્રેજી ભાષાની સારી પ્રવીણતા મેળવેલી એવા એક ગ્રેજ્યુએટને પુત્રને ભણાવવા અર્થે નીમ્યો. શરીરને ઉચિત કસરત, નિયમીત ખોરાક,—વિગેરેમાં પણ જોઇતી સંભાળ રાખી અને ભવિષ્યમાં પુત્રને કેવી સ્થિતિમાં લાવવો એ વિશે અભિલાષા તરંગમાં વહેવા લાગ્યો પરંતુ અભિલાષા પ્રવાહમાં તણાતા બિચારા મનુષ્ય પ્રાણીને ખબર હોતી નથી કે ઘડી પછી શુ થનાર છે?

એવામાં દૈવયોગે કે પુત્રના દુર્ભાગ્યે, વિસુચીકા પ્રસરવાથી, પિતાનું અકાળ મૃત્યુ થયું. મોટી મોટી ફી આપી, સરજન, ડાકટર, વૈદ, હકીમ વિગેરેને ઘોડા ગાડીઓ મોકલી બોલાવ્યા. કોઇની દવા અસર કરી શકી નહિ અને અંતે સર્વના ઉપાય પરવશ રહ્યા.

ન ગણી શકાય એટલું, રંક આખું જીવિત સુખથી ગાળી શકે, શ્રીમંત છતાં કૃપણને ઘણાખરા ટાંકચા[1] સચવાય, એટલું ખરચ થયું. ડાકટર આંખ વિકાશી રહ્યા પ્રાણ જનાર દૈવીક બનાવ સિદ્ધ થયો.

ઘણાખરા કહેવા લાગ્યા કે—દૈવ આગળ પુરૂષાર્થ કોણ માત્ર? કેટલાક વિચાર કરવા લાગ્યા કે જ્યાં સુધી આરોગનું મૂલ નિદાન હાથ આવ્યું નથી ત્યાં સુધી ડાકટર પણ શું કરે? વળી કોઇ કહે, હવાના ફેરફારથી, કોઈ અસ્વચ્છતાના કારણથી. કોઇ ઋામીથી,—એમ સઉ ભિન્ન ભિન્ન મત પ્રમાણે કલ્પવા લાગ્યા.

કેટલાએક પુત્ર હજી બાલક છે આ બધો ગૃહાશ્રમ કોણ ચલાવશે? શી રીતે ચાલશે? એમ કલ્પવા લાગ્યા.

વિધવા થએલી પુત્રની માતાના શોકનો પાર રહ્યો નહિ. વારંવાર પતિ યાદ આવે અને અસહ્ય વેદના થાય, હૃદય ભરાઈ આવે, એમ કરતાં કેટલોક કાલ વહ્યા બાદ, ઇશ્વર ઇચ્છાને શરણ થઇ, વૈ-

---

૧ અવસર

રાગ્યને શરણ થયેલા ચિત્તને અનિચ્છાએ સંસારમાં પરોવી, વ્યાપાર લક્ષ્ય દઇ ચલાવવા લાગી. વ્યાપાર—કાર્યમાં તેની થોડી માહિતીહ- તી, તોપણ બુદ્ધિ પ્રભાવે કરી, વ્યાપાર ચલાવવા લાગી. મુનિમ લો- કો ઉભે હાથે ખાવા લાગ્યા. આવક ઓછી થવા લાગી. પુત્ર હજી બાલક હતો. અને વિદ્યાભ્યાસ પ્રતિ હેનું લક્ષ લાગેલું હતું.

પડોશમાં રંક સ્થિતિનો પણ પોતાનીજ જ્ઞાતીનો એક વણીક રહેતો હતો. આ વણીકનું નામ લાલચંદ હતું. જુગારના કુછંદથી તે- ણે સર્વ દ્રવ્ય વેડફી માર્યું હતું અને નાતજાતમાં પ્રતિષ્ટાહીન થયો હતો. તે સ્થિતીમાં ગરીબ અને થોડું ભણેલો હોવાથી, દાસત્વ કરી પોતાનું ગુજરાન ચલાવતો. આ વણીકના પિતા દેવચંદે અઢળક ધ- ન પ્રાપ્ત કર્યું હતું. યથાનામા તથા ગુણા—એ પ્રમાણે તે દેવરૂપજ હ- તો. ધર્મ ઉપર તેની આસ્થા બહુ હતી તેને મહાપૂજ સાથે પક્વ મૈત્રી હતી. આ પૂજ બહુ જ્ઞાની હતા, તેના સર્વ સંસ્કાર તેનામાં આવ્યા હતા, તેથી તેણે માત્ર નેક રસ્તે ચાલી, વ્યાપારમાં મંડયા રહેવાથી, અખુટ દ્રવ્ય સંચિત કર્યું હતું. તેનો ધંધો ગાંધીવટાનો હતો. નાનું બચ્ચું તેની દુકાને જાય તેપણ મ્હોટા માણસ બરાબર જણસ લઇ આવે. આથી તેની શેહેરમાં અત્યંત પ્રતિષ્ટા વધી હતી. અને સર્વ કોઇ એને ત્યાંથી માલ ખરીદતા. પોતાને એકનો એક પુત્ર હોવાથી તેનું લાલન પાલન બહુ કર્યું અને નામ લાલચંદ પા- ડયું. તે ગમે તેમ ફરે, ગમે તેવું નુકશાન કરે, તોપણ કોઇ તેને કહિ શકે નહિ. કોઇ કોઇવાર પિતા પુત્રને સમજાવે, ત્યારે માતા પુત્રનો પક્ષ ખેંચે, એટલે પિતાથી પુત્રને વિશેષ કહેવાય નહિ. આથી હેને સંપૂર્ણ સત્તા મળી અને બચપણથીજ જેટલા પ્રકારના કુછંદ છે તે સર્વ પ્રકારના તે શીખ્યો; તેમાં બીજા બધા કુછંદ ક- રતાં જુગારમાં તેણે સારી પ્રવીણતા મેળવી. એક તરફ પિતાએ દ્રવ્ય સંચવા માંડયું અને બીજી તરફ પુત્રે ખાલી કરવા માંડયું. પુત્ર પરિતાપના સતત સંતાપે પિતાનું મૃત્યુ નજદીક આણ્યું; અને થોડા સમયમાં તેનું ચૈતન્ય સ્થૂલ દેહનો ત્યાગ કરી, અખંડ ચૈતન્યમાં વ્યાપી ગયું. જેમ નદી સાગરને જઇ મળે છે તેમ નદીરૂપ તેનું ચૈ- તન્ય, તેના સદ્કર્મથી સાગરરૂપ ચૈતન્ય સમૂહમાં ભળી ગયું.

પિતાના મૃત્યુ પછી પણ પુત્રની રીતભાત સુધરી નહિ અને

સંપૂર્ણ છૂટ મળી. શઠ ભાઇબંધો વિગેરેની જ્યાફતમાં, જુગારમાં જે કંઈ શેષ દ્રવ્ય રહ્યું હતું તેને સરખું કરી નાંખ્યું. ઘરમાં પૈસો જોવા જઇયે, ઘરેણા આદિ જોવા જઇયે તો માત્ર લાલચંદ ભાઇનો પંડ હતો. ત્હેનાજ દ્રવ્યથી લક્ષ્મીવાન થયેલા, તેના સદા જ્યાફત ઉડાવતા જાની મિત્રો પાસે તે ગયો અને થોડાં નાણાં ધીરવા માટે યાચના કરવા લાગ્યો,—તે સ્વીકારવામાં ન આવતાં આજના માટે ઉદર નિર્વાહ જેટલું માગવા અનેક અનુનય કરવા લાગ્યો. દીલગીર ! છેવટ ગરીબ વણીક લાલચંદની આટલી વિનંતી પણ તેના કઠિન હૃદયના મિત્રે ચિત્તપર ધરી નહિ. તેની અનેક અનુનય પૂર્વક યાચના તથા મિત્રતાના બદલામાં તેણે પોતાના ચાકરો પાસે સારી રીતે મેથીપાક[1] અપાવ્યો. તેટલેથી પણ ભોળો લાલચંદ સંતોષ ન પામતાં, ચાકરના ઉપરવટ થઇ મિત્રને રૂબરૂ મળ્યો. ત્યારે નિર્લજ મિત્રે, છાતીમાં વાગે એવો,—'તું કોણ છે ? હું તને ઓળખતો નથી.' (ચાકરો તરફ)—'અરે ! તમે આ અજાણ્યા ચોર જેવા માણસને અંદર કેમ આવવા દીધો ?'—જવાબરૂપ પથ્થર લઇ ગરીબ લાલચંદ ઘેર આવ્યો. ઘેર આવી, આજ શું ખાવું ? ત્હેના ચિન્તવનમાં પડયો,—એટલામાં બે પોલીસ સીપાઇ અને તેના મિત્રના બે માણસ મળી, તેને કોટવાળી ચબુતરે લઇ ગયા. ફોજદાર બુદ્ધિવાન અને કોમળ હૃદયનો હોવાથી, તેની સર્વ હકિકત સાંભળતાં, તેની તેણે આ દુઃખદ સ્થિતિ જોઇ, હૃદયમાં કરૂણા ઉપજી અને ત્હેની અક્ષરસઃ સત્ય જુબાની સાંભળી, તેને નિર્દોષ ઠરાવી, બીજે દિવસ સવારમાં ત્હેને મુક્ત કરવા ઠરાવ કર્યો. ક્ષુધાને લીધે રાત્રે તેને બીલકુલ નિદ્રા આવી નહિ અને જ્ઞાનપ્રકાશ થયો. અહો! ઇશ્વર ! દુનિયા સ્વાર્થેથીજ બંધાયેલી છે. એ દુષ્ટ મિત્રે મદદ કરવી તો ઘેર ગઇ,[2] પણ મ્હારાપર કેવા સંસ્કાર કર્યા. આ ફોજદાર અને એ દુષ્ટ મિત્ર, બંનેમાં કેટલો ફેર છે ? આ ફોજદારને મ્હેં શું ઉપકાર કર્યો હતો, તોપણ સ્વાર્થ રહિત એના નેકન્યાયનું ધોરણ, અને હૃદયમાં કેટલી કરૂણા ? એ દુષ્ટઉપર મ્હેં એટલો ઉપકાર કર્યો છતાં તેનો બદલો તેણે કેવી રીતે વાળ્યો ? માણસ એટલે

---

૧ માર.

૨ બાજુપર રહી.

માણસ નહિ. માણસ માણસમાં બહુ ફેર છે. અફશોશ ! દ્રવ્યનો એ-રઉપયોગ કર્યો! મ્હારૂં જીવિત પશુવત્ થયું ! જે જીંદગી વિદ્યા-શાળામાં ગાળવી જોઇયે, તે જીંદગી મ્હેં જુગાર આદી નીચ કુછં-દમાં ગાળી ખરેજ ! મ્હેં વિદ્યા સંપાદન કરી હોત તો આ ફોજ-દારની માફક હું પણ રંક કે શ્રીમંત સર્વને નેક ન્યાય આપત. વિશેષ તો નહિ પણ લખતાં વાંચતાં પણ પુરૂં આવડતું નથી તેથી ઉદર નિર્વાહ ચલાવવો પણ અતિ કઠિન છે. આ મહા ઉપાધિમાં નિદ્રા આવી નહિ અને સવાર પડયું. સવાર પડતાંજ ફોજદારે તેને મુક્ત કર્યો, તેમનો ઉપકાર માનતો પોતે ઘેર ગયો.

ઇશ્વર દુઃખરૂપ અંધારા કેદખાનામાં દુઃખી દુર્ભાગી પ્રાણીને કેદ કરે છે પણ તેને સેહેજ શ્વાસ લેવાને, થોડો પવન આવજા ક-રવાને, ન્હાની બ્હારી, જાળી, ફાટ કે છીદ્ર રાખે છે તેમ આ દુઃખા લાલચંદને વિશ્રામ લેવાને એક ગુણસુંદરી નામે સુશીલ પત્નિ હતી.

આ ગુણસુંદરીના પિતાયે સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો હતો. સર્વ શાસ્ત્રનું અવલોકન કર્યું હતું. વેદમાર્ગી હતા, અને ધર્મમાં બહુ ચુસ્ત હતા. તેથી ઘણાખરા તેમને શાસ્ત્રીજી કહી બોલાવતા. કેટ-લાએક વિદ્યાર્થીયો સંસ્કૃત એમની પાસે શીખતા. આ સર્વ વિ-દ્યાર્થીયોમાં પોતાની પુત્રીયે સર્વ કરતાં, સંસ્કૃતમાં સારી પ્રવીણતા મેળવી હતી અને માતૃ પ્રતિથી ગૃહ-કાર્ય ચલાવવામાં અતિ નિપુ-ણતા મેળવી હતી. તે જ્યારે વયમાં આવી ત્યારે પ્રસિદ્ધિ પામેલા દેવચંદના પુત્ર આ લાલચંદ સાથે એનું લગ્ન કર્યું હતું.

પતિની આ સ્થિતિ સાંભળી, જોઈ-તે મહા રૂદન કરતી હ-તી. તેમાં પતિને સામા આવતા જોઇ, તે શાંત પડી. પતિયે પણ આખી જીંદગીમાં આજજ અતિ સ્નેહથી વ્હાલ કર્યું અને તેને રૂ-દન કરતી છાની રાખી.

'વ્હાલી ! આજ સુધી હું ત્હારોજ દોષ કાઢતો હતો પરંતુ ઇ-શ્વરે મને ત્હારો દોષ નથી પણ મ્હારોજ દોષ છે—એ પ્રસિદ્ધ કરી આપ્યું. પ્રિયા ! મ્હારા હઝારો અપરાધ થયા છે તે તું આજ વિ-સરીજા. આજજ મને જ્ઞાન થયું છે. આજજ મને ત્હારી પ્રતિ શુ-દ્ધ પ્રેમની ઉર્મિયો ઉછળી છે.' સ્નેહથી છલકાતા અંતઃકરણે અને દ્રવતા અધર વડે તેણે પ્રિયાને ગાઢ આલીંગન કર્યું. ચંદ્રકીરણથી

વિહ્વલ, સાગરની છોળો જેમ જોરથી ઉપકંઠ સાથે અથડાય છે તેમ આ વખતે રંકસ્થિતિમાંજ સુખ અવલોકન કરનાર પત્નિના હૃદયમાં આનંદની છોળો ઉછળવા લાગી; અને આનંદથી મલકાતા મુખચંદ્રે પતિનો હસ્ત કમલ મુક્તા માલાની પેઠે, પોતાને કંઠે પડેલો; તેને પોતાના હસ્ત કમલવડે ઉતારી, પોતાના ઉત્સંગ આગળ, પોતાની રૂપેરી હથેલી ઉપર ચતો રાખી, તે ઉપર પોતાનો હસ્ત ફેરવી, આલીંગન દેઇ, રેખાઓમાં જાણે હવે મ્હારા સુખના દિવસનો ઉદય થયો, એમ અધ્યયન કરતી હોય, તેમ નયનકમલ રેખાઓમાં રાખી, મસ્તિક કલી એક બાજુ ઢાળી, વળી સેહેજ હલાવી કહ્યું—

'પ્રાણનાથ ! આપ મ્હારી વ્યતિત થએલી સ્થિતિનું જરા પણ સ્મરણ કરોતો મ્હારા સમ છે. કારણ કે એ વખત આપને અધમ સોબતીઓ સાથે સંગતિ હતી, પ્રીતિ જુગારમાં હતી. દ્રવ્ય સાધનરૂપ, સહાયરૂપ હતું. હાલ આપ એ સર્વથી મુક્ત છો. આપને આટલો જ્ઞાન પ્રકાશ થયો એ હું મ્હારૂં સદ્‌ભાગ્ય સમજું છું. રંક સ્થિતિ વિશે આપ જરા મનમાં આણશો નહિ. આપ જે કંઈ કમાશો તેમાંથી હું ઘરસંસાર ચલાવીશ. આજ ઘણે સમયે આપને મ્હારી તરફ પ્રેમ સ્ફુરણ થયું તેથી મ્હારૂં હૃદય હર્ષ ધારણ કરી શકતું નથી અને ભાગ્યની સીમા નિહાળી શકતું નથી.'

આટલા સ્નેહ અને હર્ષના પુરની એક પછી એક આવતી ભરતીમાં તેને સ્મરણ થઇ આવ્યું—પ્રાણનાથ જમ્યા નથી-મૂઇ હું દુષ્ટ-એમ મનમાં કહી ઉઠી. પતિએ પૂછ્યું—'કયાં જાઓ છો ?' 'આપના માટે જમવાનું પીરસુંન'-એમ કહી જમવાનું પીરસી પ્રાણનાથને જમાડયા. પછી પોતે જમી. પતિ વિચારમાં પડયા કે-હું ધારતો હતો કે ખાવા જેટલું અન્ન પણ બીલકુલ ઘરમાં નહિ હોય, પણ આહા! સ્ત્રીને કેટલી તેવડ હોય છે. ધન્ય ! જેના ઘરમાં આવી ઘરસંસાર ચલાવવામાં નિપુણ અને સુશીલ સ્ત્રીઓ હોય છે તેનો જન્મ સફલકારી છે. પોતાના મસ્તિકાલયમાં સવાલ ઉત્પન્ન થયો-પ્રથમ તું ભાગ્યશાળી હતો કે હાલ ? પ્રત્યુત્તર મળ્યો-એટલી સમૃદ્ધિમાં તું દુઃખી હતો. આ રંક સ્થિતિમાં તું સુખી છે.

ગૃહકાર્યમાંથી નિવૃત થયા બાદ પત્નિ પતિ પાસે આવી અને વિનંતિ કરી કે-'અત્રે દયાળશા શેઠ છે તે બહુજ દયાવંત છે ત-

મારા પિતાને અને એમને ગાઢ સ્નેહ હતો વળી મ્હારા પિતાશ્રી અને એમને પણ પત્ર વ્યહવાર છે માટે એમને ત્યાં તમે રહોતે ઉચિત. એ ઘણા સ્નેહથી તમને રાખશે અને ધીમે ધીમે કામથી માહિતગાર થયા બાદ તમને એ ગુમાસ્તાની જગો આપશે.'

પતિયે પણ કહ્યું—'મને પણ એ વિચાર ઠાક લાગે છે કારણ કે જ્યારે જ્યારે હું એમની દૃષ્ટીયે પડું છું ત્યારે તેઓ મને સ્નેહથી બોલાવે છે અને મ્હારી રીતભાત સુધરવા બહુ ઠપકો આપે છે અને જ્યારે જુગાર કુછંદથી મ્હારી રીતભાત સુધરેલી તેઓ જોશે ત્યારે તેઓ બહુજ અંતરથી આનંદ પામશે. માટે કાલથી તમારી સલાહ મુજબ તેમને ત્યાંજ રહેવું, હું પણ ઉચિત ધારૂં છું. બીજે દિવસથી તે દયાળશા શેઠના આશરા તળે રહેવા લાગ્યો અને આ આશ્રય ઉપર તેના કુટુંબનો નિર્વાહ હતો.

આ લાલચંદને સંતાનમાં માત્ર એક અપૂર્વ તેજ ધારી, લાવણ્યવતી, સરસ્વતી જેવી પુત્રી હતી.

માસ્તર શિખવવા આવે ત્યારે વ્યાપારી રતનચંદના પુત્રની સાથે આ વણીક બાલા પણ વિદ્યાભ્યાસ કરવા લાગી. વિદ્યાભ્યાસમાં, બુદ્ધિમાં અને જ્ઞાનમાં વણીક બાળા અને વ્યાપારી પુત્ર સરખાંજ નિવડયાં. નિરંતર એકત્ર રહેવાથી બંને વચ્ચે બાલ સ્નેહ બંધાયો. ઘડીપણ એક બીજાનો વિયોગ, તેઓને અસહ્ય જેવો થઇ પડતો. આ નિર્મળ પ્રીતિના અંકુર સ્ફુરી તેની શાખાઓ થઇ. દિનપ્રતિદિનના સતત્ સહવાસથી તેમની પ્રીતિ ગાઢ થઇ ગઇ અને પ્રેમના બીજનું એક કલ્પવૃક્ષ થયું.

એક દિવસ શિક્ષક તેમને અભ્યાસ કરાવી, પોતાના ઘર તરફ ગયા ત્યારે અધ્યયન શાળામાં માત્ર આ બંને શીવાય કોઇ નહોતું.

નિઃશ્વાસ નાંખતી વણીક બાલાએ પ્રશ્ન કર્યો—'પ્રિય ! આપણી આટલી વિમલ મૈત્રીનું પરિણામ શુભ આણશોકે નહિં ?'

વ્યાપારી પુત્રે પ્રત્યુત્તરમાં કહ્યું—'પ્રિય ! કેમ નહિ ? નિઃસંશય.'

'એમ બનેતો આપણા જેવી પ્રેમલ જોડ સૃષ્ટીમાં મળી આવે ખરી ?

'પ્રાય ! આપણે જે મિત્ર પ્રેમ અનુભવીયે છિયે તે પ્રમાણે ઘણાજન મિત્ર પ્રેમ અનુભવતા હશે, તેમ તેવાં સ્નેહ યુગલ પણ હશે.'

'પ્રિય ! સૌથી અધિક સત્તાવાન, પવિત્ર, મોક્ષદાયી, રસીક, વિચિત્ર, દુર્લભ, અમૂલ્ય અને ન સમજાય તેવી શું વસ્તુ છે ?

'મિત્ર ! પવિત્ર પ્રેમ છે.'

'પ્રિય ! મ્હારી તરફનો પવિત્ર પ્રેમ આપ કદિપણુ વિસ્મૃત થશો ખરા ?

'મિત્ર ! જીંદગી પર્યંત અને પછી પણુ નહિ.'

એ પ્રમાણે બંને મિત્ર સ્નેહભર નિર્દોષ ભવિષ્ય ઉપર વળગેલી આશા સંબંધી વાર્તા વિનોદ કરી રહ્યા છે તેટલામાં વિઘ્નરૂપ સેવક જમવા માટે બોલાવા આવ્યો. બનેની વાર્તાવિનોદમાં ભંગ પડયો. વ્યાપારી પુત્ર જમવા ગયો. વણીક બાલા પોતાને ઘેર ગઇ.

સતિના સહ્આગમનથી થોડા સમયમાં લક્ષ્મીવાન્ થએલ મૃત્ય વ્યાપારીની વિદ્યા—સંસ્કારી વિધવા માતાને, પુત્રની વણીક બાલા સાથેની મૈત્રીમાં અધિક વૃદ્ધિ થતી જોઇ, શોચ થયોકે રખેને આ બાલ મૈત્રી અતિ વધતાં, દારૂણુ સ્નેહમાં ન બદલાય, અને જ્યારે મૈત્રીમાંથી પકવ સ્નેહ થયો તો પછી તે અનિવાર્ય થઇ પડશે અને સર્વદા સર્વ ઉપાય પરવશ રહેશે. કારણકે સ્નેહ રૂપી બંધનને કોણુ વિભિન્ન કરવા સમર્થ થયું છે ? એક બીજાનેજ નિહાળવામાં માત્ર પ્રાણુ રહેલા સ્નેહથી જોડાએલાં હૃદયને કોણે પ્રથક કર્યા છે ? સ્નેહથી જર્જરિત હૃદય સામું કોણુ થયું છે ? સ્નેહથી પીડિતને ધનવંતરી જેવા પણુ ઔષધ કરી શકયા નથી જતા પ્રાણુને રોકી શકયા નથી અને મત્તાલયમાં મોકલો—એ, પરીક્ષા કરી, વિદ્વાન પુરૂષે વિદ્વત્તા પ્રકાશિત કરી છે ધનવંતરી જેવા વિદ્યા વિહીન થઇ ગયા છે. તર્કવેત્તા હારખાઇ ગુંચવાડામાં પડયા છે વેદમાર્ગીઓને કારણુ જડયું નથી. ઉપદેષ દેવો એને મિથ્યા છે શાસ્ત્ર, વેદાંત શ્રવણુ કરાવવાં નિરર્થક છે. સંસાર ઉચ્ચિત સર્વ પ્રકારની શિખામણુ દેવી, એ એની અવદશા કરવા જેવું છે અને અવગણુના કરવી એ એના પ્રાણુનો અંત લાવવા જેવું છે. માટે જેમ બને તેમ અત્યારથીજ હમેશના પરિચયથી, મૈત્રીમાંથી, પ્રસુત થતા સ્નેહના પ્રરોહને પકવ ન થવા દેવા ઉપાય કરૂં;—નહિતો આ સ્નેહ અનિવાર્ય થઇ પડશે. પ્રતિષ્ટા, સ્થિતિ, સમાનતા, જેવું કંઇ રહેશે નહિ, અને સંસાર પ્રવાસી, અમુક બંધાયેલા ધોરણુને અનુસાર, ના-

ના જાતમાં વસનાર, ઘર સંસાર બાંધીને રહેનારને અતિ ગુંચવાડામાં ઉતરવું પડશે. પાછળથી સર્વ યોજના નિરર્થક જશે. ધિધિનું ધાર્યું થશે.—એ શોચમાં તે અનેક તર્ક વિતર્ક કરવા લાગી અને અંતે નક્કી કર્યું કે પ્રથમતો એમના નિરંતરના સહવાસને ક્રમશઃન્યૂન કરી, અવગુણ એકબીજાના મનમાં સ્થાપિત કરવો. આમ કરવામાં શું શું વિઘ્ન છે? કેટલુંએ કઠિન કામ છે? તે પુત્રની માતાયે પ્રથમજ અનુભવ્યું હતું છતાં પ્રયાસતો કરવોજ એમ ધારી, વિધિની ઇચ્છાને શરણ થયેલી માતાયે પોતાના પુત્રના માસ્તરને સર્વ હકિકત વિદિત કરી, અને કહ્યું કે—'એવી કોઇ પણ યોજના રચોકે જેમાં એનું મન પ્રવર્ત થાય, અને પ્રસ્તુત સ્નેહ વિસ્મૃત થઇ, એમાંજ મન વ્યાપૃત રહે'.

પ્રત્યુત્તરમાં સેવકે કહ્યું—'આપના પુત્રે વિદ્યામાં સારી પ્રવિણતા મેળવી છે તેમજ બુદ્ધિશાળી છે છતાં એ વણીકની પુત્રીથી એટલા શા કારણથી આકૃષ્ટ થયા છે તે ઘણું ઘણું વિચારતા મને સમજાતું નથી. વળી મને આશ્ચર્ય લાગે છે કે આટલી બુદ્ધિ, જ્ઞાન છતાં આ અનિવાર્ય મોહનું શું કારણ? કેટલીક વખત હું એમને કહું છું કે—તમે બાલ્યાવસ્થામાં સાથે અભ્યાસ કરતા, પ્રશ્નોત્તર કરતા, અને સર્વ ઠીક હતું પરંતુ હવે તો એ બાળા અભ્યાસમાં પણ તમારા જેવીજ નિપુણ થઇ ગઇ છે તેમજ વયમાં પણ આવી છે માટે હવે તમારે વિશેષ પરિચય એની સાથે રાખવો ઉચિત નથી—ત્યારે મને પ્રત્યુત્તરમાં કહે છે કે—કહેવામાં શું ફલ છે? હું સર્વ જાણું છું. વિશેષ વિચારતાં, મુખ મુદ્રા ઉપરથી અધ્યયન કરતાં, પોતે વિદ્વાન છે; આપનાજ સર્વગુણ, વિદ્યા, એમનામાં વગર શિખવે આવી વસ્યા છે. ટુંક શિક્ષણથી પણ એ અધિક વિદ્વત્તાને પામ્યા છે. હું હવે એમને ઉપદેશ દઉં એમ છે જ નહિ. કેટલાએક તાત્વિક, માર્મિક આપ્ત વાક્યનું રહસ્ય મ્હારાથી એ સારૂં સમજે છે. વિશેષ શું કહું? જ્ઞાન, બુદ્ધિ, અને વિદ્વતાથી ભરેલું એમનું અંગ અને એ પોતે છે. પણ આકર્ષણ દૈવિક છે. માટે આપના કહેવા અગાઉથીજ હું સર્વ ઉપાય કરી ચુકયો છું. કાંઇનું વ્યસન પડે, થાય તેમ નથી. સર્વ શાસ્ત્ર, નવલકથાઓનું રહસ્ય સંપૂર્ણ સમજવાથી સર્વ રસ વિનાના સારવિનાનાં થઇ પડયાં છે. લગ્ન સંબંધની વાત

ગમતી નથી. ઉચ્ચ સ્વભાવને લીધે, હૃદયોભાર હલકો કરતા નથી. સર્વનો સમૂહ હોવા છતાં, સર્વ સમજવા છતાં, મનને વારી શકતા નથી. તેમજ જ્ઞાન, બુદ્ધિ, ને દૈવીક આકર્ષણ સામે યુદ્ધ કરતાં ક્ષીણ થતાં જાય છે તેનો રજ પણ શોચ કરતા નથી માટે હું તો સર્વ ઉપાય કરી ચુક્યો છું. હવે તો આપને યોગ્ય લાગે તે કરો.'

'ગમે તેમ હો પરંતુ કોઇ પણ ઉચ્ચ ગુણ, સ્વભાવ એ વણીક બાલામાં હોવોજ જોઇયે કારણ ગુણ ગુણમાંજ ભળે છે.'

એટલું કહિ—'આજ્ઞા છે ? એમ કહિ રજા માંગી. એટલામાં સેવકોમાંના એક જણે આવી કહ્યું:—'આપના મુનિમ આવે છે' 'આવવા દો.' એમ કહિ પુત્રની માતાએ શિક્ષકને કહ્યું—'જરાવાર બેસો, આપણે એકમત થઇ કાંઈ યોજના કરીયે.'

મુનીમ આવી પ્રણામ કરી બેઠા. યોગ્ય સત્કાર કરી દુઃખી પુત્રની માતાયે પૂછ્યું:—

'હાલ વ્યાપાર કેવો ચાલે છે ? મુંબાઇમાં મુનિમ લોકોની અવ્યવસ્થા મટી કે શી રીતે ? ત્યાંથી કંઇ આવક આવી કે નહિ ?' વિગેરે પ્રશ્ન પૂછ્યા. પ્રત્યુત્તરમાં મુનિમે કહ્યું—'ત્યાંની અવ્યવસ્થા ચાલે છે તેવીજ છે અને એ વિશે શું કરવું; તે બાબતમાંજ આપની સમ્મતિ લેવા આવ્યો છું માટે આજ્ઞા હોય એ મુજબ કરીયે.'

વિચાર કરતાં પુત્રની માતાને એક તર્ક મનમાં સ્ફુરી આવ્યો. પરંતુ ભાવિને મનતો એ તર્ક ક્ષુદ્ર હતો છતાં ક્યાંથી આવ્યા ? ક્યાં જવું ? ક્યાં છિયે ?—એ અંધકારમાં પ્રવાસ કરનાર સંસારવાસીઓને એ તર્ક ઉત્તમ લાગ્યો. દૈવને એમની અજ્ઞાનતા ઉપર હાસ્ય આવ્યું. સંસાર પ્રવાસીયો—'ઠીક યોજના રચાઇ'—એવી આનંદ અનુભવવા લાગ્યા.

પુત્રની માતાએ કહ્યું—'આ યોજનાથી આપણા બે કાર્ય સિદ્ધ થશે. એકતો એકે વિયોગથી, અદર્શનથી, કાળક્રમે એ વણીકબાલાને ભૂલશે, એટલામાં અહિં પણ એ કિશોરીના માતાપિતા અન્ય સ્થાને એનો સંબંધ કરી દેશે, એટલે નિરાશ થઇ સર્વ સ્નેહ એ ભૂલી જશે. એ કિશોરીના અન્ય સ્થળે લગ્ન થતા સુધી એમને વિદેશજ રાખવા. પછી આપણે થોડો સમય વીત્યા બાદ લગ્ન સંબંધની વાત કાઢશું.'

'બીજો લાભ એ છે કે મુંબાઇ એને અને સાથે તમારા ભાઇને મોકલી, ત્યાંની અવ્યવસ્થા દૂર કરવા, તેમજ ત્યાંના મુનમને દૂર કરી, કોઈ વિશ્વાસુ પ્રતિષ્ઠિત મુનીમ રાખી, યોગ્ય બંદોબસ્ત કરવો, માટે આ યોજના સત્વર અમલમાં લવાય તો ઠીક. મુનીમ અને શિક્ષકને પણ આ યોજના સારી લાગી, અને બંને રજા લેઇ વિદાય થયા.

રાત્રે જમી રહ્યા બાદ સેવકે આપેલા પાન સોપારી ખાતા પુત્રને માતાએ કોચ ઉપર દીપિકા સામું અવિચ્છિન્ન દૃષ્ટિયે જોતો, શૂન્ય હૃદયનો, ચિત્રેલો, અતિ વિચારમાં ઉતરેલો જોયો.

માતા પુત્ર પાસે આવી અને થોડીવાર એ પણ ઉંડા વિચારમાં ઊતરી પડી અને પુત્રનો નિઃસ્વાર્થ ગાઢ, વિમલ સ્નેહ એ વણીક બાલા તરફ સતત, સજીવ જોઇ પુત્રનો પક્ષપાત કરવા લાગી. પ્રતિષ્ઠા અને દ્રવ્યની અવગણના કરવા લાગી, આટલા બધા ગાઢ સ્નેહથી, હૃદય, મન, શરીર, એકત્ર થયેલાં, અને તેથી અપ્રતિમ સુખ, મોક્ષ સંપાદન કરતા મિત્રોને, પ્રતિષ્ઠા અને રંક સ્થિતિનો બાધ ગણી, આવા વિમલ, પ્રેમલ જોડનું સર્વસ્વ. પ્રાણ પણ વખતે હરણ કરી લેવા—આવા પણ નિયમ! આટલો બધો સ્નેહ જોઇ પુત્રનુંજ હિત કરવું જોઇયે તેને બદલે મ્હારાથીજ અહિત થાય છે. વળી આટલી બુદ્ધિ, જ્ઞાનનો ભંડાર, સ્નેહમાં આસકત થઇ, લોકાચાર વિસ્મૃત થઇ, કેવળ સ્નેહને શરણ થઇ જાય, એ અતી આશ્ચર્યજ છે. માટે કાંઇપણ દૃઢ કારણ, અનિવાર્ય આકર્ષણ વિના આમ થાય નહિ. છતાં કોઇપણ રીતે સમજે અથવા અસર થાય એવું હું કંઇ કહું.

'પુત્ર ! આ અકર્ત્તવ્ય સંગતિમાં તું આટલો બધો લીન થયો છે તે ત્હેં કુલાચાર, લોકાચાર કે પૂર્વજોના નિયમને અનુસાર વર્ત્તણુક ચલાવવા માંડી છે ? કે આ ત્હારી કુલ ક્રમાગત રીતભાત દર્શાવે છે ? કે કોઇ વિદ્યાભ્યાસમાંથી પ્રાપ્ત કરેલું જ્ઞાન છે ? કે કોઇ ખ્યાતિ વધારવાનો આ માર્ગ છે ? કે સર્વ શાસ્ત્રનું આ અવલોકન છે ? આટલી બધી વિદ્વતા, વિદ્યાભ્યાસનો આવો સદુપયોગ કરોછો? કુલ તથા આબરૂથી પ્રતિષ્ઠિત વ્યાપારીમાં લગ્ન સંબંધની ના પાડોછો લગ્નની વાત ગમતી નથી, અકર્ત્તવ્ય સંગતિ છોડતા નથી, આગળ ઉપર ત્યાંજ સંબંધ બાંધવો એમ ગુપ્ત ઇચ્છા હશે. વ્યા-

પારીની રીતભાત આજ કહેવાય ! વિદ્વજન પણ ત્હારા જેવાનેજ કહેવાય ! કુલ, આબરૂ અને લક્ષ્મીની પરિક્ષા તુંજ સારી કરી જાણે છે ! વિશેષ વિદ્યાભ્યાસ કરાવ્યો તેનું આ ફલ છે ! ભણેલાઓ બધા ત્હારી પેઠે કુલ, આબરૂ અને લક્ષ્મીનો વિચાર પણ નહિ કરતા હોય ! ત્હારા પિતા થોડું ભણ્યા હતા તે કેવો વ્યાપાર ચલાવ્યો ? કેટલું દ્રવ્ય સંચિત કર્યું ? કેવી પ્રતિષ્ટા, યશ અને નામના વધારી ? હવે ત્હારી ઉમર ન્હાની ન કહેવાય ! હવે તો આ ગૃહાશ્રમનો ભાર ત્હારે ઉપાડી લેવો જોઇયે. ત્હારા પિતાના જેવો વ્યાપાર, એટલી નામના, પ્રસિદ્ધ કરવી જોઇયે. ત્હારી વિદ્વતા અને બુદ્ધિને વ્યાપાર અર્થે પરોવવી જોઇયે. ત્હારા પિતા કૈલાસવાસી થયા પછી વ્યાપારને કેટલી હાની પહોંચી છે. મુંબાઇથી તો આજ કેટલી મુદત થયાં કાંઇ લાભપ્રદ આવક આવી નથી. હવે તો કંઇ વિષયમાં ત્હારી તરફથી યોગ્ય સલાહ લેવા અમે લાયક છિયે.'

'વળી, બાપુ ! શહેરમાં ત્હારી શું વાત ચાલે છે તેની તને ખબર છે ? કેટલાક આપણી જ્ઞાતીના લોકો, આપણા સગાંવાહલાંઓ અને આપણાજ મુનિમો શું કહેછે કે—પિતાયે જેવો યશ વધાર્યો તેવો યશ પુત્ર ડુબાવવા ઉભા થયા છે જેટલો વ્યાપાર વધાર્યો તેટલો ખોવા પેદા થયા છે જેટલું દ્રવ્ય સંચિત કર્યું તેટલું દ્રવ્ય પુત્ર ખાલી કરશે. પરણવાની વાત તો ભાઇને પસંદજ નથી. માટે આ ચર્ચા પ્રબલપણે પ્રસરતા સુધીમાં ત્હારે આ બાજી સમેટી લઇ, ત્હારા પિતાને અનુસાર વર્તણુક ગૃહણ કરી, નામના વધારવી જોઇયે. ત્હારા પિતાથી, જ્ઞાન, બુદ્ધિ. વિદ્યા, સર્વમાં તું અત્યારથી ઉતરે એમ નથી. માટે એ સર્વનો સદ્માર્ગે જયવંત ઉપયોગ કર. આટલી બધી બુદ્ધિ, જ્ઞાન, વિદ્વતાને શાસ્ત્રાવલોકનને લોકાચાર, માતૃપિતૃ, ગુરૂધર્મને ન ગણી, કેવળ સ્નેહનેજ શરણ કરી દેછે, અને ધીવરની જાળમાં જેમ મચ્છિ પકડાય છે તેમ તું તો જાણી જોઇનેજ એમાં ફસાય છે. આ કયા શાસ્ત્રનું જ્ઞાન, અને કયા વેદનું અવલોકન તું પ્રદીપિત કરે છે !' એટલું કહેતાં કહેતાંમાં તો જર્જરિત હૃદયને પૂર્ણ જર્જરિત કરી નાંખે, એવાં તીક્ષણ ભાલાં વાળી વાગધારા પ્રબલ પ્રવાહમાં આવતી અને જર્જરિત હૃદયમાં પ્રવેશ થતી જોઇ, હૃદય ધૈર્ય અશ્રુ ખાળવામાં અને પ્રાણને સ્નેહાલીંગન કરી વિદાય કરવામાં

રોકાયું. સ્નેહ—સ્થાન છોડી પ્રાણથી જઇ શકાયું નહિ. આથી ધૈર્ય પરાજીત થતાં, "અશ્રુપ્રવાહ રોકયો રહ્યો નહિ અને—' શું કરૂં ! પ્રાણ જતા નથી !'—પત્થરને પણ દયા ઉપજાવે એમ રોતું હૃદયવાણી સાથે, નિઃશ્વાસ નાંખતું, મસ્તિક કલીને લઈ પૃથ્વીતલપર ઢળી પડયું—મૂર્છીત થયું. અશ્રુથી અર્ધ શરીર પલળી ગયું અને પ્રાણ બે ઘડક રહ્યા. ધૈર્યવાન્ માતૃની ધીરજ રહી નહિ અને એકદમ કારમી ચીસ પાડતી,—'ખમાભાઇ' ખમા કહી, એની મસ્તિક કલીને ધરણીપર ઢળી પડતાં પહેલાં એણે પોતાના ઉત્સંગમાં લઇ લીધી.

પુત્રનું હૃદય માતુઃશ્રીએ કયારનું વાંચ્યું હતું છતાં સંસાર વાસીને સંસાર ઉચિત સર્વ ઉપચાર કરવા જોઇએ. પુત્રના દુઃખનો પૂર્ણ રીતે અભ્યાસ થતાં, માતાના અશ્રુનો અવધિ રહ્યો નહિ. ગુલાબજળને સ્થાને પોતાનાજ અશ્રુથી મુખ કમલને સ્નાન કરાવી મૂર્છા ઉતારવા લાગી. અને આ સરલ સરસ હૃદયને આ વજ્ર વચન બાણ હોય ?—એમ સમજતી, વિલાપ કરતી, જાણે એ બાણ ત્યાંથી વીંધાઇ, પોતાનાજ હૃદયમાં વાગતાં હોય, હૃદય ચીરતાં હોય, એમ માતાને ફિંસવા લાગ્યું. સેવક જનને બોલાવતી—'હાય ! હાય ! શું કરૂં ? બાપુ ! ભાઇ ! માતૃનો અપરાધ ક્ષમા કરો'—એમ ટળવળતી માતાના પવિત્ર વ્હાલથી પ્રદીપ્ત થતો બેરીસ્ટર, પુત્રના સુકુમાર હૃદયમાં પેસતાંજ મૂર્છા ઉતારી. માતૃ સ્નેહે ગુલાબજળ, ડાકટરની ગરજ પડવા દીધી નહિ.

મૂર્છા ઉતરતાંજ સાવધાન થઇ, માતાને અતિરૂદન કરતાં જોઇ અધૈર્ય ચિત્તે, ત્રુટક શબ્દ કહેવા લાગ્યો:

'માતુઃશ્રી ! મને દુષ્ટને કાંઇ થયું નથી. તું છાની રહે. સંતાપ કર નહિ.' માતૃ પ્રેમ ઉપજતાં, માતાના અશ્રુ લ્હુવા લાગ્યો અને માતૃ નિર્મળ વ્હાલ આગળ, સ્નેહથી પીડાતો પુત્ર ઘડીભર સ્નેહ વિસરજન થયો. માતૃ પ્રેમ વિજયી નિવડયો.

પુત્રને માતૃ સ્નેહ-દ્રવિત જોઇ, માતાનું હૃદય વધારે ભરાયું. જેમ જેમ પુત્રપ્રેમ અતિ સ્ફુરતો ગયો તેમ તેમ માતૃ શોક વધતો ગયો. હૃદય નયન માર્ગે ખાલી શૂન્ય થવા લાગ્યું. બુદ્ધિ મૂર્તિમયી થઇ. બાપુ—ભાઇ કહિ—આગળ બોલવું સૂઝયું નહિ. સમય સમયનો વ્યાપાર કરે જતો હતો, એટલામાં રાત્રીના અગીઆર વાગ્યા

પુત્રનાજ સુખે સુખી અને એને જોઇનેજ આંખ ઠારતી, સંસારી માતાનું હૃદય શાંત થયું નહિ. 'આ અનિવાર્ય સ્નેહ' શું પરિણામ આવશે' એ તર્ક વિતર્કે દુઃખી માતાની નિદ્રાને નસાડી મૂકી. 'આબરૂ, સ્થિતિનો બાધ આવશે' એ વિચારે એની બુદ્ધિ જડ કરી, ગભરાટ, શોક વધાર્યો. અને 'લગ્ન કરી દેવાં' એ પણ સંપાદન કરેલી કીર્તિને ઝાંખ લગાડવા જેવું લાગ્યું; અપકીર્તિનો પ્રદેશ નિહાળવા જેવું, અને સંસારમાંથી અદૃશ્ય થઇ, દુનિઆઇ લોકોનો વચન પ્રહાર ખાવા જેવું લાગ્યું; અને 'સંસાર આચારને અનુસરી ચલાય તો શું દારૂણ પરિણામ આવે,' એ સમજાય તેવું નહોતું. 'પુત્રનો સંબંધ કરવા જતાં પણ પુત્રનું અહિત અને સંબંધ તોડવા જતાં પણ પુત્રનું હૃદય પોતાનેજ હાથે તોડવા જેવું'' એ વિચારમાં માતાના શોકનો, રૂદનનો પાર રહ્યો નહિ. પુત્રે અતિ અનુનય સાથે વિનતિ કરી—'માતૃ ! તું આટલું બધું રૂદન, શોક શા માટે કરે છે? આ બધું આ દુષ્ટને કાજે? શ્રવણે જે પ્રકારે માતૃની સેવના કરી તેથી ઉલટી રીતે હું ત્હારી શેવના કરૂંછું. કોણ કહેશે કે હું ત્હારો પુત્ર થવાને યોગ્ય છું? મ્હારૂંતો જીવતર બધું નિષ્કામ છે. આ સ્થિતિમાંતો મને પ્રાણ કે જીવિત કંઇ અધિક પ્રિય નથી. મ્હારૂં, મ્હારા પ્રાણનું, ગમે તે થાઓ. હું ત્હારી ઇચ્છાને શરણછું. તું શોક ધર નહિ, તેથી મ્હારૂં ધૈર્ય સ્ખલિત થાય છે. અપ્રિય, જીવવા યોગ્ય નહિ છતાં, હું ત્હારો પુત્રછું. મ્હારા અનુનય સ્વીકાર. ત્હારી આ સ્થિતિ મ્હારાથી જોવાઇ શકાતી નથી. ત્હારી ઇચ્છા દર્શાવ. ત્હારી ઇચ્છા હોયકે ન હોય તોપણ હું મુંઝાઇ જાઉંછું. ત્હારે કહેવા વખત નહિ આવવા દઉં પણ કુદરતીજ નિઃસ્વાર્થપણે ગયેલું સર્વસ્વ મ્હારૂં........

હૃદય નરમ થવાથી બોલી શકાયું નહિ. થોડીવાર રહી વળી સજ્જ થઇ કહ્યું: 'ન ભૂલાતું (હું) ભુલવા મથીશ પણ ઇશ્વરેચ્છા, આકર્ષણ સામે હું કયાં સુધી ટકી રહીશ? હું ત્હારાજ સૈન્યમાં દાખલ થઇશ પણ જગતકર્તાના સૈન્ય સામે થવાયું છે? ચિંતા કરીશ નહિ. પ્રાતઃકાળ થતાં હું જઇશ. ત્હારી ઇચ્છા મુજબ વર્તીશ. ત્હારા સુખમાર્ગથી મને મ્હારા પ્રાણ પણ અધિક પ્રિય નથી. લગ્ન સંબંધની વાત મ્હારાથી સમજાય તેમ નથી. કારણકે એથી

પ્રથમતો તને અને પછી સર્વને દુઃખનું કારણુ છે.'

'માતુઃશ્રી' રાત્રી ઘણી ગઇ છે. ખેદ ન કર. તને પ્રિય થતા હું લાયક નથી તોપણ તને મ્હારાં સમ છે રૂદન હવે કરેતો. નિદ્રા-વશ થાઓ, ઉજાગરા સાથે ચિંતા, શોક અને રૂદનથી તમારા શરીરને દુઃખ થશે. માટે આટલી વિનંતિ સ્વીકારો.' એટલું કહિ એ શાંત પડયો.

પોતાની આ સ્થિતિ પુત્રથી જોવાઇ શકાતી નથી. દુઃખી અંતઃકરણુ વધારે દુઃખી થાય છે હું પોતેજ એને વધારે વધારે દુઃખરૂપ થાઉં છું—એ ભાન થતાંજ મહાપ્રયાસે સર્વ શોકને શક્તિ સ્વરૂપ ધરી, જીતી, વજ્ર જેવું કઠિન હૃદય કરી, અપૂર્વ તેજ ધરી પુત્રને કહેવા લાગી.

'ભાઇ ! તું શાંત થા. મને કાંઇ થવાનું નથી. ભાવિમાં જેમ માંડયું હશે એમ થશે. મુંબાઇ જવાની ત્હારી ઇચ્છા થાયતો જજે. રાત્રી ઘણી ગઇ છે સુઇજા. મ્હારો શોક ધરીશ નહિ.' એટલું કહિ વિચારની અવધિએ, રાત્રીની શીત પવનની લ્હેરે, માતુઃશ્રીને નિદ્રા દેવીને વશ કરી.

'હૃદય મૂકી મુંબઇ જવું પડશે' એ વિચારે પુત્રને નિદ્રા આવવા દીધી નહિ. 'ન ભૂલાતું ભુલવા જતાં પ્રાણ ચાલ્યા જશે તો માતૃના શા હાલ થશે ?'—એ વિચારે તેનું અંતઃકરણ ચીરવા માંડયું. હૃદય સર્વસ્વ જેણે હરી લીધું છે તેને આ અમંગલ વર્ત્તમાનથી શું નહિ થાય ? છતાં મ્હારૂં ગમે તેમ થાઓ, પરંતુ માતૃ આજ્ઞા ખરી અને માન્ય કરવા હું મુંબઇ જઇશ. ભવિષ્યનું પરિણામ જગતકર્ત્તાને સોંપું છું"—વિગેરે તર્ક વિતર્કથી ક્ષીણુ થતું મસ્તિક મહાકષ્ટે નિદ્રાદેવીને બોલાવવા લાગ્યું.

'હું મુંબઇ જાઉં, એમ માતૃની ઇચ્છા છે અને એ ઇચ્છાને અમલમાં લાવવા, હું પ્રાતઃકાળે મુંબાઇ જઈશ. માતાને સુખ થશે;'—એ ઉત્કૃષ્ટ વિચારે તેને શાંત કર્યો.

ઇશ્વરી આકર્ષણુથી પરાધીન, પરવશ થયેલું શરીર, અસહ્ય થતી તીવ્ર વેદનાથી શુષ્ક થતું હૃદય, અને એથી પૂર્વે શું દારૂણુ પરિણામ આવે, એ વિગેરેની અવગણુના કરી કેવળ માતૃની ઇચ્છાને શરણુ થતું એ અધિક છે.

ભુખ, તૃષાથી કૃશ થયેલું શરીર, અને તેથી અંધારાં આવતાં, અન્ન અન્ન પોકારતા માનવને ઇચ્છાનુસાર અન્ન મળે, અને એ અન્યને અર્પણ કરે—એ સેહેજ વાત નથી.

ઈશ્વરી આકર્ષણથી નિઃસ્વાર્થ, વિમલ સ્નેહ, જેના હૃદયમાં પ્રદીપ્ત થયેલ એવા હૃદયના માનવ પોતાનું શું થશે, એ વિસ્મૃત થઇ, અન્યની ઇચ્છાને મહા મહા કષ્ટ સહન કરી શરણ થાય એ સામાન્ય વાત નથી.

પોતાના હિતની અવગણના કરનાર કેવળ માતુઃશ્રીના સુખ અર્થે તેની ઇચ્છાને શરણ થનાર, બધું દુઃખતો ઠીક, પરંતુ માતૃ દુઃખ ન સાંખનાર, પુત્રની આર્યવૃત્તિ, આર્યસ્વભાવ જોઇ, કૃતાર્થ થવાની અપેક્ષાથી, કે કાંઇ કરૂણાથી નિદ્રાદેવીએ રાત્રીના ત્રીજા પહોરે મૃદુ સ્વભાવના સુકુમાર ચિત્તના પુત્રના મસ્તિકમાં પ્રવેશ કર્યો અને સૂર્યોદય થતા થતામાં વિદાય થઇ જાગૃત કર્યો.

પ્રાતઃકાલ ક્રિયામાંથી નિવૃત થયા બાદ, પરદેશનું કદિ દર્શન પણ કરેલું નહિ એવા પુત્રે, મુંબઇ જવાની તૈયારી કરવા માંડી, અને પોતાના અધ્યયનગૃહમાં અસ્વસ્થિત પડેલાં પુસ્તકોને, એકત્ર કરી, પ્રથક્ કરવા લાગ્યો. કેટલાક ગ્રંથો હાથમાં લેઇ–' તમે પણ સાથે આવશો ' ?–એમ કહી વાંચ્યા સિવાય તેમાં દૃષ્ટિ રાખી, થોડીવાર અનેક આવતા વિચારમાં ગ્રસ્ત રહી, આખરે બંધ કરી, પ્રથક્ કરેલાં પુસ્તકો ભેળાં મૂકતો. સરસ અને મૃદુ હૃદયને લીધે, કોઇ કોઇ પુસ્તક ઉપર એકાદ બે અશ્રુ પણ પડી જતાં–એમ પુસ્તક એકત્ર કરતાં, બાણભટ વિરચિત કાદમ્બરી ઉપનામથી પ્રસિદ્ધિ પામેલું પુસ્તક હાથ આવ્યું. હાથ આવતાં ખોલવાનું મન થયું, ખોલવા જતાં, મહાશ્વેતાના વિયોગથી પુંડરીકનું મરણ, પરિતાપ કરતો મિત્ર, અમંગલ શુકન–સમાચારથી પ્રાણ કાઢી નાંખવા પ્રયાસ કરતી, 'ક્યાં જાઓ છો ? હું આવું છું—આવા નિર્દય થતાં વિચાર પણ આવતો નથી ?' પોતાના પ્રાણ ઉપર કોપિત થઇ અનેક અવગણના કરતી મહાશ્વેતા—એ વિષય નિકળતાંજ આંખમાં અશ્રુ ભરાયાં; અને તેજ પળે પોતાની હૃદય હરનારી પોતાના સમક્ષ આવી ઉભી રહી. વિચારે સ્વસ્થ અને ઉંચી દૃષ્ટિ કરવા દીધી નહિ અને મનમાં કંઇ કંઇ ગણગણવા લાગ્યો.

'પ્રિયા ! તું મને ભૂલી નહિ શકે ? તું સદૈવ હૃદય સંતાપ કરીશ ? ના, ના મ્હારી એમ ઇચ્છા છે કે તું મને ભૂલી જા. માતૃની ઇચ્છા મ્હારે માન્ય છે. મ્હારૂં હિત પણ મ્હારે નથી કરવું, તેમ ત્હારૂં હિત પણ મ્હારે નથી કરવું. પણ અરે ! આ અસહ્ય ભાર હું સહન કરવા મથું છું તેમાં કાંઇ વીપરીતતો નહિ થાય ? પુંડરીક જેવી અવસ્થા તો મ્હારી નહિ થાય ? કે મહાશ્વેતા જેવી સ્થિતિતો ત્હારે અનુભવવી નહિ પડે ? પ્રિયા, ત્હારા માટે શું કરૂં ? મ્હારો ત્હારા પ્રતિ અદ્યાપિ પર્યંત પવિત્ર પ્રેમ છે. ઇશ્વર સાક્ષી છે. બીજાનું શું કામ છે.'

એવામાં પોતાના સર્વસ્વની આ સ્થિતિ, અશ્રુ સારતા જોઈ.–
'પ્રિય ! આ શું ?'

આ આકસ્મિક શબ્દ કર્ણે પડતાંજ, જાગૃત થયો હોય તેમ તતક્ષણ ઉંચી દૃષ્ટિ કરી તો હૃદય પ્રિયાને જોઇ દયાર્દ્ર થયો. અપરાધીછું એમ કબુલ કરવા લાગ્યો. માતૃનો ખોટો પક્ષ ખેંચવા લાગ્યો. ક્ષમા કરશો, એવા અનુનય કરતો, કલ્પનામય, દીન સ્થિતિ અનુભવતો, અપરાધયુક્ત દૃષ્ટી પલવાર પૃથ્વીમાં પેસતી, પલવાર પ્રિયા મુખચંદ્ર ક્ષમાર્થી ચિત્તે વાંચતી, ઉંચી નીચી કરવા લાગ્યો. બોલવાનો માર્ગ જડયો નહિ.

'પ્રિય ! આ સઉ આ દુષ્ટને અર્થે ? વજ્ર જેવું હૃદય કરવું, અમાન્ય ગ્રહણ કરવું, સહન કરવું, સર્વ ત્યજવું, સરસ હૃદયને અસહ્ય વેદનાથી ચાયણી જેવું કરવું. હુંજ આપના સર્વ પરિતાપનું કારણ ! અરરર ! હુંજ આપના અહિત માટે ? વિધિયે આપના હિત માટે મને કંઇ સાધન આપ્યું નહિ ? હૃદય ભરાઇ આવ્યું, છતાં ન દર્શાવતાં આપે ઉચિત ધાર્યું છે. માતૃની ઇચ્છા મુજબ મુંબાઇ જાઓ. આ દુષ્ટનો શોચ કરશો નહિ. મને તો કાંઈ થવાનું નથી. આપનું શરીર જાળવજો, માતૃની ઇચ્છા અર્થે મને ભૂલજો. શ્રવણ જેવા થજો. આપનાજ હિત માટે હુંછું માટેજ મ્હારો આપ ત્યાગ કરશો. હું આપને યોગ્ય હોઉં, એમાં પણ મને શંકા રહ્યાં કરે છે. મ્હારો ત્યાગ કરશો અને એથી આપનું હિત સચવાયું છે એ સાંભળી, મ્હારૂં હિત પણ સચવાયું સમજજો. આપની માતાની ઇચ્છા સચવાય, આટલું પણ મ્હારાથી કાર્ય થાય એ વિશેષ છે.'

"પ્રિય હૃદય સંબંધ છૂટશે? શરીર સંબંધથી તે અધિક છે કે નહિ? સંસારમાં શું રહ્યું? અપ્રિય થયેલા પ્રાણ કેમે કરી જતા નથી?' એમ કહિ, ઉંડો નિઃશ્વાસ નાંખી, હૃદય અતિ ભરાઇ આવવાથી, રખેને દબાએલો હૃદયરૂદનવેગ અનિવાર્ય થઇ પડે અને એથી એમને અતિ સંતાપ થાય, એ બ્હીકથી સ્વલ્પ દર્શનથી પણ તૃપ્ત થઇ, 'મ્હારા પ્રિય! આપના કમલવદનનું રક્ષણ કરજો હું જાઉં છું' એમ કહી, પ્રત્યુત્તર સાંભળ્યા વિના ચાલી ગઇ.

શનૈઃ શનૈઃ હૃદયવીંધતા પ્રિયાના શબ્દપ્રહારથી, અપ્રતિમ પ્રશંસનીય પરમાર્થ બુદ્ધિ નિહાળી, વ્યાકુળ બનેલો વ્યાપારીપુત્ર— 'પ્રિયા! સરસ હૃદય, પરહિત એજ સ્વહિત, પરમાર્થ બુદ્ધિ દર્શાવી, શ્રવણ કરનારને મરણતુલ્ય કરી, સર્વસ્વ હરી લેઈ ક્યાં જાય છે? આતુંજ કરવું હતું તો ત્હારૂં ચિત્ત તથા બુદ્ધિ શું કરવા અન્યને ઓળખવા દીધી? અથવા તો ત્હેં શું કરવા પ્રસિદ્ધ કરી? વિગેરે આર્ત્તસ્વરે ઉચ્ચારતો દ્વારસમીપ દોડી ગયો. પરંતુ મનહર, સર્વસ્વહરને જોઇ નહિ. નિરાશ ચિત્તે પાછો વળી, થોડીવાર શૂન્ય ચિત્તે આરામ ખુરશીપર ઢળી પડયો. આખરે પુરૂષ મન કરી, અપૂર્ણ મૂકેલા કાર્યમાં પ્રવર્ત થયો.

જેમ તેમ પાકીટમાં પુસ્તકો, વસ્ત્ર વિગેરે ગોઠવી તૈયાર થયો અને પૂજનમાં વ્યાપૃત થયેલી માતાની આજ્ઞા લેવા ગયો. માતુઃશ્રી આશ્ચર્યમાં પડયાં.

'ભાઈ! ત્હારી જવાની ઇચ્છા હોયતો જજે. અત્યારની ગાડીમાં જવાની જરૂર નથી. એ વાગ્યાની ગાડીમાં જજે. તને પસંદ પડતા સેવકોને સાથે લેઇ જજે. આપણા મુનીમના ભાઇ પણ સાથે આવે છે. બંને એકમત થઇ ત્યાંની વ્યવસ્થા કરશો. ત્યાંની વ્યવસ્થા થતા સુધી તમે અને મુનીમ ત્યાંજ રહેજો. વ્યાપાર પ્રથમના જેવો ચાલે તેવી યોજના રચજો. એ બાબતમાં તમને કાંઇ કહેવું પડે તેમ નથી.' એટલું કહિ માતા પ્રસ્તુત કાર્યમાં પ્રવર્ત્ત થઇ; અને સેવા પૂજનક્રીયા સમાપ્ત થયા પછી, માતૃ અને પ્રથમ વિદેશ જનાર પુત્ર; રસોઇ તૈયાર થવાથી જમવા બેઠાં. જમતાં જમતાં કંઇ વિચાર આવવાથી માતૃયે કહ્યું:

'ભાઇ! મુંબાઇ શહેર દર્શનીય છે. ત્યાં નવનવા પ્રકારના મા-

ભુસો રહે છે. કોઇનો એકદમ વિશ્વાસ કરશો નહિ કોઇની ભભકા-ભેર વાત માનશો નહિ એકલાં ક્યાંઇ ફરવા જશો નહિ. વિદ્યા અને લક્ષ્મીમાં એ શેહેરની બરોબરી હાલ કોઇ કરે તેમ નથી. વિદ્વાન વર્ગ પણ ત્યાં અધિક છે માટે જે કંઇ વિશેષ ગ્રહણ કરવાનું હોય તે તમારે ત્યાં છે. ઇશ્વર-કૃતિનું, સૃષ્ટિ-સૌંદર્યતુંદર્શન તમને ત્યાં થશે. પરંતુ શઠ પુરૂષોથી ઠગાતા નહિ. હું ધારૂંછું કે ત્યાંની નવી દૂનિઆમાં ત્હારૂં મન લાગશે. ચિત્ત પ્રફુલ્લિત રહેશે. નવીનતા જોઇ કાલ સ્વલ્પ લાગશે. દરિયાની આનંદપ્રદ, સુખપ્રદ હવાથી શરીર તંદુરસ્ત થશે. વિદ્યાવાળો પ્રદેશ જોઇ, આત્મા અંતરથી આનંદ પામશે. વિદ્વાનવર્ગ, શઠવર્ગ શ્રીમંત અને રંક લોકો જોવામાં આવશે.'

જમતાં જમતાં આ સર્વ પુત્ર એક ચિત્તે સાંભળવા લાગ્યો. અને 'ઉચિત ઉચિત' કહેવા લાગ્યો. ભોજન જમી રહ્યા બાદ માતૃયે પુત્રને કહ્યું—'સેહેજ તું આરામ લે. આપણા મુનીમ આવશે એટલે હું તને જગાડીશ.'

'માતુઃશ્રી ! મને અત્યારે નિદ્રા આવશે નહિ. મુનીમને આવવાને પણ હવે વાર નથી'—એમ કહી, ન્યુસપેપર લઇ વાંચવા લાગ્યો અને 'પોતાના પણ બેમાંથી એક પ્રકારના ન્યુસ મોકલવા વખત આવ્યો,' એમ કલ્પવા લાગ્યો. એટલામાં મુનીમ આવ્યા, અને, 'ચાલો ગાડીનો વખત થયો છે' એમ ઉઘરાણી કરવા લાગ્યા. 'આપનો સામાન આ સેવકની સાથે સ્ટેશન ઉપર મોકલાવીએ.'

પુત્રે સાથે લઇ જવાનો પૃથક્ કરેલો સામાન સાથે આવતા સેવક જનને આંગળી અને દૃષ્ટિવડે બતાવ્યો. સેવક લઇ સ્ટેશનપર રવાના થયો. માતુઃશ્રીયે મુનીમને કહ્યું:

'ભાઇની સંભાળ રાખજો. તમારે ભરૂસે છે. કોઇ પણ જગાએ એકલા જવા દેશો નહિ. સંસારનું સર્વ એને જોઇને છે અને ત્યાંની યોગ્ય વ્યવસ્થા કરવા વિશે હવે તમને વિશેષ કહેવુ પડે તેમ નથી.'

પુત્રપ્રતિ—'બાપુ, તું જાળવજે. મ્હારી ફીકર કરીશ નહિ. ત્યાં પહોંચે કે તુરત ત્હારી કુશળતાના સમાચાર મોકલજે.'

'શું કરૂં ? પરદેશ તને મોકલવો પડે છે.' એટલું કહેતાં માતૃનું હૃદય નરમ થયું, આંખમાં અશ્રુ ભરાયાં. પુત્રનું હૃદય સર્વને

વિચિક્ષણુ લાગ્યું.

આજ્ઞા માગી મુંબાઇ જનારા રેલતરફ વળ્યા. ટીકીટ અગાઉથીજ લઇ રાખેલી હતી. સર્વ મંડળ ટીકીટ બતાવી, સ્ટેશન અંદર દાખલ થયું અને અગાઉથીજ રોકેલા કમ્પાર્ટમેન્ટમાં બેઠા અને અનુપમ મુંબાઇના દીવ્ય, મકાન, મીલ, કારખાના, વિગેરે નિહાળવામાં દૃષ્ટિ રોકાઇ. એટલામાં મહાલક્ષ્મી સ્ટેશન આવતાં, ત્યાં તેઓ ઉતર્યા, અને અગાઉથી સૂચના આપેલ મુનીમ સાથે મુલાકાત લઇ ઘોડાગાડીમાં બેસી મુકામે ગયા. ત્યાં સર્વ સોઇ અગાઉથી કરી રાખી હતી. ન્હાઇ ધોઇ, ભોજન જમી રહ્યા બાદ રાત્રીના ઉજાગરાથી જરાવાર નિદ્રા લેઇ ઉઠયા.

પિતાના નામથી ઓળખાતા પુત્રની મુલાકાત અર્થે, કેટલાક વ્યાપારીઓ આવ્યા તેમની મુલાકાત લીધી અને સાંજના ચોપાટી ઉપર શરીર, મન અને હ્રદયને આલ્હાદન આપનાર દરિઆઇ હવા ખાવા મુનીમ સાથે વ્યાપારી પુત્ર ગયા, અને ત્યાંની શીત અને સુખપ્રદ પવનની લ્હેરથી, સ્નેહી યુગલને, દંપતીને હાથ પકડી મનહર વાર્ત્તા વિનોદ કરતા ચાલતા જોઇ, વ્યાપારી પુત્રને આનંદાશ્ચર્ય થયો. પ્રિયા યાદ આવી—'ઇશ્વરે આટલું સુખ પણ ન આપ્યું?' એથી ક્ષુદ્ર ભાગ્ય કલ્પવા લાગ્યો. નિઃશ્વાસ ઉપરાઉપર નિકળવા લાગ્યા, અને સુખદાયક મુંબાઇનું પ્રખ્યાત સ્થાન ચોપાટી દુઃખરૂપ થયું. દૃષ્ટિમાં પેસતાં હઝારો રમણીક ચિતાર અદૃશ્ય, અને કર્ણને ચમકાવતા ગાડીઓના ખડખડાટ, એને કાંઇ પણ અસર કરી શકયા નહિ. સર્વાંગે અને દૃષ્ટિ સમક્ષ પ્રિયાજ રમી રહી. આહા! પ્રિયા સાથેનો આ પ્રથમનોજ વિયોગ, અને આ સુખપ્રદસ્થાને હું એકલોજ? પ્રિયા નહિ? હું કેવો સ્વાર્થી?

ખરેખર, આ સ્થાન અતિ સુખદાયક છે પરંતુ પ્રિયા વિના આ સ્થાન મને દુઃખરૂપ લાગેછે.

માતૃની ઇચ્છા અર્થે મ્હેં તેનો ત્યાગ કર્યો છે પરંતુ તેથી મને શું દુઃખ થાયછે તે હું જાણું છું કે ઇશ્વર જાણે છે.

એવામાં એક મુસલમાન ગજલ ગાતો ગાતો જતો હતો તે તરફ વ્યાપારી પુત્રનું લક્ષ ગયું.

"દાહ ઉઠી છે દુઃખની દીલમાં, શી રીતે થંડી જશે,

આશ લાગીછે જેમાં મુજ શી રીતે પુરી થશે.” એ રાગ.

“ બેકદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા,
ફાયદા કયા ઇસ શખ્સસેં દાલ લુટાનેસેં કયા ભલા;
રંજ ઉઠાના, ખાખ લગાના, બેગમકે ખાતીર કયા ભલા,
બેકદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા.
દીલકો સતાના, આફતમે આના, બે અકલકે ખાતીર કયા ભલા,
ન જાને ઉલફત કયા ચીઝ હૈ, ઉસપે આશક હોના કયા ભલા;
શીકલ દેખતેહી આશક હોના, મુફત ફસાનેસેં કયા ભલા,
બેકદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા.
ન પીછાન ઉમદા ચીઝકી ઉસકો શીર દેનેસેં કયા ભલા,
નાહક જાનકો હલાક કરના, ના ચીઝકે ખાતીર કયા ભલા;
બીના પીછાને અપની કીયા, શીર પરેશાં હોનેસેં કયા ભલા,
બેકદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા.
કદરદાન માલીક કીયા, ઉસ ખીદમતસેં જ્યાદા કયા મઝા,
નેકી કભુ ન છોડના, ફના સબ હોવે તોભી કયા ભલા;
સખી દીલાવર દોસ્ત હુવા, ઉસસેં જ્યાદા કયા મઝા,
બે કદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા.
બીગર પાક માશુક મીલે, યહ ખલ્કમેં રહેનેસેં કયા ભલા,
બેહેતર હોના ખુદાકા બંદા, ઓહીહૈ સબસેં ભલા;
પાક દીલ ખાતીર દીલ દીઆ, જાન દીઆતો ભી કીયા હુવા,
બેકદર હેવાનસેં જીગર દેનેસેં કયા ભલા.”
ગજલ પુરે પુરી સાંભળી.

‘વાહ ! આવા કઠિન હૃદયના થઇ, પ્રિયાને અહિં એકલીજ મુકી નાસી આવ્યા ? અને આ અનુપમ દર્શનનું સુખ પણ એકલા-જ માણોછો ? મ્હારી તો શું, પણ કુદરતનીજ ભૂલ થઇકે હૃદયને તમારા તરફ જવા દીધું. તમેતો કુદરતથી પણ ધૂતપણું કર્યું. હવે તમારા જેવાનીતો મૂર્ખ હોય તે મિત્રતા કરે. હવેતો જીવિત પર્યંત મ્હારે તમારી સાથે બોલવુંજ નહિ. તમારા જેવા સ્વાર્થી ઠગ પુરૂષતો થોડાજ હશે.’—વિગેરે અદૃશ્ય છતાં, દૃશ્ય પ્રિયાના ક્રોધ સાંભળાણ વ્યાપારી પુત્ર સહન કરવા લાગ્યો, અને પ્રત્યુત્તરમાં જડ હો

ય, અજ્ઞ હોય, તેમ શૂન્યવત્ રહેતો. વાણીથી નહિ પણ—'સર્વનો અપરાધીછું"—એટલું હૃદય બોલી જતું. તેમાં આ ગંજલની બે કડીઓ તેને બહુ અસર કરૂતા થઇ પડી—'બીગર પાક માશુક મીલે, વહ ખલ્કમે રહેનેસેં કયા ભલા, બેહેતર હોના ખુદાકા બંદા ઓ હી હય સબસેં ભલા—પાક દીલકી ખાતીર દીલ દીઆ, જાનદીયા તોભી કયા હુવા.' આ કડીયો વારંવાર હૃદય સાથે બોલવા લાગ્યો.

એટલામાં મુનીમે કહ્યું:—'હવે સમય થઇ ગયો છે, જશું?'

'જેવી ઇચ્છા'. ગાડીવાને ગાડી ચલાવી. રાત્રે વાળુ કરી સુતા. એમ કરતાં મુંબઇ નગરીમાં છ માસ વહી ગયા. પોતાની તમામ દુકાનોએ જઈ, પિતાના મૃત્યુ પછીથી અદ્યાપિ પર્યંતનો હિસાબ જોયો. મુનીમ લોકોની અદૃશ્ય ઉઠંતરી જણાઇ. અર્ધા નાણાં ઉચાપત કરી અર્ધા નાણાંનો હિસાબ બતાવ્યો—રજુ કર્યો, ભૂલ પ્રસિદ્ધ થયા વિના વિશેષ કાંઇ થઇ શક્યું નહિ.

વસ્તુતઃ વિશ્વાસપાત્ર થયા સિવાય કોઇને સ્વતંત્રતા આપવી નહિ કે ભારે કામ સોંપવું નહિ. 'આ મુનીમ લોકોની બદલી રતલામ કરવી અને રતલામના મુનીમને અહિં રાખવા; તેમના ઉપર દેખરેખ રાખનાર, તમારા ભાઇને રાખવા, તેથી કાંઇ પણ ગરબડ ચાલશે નહિ.' વિગેરે મસલત વ્યાપારી પુત્રે મુનિમ સાથે કરી.

વિશ્વાસપાત્ર સેવક સાથે મુંબઇની દુકાનની આવક મોકલતાં, તેને પ્રિયા સંબંધી અનેક તર્કવિતર્ક મસ્તિકમાં પ્રદીપ્ત થયા.

'પ્રિયાને પત્ર લખું ? મ્હારા ચિત્તમાંથી એ ખસતી નથી તો એની શું સ્થિતિ હશે ? પત્ર લખી, પત્રમાં દુર્લભ પ્રિયા મુખચંદ્ર નિહાળું. ચિત્તને શાંત કરૂં. એને આશ્વાસન આપું.' એમ કહી પત્ર લખવા બેઠો.

"મ્હારી સર્વસ્વ હરપ્રિયા,

"ત્હારા વિયોગથી મને શું દુઃખ થાય છે તે મ્હારૂં હૃદયજ જાણે છે તને દર્શાવવાથી શું લાભ ? ત્હારી પરમાર્થબુદ્ધિ અને આર્યસ્વભાવ મ્હારા મસ્તિકને ઘેલું બનાવે છે અને ત્હારી અપ્રાપ્તિ થકી હૃદયફાટ દુઃખ ઉત્પન્ન કરે છે. ત્હારૂં ચિત્ત પણ અંદરથી કેટલું ચિરાય છે તે ત્હેં તો ગુપ્ત રાખ્યું છે પણ હું જાણુંછું-છતાં ત્હારી પરમાર્થબુદ્ધિ અને આર્યસ્વભાવ આગળ તે પરાજીત પામે

છે. કેટલો પ્રભાવ ? ”

“ હું જ વિસરજન થવા અસમર્થ છું તો ત્હને કેમ લખાય ? ઉત્સુક ચિત્ત પ્રભુપ્રસાદ થયે દર્શન કરશે. ઉત્કૃષ્ટ, ઉચ્ચ સમજવા છતાં, ત્હને દુઃખ દેવું એ મ્હારૂં અનુવર્ત્તન ઇશ્વરેચ્છા. ”

૧

રથોદ્ધતા.

“ સીંચ શોક દીન પ્રેમ વેલીને.
“ વેલી નેહ જલધાર મેલીને
“ તો સુકાઇ કરમાઇ તે જશે
“ તેજ સે'જ સઘળું વહ્યું જશે. ”

“ ત્હારી સમીપ આવું છું એથી વિશેષ શું લખું ? ”

“ લા. દર્શનાતુર પ્રિય. ”

પત્ર લખી ગુપ્તરીતે પહોંચાડવાને સેવકને સૂચના આપી.

એમ કરતાં વરસ વીતી ગયું, પણ માતૃ તરફથી એકે પત્રમાં—‘પુત્ર, હવે તો ત્હારે સત્વર અહિં આવવું’—એવું આવ્યું નહિ. આથી પુત્રને ઓછું આવ્યું. જૂદાઇથી પ્રિયાપ્રેમ કમી થવાને બદલે અધિક થયો હતો અને માતુઃશ્રી કરતાં, પ્રિયાનો પક્ષ વધારે ખેંચતો હતો પ્રિયામુખદર્શનની અપેક્ષા સતત્ હતી અને દિનપ્રતિદિન વિયોગથી તેજ થતી હતી; અને માતૃ એકે પત્રમાં આવવાનું લખતાં નહોતાં; તેથી તેને ઓછું આવતાંની સાથે હૃદય ખિન્ન રહેતું, અને મુંબઇ જેવી નગરી પણ તેને દુઃખરૂપ લાગતી. ઘડી વરસ જેવી જતી.

એવામાં સ્વગ્રામમાં શું બન્યું કે—પુત્રી વયમાં આવી એટલે વણીકે તેને માટે યોગ્ય વર શોધી, લગ્નની તૈયારી કરવા માંડી. પુત્રીને આ વર્તમાનથી વજ્રપાત જેવું થયું. ‘ શું કરવું ? ’ એ સુઝયું નહિ.—‘બલાત્કારે પ્રાણ ત્યજવા ’, એ ઉચિત લાગ્યું નહિ. સામાન્ય સ્ત્રીની પેઠે—‘કુવે પડું, ગળો ફાંસો ખાવું’—વિગેરે અજ્ઞાનતા તેણીના બાલમિત્રે અને પોતે ગૃહણ કરેલી વિદ્યાયે દૂર કરી હતી. ‘પ્રાણ ધારણ કરી રાખી, દુઃખરૂપ સમુદ્રના સમુદ્ર પી જવા, પર્વતોના પર્વતો ઓળંગી જવા એજ મહત્વ. પ્રારબ્ધે કરી આવ્યું એ પ્રફુલ્લ મને ભોગવવું’—વિગેરે શિક્ષણ પ્રિય તરફથી મળ્યું હતું. પિતાને

જઇ કહેવું કે-' મ્હારે નથી પરણવું' એ અસભ્ય, અવિવેક જેવું અને એવું કહેતાં જીભ્હા શી રીતે ઉપડી શકે? અનાર્યાના જેવું અનુવર્ત્તન કેમ થાય? અને કદાચ ન કહેવાય અને લગ્ન સંબંધ થાય તો પ્રિયની અને પતિની મરજી કેમ સચવાય? જન્મથીજ વિધિ યે આ શરીર દુઃખરૂપ ઘડયું. માટે આ શરીરનું, પ્રાણનું ગમે તે થાઓ, પ્રીયની અંતર સ્થિતિ જોઇ મ્હારે સુખ નથી જોઇતું. મ્હારી મને ચિંતા નથી. એવો કોઇ માર્ગ હોય કે, મ્હારા પ્રિયનું અને મ્હારા માતા પિતાનું હિત મ્હારાથી સચવાય, મ્હારે મ્હારો સ્વાર્થ નથી તાકવો. પ્રિયનું હૃદય મ્હારી પાસેજ છે પરંતુ શરીર અને અનુવર્તન માતૃની ઇચ્છાને આધિન છે અને એ માટેજ મુંબઇ જઇ નિવાસ કર્યો છે. માતૃઇચ્છાને શરણ થવા પ્રયાસ કરે છે મને ભૂલવા મથે છે હું પણ એમ થવા દઉં પ્રિયની માતા સુખી થશે. મ્હારી મને ચિંતા નથી. માતાને શરણ થવાની પ્રિયની ઇચ્છા પાર પડે તો અધિક. પ્રિય અને પ્રિયની માતુઃશ્રી બંનેનું હિત સચવાય. માતાપિતાનું હિત સાચવવા, આજ્ઞા અને ઇચ્છાને શરણ થવા, અણગમતો સંસાર જોઇશ. પ્રિયના પવિત્ર પ્રેમનો લય થવાનો નથી. આ વજ્ર જેવું હૃદય ફાટશે તે સહીશું, થશે તે થવા દઇશું-એમ વિચારી અણગમતા સંસારમાં જવું; શરીર અને હૃદયને પરોપકાર અર્થેજ જવા દેવાં; જ્યારે પ્રિય જેવા પ્રિય સાથે સંબંધ નથયો, ત્યારે જવામાં શું બાકી રહ્યું. સર્વ ગયું,-આ તીવ્ર હૃદયઘાટ સંકલ્પથી, વિધિને નિઃસ્વાર્થપણે, પરહિતને શરણ થતી બાલા- 'પ્રિય ! પ્રિય ! શું તમારી સાથે સંબંધ નહિ, ? એમ ઓછું આણતી, વિલાપ કરતી, નિરાશા, અતૃપ્તિરૂપ તીવ્ર તાપ આકસ્મિક સ્ફુરતાં, હૃદય ચીરતી, પ્રાણને વિદાય કરતી દુઃખીબાળા, અસહ્ય દુઃખ ભારથી મૂર્છિત થઇ અવનીપર ઢળી પડી.

સ્વહિત ભૂલી જઇ, પરમાર્થે મન અને શરીરને વ્યાપૃત કરવાં, અણગમતા સંસારમાં સંતોષરૂપે દિન ગુજારવા—ધન્ય વણિકબાલા ત્હારી પરમાર્થ બુદ્ધિને! એજ સંત! એજ શક્તિ!

આસનાવાસના કરે તેવું કોઇ હતું નહિ. જમવાનો વખત થયો. એટલામાં પ્રિય તરફથી સેવક પત્ર લઈ આવ્યો. પુત્રીની માતાયે આદરસત્કાર કર્યો. કુશળતાના સમાચાર પૂછ્યા. પુત્રની માતા

અને સેવક ઓરડા અંદર આવ્યાં અને જોયું તો પુત્રીને બેભાન પડેલી જોઇ. માતાએ જગાડવા માંડી.

"બાનુ, ઉઠ જમવા ચાલ. તને શું થયું છે? આમ કેમ પડી છે?" એમ વારંવાર કહી ઢંઢોળવા માંડી, આખરે સ્વપ્ન મૂર્છામાંથી જાગી અને—'માતુઃશ્રી ! શી આજ્ઞા છે?' એટલું કહ બેઠી થઇ અને સેવકને જોતાંજ ઉત્કંઠીત બની.

માતાએ પૂછ્યું—'આજ મ્હને ત્હારૂં શરીર કંઇ ઠીક લાગતું નથી માટે ત્હને શું જણાય છે તે કહે, એટલે વૈદને બોલાવી તેનો ઉપાય કરીયે. હમેશાં શૂન્ય થઇ પડી રહેછે. કોઇ સાથે વાતચીત કરતી નથી, બોલતી ચાલતી નથી. આમ એકલાં ત્હને પડ્યા રહેવું કેમ ગમે છે? ત્હારા શરીરને કાંઇ વ્યાધિ હોય તો વૈદને કે ડાકટરને બોલાવી, તેનો ઉપાય કરીયે, પણ બોલ્યા ચાલ્યા વિના એકલા પડયા રહેવું, એમાં શી ખબર પડે? આ દસ બાર દિવસ પછી ત્હારાં લગ્ન થશે. ત્હેને તો લગ્નનો પણ કાંઇ હર્ષ નથી. ત્હારો આ સ્વભાવ કેમ ચાલશે? સાસુ સસરાની મરજી કેવી રીતે સાચવી શકીશ?' વિગેરે શિખામણ દેતી માતા, પુત્રીને જમવા સારૂ તેડી ગઇ.

માતાની જરા પાછળ રહી, પ્રિયના સેવકને જોઇ, હર્ષથી છલકાતી, વિહ્વલ બનેલી બાળા, નયન અને હસ્ત કમળ દ્વારા નિઃશબ્દ, પ્રિય વર્ત્તમાન પૂછવા લાગી.

પ્રત્યુત્તરમાં સેવકે બાળાના હાથમાં પત્ર મૂકયો. શરીર માતાની પાછળ ચાલ્યું અને ચિત્ત પત્રમાં પરોવાયું. પ્રિયના પત્રને ટુંક સમયમાં વાંચી લેવો, એ મુગ્ધાની ચિત્તવૃત્તિને અનુકૂલ પડયું નહિ. 'આખી જીંદગીનો સમય પણ, પ્રિયપત્ર વાંચવાને માટે સ્વલ્પ, અને એવાં સદ્ભાગ્ય ક્યાંથીજ હોય?, વિગેરે કલ્પતી બાળાએ, સ્મિત ભરેલા મુખચંદ્રે અને પરવાળા જેવા ઓષ્ટવડે પત્રને દૃઢાલીંગન કરી, પોતાના બે સ્તન કમળરક્ષક વચ્ચે, હૃદયમાં મૂકયો; અને હૃદયમાં બિરાજીત પ્રિયને સૂચના આપી કે—'લ્યો તમારો પત્ર પાછો; અમારાથી જૂદા મુંબાઇ જઈ વસ્યાછો માટે અમારે તો હવે તમારો પત્ર પણ નથી જોઇતો.'

શું જમે? જમાડનારને છોડવા જતાં હૃદય વીંધાયું હતું, જમ-

રિત થયું હતું. ભુખ તૃષા અદૃશ્ય થઇ ગયાં હતાં. ચિત્ત, મન સઉ પત્રમાં ભરાયાં હતાં, છતાં માતૃને ખેદ ન થાય તેટલા માટે અલ્પ આહાર કર્યો.

'પ્રિય પત્ર વાંચુ'?' તૃપ્ત થઇ નહિ. પ્રિયને વિસરજન કરવા પ્રયાસ કરતી મુગ્ધા, પત્ર વાંચતાં, પરાભવ પામી. દુઃખનો અવધિ જણાયો નહિ. જેમ જેમ લગ્ન દિવસ નઝદીક આવતો ગયો, તેમ તેમ બાળક મુગ્ધા અતિ પરિતાપ કરવા લાગી.

'શું વિધિએ આ શરીર આપના ઉપયોગ અર્થે નજ ઘડયું? શું આ શરીરમાં કંઇ ન્યુનતા કલંક હશે, કે જેથી આપને યોગ્ય, ઉચિત નહિ હોય? વિધિનીજ ભુલ થતી હશે? જેમ જાદવ ઠગ ઓખાનું હરણ કરી ગયા અને શુરવીર ક્ષત્રી રાજવીર રાજસિંહ સતી વિમળાને સહાય રૂપ થયા, તેમ તમે પણ સહાય કરી આ શરીરનો અંગીકાર નહિ કરો? પણ હું દુષ્ટ આવીને પણ આપનેતો દુઃખજ. આપના માટે મહાશ્વેત્તાની પેઠે વૈરાગ્ય ગૃહણ કરૂંતો. આપને દુઃખ દેવા જેવું, મ્હારા માતાપિતાની આજ્ઞા ઉલંઘન જેવું, દુઃખ મ્હારાથી સહન થતું નથી, દુઃખથી ડરવા જેવું, પોતાનો સ્વાર્થ તાકવા જેવું; માટે ઇશ્વરેચ્છા. જે બને તે ખરૂં. હૃદયના પ્રભુ પ્રાણ લઇ જાયતો ભલે, પણ મ્હારૂં હિત મ્હારે નથી કરવું. બીજાના હિત સચવાયતો ઘણું છે માટે પ્રથમનો મ્હારો સંકલ્પ ઉચિત છે.'

'વળી પ્રિય, પત્રમાં પણ સૂચવે છે કે—ઉત્કૃષ્ટ, ઉચ્ચ સમજવા છતાં ત્હને દુઃખ દેવું એ મ્હારૂં અનુવર્ત્તન. પ્રિય! તમારી આજ્ઞા મ્હારે માન્ય છે-પણ આ અમંગલ વર્ત્તમાનથી તમે પણ તમારા પ્રાણ જાળવી રાખજો. પુરૂષ થજો. માતૃઇચ્છાને શરણ રહેજો. મ્હારાથી તમે ઓછા દુઃખી નથી. હૃદયના પ્રભુ થઇ બેઠા છો પરંતુ શરીર તમારા સ્વાધીનમાંથી જવા માંગે છે? જાય છે? શું દુઃખ પડશે? શું દુઃખ અનુભવશે? એ પરમાત્માને ખબર. પરહિત અર્થે આટલું બધુ થાય તો જગત્ આપણો દાખલો લેશે.' એવા અનેક સંકલ્પ વિકલ્પ કરતી, ઇશ્વર ઇચ્છા, માતૃ ઇચ્છા, પ્રસ્તુત કાળને શરણ થઇ. બાહ્ય આનંદ બતાવવા લાગી. વાતો સાંભળવામાં મન પરોવવા લાગી, અને મૃદુ હૃદયને વજ્ર જેવું કઠિન કરી પ્રકૃત સમયને અધિન, અનુકૂલ થઈ.

પ્રકરણ ૨.

ઇશ્વરી બનાવ સિદ્ધ થયો. લગ્ન થયાં. શરીરનો સ્વામી બીજો થયો. અણગમતો પ્રદેશ અનુભવાયો. હૃદયનો રાજા ખસ્યો નહિ. શરીરના સ્વામિને હૃદય સોંપી શકાયું નહિ. શરીર સંબંધમાં પ્રેમ અનુભવ્યો નહિ. પ્રેમ નિહાળત તો હૃદયના રાજાને છેલ્લા નમસ્કાર કરત. શરીર સંબંધના વિકારથી હૃદય સંબંધના પ્રેમ સામું થવાયું નહિ; અને—હૃદયના સ્વામિને આ વર્તમાન વિદિત થશે તો મ્હારા માટે શું અભિપ્રાય નહિ બાંધે? વળી એ વર્તમાન એમને અસહ્ય થશે તો એમની શું સ્થિતિ થશે? અને એમની સ્થિતિ જોઇ, મ્હારાથી શું શું નહિ થાય?

આ બનાવ બન્યાને, માસ બે માસ વીતી ગયા એટલે વ્યાપારી પુત્રની માતાએ પોતાના પુત્ર ઉપર પત્ર લખ્યો તેમાં દર્શાવ્યું કે-'ત્હને ગ્રહ છોડી ગયે ઘણો સમય વ્યતિત થયો, માટે ત્યાંના વ્યાપાર કાર્યનો બંદોબસ્ત કરી, ત્હારે સત્વર અહિં આવવું.'

રાત્રીના સ્વપ્ને પુત્રનું મગજ ફેરવ્યું હતુ ત્યાં અણી વખતે, આ સુખદપત્ર માતૃ તરફથી આવવાથી તેનું મન શાંત થયું અને એટલી અધીરતા આવી ગઇ કે માતુઃશ્રીના પત્રમાં પ્રિયામુખચંદ્ર નિહાળવા લાગ્યો. મનને ખાતરી કરવા સારૂ પત્ર' બેવાર ચારવાર વાંચ્યો. વ્યાપાર કાર્યની સર્વ વ્યવસ્થા કરી રાખી હતી, એટલે આજનીજ ગાડીમાં જવુ"-એમ મનથી નક્કી કર્યું. મુનીમને ત્યાંજ રાખી સાથે આવેલા સેવકને લેઇ, રાત્રે વ્યાળુ કરી, ગાડીમાં બેઠા અને બીજે દિવસ રતલામ આવી પહોંચ્યા.

માતૃપાસે આવી પુત્રે પ્રણામ કર્યા.

' બાપુ ! આવ્યો? ત્યાં રાજી રહ્યો ? મુંબઇ કેવું શહેર છે ! તને ત્યાં ગમ્યું કે કેમ ? ત્યાં દેશ દેશના માણસો વસે છે. પણ મને ત્હારૂં શરીર કૃશ થયેલું કેમ લાગે છે ? '

' માતુઃશ્રી ! રાત્રીના ઉજાગરાથી, આપને એમ લાગતું હશે. ' ' મુંબાઇ શહેર, ખરેખર, દર્શનીય છે. '

' ઠીક, ભાઇ ચાલ ન્હાઈ લે. એટલે આપણે જમવા બેસીયે. હું પણ જમી નથી.

ન્હાતાં ન્હાતાં પુત્ર વિચારગ્રસ્ત થયો. પ્રિયામુખદર્શન હજુ થયાં નહિ. શું કંઈ વિપરીત તો નહિ થયું હોય ?. અહિં પૂછાય પણ કોને ? '

' અરરર ! શું દુષ્ટ સ્વપ્ન ખરૂં નિવડશે ? શું મ્હારા વર્ત્તમાન એને નહિ મળ્યા હોય ? કે લાંબી મુદતની જૂદાઇથી મને ભૂલી ગઇ હશે ? કે મ્હેં, એનો ત્યાગ કરી, મુંબાઇ જઇ નિવાસ કર્યો એથી એને માઠું લાગ્યું હશે ? માતૃઇચ્છાને શરણ થઇ એમણે મ્હારો ત્યાગ કર્યો છે એવું એના મનને વસવાથી દુઃખી થઇ મ્હારી પાસે આવતી નથી ? કે દુઃખ સહન કરી કરી એણે પ્રાણ ત્યાગતો નહિ કર્યો હોય ? કે એના માતા પિતાએ બલાત્કારે એનાં બીજે લગ્ન તો નહિ કરી દીધાં હોય, વિગેરે ન્હાતાં ન્હાતાં, એના માસ્તિકમાં, પ્રિયા સંબંધી અનેક તર્કવિતર્ક ઉદય અને અસ્ત પામતા વહ્યા.

દેવદર્શન કર્યા બાદ જમવાનો નિયમ પાળનારને જેમ દર્શનનો સમય ચૂકી જવાથી દર્શન ન થાય અને જમવું પડે—તેવી રીતે શ્રમ પડવાથી ક્ષુધા લાગવા છતાં, પ્રિયના અદર્શનથી, રૂચીને જમાયું નહિ.

જમી રહ્યા બાદ, પાન સોપારી આપતા સેવક જનને પોતાના ખાનગી ગૃહમાં લઇ જઈ, ધીમે સ્વરથી વણીકની મુગ્ધ બાળાના સમાચાર પૂછ્યા. માતૃના આવતા પહેલાં તેણે સર્વ હકિકત ટુંકમાં વિદિત કરી દીધી.

પ્રિયાના આ વર્ત્તમાનથી તેના હ્રદયમાં વજ્ર પ્રહાર થયો હોય તેવું થયું. નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ નિકળવા લાગ્યા. પ્રિયા મ્હારી ગઇ. સર્વ ગયું. માત્ર કઠિન પ્રાણજ રહ્યા. એક શબ્દ સરખો પણ બોલવાનો વખત, અધિકાર ન રહ્યો.

'પ્રિયા! ત્હારૂં હ્રદય મ્હેં સંપુર્ણરીતે અનુભવ્યું છે. ત્હારા પ્રેમનો પરિપકવ અભ્યાસ થયો છે. ત્હારો મ્હારા પ્રતિ, મ્હારાથી અધિક સ્નેહ, તે પણ મ્હેં સિદ્ધ કર્યું છે; છતાં અબળા નામથી ઓળખાતી ત્હેં આ અસહ્યભાર સહન કરી, પરમાર્થ બુદ્ધિ દર્શાવીછે. અણગમતા સંસારમાં ચિત્ત પરોવ્યુંછે. આ ત્હારી માયિક શક્તિ—સ્વરૂપ, ધન્યછે'!

'મ્હારામાં ત્હારા જેટલી શક્તિ નથી. આટલું ત્હારૂં સ્વરૂપ

પ્રથમથી અનુભવ્યું હોત તો ત્હને અસ્વતંત્ર ન થવા દેત, અને મ્હારી આ અવદશા હું ન જોત. મ્હેં પ્રત્યક્ષ અનુભવ્યું કે ત્હારા વિનાનું ભાગ્ય એજ દૂર્ભાગ્ય. ત્હારા સંગ્રહથી હું શું સ્થિતિને પ્રાપ્ત ન થાત? મ્હારી કઇ મનેચ્છા પાર ન પડત? ત્હારા જેટલું મ્હારામાં બળ નથી. ત્હારાથી સહન થયું મ્હારાથી સહન થતું નથી. ત્હારૂં માયિક સ્વરૂપ મ્હારા પ્રાણ હરી જશે. પરહિત અર્થે ત્હારાથી દુઃખ રૂપ સમુદ્રના સમુદ્ર પી જવાયા, મ્હારામાં એટલું બળ નથી. ત્હારાથી હું કેવો ભાગ્યશાળી થાત એ મને સમજાયું. સંસારના સમૃદ્ધિવાન મ્હારે નહોતું થવું કે સંસારના કીર્તિવાન મ્હારે નહોતું થવું કે મ્હોટામાં નહોતું ગણાવું? પ્રિય! શું કરૂં મને માર્ગ દર્શાવ.'

'હવેતો ત્હનેજ અનુનય કરી યાચના કરૂંછું કે ત્હારી માયામાં મૂર્છિત થયેલ આ જીવને માટે કંઇ કર. માર્ગ દર્શાવ.'

'અરરરર! આશી બળવાન અસર પ્રિયા! નિઃસંશય આ ત્હારૂં પરમાર્થી અનુવર્ત્તન મ્હારા પ્રાણ હરી જશે. શરીર અને હૃદયમાં દુઃખાગ્નિ પ્રજ્વલિત થયો છે. હૃદયમાં કંઇ નવીજ તરેહની વેદના થાય છે. આ હૃદયતીવ્ર સંતાપ કોને કહું? શી રીતે શાંત થાય?'

'શું કરૂં? ત્હારા જવાથી મ્હારી છેક આ અવદશા થશે એ ખબર હોત તો મ્હારા હાથથી મ્હારી અવદશા, અને તને અણગમતો પ્રદેશ જોવા ન દેત. ત્હારૂં શક્તિસ્વરૂપ અનુભવ્યું. અને એ અનુભવજ મને તીવ્ર સંતાપ કરે છે અને મને સૂચવે છે કે આના ગ્રહણથી તું કેવો ભાગ્યશાળી થાત? ત્હારો હૃદયસંબંધ હું વિસરજન્ થવા સમર્થ નથી કે ત્હારા વિયોગનો પરિતાપ સહ્ય કરૂં તેમ પણ નથી. હવેતો તું ગઇ. અને કૃશ થયેલા શરીરમાંથી પ્રાણ પણ વિદાય થશે, મ્હારા રોકાયા રહેશે નહિ. કોણ જાણે શાથી હૃદયને વારવા અને મનને મારવા હું સમર્થ થઇ શકતો નથી અને પરિતાપ વધતોજ જાય છે શરીર કૃશ થતું જાય છે. પ્રસૂતિથીજ બંધાયેલ પ્રેમ, કાળ ક્રમે પકવ થતાં, તેને ભિન્ન કરવા કોઇ વિરલજ સમર્થ થાય છે. આ દૈવિક પ્રેમની મેં અવગણના કરી તો મારી આ દશા થઇ. શું કરૂં? કહોને કહું? મારૂં મન અતિ ગભરાય છે. અંગે અંગ રૂંધાઇ જાય છે.'

પ્રિયા પ્રેમ સર્વાંગે સ્ફુરતાં, અને એ પ્રિયાસાથે હવે કાંઇ સં.

બાંધ રહ્યો નથી—એ નિરાશાએ પ્રિયા-વિયોગ-જ્વર પ્રદીપ્ત કર્યો; અને એ જ્વરના ઘેનમાં ગણગણવા લાગ્યો.

' ¹ થયો દારૂણ મન માન્યો, વિફળ થઇ સ્નેહની સાનો;
હવે સુકુમાર ઉર ફાટી, જતું જોવું રહ્યું બાકી.'

' પ્રિય ! ત્હારા જતાં હવે ભાગ્યમાં આટલુંજ રહ્યું, વિગેરે પરિતાપથી જ્વર વધ્યો. માતૃએ ઔષધ ઉપચાર કરવા માંડયા. નવા નવા વૈદ, ડાકટરોને બોલાવ્યા. કોઇની દવા અસર કરી શકી નહિ. આખરે પ્રિયામુખદર્શન એક વખત નિહાળવાના કુતૂહલથી પ્રિયા તરફથી અમૃત વચન શ્રવણ કૃતાર્થ કરવાની અપેક્ષાથી કે પ્રિયાના દ્વિતીય અવતારમાં પ્રથમાવતારના પ્રિયનો નિવાસ, પ્રેમ અનુભવવા-ની ઇચ્છાથી અને એ પ્રિયનો સમાગમ થતાં એની શક્તિ અજ-માવવા કે દ્વિતીય અવતારમાં સંસાર સુખ અનુભવવાથી પ્રથમાવ-તારના પ્રિયને જોઇ વિચાર, મન વિકારી થતાં નથી—વિગેરે અ-નુભવવાની ઇચ્છાથી, હજુ પણ માયિક સ્વરૂપનું પૂર્ણ અધ્યયન ક-રવા વ્યાપારી પુત્રે ઇચ્છયું; અને એ ઇચ્છાએ શરીરમાં શક્તિ આણી, જ્વર ઉતાર્યો. ઘરમાં હરવા ફરવા લાગ્યો. માતુઃશ્રીના જીવ-માં જીવ આવ્યો. શોક ઓછો થયો. થોડા દિવસ બાદ શહેરમાં પણ હરવા ફરવા જેટલી શક્તિ આવી. વાડીમાં, દૂકાને જવા જેટલો શ્ર-મ સહન કરી શકે તેવું શરીર થયું. ઉધાનમાં ફરવા જવાનો માર્ગ પ્રિયના શ્વસુરગૃહ આગળ થઇને હતો પણ પ્રિયા જોવામાં આવતી નહિ.

એક દિવસ પરવશ વ્યાપારીપુત્ર ઉધાનમાં જતા હતા તેવા-માં પોતાની પ્રિયાને અટ્ટાલિકામાં પોતાના પતિમાટે રૂમાલ ગુંથતાં જોઇ.' પલવાર બંનેની દષ્ટો દષ્ટ. '¹

વ્યાપારીપુત્રની ગતિ સ્થિર થઇ. હૃદય સંતાપ રોકવા છતાં બે ત્રણ અશ્રુ નયનમાર્ગે કપોલ ઉપર આવી ઉભાં—આગળ ચાલવા માંડયું.

શક્તિને થતી અસર અદર્શિતજ રહી. અશ્રુ સરખું તો કયાંથી હોય, પરંતુ મુખ કે નયન હાલ્યાં પણ નહિ. કેટલો પ્રભાવ? કેટલું ધૈર્ય ? ત્હારો માયિક પ્રતાપ સમજવા કોઇ સમર્થ નથી.

---

૧ સરસ્વતીચંદ્ર.

મુખ લેવાઇ ગયું હતું તેને મહા પ્રયાસે પ્રફુલ્લ કરી; આવેલાં અશ્રને હસ્તવડે અદર્શિત કરી, સાથેના કોઇ માણસ પોતાનું નરમ થયેલું હૃદય જાણી ન લે તેવી રીતે, જોર જુલમથી કઠિન હૃદયનો થઇ, વ્યાપારી પુત્ર, મંદ ગતિથી ઉદ્યાન તરફ ચાલતો હતો. એટલામાં ઉદ્યાન આગળ સર્વ આવી પહોંચ્યા. વ્યાપારીપુત્ર દ્વાર આગળ કોચ નાંખેલા, તે ઉપર બેઠો, અને સાથેના મિત્રોને, સેવકોને વિનંતી કરી કે—' આજે મને શ્રમ થયો બહુ લાગે છે માટે હું અહિંજ બેસું છું તમે સૌ ઇચ્છા મુજબ ફરો. સર્વ આમતેમ ફરવા લાગ્યા; અને ઘણી મુદતે પ્રિયામુખદર્શન થવાથી તે વિચારગ્રસ્ત થયો.

અહો! આટલી બધી હૃદયની મિત્રતા, સ્નેહ છતાં આંખનો પલકારો પણ નહિ, હૃદય વિકૃતિ પણ નહિ. કેટલો બધો પ્રભાવ ? કેટલું મહત્વ ? કેટલી નિરૂત્સુકતા ?

ચહાય રાજકારભાર મળો, કે રાજ મળો કે પૃથ્વીપતિ થાઓ કે અખૂટ દ્રવ્ય મળો, પરંતુ જેનું ગૃહ આવી કુલદીપક આર્યાથી અલંકૃત છે તેજ ભાગ્યવાન્ છે. યુવાવસ્થારૂપી ઉપવનમાં કેવળ મન્મથનું નિષ્કંટક રાજતંત્ર ચાલે છે—એ અવસ્થામાં, પ્રિય જેવા પ્રિયને જોઇ, મન અને વિચાર તો વિકારી કયાંથીજ થવાં, પણ નયન અને મુખ સરખાંએ હાલતાં નથી એ સામાન્ય વાત નથી.

પોતાની પ્રાણતુલ્ય, પ્રિયમાં પ્રીય વસ્તુ અન્યજનના સુખ અર્થે અર્પણ કરવી અથવા તો માતાપિતા, વડીલ અને અન્ય જનના સુખ અર્થે પરમાર્થ, મહંત બુદ્ધિ દર્શાવવી; પોતાની પ્રાણાધાર, પ્રીયમાં પ્રીય ચીઝને ત્યજી, અપ્રિય ચીઝ ગૃહણ કરવી, પ્રિય કરવી—એ આર્ય ચિત્ત ! ત્હારે માટેજ છે. પૂજનીય આર્યા ! એટલી બધી સહનશીલતા ત્હારામાંજ છે. અઘટીત કેમ સહન થાય ? અને એથી બેરીસ્ટરની ખરીદ કરવા જવું પડે—આર્યા ! તને એવું સ્વપ્ન પણ છે ? પ્રભુત્વ તું સમજે છે, ત્હારામાં છે. ન સહન કરવાનું ત્હારાથીજ સહન થાય. અન્ય ત્હારી આગળ શું વિસાતમાં છે ? ત્હારી પ્રભા સામે કોઇથી જોવાઇ શકાય તેમ નથી. તું પણ કાળક્રમે કલ્પિત, અદર્શિત થતી જાય છે. તું હોતતો મ્હારે સર્વ હતું અને તું ગઇ તેની સાથે મ્હારૂં સર્વસ્વ ગયું, માત્ર દુર્ભાગ્ય રહ્યું—

એ વિચારથી વ્યાપારી પુત્રનું અંતઃકરણ પરિતાપ કરવા લાગ્યું.

બગીચાનો સુંદર, રમણીય ચિતાર, દૃષ્ટિ સમક્ષ હોવા છતાં, તેને અદર્શિત લાગ્યો અને ગુલાબ, ડોલર, જાઇ, જુઇ, ચંપો, ચંએલી—વિગેરે સુવાસિત પુષ્પોની સુખદાયક સુવાસ તેના મસ્તિકને અસર કરી શકી નહિ. માત્ર એ સર્વ સુવાસિત રસથી લેપન થયેલું પ્રિય મુખચંદ્ર, ઘડી પ્હેલાં નિહાળ્યું હતું તેવુંજ દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગ્યું; અને મુખચંદ્રને અનેક અનુનય કરી કહેવા લાગ્યો.

'મુંબઇ જતી વખતના આપણા સ્વલ્પ મેળાપથી, ત્હેં મ્હારૂં ચિત્ત ઓળખ્યું હતું અને તેના માટે ત્હેં મ્હારી પ્રશંસા કરી હતી. દીલગીર! હું એ પ્રશંસાને પાત્ર ન થયો. શી રીતે થાઉં? અને ત્યારથીજ ત્હેં ત્હારી પરમાર્થ બુદ્ધિ, આર્યપણું દર્શાવ્યું છે. સ્નેહ જેવા સ્નેહને તૃણ જેવો લઘુ કરી નાંખ્યો છે. હવે ત્હારાથી અધિક કોણ? એ પ્રશ્નનો ઉત્તર મ્હારા ચિત્તને મળી શકતો નથી.'

'આ ત્હારી મુખમુદ્રા ઘણે કાળે નિહાળી, મ્હારી પ્રિયા નહિ—એ વિચારે સર્વ જગતની દૃઢતા લાવવા છતાં, અંતરમાંથી બે ત્રણ અશ્રુ આણ્યાં, અને એ પણ ત્હારી સત્કારરૂપ આશાથી કપોલ ઉપરજ આવી રહ્યાં, છતાં આશ્વાસન જેવું પણ નહિ? પ્રિયા! આ તે આર્યચિત્તની કઠિનતા કે શું કહેવાય?'

'પ્રિયા સરસ હૃદયમાંથી મ્હારો તદન લોપ થયો હશે—કે પ્રિયાને મ્હારા શુભ, અશુભથી પણ લાગણી ન થાય? અદર્શિત વિમલ પ્રેમ નહિ રહ્યો હોય? કે મુંબઇ ત્હારો ત્યાગ કરી ગયો, હવે મ્હારે ત્હારો ખપ નથી—એવી બાહ્ય બલાત્કારે આણેલી ઇચ્છા ત્હને વસ્તુતઃ લાગી; તેથી લગ્ન થવા દીધાં. મને વિસરજન થઇ.'

'ના, ના, એમ કેમ મનાય? મ્હારૂં હૃદય કેમ શાક્ષી પુરે? મુંબઇ જતી વખત તુંજ મ્હારી ઉપદેશક થઇ હતી કે—શ્રવણ જેવા થજો, એટલે મ્હારૂં હિત સચવાયું. પ્રિય હૃદયસંબંધ છૂટશે? સંસારમાં શું રહ્યું? અપ્રિય થયેલા પ્રાણ પણ કોણ જાણે શાથી વળગી રહ્યા છે? જગતમાંથી હું લોપ થઇશ, પણ એના હૃદયમાંથી હું કેમ લોપ થઇ શકીશ?'—વિગેરે અનેક તર્કવિતર્ક કરતું તેનું મસ્તિક, 'પ્રિય સાથે એક વખત કિંચિત વાતચીત થાય, પછી પ્રાણ ભલે સ્વતંત્ર, મનસ્વી થતા. પ્રિય સાથે વાતચીત કરવાની

ઇચ્છા પૂર્ણ થવાનો માર્ગ જડે તો સદભાગ્ય !'—એમ કલ્પના ક- રતા વ્યાપારી પુત્રને, સંધ્યા સમય થઇ જવાથી, સાથેના સેવકજન અને મિત્ર મંડળે આવી કહ્યું; 'ચાલો, હવે જઇયે. વખત થઇ ગયો છે.' એ સ્વર આવતાં તે જાગૃત થયો. મિત્રમંડળમાંથી એક જણે કહ્યું—

'ભાઇ ! આજ આપ આટલા બધા વિચારગ્રસ્ત થઈ ગયા છો તે કઇ ઉપાધિમાં પડયા છો ? શી બાબત સંકલ્પ વિકલ્પ ક- રોછો ? આપને શાની ન્યૂનતા છે ?'

'ભાઇ, કંઇ નહિ. આજ મને જરા ઠીક નથી.' એ પ્રમાણે સર્વે શહેરની રચના જોતા ચાલ્યા જાય છે. વ્યાપારી પુત્ર,—'રખેને પ્રિયનું મંદિર વિસ્મૃતિમાં ચાલ્યું જાય,' તેથી જાગૃત મને, 'પુનઃ પ્રિયા દર્શન થશે કે નહિ,' હેના સંકલ્પ વિકલ્પમાં ચેતન ચિત્ત ત્વરીત ગતિયે ઉંચી દૃષ્ટિયે માર્ગ કાપતો ચાલ્યો. એટલામાં પ્રિય મંદિર આવ્યું. દૃષ્ટિ અને મુખ અગાઉથીજ અદ્ધર વિકાશી રહ્યાં હતાં. કોણ જાણે શાથી હૃદયપ્રિયા એજ ઝરૂખાની કોરણે, મસ્તિક કલી ઢાળી દઇ, માર્ગ ઉપર દૃષ્ટિ, પ્રિયને જતા અટકાવવા રાખી હોય, તેમ વિચારગ્રસ્ત બેઠી હતી.

વિના કામે પણ અદ્યાપિ પર્યંત હૃદય પ્રિયાને, વિચારગ્રસ્ત, મ- સ્તિક કલિ ઢળી પડેલી, અનેક દુઃખમય તર્કવિતર્કવાળો જોઇ, મુખ દીન થઇ ગયું. લેવાઇ ગયું. ક્ષમા માગવા લાગ્યો.

પ્રત્યુત્તરમાં પ્રિયા હૃદયમાંથી એક નિઃશ્વાસ આવ્યો અને–'એ- ટલું બધું શા માટે ? ધીરજ રાખો. થનાર થયું, મ્હારી ચિન્તા કરો નહિ'–વિગેરે સંદેશા સહિત પ્રિયના અંતરમાં પ્રવેશ કર્યો, પ્ર- વેશ કરતાં કરતાં, વ્યાપારીપુત્રને સુચવવા લાગ્યો કે—'એક સ્થાન છોડી બીજા સ્થાનમાં આવ્યા છતાં નવા સ્થાનની અવગણના કરી, છુટેલા સ્થાનનો પક્ષ કરવા લાગ્યો; આ દૃષ્ટાન્ત અનુસાર વ્યાપારી બાળને શિક્ષણ આપવા લાગ્યો અને મ્હારી ભૂલ થઇ કે ત્હારા ક- ઠિન હૃદયમાં મ્હેં પ્રવેશ કર્યો. મૂઢ ! પ્રિયાની આ દશા જોઇ, તું ક્યાં જાય છે ? પત્થર જેવા ત્હારા હૃદયને કંઇપણ અસર થતી ન- થી ?'—આવો ચિત્તમાં ધ્વનિ થતાં, ગતિ અટકી. 'પ્રિયાનું દુઃખ શા રીતે નિવારણ કરૂં ?' એ કલ્પના પ્રકટ થઇ. એટલામાં તો લો-

કાચાર, ડાહાપણુ, વિદ્યા અને જ્ઞાન સર્વે મળી ગતિને ચલાવી. સાથે આવેલામાંથી કેટલાએક પોતાના ઘર નજીક આવવાથી, વ્યાપારી પુત્રની રજા લેઇ, જૂદે જૂદે માર્ગે પડયા. માત્ર સેવકજન તથા વિશેષ પરિચયવાળા સાથે રહ્યા.

ઘેર આવી, શરીર અને મન શ્રમથી થાકેલો વ્યાપારી પુત્ર ન્હાઇ, જમી પોતાનાજ આવાસમાં એકલો સુતો અને વિચારમાં પડયો કે-'કઇ યુક્તિથી, કઇ યોજનાથી, કયા પ્રકારથી, કયા યત્નથી, કયા પ્રયાસથી એકવાર પ્રિયા સમાગમ થાય, અને એ સમાગમ થાય તો આ શરીર વિક્ષમ રહેશે? ધૈર્ય ધારણુ કરી શકશે?' —એ વિચાર મસ્તિકભુવનમાં પ્રદીપ્ત થયો. 'એની વિમલતા રક્ષણુ કરશે? પ્રભુ સહાય થશે? અને આ શરીર જેવું છે તેવું ને તેવુંજ રહેશે.? કદાચ પ્રિયાનુંજ મન વિકારી થયું તો મ્હારે બચવાનો માર્ગ? નહિજ. કારણ મ્હારાથી એની અધિકતા સર્વતઃ મ્હેં અનુભવી છે. પરહિત અર્થે જેણે શરીર, આત્મા અર્પણુ કર્યા, દુઃખરૂપ સમુદ્રના સમુદ્ર પી જવાયા, શરીર એવું ને એવું જાળવી રાખી, પ્રેમ જેવા પ્રેમને ભસ્મ કર્યો-તે મહંત શું પ્રસંગથી દોષિત થશે? અરે! એવા વિચાર સરખાને પણુ હૃદયમાં અવકાશ ન મળે તો શરીર દુષિતની વાત તો ક્યાં રહી! ક્ષુધાથી પ્રાણ જતા જવા દેતા કેસરીસિંહે, તૃણુનો આહાર કરવાનો વિચાર સરખો પણુ આણ્યો છે? તેમ છતાં કદાચ અસંભવિત બિના ધારો કે બને, અને પ્રિયાનું મન વિકારી થાય, મ્હારૂં ધૈર્ય પણુ એ વખતે ડગમગતું લાગે, તોપણુ પ્રિયાનું મહત્વ નિહાળી, અને એ પ્રિયા મ્હારા હાથથી ગઇ, એથી દિનપ્રતિદિન કૃશ થતા આ શરીરમાંથી પ્રાણુ જતા લક્ષ્મીવાન્ કીર્તિવાન્ થવાશે. લોકાચાર પળાશે. પ્રસ્તુત મન, શરીર, સ્થિતિ બદલાશે. પ્રાણુ રહેશે. માતૃહિત, ઇચ્છા સચવાશે અને એ સુખી થશે.

અવસ્થા યોવનની, પ્રેમ, હૃદયમાં પ્રિયનો, સમય પણુ સર્વ વિકારને અનુસાર, સ્થાન પણુ એકાંત—આ સ્થાનમાં, આ સમયમાં, સર્વે પ્રેમના સમૂહોનો સમાગમ થતાં, મન વિકાર ન થતાં, પ્રિયા અધિક વિમલતા દર્શાવશે તો આ દેહ ટકાવી રાખવો, પ્રાણુને ધારણુ કરી રાખવા અતિ કઠિન છે માટે પ્રિયાની અધિક વિમલતા તો ઉલટી પ્રાણુહર છે. ગમે તેમ થાઓ, પણુ નવા સંસારમાં ગયેલું,

પ્રિયાનું હૃદય, નવા સંસારમાં જઇ કેવું થયું ? પ્રસ્તુત હૃદયસ્થાનમાં પ્રથમાવતારનાં પ્રિયનો નિવાસ છે–અને એ નિવાસ છે તો એની નવા અવતારમાં કેટલી સત્તા છે–અને એ પાછલા અવતારની સત્તામાં વિકાર સ્વરૂપ છે કે નહિ? તેમજ નવા અવતારમાં આવી, વીકાર સ્વરૂપ ઓળખાયું છે તેથી એ સત્તામાં પણ અદ્દશ્ય વિકાર સ્વરૂપ ઉચિત સમય જોતું હશે તો પ્રસંગથી એતું વસ્તુતઃ સ્વરૂપ પ્રગટ થશે; માટે પ્રિયા સાથે વાતચીત કરવાનો પ્રસંગ શી રીતે મળશે ?' એ વિચારમાંને વિચારમાં માર્ગ સૂઝયો નહિ. મસ્તિક થાકયું. અને અંતે નિદ્રાદેવીને વશ થયું અને પ્રાતઃકાલ થતાં થતામાં જાગ્યું.

પ્રાતઃકાલ સામગ્રી સમાપ્ત થયા બાદ, ભોજન સમયે, માતુઃશ્રીએ પુત્રને પૂછ્યું:

'ભાઇ ! ત્હારા શરીરને હવે કેમ રહે છે ? શરીરાનુસાર શ્રમ, કસરત અને હરવા ફરવાથી ત્હારી તંદુરસ્તી સારી થશે. માટે શરીર ઉચિત હમેશાં ફરવા હરવાની ટેવ રાખજે.'

'મુંબાઇના ધનાઢય શેઠ પુનમચંદને ત્યાંથી ત્હારા માટે કેહેણુ આવ્યું છે તેની પુત્રી સર્વ વિદ્યામાં કુશળ, શાસ્ત્ર જ્ઞાતા, અને અત સ્વરૂપવાન્ છે. તને ખબર નથી પણ તું જ્યારે મુંબાઈમાં હતો ત્યારે તે બાળાએ, ત્હારી વિદ્યા, જ્ઞાનમાં અધિકતા સાંભળી હતી અને તું જ્યારે તેમને ઘેર જમવા ગયો ત્યારે તે ચતુર મેધાવિનીએ ત્હારા મુખ ઉપરથી, તથા વાતચીત સાંભળી, સર્વ સત્ય માન્યુ હતું. વિદ્યા સાથે ત્હારા સૌંદર્યથી એણે ગુપ્ત ઠરાવને દ્દઢ કર્યો હતો અને અંતે પિતાની ના મરજી હોવા છતાં પરદ્વારાયે, સ્વઅંતર બિરાજીત ઇચ્છા પ્રકટ કરી, પિતાની મરજી સંપાદન કરી. પુનમચંદે આ બાબત આપણા મુનીમને વાત કરી અને એણે સર્વ હકિકતથી લખેલો કાગળ મ્હારા ઉપર મોકલ્યો છે. હવે ત્હારૂં શરીર બીલકુલ તંદુરસ્ત થશે એટલે આ વિશે કાંઇ કરશું.'

પુત્રના હૃદયમાં બીજાને માટે અવકાશ નહોતો. પુત્રના તો પ્રાણ પણ પ્રિયાને સ્વાધીન હતા અને પ્રિયાના મહત્વની પરિસીમા પકવરીતે નિહાળવાની ઇચ્છાથી વળગી રહ્યા હતા તેમાં માતૃ તરફથી આ વર્તમાન સાંભળતાંજ વજ્રપાત જેવું થયું. પ્રિયા અર્થે મા-

ણુતો જનાર હશે ત્યારે જશે, પણ તે અગાઉ આ વર્ત્તમાન પ્રાણ લઇ જશે. પ્રાણુજ પ્રિયામાં વળગી રહ્યા છે તો તેને ભૂલી જવાનું તો ક્યાંથીજ શક્ય હોય ? અને જ્યારે એને ભૂલી જવાની મ્હારામાં સત્તા નથી, ત્યારે આ સંદેશો સ્વીકારી હું શું કરૂં ? પ્રથમતો એ કિશોરીને દુઃખ, માતૃને દુઃખ અને મને પણ દુઃખ; વળી આ પરવશ પડેલા પ્રાણુનો વિશ્વાસ પણ શો ? અને એ બાળાના શું હાલ થાય ? એકના આ હાલ કર્યા છે અને બીજીના પણ એ હાલ કરી, બાલ સરસ હૃદયને દુઃખવવું, એનો ભવ નિરર્થક કરૂં,–

' અરરર ! એ બાળ હૃદયના નિઃશ્વાસ લઇ હું કયાં છુટું ? જેણે વિમલ સરસ હૃદયને દુભવ્યું છે તેની કોઇ લોકમાં સદ્ગતિ નથી.'

જમી શકાયું નહિ. પોતાનો વિકાર કોઇ કળી ન જાય, તેટલા માટે મહા પ્રયાસે જમવા માંડયું. પરંતુ દરેક ગ્રાસ કંઠ સુધી આવીજ અટકયા. આખરે થાકી, હાથ ધોઇ ઉભો થયો.

માતુઃશ્રી મનમાં સમજ્યાં કે પુત્રને આ વાત ગમી નહિ. 'કેમ ભાઇ' —એમ કહેવા જતી માતાએ કહેવું બંધ રાખ્યું.

પુત્ર પોતાના શયનગૃહમાં ગયો. માનીતા સેવકે પાન સોપારી આપ્યાં, તે ખાધાં. ' કેમ શેઠજી સાહેબ ? મુંબઇથી આવેલ કાગળના સમાચાર જાણ્યા કે ! એથીજ આપનું હૃદય વીંધાયું હશે ? '

નવી આવેલી ઉપાધિમાં થોડીવાર ગ્રસ્ત રહી, આખરે તેનો અંત લાવી, 'પ્રિયાને શી રીતે મળાય ?, તેના શોધમાં ચિત્ત પડયું. ઘણું ઘણું વિચારતાં પોતાને કોઇ માર્ગ જડયો નહિ. 'સેવકની આ કામમાં સહાયતા લઉં ? ' એ વિચાર મનમાં ઉત્પન્ન થયો. મન માન્યું નહિ.

" કેમ કહેવાય ? એના સિવાય મને કોઇ માર્ગ જડે એમ છે?"

" ના. " સહાયતા સિવાય મ્હારાથી કાર્ય સિદ્ધ થાય એમ છે ?

" ના. " " ત્યારે માણસ ધારે તે કરી શકે–એ ખોટી વાત ? મહાવીર નેપોલીયનનું મહાવાક્ય—અશક્ય કાંઇ નથી—એ ક્ષુદ્ર વાક્ય ? "

" પ્રત્યુત્તર ન મળ્યો. "

" સેવકને કહેવામાં બાધ ? " " હા. " " કાર્ય સિદ્ધ કર્યા વિના નહિ ચાલે ? " " ના. " " ત્યારે સેવકને કહેવામાં બાધ ? " " ના. "

" સેવકથી કાર્ય સિદ્ધ થશે ? " કેમ કહેવાય ? "

" ત્યારે એના આગળ વિચાર પ્રદર્શિત કરવાથી શું ફાયદો?"

" એકથી બે ભલા—એ ફાયદો. " " આવા કાર્યમાં મ્હારા કરતાં સેવક જનની બુદ્ધિ વિશેષ પહોંચશે ખરી ! " " હા. એમાં સેવક તમારાથી ચડશે. તમારી બુદ્ધિ, વિદ્વત્તા, તમારી પાસેજ રહેશે. એ કોઇ સરળ માર્ગ ખોળી શકશે. "

" ત્યારે સેવક આગળ હૃદયનો વિચાર પ્રદર્શિત કરૂં ? " " હાજ તો. " વિગેરે મન સાથે પ્રશ્નોત્તર કરતા વ્યાપારીપુત્રે સેવકને કહ્યું—' આપણા પાડોશમાં વણીક લાલચંદ રહે છે તેની પુત્રીને તો તું ઓળખે છે. હાલ એ એના શ્વશુરગૃહ છે. ત્યાં તું જઇ બેસજે. ત્હને જોઇ, એ શું પુછે છે ? તે આવીને મને કહેજે. આ કામમાં તું ફતેમહંદ થઇશ તો હું તને સારૂં ઇનામ—આપીશ. "

સેવકે કહ્યું—"એતો આપણે ત્યાંજ રહેતી. આપ સાથે વિદ્યાભ્યાસ કરતી. આપ હમેશાં એની સાથેજ રહેતા—રમતા. હું સારી રીતે એને ઓળખું છું. એમના સસરાનું ઘર સ્વામી નારાયણના મંદિર આગળ છે. આપ જે કામ સોંપોછો, તે કામ કરવામાં કાંઇ પણ મુસ્કેલ નથી. પરંતુ મ્હારા ઉપર પછી હમેશાં મેહેરબાની રાખવી પડશે."

"કાંઇ હરકત નહિ." સેવક ત્યાંથી વિદાય થયો.

વ્યાપારીપુત્ર વિચારમાં લીન થયો. 'કદાચ વાત પ્રસિદ્ધ થશે તો શું થશે ? પણ હું નિર્દોષ છું અને નિર્દોષપણે મ્હારા મનનું સમાધાન કરૂંછું એમાં શું હરકત ? એકાંતમાં નિર્દોષપણે વાતચિત કરીશ—મળીશ—નિર્દોષ રહીશ, તોપણ જગત્ કેમ માનશે ? અને જગત્માં અપકીર્તિ થશે, તેની ત્હને પરવા નથી ?'

'ના.' 'દ્વિતીય લાભને અર્થે હું તેને મળીશ, તેનો પ્રભાવ અનુભવીશ. એની વિમલતા ચલિત જોઇ, મ્હારા જતા પ્રાણ સંસારમાં રહેશે અને અધિક્ય જોઇ, (એના સ્નેહને અર્થે) એના સ્નેહમાં

કદાચ પ્રાણ જશે, તોપણ એની વિમલતાથી, તેમજ મ્હારી પ્રીતિ શુદ્ધ હોવાને લીધે, પ્રાણની મુક્તિ થશે. સ્નેહ, પ્રાણ, સંયુકત રહેશે. ભિન્નતા જેવું કંઇ પ્રદર્શિત થશે નહિ. સ્નેહ એક સાથેજ ક્યાં કહેવાશે'—વિગેરે વિચાર કરતો, સેવક શું ખબર લાવે છે તેની આકાંક્ષાથી રાહ જોતો, વ્યાપારીપુત્ર અર્દ્ધ નિદ્રાવશ થયો.

શેઠજીની પ્રીતિ સંપાદન કરવાના લોભથી અને મ્હોટા ઇનામની લાલચથી, સેવક ત્યાંથી ઉઠી, પોતાનું નિત્ય કામ પરવારી, શેઠજીએ સોંપેલું કાર્ય સિદ્ધ કરવા નિકળ્યો. અને વણીકની પુત્રીના શ્વશુરગૃહ ગયો. બેધડક મેડી ઉપર ચઢયો. ઉપર જોયું તો વણીકની બાલાને રૂમાલ ગુંથતી જોઇ. પાસે એક, વયમાં વણીક બાળા જેટલીજ, તેની પ્રિયસખિ બેઠી હતી. તે મોજાં ગુંથતી હતી. બંનેનું કામ જોતી, પ્રશંસા કરતી, એક વૃદ્ધ સ્ત્રી, તેમની પાસે બેઠી હતી. અને ગુંથાએલા રૂમાલનો ભાગ જોતી હતી. જોઇ ખુશી થતી હતી. ખુશી થઇ પ્રશંસા કરતી હતી. 'વાહ વાહ, ઠીક ગુંથાયો છે. શિખતાં પણ વાર ન લાગી અને પ્રવીણ થતાં પણ વાર ન લાગી. આ રૂમાલનું સૌંદર્ય જોઇ, તમારા સ્વામિતો તમારાજ થઇ જવાના.'

પ્રત્યુત્તરમાં બાળા કાંઇ બોલી નહિ, અને વારંવાર પ્રશંસા પ્રબળ પ્રવાહમાં આવતાં સાંભળી,—કંટાળતી અને 'આપની કૃપાથી' એટલું છેવટ કહેતી.

ઉપર આ ક્રીયા ચાલી છે એવામાં દાદરે સેહેજ ધબકારો થવાથી, દુઃખી વ્યાપારી તરૂણની મનહર હૃદયપ્રિયા અને રંક છતાં મહા ભાગ્યવાન વણીકની રૂપસુંદરી, કમલવદની, મૃગાનયની વધુએ, દાદર ભણી દૃષ્ટિ કરી. સેવકને ઓળખ્યો--'કેમ આવ્યો હશે?' એ વિચાર મુગ્ધામસ્તિકમાં પ્રસૂત થયો. 'પ્રિયના કંઇ અમંગલ વર્ત્તમાન તો નહિ હોય ?' એ શંકા બીજા ભવમાં આવેલી મુગ્ધાના અંતરમાં પ્રદીપ્ત થઇ.

'માતા સુખિ છે? ત્હારા શેઠજી મુંબઇથી કયારે આવ્યા? એમનું શરીર સ્વસ્થ છે કે કેમ ? ' વિગેરે વર્ત્તમાન પૂછયા.

એનઃવિમલ પ્રતાપથી અંજાઇ શું બોલવું, એ સૂઝતું નહોતું અને ગભરાટ ઉત્પન્ન થયો હતો- તે આ પ્રશ્નથી શાન્ત થઇ. પ્ર-

ત્યુત્તર દીધો:

'માતા સુખીછે. મ્હારા શેઠજીને મુંબઇથી આવે એક મહિનો થવા આવ્યોછે. આવ્યા એવામાં એમને તાવ બહુ આવતો હતો. હાલ પાંચ છ દિવસથી ઠીકછે.'

ડોસીની દૃષ્ટિ, પાસે પાટલો પડયો હતો તેના ઉપર પુસ્તક અને રૂદ્રાક્ષની માળા પડેલી હતી તે ઉપર પડી. તે જોઇ કાંઇ સ્મરણમાં આવવાથી પૂછ્યું:

'વધૂ! આ અમેતો વૃદ્ધ થયાં તેથી ઠીક, પરંતુ તમારે બંનેને આજથી આટલી બધી ભક્તિ શું! હમેશાં પ્રાતઃકાળે મણીશંકરના ઉપવનમાં શિવાલય છે ત્યાં પૂજામાં આખો ભવ લગાડોછો. આજ તમારે બાળકને ભક્તિ શું? વખત આવે ભક્તિ કરજો તમને કોઈ રોશે નહિ.

પ્રત્યુત્તરમાં મહામનવાળી વધૂકે તેની સખિ કોઇ કંઈ બોલી નહિં.

એક બેવાર સેવકે હિમત ધરી સામું જોયું પણ શક્તિનો દૃષ્ટિપાત ખમાયો નહિ. એની વિમલતાપ્રતાપ સામું જોઇ શકાયું નહિ આખરે હિમત ધરી.

આજ્ઞા હોયતો જઉ ?' એમ કહ્યું. પ્રતાપી કુલ વધૂએ કહ્યું- 'ઠીક' ઉત્તરમળતાંજ સેવકે ઘરતરફ નો રસ્તો લીધો.

જેવીરીતેમિત્રં સ્વભાવ ઓળખી, બહુ વિચારપણે રાખવા આવસ્યક છે તેવી રીતે, સેવકને પણ જેમ સોનાની કસોટી કરી કરી ચોખ્ખું ગૃહણ કરાયછે તેમ સેવકની પણ સર્વતઃ કસોટી કરી રાખવા જોઇએ. કારણ બાળકમાં પણ તેના સ્વભાવ, વર્ત્તણુંક, ગુણનો વિનિમય થાયછે તેમ સર્વ માલ ખજાનો, કુટુમ્બ કબીલો, ઘર, વખતે તેને સોંપાય છે. માટે સેવકોને પ્રથમ સંપૂર્ણ રીતે ઓળખીને રખાય તો ઉચિત.

સેવક તુરત પોનાના શેઠ પાસે આવ્યો. શેઠ કાદમ્બરી વાંચતા હતા અને મહાશ્વેતાના મોહપાશથી વિરહ વેદના ભોગવતા, પુંડરીક મહાત્મા, સ્નેહના અસહ્ય ભારને નિયંત્રણ કરતાં, પોતાના પ્રાણને જાળવી શકયા નહોતા, તેવા મ્હારા હાલ શું થશે- એમ ઘડી ભર કલ્પતા હતા;અને મનથી-'પુંડરીક! હું પણ ત્હારા જેવોજ દુર્ભાગી છું' એમ અનુભવતા હતા. એવામાં સેવકજન આવવાથી ખડખડાટ

ચ્યો. દ્વાર સામું જોયું તો સેવકને જોયો.

"કેમ શું ખબર લાવ્યો ?" "કાંઇ નહિ."

"ના, ના. શી રીતે બન્યું, તે મને કહે." સેવકે પ્રત્યુત્તર આપ્યો—

"હું ગયો ત્યારે મને આપના સંબંધી, અને આપનાં માતુઃશ્રી સંબંધી સમાચાર પૂછ્યા—ત્હેના મ્હેં બરાબર જવાબ કહ્યા."

"તું ગયો ત્યારે શું કરતાં હતાં ? કોણ કોણ હતાં ?"

"રૂમાલ ગુંથતાં હતાં અને બીજાં કોઇ એમનીજ ઉમરનાં હતાં તે મોજાં ગુંથતાં હતાં. અને એક ડોસી પાસે હતી તે સિવાય બીજું કોઇ નહોતું."

"ડોસી અને એ બંનેની વચ્ચે કાંઇ વાતચીત ચાલતી હતી ?"

"હા, રૂમાલનાં ડોસી વખાણ કરતાં હતાં અને દરરોજ એ મણીશંકરના ઉદ્યાનમાં શિવાલય છે ત્યાં સેવાપૂજા અર્થે જતાં હશે, તે માટે તેમને કહેતાં હતાં કે—'આજથી તમારે ભક્તિ શું !'—એટલામાં નીચેથી સેવકને કોઇ કામકાજ પ્રસંગે બોલાવ્યો,—તેથી એટલું કહી, તે નીચે જઇ કામમાં પ્રવર્ત્ત થયો. સેવક ગયો એટલે પોતે વિચારપુરમાં વહેવા લાગ્યો.

"ખરેજ, બાળા ! ત્હેં ત્હારી શક્તિ ઉપરાંતનું કામ કર્યું છે. ત્હારો ભક્તિભાવજ દર્શાવે છે કે ત્હારૂં મન નિરૂત્સુક છે, છતાં પરોપકાર અર્થે, સર્વના સુખ અર્થે, ઉત્સુક બનાવે છે !"

"ઉદ્યાનમાં મને એની સાથે વાતચીત કરવાનો પ્રસંગ મળશે—સર્વતઃઇચ્છાનુસાર એના હૃદયનું અધ્યયન કરવા પુષ્કળ અવકાશ મળશે—માટે પ્રાતઃકાળ થતાં ત્યાં જાઉં."

પ્રવાસી જનને કાલે સવારે પ્રવાસ શરૂ કરવાનો હોય, તેથી નિદ્રા ન આવે; વિદ્યાર્થીને જેમ પ્રાતઃકાળે પરિક્ષાના પરિણામના સમાચાર મળવાના હોય; ખોયેલો કારભાર પુનઃકારભારીને મળવાનો હોય અને પ્રાતઃકાળ થવાની ત્વરીત ઇચ્છા અને હર્ષમાં નિદ્રા ન આવે—તેવું વ્યાપારીપુત્રને આજ થયું.

પુત્રની માતાને સેજ નવ વાગતાં નિદ્રા આવે, તેમાં આજ દશ ગણ્યા, અગીઆર ગણ્યા અને બાર પણ ગણ્યા; બાર વાગતાં મહાપ્રયાસે નિદ્રા આવી, તે પણ દુષ્ટ સ્વપ્નને લઇનેજ—'પુત્રને-

ઘણોમંદવાડ થઇ ગયો છે મરણ પથારીએ છે. ડાકટરોએય કહ્યું કે હવે ઘડી બે ઘડી છે તેની મરણ પથારી આગળ ચાર દીવ્ય પુ-રૂષને અતિ ક્રોધ યુક્ત જોયા—અને જાણે પોતાને કહેવા લાગ્યા કે દુષ્ટ માતા ! ત્હેં ત્હારા સુકુમાર પુત્રના આ હાલ કર્યા કે ? વત્સલ માતાએ છેતરટ આજ કર્યું કે ? ત્હને ખબર નહોતી કે એ ત્હારેજ માટે અસહ્ય શોક ભાર સહન કરે છે ? અને એ સહન કરતાં કોઇ દિવસ એની આ સ્થિતિ ત્હારે જોવી પડશે ? અને સ્વપ્નમય સંસાર ત્હેં વ્હાલો કર્યો ? જ્ઞાતિનો બાદ ન આવે એવું નહોતું છતાં કેવળ પ્રતિષ્ઠા અને સ્થિતિ જોઇ પુત્રને દુઃખી કર્યો. કદાચ એનો પિતા લાલચંદ જુગારથી પ્રતિષ્ઠાહીન અને દ્રવ્યહીન હતો પરંતુ તેની પુત્રીતો વિદ્યામણી હતી ? ત્હારી પણ થોડા દિવસમાં એની પાછળ આવીજ સ્થિત થવાની છે'—આ મહાન ભયંકર સ્વપ્નમાંથી તે—'શિવ ! શિવ ! શિવ ! કહેતી એકદમ જાગી ઉઠી. હે ! પ્રભુ ! આ શું ભયંકર સ્વપ્ન ! ઇશ્વર એનું રક્ષણ કરો'—એમ બોલતી માતા હૃદયફાટ રૂદન કરવા લાગી.

પાસે સુતેલો સેવક—' બાઇ સાહેબ, શું છે ? શું થયું આપને ? ' એમ કહેતો જાગી ઉઠયો.

કાંઇ નહિ, કાંઇ નહિ—' કહેતી માતાયે પૂછયું:—' ભાઇ ક્યાં છે ? "

" બાઈ સાહેબ, એ તો સુતા છે. " ઠીક કહી માતા સુતાં.

પ્રાતઃકાલ થતાં, વ્યાપારીપુત્રે પ્રાતઃકાલ ઉચિત ક્રીયા ત્વરીત મને, શૂન્ય ચિત્તે કરી, શહેર બહાર, મણીશંકરના ઉદ્યાન તરફનો પંથ પકડયો અને શહેરના પુનઃદર્શન થશે કે નહિ '—એના સંકલ્પ વિકલ્પમાં—પ્રિયાદર્શન થશે એ આનંદાબ્ધિમાં વહેતો, પંથ કાપતો વિચિત્ર વ્યાપારીપુત્ર એકલો ચાલ્યો. વિચારની લ્હેરમાં માતુઃશ્રીની આજ્ઞા લેવી પણ ભૂલી ગયો.

પ્રાતઃકાળ થતાં, હમેશના નિયમ મુજબ વણીકની સ્ત્રી અને તેની પ્રિય સખિએ પૂજાને ઉચિત સર્વ સામગ્રી લઇ ઉદ્યાનના શિવાલય તરફ જવાની તૈયારી કરી.

અજ્ઞ વણીકે કહ્યું—' આ જોને અત્યારથી ભગતાણી થઇ ગઇ છે ? આવા નિત્ય ઉઠીને ચાળા શું ? "

' પ્રાણનાથ ! આપની સેવા તથા ગૃહકાર્યમાં અડચણ ન આવતાં, હું ઇશ્વર સ્તવન કરૂં છું તેમાં શું બાધ ? છતાં આપને અનુચિત લાગતું હશે તો હું તે પણ છોડીદઇશ કાલથી નહિ જાઉં.' એમ કહી હૃદય ભરાઇ આવવાથી, તે સખિ સાથે ચાલી. ઉધાનમાં જઇ, ન્હાઈ ધોઇ પુષ્પ ચુંટી લાવી, શંકરની આજ છેલ્લી પ્રાર્થના કરતી હોય, ' કાલ તો પ્રાણનાથ રજા આપશે નહિ' —એમ કહિ હૃદયનો સર્વભાર, ઉભરો, શંકર આગળ હલકો—ખાલી કર્યો. અંતે રોઇ પડી અને જળને બદલે શિવલિંગને અશ્રુસ્નાન કરાવ્યું. શીઘ્ર કરૂણાર્દ થયા. અને–' હવે તને સહન વધારે નહિ કરાવું'— એમ આશ્વાસન–શાંત્વન આપી, એક પુરૂષને તેનું મહત્વ નિહાળાવા મોકલ્યો. અશ્રુસારતી દુઃખી બાળાને જોઇ, તે કહેવા લાગ્યો. " ચંદ્રમુખી! આ યુવાવસ્થાનો બંધુ મદન, અને ત્હેને નવ નવા નાચ કરાવનાર રસવૃત્તિ, આ મન અને શરીરને, અનિવાર્ય કરી, બલાત્કારે તેમની અવદશા કરી આપના દર્શનથી સત્કારથી, શાંત પમાડવા આપની સમક્ષ આણ્યાં છે માટે અનુગ્રહ કરી તેનો સત્કાર કરશો. "

"ચંદ્રની શીતલતાથી છકેલ પ્રબળ મદનને, સર્વ અનુકૂલતા શોધી, અને પ્રથમની મિત્રતાથી આપ એનો સત્કાર કરશો, એમ ધારીનેજ, આ શરીર આપના ચરણકમળ સમીપ આણ્યું છે તો તેનો અંગીકાર કરો, અને તેમાં વસતા આ દુષ્ટ મદનને કોઇ પણ પ્રકારે શાન્ત કરો, નહિતો સર્વ શરીરને એ ભસ્મવત્ કરશે"

પ્રિય તરફથી સ્વપ્ને પણ ન કલ્પી શકાય, કે વિશ્વાસુ પરિજન શ્રવણ કરાવે તોપણ ન માની શકાય–એવાં ગ્રામ્ય, દુર્વિનીત પુરૂષના જેવાં નિષ્ઠુર વચન સાંભળી, ત્હેને મહા ખેદ થયો અને ખેદમાંને ખેદમાં કહેવા લાગી.

"પ્રિય! બીજું બધું તો ઠીક, પણ આજથી આપણી મિત્રતાનોપણ અંત આવ્યો. આ બુદ્ધિ! આ જ્ઞાન! આ ભાષણ! અને મદનાધીન જીવિત પ્રીય આ શરીર હોય!"

"તરૂણાવસ્થાનો મદોન્મત મદન પ્રાણ લઇ જાય તોપણ ભલે, પરંતુ આ શરીર પ્રતિત થાય! કે કુમાર્ગે ચડે? એમ થાયતો સંસારની સુંદરતા શી રહી! આકર્ષણ શું રહ્યું! સાધારણ વિદ્જન

મુખથી પણ આવાં વચન ભાગ્યેજ નીકળે તો આ પુણ્યશ્લોક મહા-આધિન શરીરની તો વાતજ શી કરવી !"

"વળી જીવિત સમપ્રિય હૃદયમાં કોઇ સહસ્ત્રવાર ભ્રમણ થયું અને અદ્યપિ પર્યંત પણ વિમલ નિવાસ છે—એ હૃદયમાં આવાંનો અવકાશ પણ હોય ?"

" આ શરીરે જે જે સહન કર્યું છે તે બીજું કોણ કરશે ? અન્યજન એવી પરમાર્થ બુદ્ધિ શું દાખવશે? પ્રિય પ્રાણને પણ ન ગણી, અને એ બાલપણથીજ સૃષ્ટિ—સૌંદર્યની, સર્વ મોહલીલાને અસહ્યબાર સહન કરી કરી, માતૃઇચ્છાઅર્થે શરણ કરી, વૈરાગ્યમાં મિશ્રકરી—એ શું હું મૂર્ખી સમજતી નથી ! આપે જે કર્યું તેવું કોણ કરશે ? અરરરર ! આપે આટલું આટલું કર્યું, આ દુષ્ટથી શું થયું ?"

"મુંબઇ જતી વખત આપ મને કહેતા હતા કે—પ્રિયા ! તું મને ભૂલીજા, એમ મ્હારી ઇચ્છા છે. માતૃની ઇચ્છા મ્હારે માન્ય છે. મ્હારૂં હિત મ્હારે નથી કરવું—આ દુષ્ટથી આપની આટલી ઇચ્છા પણ મહામહા પ્રયત્ને સચવાઇ. બીજું મ્હારાથી શું આપનું સુકૃત થયું ?"

"અધિક, અધિક થયું ! ધન્યઆર્યા ! ધન્યમિત્ર ! ધન્યશક્તિ !"

" અરરરર ! નિર્દય ચિત ! જુલમ થયો "

" [1]થયો દારૂણ મન માન્યો, વિફળ થઇ સ્નેહની શાનો

" હવે સુકુમાર ઉર ફાટી જશે....................

" હવે ઓ ક્રુર ઉર ફાટ, અહો રાત્રી વહો ધાર

" અભાગી આ જીવ મ્હારાની................ .

એમ ત્રુટક શબ્દે રોતું હૃદય, પ્રિયાની પરીક્ષા સંપૂર્ણ કરી ચૂક્યું. " અરરરર ! ભાગ્ય હાથથીજ ખોયું. બાલ હૃદયને અતિ દુભવ્યું." ભસ્મવત્ થયેલું હૃદય,—પ્રિયાની વિમલતા, મહત્વતા જોઇ, ત્હેં છનાં કરેલો ત્યાગ, અને અસહ્ય સહન કરાવ્યું—એ વેદનામાં તેનું હૃદય ધૈર્ય ધારણ કરી શકયું નહિ, ખેદ સહન કરી શકયું નહિ.

"પ્રિય? જાઉ છું ? માતાના શું હાલ થશે ?" એટલું કહેતા કહેતામાંજ, પ્રિયનું મહત્વ જોઇ, ત્હેની અપ્રાપ્તિરૂપ દુ:ખ, અસહ્ય થવાથી, એનું સ્વભાવે સરસ હૃદય પ્રિયની પ્રભુતા જોઇ જોઇ, ક્ષીણ

---

૧ સરસ્વતીચંદ્ર.

થયેલું (હૃદય) ભ્રમરના આઘાતથી પુષ્પ મુફુલ ફાટી જાય તેમ ફા ટી ગયું."

આ જોઇ, વિચિત્ર સ્વરૂપે—'પ્રિય! આમ શું! આમ શું! આ શો કોપ!' એમ પોકારતું, પ્રિય પ્રેમ પૂર્ણ પ્રવાહમાં સ્ફુરતાં:—'પ્રાણાધાર નથી ખમાતું! આ દુષ્ટથી આપના આ હાલ થયા?' એમ કારમી ચીસ પાડતું હૃદય, અસહ્ય ભાર અનુભવતું, એક પણ અશ્રુવિના પ્રિય શવના શરીરપર ઢળી પડયું અને પ્રિયને જઇ મળવા, પ્રિયને શોધતું, પ્રિયની પાછળ દેવલોકમાં પ્રિયપાસે ગયું; અને અંતે કોઇ શ્રાપ દોષ પુરો થતાં, વણીકબાલાને, કુદરતથીજ ઉત્પન્ન થયેલા પ્રેમ સાથે કુદરતે યુક્ત કરી.

સાથે આવેલી સખિ આ બનાવ જોઇ, સ્તબ્ધ થઇ ઉભી રહી. ગભરાટમાં પડી. ખિવિયોગ દુઃખ ભોગવવા લાગી. આખરે નરમ બની, દીન બની, નિઃશ્વાસ નાંખી અશ્રુપાડી, 'ઇશ્વરને ગમ્યું તે ખરૂં' એમ પશ્ચાતાપે કલ્પી, સ્વસ્થ બની, હિંમત ધરી ઉદ્યાનના માળીને બોલાવી સર્વ હકિકત વિદિત કરી; અને બંનેનાં સબની સંભાળ રાખવાનું કહિ પોતે દુઃખી અંતરે બંનેનાં સગાં વાહૃલાંને ખબર આપવા ગઇ.

વ્યાપારીપુત્રની વિધવા માતાને આ અમંગલ વર્તમાનથી વજ્રપાત જેવું થયું. 'હાય હાય! રાત્રીનું દુષ્ટ સ્વપ્ન વસ્તુતઃ નિવડયું.'

'અરરરરર! હવે શું કરૂં? મ્હારાજ હાથથી બંનેના પ્રાણ ગયા.'

'પ્રિય પુત્ર! હું તમારો વિમલ, દૃઢ સ્નેહસમજતી હતી પણ એ સ્નેહ તમારી છેક આ અવદશા કરશે, એ મને ખબર નહોતી. હવે શું કરૂં? નિરૂપાય મ્હારી શી ગતિ થશે? આ સ્થિતિ થઇ અને વળી શું થશે? વિદ્યાસંસ્કારી હોવા છતાં મ્હારાથી આ કૃત્ય થયું તો અજ્ઞ જનનો શું દોષ કાઢવો.'

ખરેજ! આપણા દેશના કેટલાક સુધારાની સીમાયે પહોંચેલા પણ માત્ર દ્રવ્ય અને પ્રતિષ્ઠા જુએછે પણ મૂલ વસ્તુ— પાત્રની યોગ્યાયોગ્યતા જોતા નથી; તેથી અંતે શું પરિણામ આવેછે તેનું આ દષ્ટાન્તછે.

દ્રવ્ય, કુલ, સાહેબી અને અધિકારના લાલચુ સ્વાર્થી મા બાપ કેવળ પોતાનોજ સ્વાર્થ તાકે છે પુત્ર પુત્રીનો સ્વાર્થ તાકતાં ન-

થી. સરખી જોડુ શોધતાં નથી તેથી દંપતીનો સઘળો ભવ બગડે છે. કેટલાએક આપઘાત કરે છે. કેટલાએક ઝેર ખાય છે. કેટલાએક કુમાર્ગે ચડે છે. કેટલાક છાનાં ઘોર કૃત્ય કરે છે. પ્રજા બગડે છે. નબળી નિવડે છે. માતા પિતાને, સાસુ સસરાને ક્લેશ થાય છે. કંકાસ કોઇ દિવસ જતો નથી. પ્રજા શક્તિહીન થતી જાય છે. અનીતિમાં બીજાને દોરે છે. અનીતિનું દૃષ્ટાન્ત આપે છે સર્વ સ્થળે પ્રચલિત કરે છે. દંપતી સ્નેહ, આત્મહિત, લોકહિત, પરહિત, અને દેશહિતનો લોપ થાય છે. સ્વદેશાભીમાન રહેતું નથી. વળી બાળ લગ્નનો પણ અતિ અધમ રીવાજ છે. બીચારાં મુગ્ધ બાળક-સંસાર હવા પાણીનું તો સ્વપ્ન પણ ન હોય—તે વિધવા થાય છે. યોગ્ય ઉમર થયા વિના, ઘર સંસારમાં પડી, માણસો અલ્પાયુષી, નિર્બળ થતા જાય છે. દવા અને ડાકટરના સંગી થાય છે. તેમની પ્રજા પણ તેવી નીવડે છે. 'વિદ્વાન જેવા વિદ્વાન પણ સર્વ સમજવા છતાં—પૈસો, સાહેબી, અધિકાર અને કુળ જુએ છે પણ પાત્ર જોતા નથી ત્યાં દેશોન્નતિની શી આશા બાંધવી ?

મુનિમ, ડાકટર, વ્યાપારીઓ અને વણીક સર્વને લેઇ, માતાએ ઉઘાને ગઇ. ડાકટરે સિદ્ધ કર્યું કે 'વિમલ અખૂટ પ્રેમ છતાં જૂદાઇ રૂપી તીવ્ર તાપ, અસહ્ય થતાં, આકસ્મિક પૂર્ણ વેગમાં સ્ફુરવાથી બંનેની આ સ્થિતિ થઇ છે.' સર્વાનુમતે બંનેને સાથેજ અગ્નિ સંસ્કાર દેવામાં આવ્યો.

વણીકનું ભાગ્ય સર્વત ફરી વળ્યું. થોડા વખત પ્હેલાં એના જેવો ભાગ્યવાન્ આખા જગત્‌માં કોઇ હતો નહિ, અને હવે એના જેવો ભાગ્યહીન આખા જગત્‌માં કોઇ ન રહ્યો. સંસાર પ્રવાસી માણસની ચડતી થતાં અને પડતી આવતાં પણ વાર લાગતી નથી.

શહેરમાં સર્વ સ્થળે આની આ વાત ચાલી રહી; અને શહેરમાંથી હવા સાથે દેશ દેશાવરમાં પ્રસરી ગઇ. સર્વ મુખથી એમજ નિકળવા માંડયું કે—'ધન્ય એ સ્નેહને ! મૈત્રીને ! કોઇના વિપર્ય મત પડયાજ નહિ.

દિન પ્રતિદિન કૃશ થતા માતાના પ્રાણ, પુત્ર મરણ પછી સાતમે દિવસજ પુત્રના વિયોગમાં, પુત્રની પાછળ, પુત્ર પાસે ક્ષમા માગવા ગયા.

આ નવલકથા વિદ્યાર્થી અવસ્થામાં લખાયેલી છે તેમાં કંઈ પણ ફેરફાર ન કરતાં, જેવીની તેવી, અત્ર પ્રકટ કરવામાં આવી છે તેથી વાચકવર્ગને તે નિઃરસ, નિર્માલ્ય જેવી લાગે તો—મ્હારો આ બાલપ્રલાપ લેખ—સમજી ત્હેનો અંગીકાર, સ્વીકાર કરશો. આ નવલકથામાં મ્હેં મ્હારી પ્રકૃત શકિત અને વિચાર વાપરી દીપ્તિમાન કરી હોત તો મને કેટલેક અંશે આશા હતી કે-સુજ્ઞ વાચકવર્ગના હૃદયમાં પણ માર્ગ કરી તેમનાં હૃદય દ્રવતાં કરી મૂકત;-પણ મ્હેં હાલ, મદન નવનીત—નામક રસપુરિત એક અન્ય નવલકથા લખવા માંડી છે અને તેથી વાચકવર્ગને મ્હારી પૂર્વ અને પ્રકૃત શક્તિ વિશે તૂલના થશે. ઇતિમ્.

શ્રી.

પ્રાસ્તાવિક.

आग्नर्यथैको भुवनं प्रविष्टोरुपं रुपं प्रतिरुपोबभूव ।
एकस्तथा सर्व भुतान्तरात्मा रुपं रुपं प्रतिरुपो बहिश्च ॥
सूर्यो यथा सर्व लोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्व भुतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

कठोपनिषत्.

અગ્નિ જેવી રીતે સર્વ ભુવન વિશે પ્રવિષ્ટ થઇ, ભિન્ન ભિન્ન નામ, રૂપ ધારણ કરે છે છતાં ઉપાધિ ધર્મથી રહિત પોતાના સ્વરૂપમાં તટસ્થ રહે છે; સૂર્ય સર્વને સતેજ કર્યા છતાં માનવની દોષ અદોષ અવલોકતી દૃષ્ટિથી સ્પૃષ્ટ રહે છે તદનુસાર સર્વ લોક વિશે યાવત્ નામ રૂપાત્મક ઉપાધિ છે જેની અંદર માત્ર એક અંતર્યામિ પરમાત્મા, ઉપાધિ ધર્મથી સ્પૃષ્ટ છતાં સદા અસ્પૃષ્ટ રહેલા છે. તે પ્રિય પરમાત્માને હું સપ્રેમ વંદન કરૂં છું.

यत्प्राणेन प्राणिति येन प्राणः प्रणीयते
तदेवब्रह्मत्वं विद्धिनेदं यदि दमुपासते ॥

(केनोपनिषद)

જે પ્રાણથી ચલાયમાન નથી અને જેનાથી પ્રાણ ચલાયમાન છે એ બ્રહ્મ જાણવા યોગ્ય અને ઉપાસના યોગ્ય છે એથી ભિ-

ન વાયુ આદિ નહિ.

ભિન્ન ભિન્ન શાસ્ત્રકારના ભિન્ન ભિન્ન પ્રતિપાદ્ય સિદ્ધાન્ત.

' ભાઇ ! કૃપા કરી મને સૂચવતો તો જાકે આ સર્વ ભિન્ન ભિન્ન મતમાં મ્હારે કયા મતને અનુસરવું ? '

' ન્યાયદર્શન—પરમાણુ વિના કંઇ બનતું નથી. '
' મીમાંસા ,,—કર્મ વિના કંઇ બનતું નથી. '
' સાંખ્ય ,,—પ્રકૃતિ વિના કંઈ બનતું નથી. '
' યોગ...,,— પુરુષાર્થ વિના કંઇ બનતું નથી. '
' વૈશેષિક,,—સમય વિના કંઇ બનતું નથી. '
' વેદાન્ત ,, — બ્રહ્મ વિના કંઇ બનતું નથી. '
' આ પ્રમાણે સર્વ શાસ્ત્રકારના ભિન્ન ભિન્ન મત છે. '

' ભાઇ ! એમાં કંઇ વિરોધ જેવું નથી. સર્વ શાસ્ત્રકારના સિદ્ધાન્ત માનનીય છે. સૃષ્ટ્યુત્પત્તિના એ સર્વ કારણ છે તે તેમાંના દરેક કારણને દરેક શાસ્ત્રકારે પ્રતિપાદન કરેલું છે એમાં વિરોધ જેવું નથી. '

' વળી, તૈત્તિરીય ઉપનિષત્‌માં સૃષ્ટિ ઉત્પત્તિ આકાશથી, આકાશ પશ્ચાત્ વાયુ, વાયુ પશ્ચાત્ અગ્નિ, અગ્નિ પશ્ચાત્ જલ, જલ પશ્ચાત્ પૃથિવી, પૃથિવી પશ્ચાત્ ઓષધિ, ઓષધિ પશ્ચાત્ અન્ન, અન્ન પશ્ચાત્ વીર્ય અને વીર્ય પશ્ચાત્ શરીર ઉત્પન્ન થાયછે. છાંદોગ્યમાં અગ્ન્યાદિ ક્રમથી, ઐતરેયમાં જલ, વેદમાં હિરણ્યગર્ભ, મીમાંસામાં કર્મ, વૈશષિકમાં કાલ, ન્યાયમાં પરમાણુ, યોગમાં પુરૂષાર્થ, સાંખ્યમાં પ્રકૃતિ અને વેદાન્તમાં બ્રહ્મથી જગતની ઉત્પત્તિ માની છે. આ સર્વ પ્રબંધ સ્વીકારરૂપ છે. કારણ કે જ્યારે મહાપ્રલય થાય છે અને તેમાં આકાશનો પ્રલય થતો નથી અને વાયુનો પ્રલય થાય છે ત્યારે વાયુથી, વાયુનો પ્રલય ન થતાં અગ્નિનો પ્રલય થાય તો અગ્નિથી; અર્થાત્ જે પ્રલયમાં જ્યાં સુધી પ્રલય થાય છે ત્યાંથી સૃષ્ટિ ઉત્પતિ થાય છે એ પ્રમાણે વ્યવસ્થા છે. માટે જે દીર્ઘ દૃષ્ટિ વડે મનન કરી શાસ્ત્રાવલોકન નથી કરતો તે સર્વને અપ્રમાણ માની યથા તથા બકે છે.

માનવના ભિન્ન ભિન્ન પ્રકારના અભિલાષ.

वयमिह परितुष्टा वल्कलै स्त्वंच लक्ष्म्या
सम इह पारितोषी निर्विशेषो विशेषः ।
सतु भवतु दरिद्री यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान्को दरिद्रः ॥

(भतृहरि)

विद्यते न खलु कश्चिदुपायः सर्व लोक परितोष करोयः ।
सर्वथा स्वहितमाचरणियं किंकरिष्यति जनो बहुजल्पः ॥

(जीवन मुक्ति विवेक)

આજ કાલના માનવસમૂહના કીર્તિ સંપાદન કરવાના, અધિકાર, દ્રવ્ય મેળવવાના, નામ અમર કરવાના- કેવા કેવા ક્ષુદ્ર પ્રયત્ન છે! સ્વજીવન અને કુટુમ્બ વર્ગનું પાલન થયું એમાં સર્વની પર્યાપ્તિ તેઓ અવલોકેછે. વિદ્યા, કળા-દ્રવ્ય ઉપાર્જન અને શરીર પાલન અર્થેજ ગ્રહણ કરવી, એમ તેઓ અનુભવેછે. ત્યાં દેશહિત, પરહિત અને આત્મહિતની કયાં આશા બાંધવી ?

કોઇનો અભિલાષ મ્હોટી હવેલી બનાવી અચળ નામ રાખવાનો હોયછે તો કોઇનો અભિલાષ મહાન અધિકાર મેળવી સર્વને બે હાથ ઉંચા કરાવવાનો હોયછે તો કોઇનો અભિલાષ ચારઘોડા વાળી ઘોડાગાડીયોમાં બેસી ફરવાનો હોય છે તો કોઇનો અભિલાષ દ્રવ્ય મેળવી અસંખ્ય નૃત્ય કરનારીઓને ચરણ સેવામાં રાખવાનો હોય છે તો કોઇનો અભિલાષ મ્હોટી મ્હોટી જીઆફત ઉરાડવાનો, નાત કરવાનો હોય છે તો કોઇનો અભિલાષ અનેક લલનાઓ પરણવાનો હોય છે તો કોઇનો અભિલાષ પોતાનીજ સત્તા જમાવવાનો હોય છે પણ ઓ પશુવત્ પ્રાણી! આ સર્વ મનોરથ ત્હારા ક્ષણિક છે ! વેદ, ઉપનિષદ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણ આદિનું મંથન કરી શોધ કર્ય, અને જાગૃત અવસ્થાએ તું ત્હારા મનને પ્રશ્ન કર્ય કે-હું ક્યાંથી આવ્યો ? આ બધું શું છે ? અને હું કયાં જઇશ ? બદ્ધ હું કયાં સુધી રહીશ ? સ્થુલ પ્રકૃતિના કૃત્રિમ સંગમાં હું કયાં સુધી લપટાયેલો રહિશ ? જેની સાથે હું અભિન્નભાવે રહેલો દશ્યમાન્ છું તે શું

વસ્તુ છે? અને હું નિરાશો કોણ છું? દૈવિક બનાવ ત્હને પલવાર આત્મહિત અર્થે જેવું કંઇ સ્મરણ કરાવે છે પણ પ્રકૃત દશ્ય વિષય વસ્તુ ત્હને તત્ક્ષણ તેમની પ્રતિ લઇ જાય છે. અન્યને અવલોકી ત્હને કંઇ ભય થાય છે કે શરીરથી આત્માને પ્રથક થતાં શું દુઃખ થાય છે? પુરૂષાર્થને સર્વ કંઈ સાધ્ય છે. પુરૂષકારવડે યુધિષ્ટરસમ સાર્વભૌમ ચક્રવર્તી માહારાજા થા. અર્જુન જેવો બાણાવળી થા. હરિશ્ચન્દ્ર જેવો સત્યવાદી થા. ભીમ જેવો બલવાન થા. કરણ જેવો દાનેશ્રી થા. ધ્રુવ જેવો સ્થિર થા. અભિમન્યુ અને પૃથીરાજ જેવો શુરવીર થા. પ્રતાપ જેવો નિશ્ચલ થા. જગદેવ જેવો વિમલ થા. વિદેશીયના પાદાક્રાંતમાં ચરણની તૂલ પરવશ રહેલો, સ્વભૂમિ ઉત્કર્ષહીન તું તથા એનો ગર્વ ધરાવે છે? દર્પણમાં મુખ જોઇ, શું નિહાળી તું ગૌરવમાં તણાય છે? સ્વભૂમિને પરતંત્ર કરી દાસની પેઠે પરતંત્રના ભોગવવી અને વળી ગૌરવ સાથે મુછપર હાથ મુકવો, પુરૂષાર્થ હીન થઇ કલયુગપર આરોપ મૂકવો,– આ, કૃતિને કોઇપણ શાસ્ત્ર કે પુરાણમાં ક્ષત્રીય, આર્ય કૃતિ નિરૂપણ કરી નથી. ત્હારા પુરૂષાર્થેજ કલિયુગને સ્વાધીન કર્યો છે. કલિયુગ ત્હને સ્વાધીન કરી શકયો નથી. 'આજ વખત કેવો છે'–રટતા હીન મૂઢ આર્યો એ વખત આણનાર કોણ પુરૂષાર્થજ છેને! ત્યારે ત્હારૂં શ્રેય કરનાર પણ એ પુરૂષાર્થજ છેને! ત્હારો પુરૂષાર્થજ કલિયુગની મૂર્તિ છે. ઇંગ્રેજનો પુરૂષાર્થ કેમ કલિયુગની મૂર્તિ નથી–તેઓ પુરૂષાર્થવડે મહાન મહાન વિજય મેળવે છે અને આપણને દૃષ્ટાંત આપી ઉપકૃત બનાવે છે માટે કૃત્રિમ અપવાદ મૂકવા શું પ્રયોજન છે? આર્ય! પુરૂષાર્થ કર્યે સતે નિષ્ફળતા પ્રાપ્યને અસ્તોદયના ચક્રપ્રભાવમાં કલ્પી પુરૂષાર્થ પ્રવાસી થા. પુરૂષાર્થી પુરૂષનું તન કષ્ટમયી, કષ્ટ સહ્ય હોવા છતાં તેનું હૃદય આનંદોત્સાહથી વિકસિત હોય છે.

કદાચ ભર્તૃહરી જેવી ત્હારા ચિત્તની સ્થિતિ થઇ હોય તો, શંકરાચાર્ય અને દયાનંદ સરસ્વતી કયી ભૂમિપર નિપજ્યા, તેનું સ્મરણ કરી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સૂચિત ધર્મ ઉત્કર્ષી ધર્મસ્થથા. તેના પુરૂષાર્થ અને તેની કૃતિનું અનુકરણ કર તેના સિદ્ધાન્ત, આશયનું તેના પુસ્તકમાંથી સંશોધન કર. મનુષ્યજીવનને,–પેટ ભરી કૃત્રિમ ભોગ વિલાસ કરી, કૃત્રિમ ગૌરવ આણી, પશુજીવન જેવું શા માટે કરે છે–બનાવે છે. પુરૂષાર્થહીન જીવન જન્તુ સમાન છે.

નીતિ સદાચારના પાલન સાથે ગૃહાશ્રમનું પાળ. અધિકાર મેળવ. દ્રવ્ય મેળવ. વ્યવહારનું પાલન કર—ત્હેની ના કોનાથી કહેવાય એમ છે? પરંતુ સ્વપ્નવત તું ત્હને ઓળખવા કાંઈ પણ પ્રયાસ કરતો નથી કે જેમાં ત્હારૂં ચિરજીવ હિત રહેલું છે; અને ક્ષણિક વિલાસમાં નિમગ્ન થઇ પશુ બને છે. આત્મચિત્તસાથે અક્ષય વિલાસ કર. મૈત્રી પણ તેની સાથે સાધ. આત્મદર્શક થયું તો ચક્રવર્તી સાર્વભૌમ માહારાજા પણ ત્હારા આગળ કંઇ વિસાતમાં નથી. મહારાજા ! તમે તો લક્ષ્મીરૂપ તિમિર વિષપાશમાં સપડાયેલા છો. તમારે નિર્ભિમાન થવું અતિ કઠિન છે પણ ભર્તૃહરીના આ શ્લોકને કંઠગૃહ કરી સદૈવ મનનશીલ—પાકે રાખજો—

लाङ्गूलचालनमधश्चरणावपातं भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्ड दस्य कुरुते गजपुङ्गवस्तु धीरंविलोकयतिचाटुशतैश्चभुङ्क्ते॥

भर्तृहरि.

૧સેવ્યજનો ! બોલતાં, ચાલતાં, કાંઇ પણ કરતાં, પ્રતિપળ લક્ષમાં રાખજો—ભૂલશો નહિ—કે તમારા ક્ષુદ્રમાં ક્ષુદ્ર સેવકો પણ તમારા જેવાજ માનવી છે—તમારા જેટલીજ સ્વતંત્રતાના વારસ છે—તમને ઇશ્વરે ઉપલે માળ બેસાડયા તે નીચલા માળવાળાને કચડી નાંખવાને નહિ ! સેવકોને શ્વાનની પેઠે નહિ પણ હસ્તીની પેઠ રાખજો.

મનુષ્ય જ્યારે આપત્તિશાળાનો અનુભવાર્થી, સંસ્કારી થાય છે અને એમાં પળોટાય છે ત્યારેજ પ્રારબ્ધશીલ, નિર્ભિમાન થાય છે અને જ્યારે નિર્ભિમાન થાય છે ત્યારેજ, यथार्थ दर्शनं ज्ञानमिति—જેવું કંઇ દર્શન થાય છે—અનુભવે છે.

બ્રાહ્મણ અને ક્ષત્રીય વચેનો સંવાદ.

બ્રાહ્મણ—“ક્ષત્રીયપુત્ર ! (ભાભા) આપે શસ્ત્રકલાનેતો તદન વિસારીજ મૂકી ? क्षतात त्रायते सो क्षत्रीयः આ વ્યાખ્યાનું રહસ્ય પરવશતામાંજ અનુભવ્યું ? જ્યાં શિપના સદ્દા સમાપ્ત થયા, સ્ત્રી સ્થાન પુરૂષવર્ગે દીમિમાન કર્યું અને પુરૂષસ્થાન સ્ત્રી વર્ગે દબાવી પડયો, ત્યાં ક્ષત્રીય વ્યાખ્યાનુ ક્યાં પ્રયોજન રહ્યું ? મુગ્ધબાલાઓના સમૂહમાં નિવાસ કહોને અપ્રિય લાગે? વારાંગનાઓનું નૃત્ય કહોને સ્વવશ ન ક-

રે ? નવનીત, મદલેખા, કુમુદ, ચંદ્રલેખા, સાગરિકા આદિ પ્રિયત્તમા- થી વિમુખ વિલાસ અને અન્ય ચેષ્ટા કોણ ઇચ્છે ? નૂતન ભોજન, નૂતન અલંકાર, નૂતન લાવણ્યરસમાં કોણ પ્રવૃત્ત ન થાય ? ઘોડા ગાડીયો, મ્યાનામાં વિચરવું કહોને શ્રમરૂપ અને અપ્રિય લાગે ? સ્વપ્રશંસા પ્રતિ કહોને ભાવ ન થાય ?:—શું આ સર્વ વૈભવની રક્ષા અર્થેજ ક્ષત્રીય ધર્મનો અનાદર કરી,—સમો વરતે એ સાવધાન—એ ઉક્તિ- ને સ્વીકારી, શરીરે પુરૂષવસ્ત્ર ધારણ કર્યા છતાં મનનો શૃંગાર કં- કણ આદિનો ધારણ કરી, ધીર, વીર, ક્ષાત્રધર્મને કલંકિત કરો છો? ક્યાં ગયું તમારૂં નિષ્કંટક સ્વાતંત્ર્ય? ક્યાં ગયું તમારૂં પ્રજાગૌરવ ? ક્યાં ગયું તમારૂં રણ, શસ્ત્ર, અશ્વ–ચાતુર્ય ? ક્યાં ગયુ તમારૂં પ્રભુ- ત્વ? ક્યાં ગયું તમારૂં પરતંત્ર સ્થાને શાન્ત, બંધમાન ન રહેતું પા- રદ, વિદ્યુતરૂપ ક્ષાત્રશોણિત ? આહા ! ક્ષત્રીયને અલંકૃત કરતું ક્યાં અસ્ત, અદૃશ્ય થયું તમારૂં સાર્વભૌમ ચક્રવર્તી રાજ્ય? શું વૈશ્ય પ્ર- કૃતિસ્થ ઉચ્ચ, શાન્ત, સત્તાયે વસ્તુતઃ તમને વૈશ્યપદનોજ અભિ- ષેક કર્યો ? શું કળાયે તમારૂં શૌર્ય હરી લીધું ? આહા ! ક્ષત્રીય શુ- રતો કળાવતીને પણ વશ નથી થયા ? આહા ! જ્યાં કળાયે કળા કરી, તમને કળી લેઇ, કળાચઢાવી, ચાર આંખ્યો આવવાની વિદ્યા નિ- મિત્ત યોજી, કળાકિરણમાં અંધ અને શુન્ય કરી દીધા, ત્યાં અર્જુન, ભિષ્મ, ભિમ, કરણ, હરિશ્ચન્દ્ર, પ્રતાપ, પૃથિરાજ આદિનું સ્વપ્નમાં પણ પ્રભાકિરણ ક્યાંથી પ્રવેશી શકે ? એજ પાશ્ચાત્ વેષી કલા આર્યાવસ્ત્રાભુષણથી સજિત, અથર્વ વેદ અને શિલ્પશાસ્ત્ર આદિમાં ક્યાં દર્શનીય નથી ? પરંતુ વિશેષ પરિશ્રમના વ્યાપારમાં વ્યાપૃત થઇ, સ્વદેશીય આર્યાના [1] દર્શન કરવા કોણ ઇચ્છે ? આહા ! શું સમય ! સેવ્ય તે સેવક અને સેવક તે સેવ્ય ! શું ક્ષત્રિય પણ ભિક્ષુક, દીન, પાર્થીક અને પરતંત્ર? શું ધર્માદા વર્ષાસન જાળવી રા- ખવામાંજ આજકાલ શૌર્ય રહ્યું ? ભૂલો છુપાવવામાં અને પ્રકટ થા- ય તો ક્ષમા યાચવામાં ગૌરવ રહ્યું ? શું પોતાના કૃત્રિમ સ્વાર્થ વિ- લાસની રક્ષાઅર્થે બલ વિશિષ્ટાની આજ્ઞાનુકૂલ અને સત્તાહીન સે- વકને ધુરકાવી તેમનાપર દાબ પાડવામાંજ શૌર્ય રહ્યું? શું ગયેલા મા- ટે અશ્રુ સારવામાંજ શૌર્ય રહ્યું ? શું સૌ બ્રાહ્મણ થાય, વૈશ્ય થાય કે

---

૧ કળાના.

શુદ્ર થાય તેનું નામજ શાર્ય? શું કલયુગી ક્ષત્રીય શાર્ય,—લક્ષ્મીના ભંડાર ખાલી કરી, તે સ્થાને એ, બી, સી, ડી, અક્ષરોનો સંગ્રહ અને એ અક્ષરને શરીરપર ધારણ કરવામાં અને શેઈકહેન્ડ કરવા-માંજ (શાર્ય) રહ્યું ?"

"આર્યાવર્ત્ત ! ત્હારી આ શી દશા ! ત્હારો ગર્ભ આવો ક્યા-થી ?"

ક્ષત્રીય—"બ્રહ્મ ! આપ એટલા બધા તપાયમાન શા માટે થાઓ છો ?કેટલોક આપનો દોષ છે અને કેટલોક અમારો દોષ પણ છે. આપે બ્રહ્મવિદ્યાનો ત્યાગ કર્યો તો અમે ક્ષત્રીય વિદ્યાનો ત્યાગ કર્યો, પરંતુ સત્ય પૂછો તો સમય બલવાન છે. સમયાનુકૂલ વર્ત્તન ડાહ્યા મનુષ્યનું છે. વળી—ઐક્યરહિતા ઉપર ઐક્યવિશિષ્ટા કેમ અધિકાર ન કરે ? જે સમયને અનુકૂલ જે વિદ્યા શિખવી ઘટીત હોય તે વિદ્યા ગ્રહણ કરવી વિવેકધર્મ છે કારણ કે—

प्रारब्ध मुत्तमजना न परित्यजन्ति ।

[illegible] ત્યાગ કરતા ન-થી, પરંતુ—

निर्वाहः प्रतिपन्न वस्तुषु सत्तामेकं हि गोत्र व्रतम् ।

પ્રાપ્ત વસ્તુનો અંત સુધી નિર્વાહ કરવો અને અન્યરીતે ન વર્ત્તવું એજ સત્પુરૂષનું કુલ વ્રત છે."

બ્રાહ્મણ—" શું સમયાનુકૂલ વર્ત્તનને અનુસરી ક્ષાત્રધર્મને અસ્ફુરણરૂપ પાળી શકાતો નથી ! પરંતુ દૃશ્યેક અદૃશ્ય પ્રધાનવસ્તુ તો જોઇયેજ. ક્ષાત્રધર્મ, રાજધર્મને અવલંબીને સર્વ વૈભવ દીપ્તિમાન છે. હા, આ સમય કદાચ શાંતિનો હશે. માટે શું તમારા ક્ષત્રિય ધર્મને ઉચિત, વિદ્યાને પણ છેલ્લા નમસ્કાર કરવાનું ધાર્યું ? વિદ્યાનો સમયઆવે ઉપયોગ કરવો એટલે શું ક્ષત્રીય ધર્મને ઉચિત વિદ્યાનું શિક્ષણ પણ ન લેવું ? જે પ્રતાપી માહારાણીનો ત-મારાપર ઉપકાર છે, સર્વત્ર શાન્તિ પ્રસારી તમને શાન્તિસાગર બ-નાવ્યા છે તેના ઉપયોગ અર્થે પણ તમે ક્ષાત્રવિદ્યા રહિત શું આવશો ? અસ્તુ. આજકાલના સુધારકો નવનવા વિદ્યા, કલાનામંદિર, આલયો ખુલ્લા મુકવા તરફ ઝુકેલા છે પરંતુ દીલગીર કે ઇચ્છાનુકૂલ ચિત્તને ધનુર્વેદનું શિક્ષણ આપવાની શાળાઓ, તેમજ જ્યાં શાળાઓ

હોય ત્યાં ઉક્તચિત્તને પ્રવૃત કરાવવાપ્રતિ તેમનું લક્ષ્ય, અરે સ્વપ્ન ક્યાંથી હોય? અફ્શોશ કે કેટલાક તો ધનુર્વેદનો અર્થ પણ નહિ જાણતા હોય! આવી ધીર, વીર, શુરી, આર્યાવર્ત્તીયસેના, આર્યાવર્ત્ત* નો અન્યરણ ધીરવીર જાગતાં કોણ જાણે મહારાણીને કેટલુંયે બાહુ બળ આપી દાળદર મારે? આશ્ચર્યજનક વાર્ત્તા એ છે કે આર્યાવર્ત્તીય દળ જ્યાં વળ્યું ત્યાં વળ્યુંજ, હૃદય ચક્ષુનું શું કામ છે? વક્તૃત્વ શક્તિતો અનિવાર્ય થઇ, સ્વાતંત્ર્ય, સ્વપ્ન સમુદ્ર તરંગની પેઠે સ્વચ્છન્દ વેહવા ઇચ્છેછે, પરંતુ હું પણ આર્યાવર્ત્તીય વસ્તીમાંનો એકછું, શૌર્ય ક્યાંથી લાવું? માટે અત્રજ વિરમું છું. એવો સમય ઇશ્વર નજ લાવે, અને કદાચ એવો સમય આવે તો, મારા જેવાતો પુસ્તક બુસ્તક હાથમાં હોય તે આડું ધરશે, અને એથી પણ કૃપાળુ મહારાણીને વિશેષ સંતોષ સામગ્રી અર્થે —અમે ઇશ્વર માગીયે એટલું, પુરો હૈડામાં પામીયે હર્ષ જીવો વિકટોરીયા—આમ સ્તુતિરૂપ સહાય આપશે અને તમો સૌ ક્ષત્રીય, વશ્ય, શુદ્ર ભાઇઓ પણ સ્ટીક, સ્ટોકીંગ, પેન્ટલુન, કોલર, સ્પેકટેકલ, વિગેરેથી ઠાઠમાઠમાં ફ્રેસ રહેજો, આજકાલનો સમય બહારનોજ દીમાક (રોફ) રાખવાનો છે કારણ કે પરાધિનતામાં અંતઃસત્ય દીમાકની જરૂર પડતી નથી."

જો અધિકારી હો, અને જ્ઞાન—સમૃદ્ધિ નિત્યાનંદમાં વિચરવું હોય તો અકાર—બ્રહ્મથી રેચકરૂપ ઉત્પત્તિ એજ સૃષ્ટિ—સૌન્દર્યની ઉત્પત્તિ. ઉકાર—વિષ્નુથી કુંભકરૂપ સ્થિતિ સ્થાપકતા એજ સૃષ્ટિ—સૌન્દર્યની સ્થિતિ, અને મકાર—શિવથી પુરકરૂપ પ્રલય, અને શેષ જે અર્દ્ધમાત્ર તુર્યાતીત વિદેહ મુક્તિપદ એજ મહાપ્રલય."

"યજમાન શ્રી! કઠિન પણ હિતકર કહ્યું છે, છતાં તેથી કંઇ આપને માઠું લાગ્યું હોય તો આજકાલ ક્ષમાનું યાચવું અને ક્ષમાનું સ્વીકારવું સ્થળે સ્થળે જોવામાં આવે છે."

એટલું કહિ, બ્રાહ્મણે ક્ષત્રીયની અનુજ્ઞા માગી પોતાના ગૃહપ્રતિ પ્રયાણ કર્યું, અને સંવાદની પૂર્ણાહુતિ થઇ.

---

* આર્યાવર્ત્તથી આકર્ષાઇ, તેને સંપાદન કરવા પ્રયાસ કરનાર.

નેપોલીયનનું મહાવાક્ય–'અશક્ય કાંઇનથી'.

પુરૂષાર્થે કરી પુરૂષત્વ મેળવી મનુષ્ય પુરૂષ બનેછે ત્યારે ત્હેને અશક્ય જેવું કંઇ રહેતું નથી. પ્રાપ્ત, અપ્રાપ્ત, રાગદ્વેષ સર્વ એને પ્રાપ્ત થાયછે છતાં અસ્પૃષ્ટ રહેછે. કારણકે અપૂર્ણ વસ્તુદર્શન એનામાં નથી તેથી કોની પ્રતિ રાગ થાય? અને વસ્તુસ્વભાવ જાણેછે તેથી કોની પ્રતિ દ્વેષ થાય? (અને) રાગદ્વેષ જેનાંમાં શાંતપણે અસ્પૃરિત વસેછે તેનેશું અપ્રાપ્ત કે ચિરજીવ્ નથી?

यत्किञ्चिदुदितं लोकेयन्नभस्यथवा दिवि ।

तत्वसर्वंप्राप्यतेरामरागद्वेषपरिक्षयात् ॥ योगवासिष्टम्.

આતો નિષ્કામ વૃત્તિદર્શન—પણ નેપોલીયનનો આશય તો સકામ વૃત્તિદર્શનમાં છે—એટલે કે પુરૂષાર્થ અને જ્ઞાને કરી મનુષ્ય ધારે તે કરી શકે છે—એ કહેવું પણ યથાર્થજ છે.

કારણ કે—सर्वमेवेह हि सदा संसारे रघुनन्दन ।

सम्यक् प्रयत्ना त्सर्वेण पौरुषात्समवाप्यते ॥ (योगवासिष्ट)

હે રઘુનન્ન રામ! આ સંસારમાં યોગ્ય પ્રયત્નથી અને પૌરૂષથી નિશ્ચય સર્વે (જનોએ) સર્વ (પદાર્થ)સારી રીતે એ સદા પમાય છે.

યજુર્વેદમાં પણ કહેલું છે કે—कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छत समाः તાત્પર્ય એજકે મનુષ્ય પુરૂષાર્થ હીન ન રહે—એટલે સિદ્ધ થયું કે સર્વ કાર્યની સિદ્ધ પુરૂષાર્થમાંજ છે.

સર્વત્ર પૂર્ણ હોવાથી પરમાત્માનું નામ પુરૂષ છે અને શરીરમાં શયન કરવાથી જીવનું નામ પણ પુરૂપ છે. य.स्वव्याप्तया चराचरं जगत् पृणाति पूरयति वास पुरुष:

ઐક્ય.

ओ३म् सहनाववतु–सहनौ' भुनक्तु सहवीर्यं' करवावहै ॥

तेजस्विनाव धी'तमस्तु । माविद्विषावहै । ओ३म् शान्तिः

शान्तिः शान्तिः ॥ १ ॥

(તૈત્તિરીય અરણ્યકના નવમા પ્રપાઠકનો પહેલો અનુવાક)

(सहनाववतु)હે સર્વ શક્તિમન! હે [illegible]! આપની કૃપા, રક્ષા અને સહાયથી અમે પરસ્પર [illegible]

नोमुनक्तु) અને અમે સર્વ પરમ પ્રાતિથી અભિન્ન થઈ સર્વથી ઉત્તમ ઐશ્વર્યને, આપના અનુગ્રહે કરી, સદૈવ ભોગવીયે; (सहवी.) હે કૃપાનિધિ ! આપની સહાયતાથી અમે સર્વ પરસ્પરના સામર્થ્યને પુરૂષાર્થ કરી સદૈવ વૃદ્ધિ કરતા રહિયે; (तेजस्वि.) હે પ્રકાશમય ! હે વિદ્યાદાતા પરમેશ્વર ! આપના સામર્થ્યથી અમ સર્વની વિદ્યા તથા તેની પ્રાપ્તિ અર્થે લીધેલો શ્રમ સર્વ સંસારમાં પ્રકાશને પ્રાપ્ત થાય અને અમારી વિદ્યામાં સદાવૃદ્ધિ થતી રહે; (माद्वि,) હે પ્રીતિ ઉત્પાદક પરમેશ્વર આપ કૃપા કરી અમને એવી સન્મતિ આપો કે જેથી અમે એક બીજાથી વિરોધ ન રાખતાં પરસ્પર મિત્ર ભાવથી સદાવર્તીયે; (ओं शान्तिः) હે ભગવન ! આપની કરૂણાથી અમે ત્રણ કલેશ કે જેમાં પ્રથમ (આધ્યાત્મિક.) જ્વરાદિ રોગોથી; તેમજ રાગદ્વેષ અજ્ઞાનતાથી શરીરમાં પીડા થાય છે તે; દ્વિતીય (આધિભૌતિક.) શત્રુ, વ્યાઘ્ર સર્પાદિ ક્રુર પ્રાણીયોથી પીડા થાય છે તે, અને ત્રતીય (આધિદૈવક.) અતિવૃષ્ટિ, અતિશીત, અતિ ઉષ્ણતા, મન, ઇન્દ્રિય આદિના વિકાર, અશુદ્ધિ અને ચંચલતાથી કલેશ થાય છે તે:—આત્રિવિધતાપને આપ શાન્ત અર્થાત્ નિવારણ કરશો કે જેથી અમ સર્વ એકમત થઇ સદ્વર્તનથી ચાલી પુરૂષાર્થ કરી કૃત્ય્ કૃત્ય્ થઇયે.

ઇશ્વરસ્તવન પશ્ચાત્ આપ્ત અથાત્ યથાર્થ વકતા. ધર્માત્મા પુરૂષને હું સપ્રેમ સવિનય વંદન કરૂં છું.

પ્રિય સુહૃદ આર્ય !

આજનો દિવસ કેવો શ્રેયસઃઅને રમણીય પ્રિય છે કે જે મંગલ, કલ્યાણપ્રદ દિવસે, હું, મ્હારા આર્યાવર્ત્તીય ગૃહસ્થ આર્યવર્ને ધર્મ, નીતિ આદિ વિષયમાં પ્રવૃત, અવિચ્છિન્ન વહેતા, મનન કરતા, દૃષ્ટિગોચર કરી, મારી દૃષ્ટિને કૃત્ય કૃત્ય થઇ અનુભવું છું. આજનો દિવસ કેવો નિઃશંક ઉપકૃત છે કે સર્વ મહાશયના મન, સાગરમાં રમતી ઉર્મીઓ તુલ્ય, ધર્મોન્નતિ, દેશોન્નતિ, આત્મઉન્નતિ પરત્વેના સદ્વિચાર સહૃદયમાં રમવા લાગ્યા છે. આજનો દિવસ કેવો ઉત્તમોત્તમ છે કે સર્વના ચિત્ત, મનન પ્રવાહમાં, અંતરીક્ષ વળી સ્વતંત્રતા અનુભવે છે અને કંઇક યોગનું અગ્રચિન્હ પ્રકટ કરે છે. આજનો દિવસ કેવો લાભપદ છે કે—' એકત્ર થવાથી શું લાભ ?

એક, સમુદાય', સભા, આદિ વિષય ચરચાવાનો છે.

આપ મહાશય સમીપ હું અલ્પજ્ઞ ક્ષુદ્ર લેખક છું ' વ્યાખ્યાનકર્ત્તાને હું યોગ્ય ' એ કથન શંકાયુક્ત છે અર્થાત્ એ સંબોધનને હું ઉચિત છું એમ કહેવું કેટલેક અંશે અસભવિત છે તદપિ ઉપર દર્શાવેલ વિષય આપ મહાશય સમીપ પ્રકટ કરવાથી, તે વિષયમાં મ્હારી કેટલીક ન્યૂનતા દૂર કરવાનો આ મ્હારો યથા તથા સામાન્ય પ્રયાસ છે તો અનુગ્રહ કરી દર્શીત કરવા અનુજ્ઞા, અવકાશ આપશો.

આર્ય મહાશય,

સૃષ્ટિ પ્રતિ અવલોકનરૂપ દૃષ્ટિથી નિહાળતાં કયો પદાર્થ ભિન્નભાવે દૃષ્ટિ ગોચર થાય છે ? સૃષ્ટિ શબ્દજ—સમુદાય, સમૂહ અર્થને પ્રદીપિત કરે છે તો ભિન્ન સ્વરૂપ પદાર્થના દર્શનની વાર્તાજ શી રહિ ? જડવર્ગમાં સૃષ્ટિના સર્વે પદાર્થ, તેના રજકરણ (એટમ્સ) થી સંયુક્ત મૂર્તિમાન્ બની દૃશ્યરૂપ બન્યા છે અને સત્વ, રજ, તમરૂપ સુક્ષ્મ પ્રકૃતિ, તેનું ભૌતિક દૃષ્ટિથી દર્શન થઇ શકતું નથી કારણ કે પ્રકૃતિની વા જગત્‌ની પ્રથમાવસ્થા સૂક્ષ્મ, વ્યાપક અને શબ્દ, સ્પર્શ આદિ ગુણ રહિત છે તેમજ અસંસારી અવસ્થામાં આત્મા પણ નિર્ગુણ, નિષ્ક્રિય, નિર્લેપ અને કેવળ ચિન્ સ્વરૂપ છે. सत्व रजस्तमसां साम्यावस्था प्रकृति—સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણની સામ્યાવસ્થા અર્થાત્ ઉકત ત્રણ દ્રવ્ય, જ્યારે સમભાવમાં અથવા તો અન્યુન અનતિરિક્ત ભાવમાં રહેલા હોય ત્યારે તે પ્રકૃતિ, પ્રધાન, અકાર્યાવસ્થા, બીજાવસ્થા કહેવાય છે અને જ્યારે તેમાં ન્યુનાધિક પણું થાય છે અને એક અવયવ વદ્ધિ પામીને બીજા અવયવનો પરાભવ કરે છે ત્યારે તેમાંથી પરિણામનો આરંભ થવા માંડે છે એમ અનુક્રમે પ્રથમ મહતત્વ, પછી અહંકાર, ઇંન્દ્રિય, પરમાણું અને છેવટ વર્તમાન જગત્ દૃષ્ટિગોચરે થાય છે તાત્પર્ય એજકે સમભાવમાંજ સુખ શાન્તિ છે.

નૈયાયિક, વૈશેષિક, બૌદ્ધ, ચાર્વાક વિગેરે દાર્શનિક પંડિતો ભૂતગામને અર્થાત્ ચાર પ્રકારના પરમાણુઓને (પાર્થીવ, તૈજસ્, વાયવીય, આપ્યને) જગતનું મૂલ કહે છે. કપીલ તે વાતને માન્ય ન કરતાં કહે છે કે સત્વ, રજ અને તમ, એ ત્રણ દ્રવ્યજ જગત્‌નું મૂલ ઉપાદાન કારણ છે કપિલ કહે છે કે સર્વ પરમાણુઓ ચાર પદાર્થના

વિકાર છે. પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર અને તે પછી તન્માત્રા અર્થાત્ પરમાણુઓ. આ પરમાણુઓ મન; બુદ્ધિ અહંકારાદિ સૂક્ષ્મ જગતનું કારણ નથી તે તો નદ, નદી, પર્વત વગેરે સ્થુલ કાર્યના કારણ છે તેથી પરમાણુઓનું મૂલતત્વ સહજમાં સમજાય છે અને પ્રકૃતિનું મૂળતત્વ સહજમાં સમજાતું નથી પણ કઠિન લાગે છે. કપિલના મતમાં સર્વ પરમાણુ ચિર્-નિત્ય નથી કોઇપણ એક દિવસ તે સર્વ વિનાશને પામે છે. જો તેનો વિનાશ થાય છે તો પછી વિનાશક્રમના જે નિયમ નિરૂપણ કર્યા છે તે નિયમની રક્ષા કરવા માટે તેનું કોઈ એક કારણ હોવું જોઇયે. વિનાશ માટે આ રીતે છે કે જેનો નાશ થાય છે તે પોતાના કારણદ્રવ્યમાં ગુપ્ત રહે છે કારણદ્રવ્યમાં મળી જવું તેનું નામજ નાશ, તે વિના બીજો નાશ આ જગતમાં નથી; એટલે કે દ્દશ્યમાન્ સર્વ પદાર્થ મેળવાળા છે અસ્તુ. હવે-પંચ મહાભૂત-પૃથ્વી, આકાશ, વાયુ, જલ, અને તેજ. પૃથ્વિમાં પૃથ્વ પ્રધાન અને અન્ય ચાર તત્વપણ છે આકાશમાં આકાશ પ્રધાન અને અન્ય તત્વપણ છે—એવી વ્યવસ્થા છે, પરંતુ આ પાંચમાં જો અરસપરસ મેળ ન હોતતો આ સૃષ્ટિનું કદિ આપણને દર્શન થાત નહિ અને ઇશ્વરની અદ્દભુત, અલૌકિક કૃતિનું ભાન આપણને કયાંથી થાત ? સત્વ રજ અને તમમાં પણ તેવી રીતે પરસ્પર મેળની વ્યવસ્થા છે. માટે કાર્યની સફલતાનું મૂળ મેળ છે. સમુદાયી વસ્તુ અભાવમાં નથી. સૂક્ષ્મ વસ્તુનું ભૌતિક દૃષ્ટિથી દર્શન થતું નથી અને સર્વ કાર્ય શમ્મિલનથી બને છે. સર્વ મહાશયની દૃષ્ટિ સમક્ષ કોઇપણ એવો પદાર્થ દૃષ્ટિગોચર થાય છે કે જે સમ્મિલન સિવાય દૃશ્યમાન્ થતો હોય ? આ ઉપરથી એમ સમજાશે કે દૃશ્યમાન્ સર્વ વસ્તુ કાર્યરૂપ છે. પ્રકૃતિ લીન શરીરધારી સર્વ, ભૌતિક દૃષ્ટિયે કાર્યરૂપ છે તાત્પર્ય એજ કે આખી સૃષ્ટિ મેળથીજ ઉત્પન્ન થઇ છે. જડપદાર્થ સર્વ મેળથી એકતાને પામ્યા છે—તો સર્વ આર્ય મહાશય મેળ રાખી, એકત્ર થઇ, સદાચાર, ધર્મ, નીતિ અનુસાર પંથમાં વિચરો તો કેટલું કલ્યાણ થાય ?

હવે શરીર ધારી ચૈતન્યયુક્ત, જીવનયુક્ત આપણે પણ એક પ્રકારે સમુદાયી છિયે. ગુરૂ, માતાપિતા, બંધુ, સ્ત્રી, મિત્ર આદિથી યુક્ત છિયે અને તેથીજ દીપ્તિમાન અને પ્રભાવશાલી છિયે કારણ કે

ઉન્નતિ અને અવનતિમાં તેમની કેટલી સહાય હોય છે સૃષ્ટિ નિવાસી સર્વ પદાર્થ અને પ્રાણીની ઉત્પત્તિ તેમજ વૃદ્ધિ મેળથી છે. સમુદાયથી સૃષ્ટિ કથન કરીતો ઇતરવાર્તા કથન કરવી શું રહિ ? માટે જડ અને ચૈતન્ય બંને વર્ગનો આધાર મેળ છે.

આપણો આર્યાવર્ત્ત કે જે એક સમર્થ સર્વ સંપત્તિ ઐશ્વર્ય સંપન્ન હતો હાલ નથી; તેનાં મૂખ્ય કારણોમાં ઐક્યની ખામી એજ કારણ મુખ્ય છે. મહાભારત આદિ ઇતિહાસો જોતાં જણાય છે કે કોઈ પણ મહાન કાર્યના નિરાકરણ અર્થે સભાઓ હતી. પાંડવ કૌરવની સભામાં કેવા કેવા વિદ્વદ્વર્ય મહાશય હતા. દરેક કાર્ય એકમત થઇ કરતા. પાંડવો નીતિમાન્ હતા અને કૌરવો રાગી, દ્વેષી હતા. બલમાં બંને વર્ગ સમાન હતા યદ્યપિ અંતે सत्यमेवजयति—એ કથન અનુસાર પાંડવને જય મળ્યો. પાંડવ કૌરવમાં પણ ઐક્યનું બંધન તુટવાથીજ અન્યોન્યમાં યુદ્ધ થયું. પૃથિરાજ, જયચંદ, ભીમદેવ વગેરેમાં પણ પરસ્પર મેળ ન હોવાને લીધે રાજ્ય ખોઇ બેઠા. આ સર્વનું આદિ કારણ ઐક્યનું અદર્શનછે.

જ્ઞાતિના કોઈ પણ બાબતનો નિવેડો જ્ઞાતિના પંચદ્વારા થાયછે. ,પંચથી નિરાકરણ, —આ રિવાજ પુર્વાપરથી ચાલતો આવેછે. એ રિવાજ આપણા મનનશીલ, વડીલ, મહર્ષિ પ્રણિતછે. તેનો યથાવત્ જયવંત ઉપયોગ પાશ્ચત્ દેશનિવાસી કેવો કરેછે કે જેથી તેઓ સામાન્ય અવસ્થામાંથી વૃદ્ધિ પામતા આ સ્થિતિ પર આવ્યા. રાજાહિત, પ્રજાહિત, દેશહિત સ્વહિત, પરહિત, આત્મહિત – સર્વની ઉન્નતિ અર્થે તેઓ સભાનિયત કરેછે અને દરેક વિચારનું વર્તન એકમત થઇ કરેછે,- બુદ્ધિશાલી, પુરૂષાપુરૂષોને ઉત્તેજન આપે છે, નવ નવી કલાઓની શોધ અને વૃદ્ધિ અર્થે સભાઓ ભરી ચિન્તવન કરે છે, ભિન્ન ભિન્ન વિષયોની ભિન્ન ભિન્ન સભાઓ કેરે છે આજ—એમની ઉન્નતિનું મૂખ્ય કારણ છે. ખરેજ, દીલગર. આપણો જે પ્રાચીન રીવાજ તેનો જયવંત ઉપયોગ તેઓ કરે છે. કાનથી સાંભળીયે છીએ, કેટલાક દૃષ્ટિથી જૂએ છે, કેટલાક ન્યુસ દ્વારા વાંચે છે છતાં તેનું અનુકરણ કરતા નથી. મુળ એ રીવાજ કહયો અને કોણે કયાંથી કેવી રીતે ગૃહણ કર્યો ? એ વિચારનો તો જન્મ પણ કયાંથીજ થાય ? અસ્તુ–જુનો જુનો પણ જ્ઞાતિના પંચનો ઝુંડો હજી ફર

કે છે અને તેજ આપણને સુચવે છે કે સર્વ પ્રકારની આગળ સભાઓ હતી અને આ રીવાજ તમારો મહર્ષિપ્રણીત પ્રાચીન છે. માત્ર રહી ગએલા આટલા રીવાજને પણ હાલના તરૂણ જેના મગજમાં હાલની ફીલસુફી પેસી ગયેલ છે તે તો હસી કાઢે છે. વિશેષમાં મ્હારૂં કહેવાનું એટલુંજ કે જ્ઞાતિના કોઇ પણ કાર્યનું નિરૂપણ જ્ઞાતિ પંચથી થાય છે (તેમાં પણ હાલનો ઢંગ કંઇ વિશેષ ઠીક નથી) તેવી રીતે સ્વહિત, પરહિત, દેશહિત, રાજહિત, આત્મહિત—વગેરેની ઉન્નાત અર્થ સભા નિયત કરી હોય તો દેશનું, મનુષ્યનું કેટલું હિત થાય ? જેવી રીતે કાચા સુતરનો તાતણો પ્રથક હોય ત્યારે જલદી ત્રુટી જાય છે અને જ્યારે તેને બીજા તાતણાની સહાયતા મળી, વણાઈ તદ્રૂપ થાય છે ત્યારે તુટતો નથી તેવી રીતે કોઇ કાર્ય ઘણા મનુષ્યનાં એકમતનું પરિણામ હોય તે કાર્ય હમેશાં પરિપૂર્ણ થાય છે—રહે છે. માટે સભા ભરવાનો રીવાજ પાશ્ચાત દેશ નિવાસી આપણીજ રૂષિ મહર્ષિ કૃતિનું દર્શન આપે છે; જો કે આપણીજ કૃતિનું દર્શન છે યદ્યપિ પુરૂષાર્થહીન થઇ જવાથી આપણી વિસ્મૃતિને જાગૃત કરે છે.

મનુ મહારાજ કહે છે કે.

सर्वं परवशं दुखं सर्वमात्मवशंसुखम् ।

સ્વતંત્રતા જેવું સુખ નથી અને પરતંત્રતા જેવું દુખ નથી. પુરૂષાર્થી પુરૂષ સ્વતંત્રતા ચાહે છે પુરૂષાર્થહીન પુરૂષ પરતંત્રતા ચાહે છે. ઐકયનું બંધન તુટવાથીજ સ્વતંત્ર આર્યાવર્ત્ત પરવશતા અનુભવે છે.

સંસાર અનેક સમૃદ્ધિસંપન્ન છે, તેને નિહાળી અધિકારાનુસાર મનુષ્યની વૃત્તિ રૂચતા પદાર્થ પ્રતિ, અપ્રાપ્તિ થકી, નાચવા કુદવા મંડી જાય છે અને તેની પ્રાપ્તિ માટે અસીમ શ્રમ લે છે છતાં નિષ્ફલ થાય છે. આખરે તેને પોતાથી અધિક સામર્થ્યવાળાની મદદ અને મત લેવાની જરૂર પડે છે. જ્યારે વખતે તૃણની પણ જરૂર પડે છે તો મનુષ્યને મનુષ્યભાઇની સહાયતાની અન્યોઅન્ય કેમ જરૂર ન પડે ? માટે જે જે કાર્યસિદ્ધિના પરિણામી છે તે તે સર્વે સમુદાય અને ઐકયને લઇનેજ: માટે સુહ્રદ આર્ય ? ઇર્ષા-દ્વેશનો ત્યાગ કરી પરસ્પર પ્રેમભાવથી યુક્ત રહો.

આજ કાલ કેટલેક અંશે જનસમુદાયનું વલણ માત્ર ઉપજીવિકા અર્થે જ છે તે સિવાય દેશહિત, લોકહિત, ધર્મહિત, આત્મહિત વિગેરે પણ કર્તવ્ય છે તે પ્રતિ થોડું લક્ષ્ય છે. જીવિકાનું પાલણુ તો પશુ પક્ષિ પણ યથાવત્ કરી શકે છે તો આપણામાં અને એનામાં કંઇક તફાવત હોવોજ જોઇયે. કેટલાક તો દ્રવ્યસંચિતમાં એટલે દરજ્જે લિપ્ત હોય છે કે તેઓ દેશ, લોક, પરોપકાર, ધર્મહિતાર્થે એક દમડી વાપરવી પણ તેમને પ્રાણવિદાય થયા જેવું થાય છે અને પૈસાને એવી રીતે માને છે કે—

टका धर्मष्टका कर्म टकाहि परमंपदम्
यस्यग्रहे टकानास्ति हा ! टकाटकटकायते ॥ १ ॥
आनाअंशकलाः प्रोकतारुपयोसौभगवान स्वयम् ।
अतस्तं सर्वइच्छान्ति रुपयंहि गुणवतन् ॥ २ ॥

ટકા એજ ધર્મ, કર્મ અને પરમ પદ છે, જેના ઘર વિશે ટકા નથી તે પદાર્થની અપ્રાપ્તિ થકી ટક ટક જોઈ રહેછે, સર્વ સોળ કળાયુક્ત અદ્રશ્ય ભગવાનનું કથન કરે છે પણ અમારે મનતો સાક્ષાત્ સોળ આના અર્થાત્ સોળ કળાયુક્ત જે રૂપીયો છે તે સાક્ષાત્ ભગવાન છે. જ્યાં દ્રવ્યનેજ પરમપદ માન્યું ત્યાં દેશહિત, લોકહિત, આત્મહિતની કયાં આશા બાંધવી !

સામ્પ્રત સાધુ અને તેના શિષ્યનું દર્શન—

સાધુનો શિષ્યપ્રતિ ઉપદેશ—पठितव्यं तदपिमर्तव्यं दन्तकटाक्टेति किं कर्तव्यम् ભણેલા પણ મરી જાય છે તો નાહક દંતકટાકટ શું કરવા કરવી ?

એક દિવસ સાધુજી જજમાનના મફતીયા લાડુથી પેટ ઠાંસી, ગાંજાના દમભેર ઉપરાઉપરી દમ મારી, બંને શિષ્યને પગ દાબવાની આજ્ઞા કરી ઘસઘસાટ ઉંઘવા લાગ્યા. એક શિષ્યને જમણો પગ દાબવાની આજ્ઞા હતી અને બીજાને ડાબો પગ દાબવાની આજ્ઞા હતી. આજ્ઞા અગાઉથીજ હતી કે એકે જમણો તથા બીજાએ ડાબો, એ પ્રમાણે પગ દાબવા. આ બે શિષ્યમાંથી એક શિષ્ય બજારમાં કાંઇ ચીજ લેવા ગયો અને ગુરૂએ ઉંઘમાં પાસું ફેરવ્યું એટલે જે શિષ્ય જમણા પગની સેવા કરતો હતો તે ઉપર ડાબો પગ પડયો—આથી શિષ્ય ગુસ્સે થઈ, જબર ડંડો લઈ ગુરૂના ડાબા પગ ઉપર સુંદર

પ્રહાર કરવા માંડયા, પ્રહારની વેદનાએ સાધુને જગાડયા અને જાગતાંજ ક્રોધયુક્ત થઇ શિષ્યપ્રતિ કહેવા લાગ્યા કે—આ શું કરેછે? પ્રત્યુત્તરમાં શિષ્યે કહ્યું—મ્હારા જમણા પગ ઉપર ડાબો પગ શા માટે પડયો?—ગુરૂએ કહ્યું—પણ મૂર્ખ? મને તો ઇજા થઇ. થોડીવાર બાદ બજારમાં ગએલો શિષ્ય આવ્યો અને ગુરૂનો પગ દાબવા બેઠો. પગે સોજો આવેલો જોઇ—ગુરૂને પૂછવા લાગ્યો કે—ગુરૂજી! આપના આ પગે એટલીવારમાં સોજો શી રીતે ચડી આવ્યો?—ગુરૂએ બનેલી સર્વ હકિકત કહિ. શિષ્યને રીસ ચડી તેથી બોલ્યા ચાલ્યા વગર ચુપચુપ દંડો લેઇ, તે વતી ગુરૂના જમણા પગને દંડાવતે સરખા કરવા લાગ્યા આખરે માણસો એકઠા થઇ બંને ચેલાને જૂદા પાડયા, અને સમજુત આપી કે બંને પગ તમારા ગુરૂનાજ છે માટે જેને તમે મારશો તેથી તમારા ગુરૂનેજ દુ:ખ થશે. આવી રીતે પરસ્પર મેળ ન રાખવાથી, તેમજ સભા અને સદ્‌ગુરૂદ્વારા જ્ઞાન ન મેળવવાથી એક બીજાને દુઃખ થાય છે.

વ્યભિચાર, ચોરી આદિ દુર્ગુણનો, સપ્રેમ ઐકયથી નાશ થાય છે. જ્યાં એકતા થઇ ત્યાં દરિદ્રી પણ કયાંથી રહેશે? કારણકે સપ્રેમ, ઐકય હોવાથી સર્વ ભ્રાતૃગણ તેની દરિદ્રી અવસ્થાના વિચ્છેદના કારણરૂપજ હશે તેથી તે દરિદ્રી પણ કયાંથી રહેશે? અને સર્વને પુરૂષાર્થી જોઇ, તેનામાં પણ તે ગુણ આવશે. જ્યારે બંધુ પ્રેમ સ્થિરતરૂને થઈ—એકતા થઈ, ત્યારે તે વ્યભિચાર પણ કોની સાથે કરશે? અને ઘર પણ કોનું ફાડવા જશે? માટે ઐકયના અદર્શનમાંજ સર્વ દુરાચારનો જન્મ છે.

કેટલાક મનુષ્યો પોતાના આર્ય બંધુઓથી હસીને બોલવામાં, યોગ્ય સલાહ આપવામાં, પોતાના મહાન અધિકારને કલંક અને ગૌરવની અવનતિ સમજે છે તેનું શુભ કરવાનું તો કયાંથીજ ચિન્તવન કરે? પણ તેનાથી હું મોટો છું, એ સદૈવ સ્મરણમાં રાખી, દરિદ્રીને વિશેષ દરિદ્રી, દીન કરવા અને લક્ષ્મીવાનની ખુશામત અને લાભ આપવા પ્રયાસ કરે ત્યાં દેશ ઉન્નતિની શી આશા બાંધવી?

An empty vessel sounds most—અધુરો ઘડો છલકાય—તેવી રીતે અધુરા વિદ્વાનમાં ગર્વ જણાઇ આવે છે જેને સદ્‌ગુરૂની કૃપા થઈ છે. વિદ્વાનોના સમૂહમાં ઉછરેલો, વિચરેલો છે તે

હમેશાં શાન્ત વિચરે છે. મારો વાદ વિજયી ન નીવડયો—એમ ધારી ખોટું પણ ઝુંડ પકડી રાખી, પ્રતિપાદન કરે, હાર થવાથી બીજવધ તુચ્છકારના શબ્દ વાપરે—આ ચિન્હ વિદ્વાનનાં નથી. જેના સહૃદયમાં સરસ્વતી સર્વાંગે સ્ફુરી રહી છે તે તો દેશહિત, સ્વહિત, પરહિત અર્થેનાજ ચિન્તવનમાં વ્યાપૃત છે. સાધારણ વિષયમાં વાદ, હારજીત સાધારણ મનુષ્ય માટે છે, માટે સભાનો ઉદ્દેશ એજ છે કે પ્રથમ સર્વ એક બીજાથી મિત્રભાવે વરતીયે, પ્રેમદષ્ટિથી જોઇયે, સ્વદેશી બંધુભાવ પ્રકટ કરી સ્થિરતર કરીયે, બંધુબંધુમાં હારજીતનો વિચાર મનમાં આણીયે નહિ, આ વિષયમાં મ્હારી અજ્ઞાનતા છે અને એ વિશે હું મ્હારા બંધુનો મત લઇશ તો હું એની દષ્ટિયે અજ્ઞાની જણાઇશ, એ વિચારનો જન્મ થવા દેવો નહિ, બંધુબંધુમાં હું મ્હોટો એ ન્હાનો, એવા વિચારથી ઇર્ષાયુક્ત દુ:ખી થવું નહિ—કારણ કે પાંચ આંગળીયો પણ આપણી એક સરખી નથી માટે સંતોષ રાખી પોતાના આર્યબધુ સાથે પ્રેમથી વર્ત્તવું, વિચાર દર્શાવવા, મત લેવો, અજ્ઞાનતાએ કરી આપણે પોતાના સ્વદેશી બંધુપરત્વે પણ કંઇક ઇર્શાભાવ રાખી પુરેપુરો પ્રેમભાવ રાખતા નથી; પણ આપ્તવાકયનું સ્મરણ કરો—उदार चरितानान्तु वसुधैव कुटुम्बकम्.। આર્ય મહાત્મા પુરૂષ સર્વ જગતને પોતાના કુટુમ્બરૂપ માને છે; માટે સુહ્રદ આર્ય ! સર્વ સભાસદ આર્યપ્રતિ પ્રથમ તો મ્હારી એજ વિનંતિ છે કે—પરસ્પર પ્રેમભાવે વર્ત્તવું. સહવાસથી ભાવ, ભાવથી દઢભાવ, દઢભાવથી મૈત્રી, અને મૈત્રીથી અન્યોન્યમાં વિદ્યા, જ્ઞાનનો વિનિયમ અર્થાત્ પોતાના ગુણ, જ્ઞાન, અન્યમાં અને અન્યના ગુણ, જ્ઞાન પોતામાં આવે છે.

કૃશી (ખેતી) વણજ (વેપાર) એમાં પણ સમુદાય અને ઐકયની જરૂર છે. નોકરીમાં પણ સર્વની ઇચ્છાધીન રહેવું પડે છે, એટલે કે સર્વથી મેળ રાખવો પડે છે.

જે વિષયપર વિચાર કરવાને આપણે એકઠા થયા હોઇએ તેઓમાંના શક્તિમાન્ પુરૂષોએ અનુક્રમે ભાષણ આપી, પોતાના વિચાર પ્રકટ કરવા અને તે વિષયપર સર્વનો એકમત થવો ઉચિત છે. કારણ તેથી જ્ઞાન, વિદ્યા, બુદ્ધિ અને વિચારનો વિનિયમ થતાં, વૃદ્ધિ થાય છે અને કાર્ય, વિચારની સફલતાનું મુળ મડારણ તેજ છે અને

તેથીજ સભામાં વારંવાર આવવાથી લાભ થાય છે.

કોઇના નુકશાન અર્થે એકત્ર થયેલા પુરૂષોનો સમુદાય, એ સભા કહેવાય નહિ, કારણ સભા એ સર્વના હિત અર્થેજ છે. (અને સભા શબ્દનો અર્થ પણ તેવોજ થાય છે.) અને તેજ સભા ચિરસ્થાયી છે. કારણ કે જો તમે કોઈનું મન, વાચા, કર્મથી અશુભ ધારશો તે અન્ય તમારૂં ધારશે, તેથી અન્યોન્ય નુકશાન છે. કદાચ પ્રતિપક્ષિ નિર્બલ અને તમારો પક્ષ સબળ હોવાથી, એકાદ બે વાર તમે ફાવી જશો, પણ કોઇ સમય તમારા કરતાં કોઈ સબળ પક્ષ નીકળી આવશે તે તમને પરાજીત કરશે; માટે દેશહિત, લોકહિત, આત્મહિત, ધર્મનીતિના શિક્ષણ અર્થે મળેલી સભા એજ સભા છે.+

આર્ય બેરીસ્ટર–પુરાણીબાવા–અને આપ્ત.

આર્ય બેરીસ્ટર—પુરાણીબાવા—અને આપ્ત.

આર્ય બેરીસ્ટર—આવો. પુરાણીબાવા, આપ ક્યાંથી ? બિરાજો.

પુરાણીબાવા—કલ્યાણ ભવતુ.

બેરીસ્ટર—પુરાણીબાવા, જડવત્ પાષાણ મનુષ્યકૃત મૂર્તિને તમે ઇશ્વરરૂપ શી રીતે માનોછો ? ઐશ્વર્ય વિશિષ્ટ કયો ગુણ, સ્વભાવ એમાં તમે અવલોકોછો ?

પુરાણી—વેદમંત્ર ભણી પ્રતિષ્ઠા કરવાથી તેમાં ઇશ્વરનો વાસ થાય છે–આવે છે.

બેરીસ્ટર—વારૂ, પુરાણીબાવા, તમે જે વિષ્નુ ભગવાનનું પૂજન, રટણ કરોછો તેની વ્યાખ્યા જાણોછો ?

પુરાણી—હા. वेवेष्टि व्याप्नोति चराचरं जगत् सः विष्नुः सर्वત્ર વ્યાપક પરમાત્માનું નામ વિષ્ણુ ભગવાન છે.

+આ ઐક્ય વિશે વ્યાખ્યાન થોડી મુદત પ્હેલાં, મ્હેં અત્રેની ‘ આર્ય ધર્મ નીતિ સભામાં ’ આપ્યું હતું તે આ પ્રસ્તુત થતા પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યું છે તો વાચક વર્ગ માત્ર તેહેનો સાર સાર ગ્રહણ કરશે.

બેરીસ્ટર—તમારા કથાનુસાર પાષાણમાં પણ વ્યાપક વિષ્ણુ ભગવાન સિદ્ધ થયા ત્યારે વેદમંત્ર ભણી મૂર્તિમાં સ્થાપના કરાવોછો તે કયા ઇશ્વર, અને જો પ્રતિષ્ટા પૂર્વે ઇશ્વર મૂર્તિમાં નહોતા એમ કહોતો, વિષ્ણુ ભગવાનમાં સર્વત્ર વ્યાપકતાનો ગુણ હોવો નજોઇયે અને તમારી કહેલી વિષ્નુવ્યાખ્યા મિથ્યા થાય,—માટે પ્રતિષ્ટા પૂર્વે કયા ભગવાન અને પ્રતિષ્ટા કરી અન્ય કયા ભગવાનને બોલાવોછો. પ્રતિષ્ટા પૂર્વે અને પ્રતિષ્ટા પશ્ચાત્ મૂર્તિમાં જે તમે ભિન્નભાવ કલ્પોછો તે દષ્ટિદ્વારા જણાઇ આવતો નથી, તેમ કદાચ પ્રતિષ્ટા પૂર્વે મૂર્તિ જડ અને પ્રતિષ્ટા પશ્ચાત્ શ્રેયકર થતી હોયતો, મૂર્તિમાં ચેતન શક્તિ આવેલી જણાતી નથી. જે વિષ્નું ભગવાનનું તમે રટણ કરોછો તેને સર્વત્ર વ્યાપક હોવા છતાં, માત્ર મૂર્તિમાંજ માની, અન્ય સ્થળે અભાવ અથવા તો ન્યૂનભાવ માનવો, એ વિષ્નુભગવાનપર (તમે) કેટલો અનુગ્રહ[1] કર્યા જેવું છે? વળી કરેલા કર્મ, મૂર્તિ સમક્ષ માત્ર હાથ જોડી ક્ષમા માગવાથી નિવૃત્ત થતાં નથી. અવશ્ય દરેક મનુષ્યને ભોગવવાં પડેછેજ. 'અજ, એકપાત, અને અકયમ'–ઇત્યાદિ વિશેષણથી પરમેશ્વર મૂર્તિમાન નથી.

પુરાણી—ભાવના માત્રથી સર્વ સિદ્ધિ છે.

બેરીસ્ટર—ત્યારે ભાવનાથી મૂર્તિ ચેતન કેમ નથી થતી? કદાચરૂપમાં ફેરફાર ન થતાં ગુણમાં ફેરફાર થતો હોયતો તેવું પણ જોવામાં આવતું નથી. કારણ મંત્ર, ભાવનાથી, ગોળમાં ખોળનો ગુણ, સ્વાદ અને ખોળમાં ગોળનો ગુણ, સ્વાદ કોઈ કરી શકતું નથી; માટે પુરાણીબાવા, તમારી ભાવના પણ મિથ્યા છે. જલમાં રસત્વનો પૃથ્વિમાં કઠિનત્વનો ભાવ માનવો, તેનું નામજ ભાવના–એ નહિ કે–જલમાં કઠિનત્વનો અને પૃથ્વિમાં જલત્વનો માટે ઇશ્વરપ્રણિત જે જે પદાર્થ જેજે સ્વભાવવાળા છે તે તે પદાર્થને તેતે સ્વભાવવાળા માનવા તેનું નામજ–યથાર્થ દર્શન. પુરાણી મહારાજ! તમારી લીલાતો અકલિત છે. માટે શું તમારા મતાનુવર્તી સર્વ થશે?

આપ્ત—બેરીસ્ટર સાહેબ, આપ શામાટે એટલા ગરમ થાઓ છો? જ્યાં સુધી તમારામાં રાગ અને ક્રોધ છે ત્યાં સુધી તમે પણ જ્ઞાનનો, મુક્તિનો વૃથાજ ફાંકો ધરાવોછો. જન્માતરથી જન્માંતરેજ

---

૧ આઇરોનીકલી સ્પીચમાં.

વિચ્છેદને પામે છે. + તમારી ઉષ્ણતામાં એનો ધ્વંસ નથી. પુરાવો, કારણ, દલીલ, કલૈમ, તમારાં અહિં ચાલે તેમ નથી. મનુષ્યમાં વિકૃતિ કરનાર તેના પૂર્વ અને પ્રકૃત સ્વપારબ્ધ કર્મ છે માટે વસ્તુતઃ એ સત્તાતો કર્મકર્તા અને કર્મફલપ્રદાતા અધિન છે. વારૂ, ત્યારે આપજ ફરમાવશો કે, મિત્રની છવિ જોઇ, છવિ દ્વારા આપને આપના મિત્રનું સ્મરણ, ધ્યાન કેવી રીતે થાય છે ? તેવી રીતે તેમને પણ અધિકારાનુસાર, જ્ઞાનાનુસાર, મૂર્તિના દર્શનથી, મૂર્તિદ્વારા – ઇશ્વરનું સ્મરણ, ધ્યાન થતું હશે એમાં શું આશ્ચર્ય ! કારણકે નિરાકારનું ધ્યાન એમની કલ્પનામાં, સમજમાં આવી શકે તેમ નથી—આવવાનું તેઓ શોધન કરતા નથી. માટે ઉષ્ણ થયા વિના આ શ્લોકનું સ્મરણ કરો.—

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वेसन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु माकश्चि दुःख माप्नुयात्॥

સર્વને સુખી થવાદો, (સર્વને) સુખ ભોગવવાદો; (સર્વને, સ્વશ્રેય શોધન કરવા દો, અને કોઇને દુઃખનું નિમિત્ત ન થાઓ.

(જીવનમુક્તવિવેક.)

પન્થીરામને બે બોલ.

હે પાન્થ ! તું વેગમાં જતા હસ્તિના, અશ્વના, મ્યાના લઇ જનારા (ભોઇ) સેવકના શરીરથી અથડાતાં રજ પણ શોક કરીશ નહિ. હસ્તિપર બિરાજીત મહારાજશ્રીને, અશ્વપર બિરાજીત સૈન્યાધિકારીને, મ્યાના, પાલખીમાં બિરાજીત શેઠને, ગાડીમાં બિરાજીત પ્રધાન મંડળને જોઇ તું ક્ષોભ પામીશ નહિ ? એ સર્વનાં હૃદય જોદશ નો પ્રકૃતિ વિલાસની તૃષ્ણાથી દગ્ધ છે, અનેક ઉપાધિથી (હૃદય) જર્જરીત છે રિદ્ધિ સિદ્ધિની રક્ષા અર્થે મન ચિન્તાગ્રસ્ત છે અને ઉપાધિ વિશિષ્ટ હોવાથી મસ્તિક મંદિરમાં ઇશ્વરનો અપ્રવેશ, અથવા

+अविद्या स्मिता रागद्वेषा भिनिवे शाः पंचक्लेशाः આવિદ્યા, અસ્મિતા રાગદ્વેષ અને અભિનિવેશ–આ પાંચ કલેશ નષ્ટ થયે યથાર્થ જ્ઞાન પ્રકાશ થાય છે. क्लेश कर्म विपाकाश यैरपरामृष्टः पुरुष विशेष ईश्वरः માટે પ્રથમ ક્લેશ નષ્ટ થયાવિના જ્ઞાન થતું નથી.

તો ન્યુન પ્રવેશ હોવાથી, અદૃશ્ય કોઇ હૃદયને વીંધે છે,- માટે તેમના દશ્યં દમ્ભથી તું ચલાયમાન, ક્ષોભાયમાન થઇશ નહિ. એમનાં હૃદય તું અવલોકીશતો કંપીશ. સરસ્વતીચંદ્રમાં,-ભુપસિંહ, લક્ષ્મીનંદન, બુદ્ધિધન, શઠરાય આદિનાં હૃદય તું અવલોક એટલે ખાત્રી થશે માટે જ્યાં ત્હારૂં મનસ્વી ચિત્ત ત્હને લઇ જતું હોય ત્યાં સ્વચ્છન્દપણે સુખેથી ચાલ્યો જા.

ભકિત.

ભક્તિનાં નવ અંગ છે—શ્રવણ, કિર્તન, પાદસેવન, સ્મરણ, અર્ચન, વંદના, દાસ્ય, સંખ્ય અને આત્મનિવેદન. આ સર્વે નદીરૂપ ભકિતનો યોગરૂપ સમુદ્રમાં સમાવેશ થાય છે. (પ્રથમતો) યથાર્થ જ્ઞાન અને ચિત્ત સ્થિર (અષ્ટાંગયોગ) ની સિદ્ધિ વિના એ સર્વે નિરૂપયોગી છે. લક્ષચોરાશીની પ્રદક્ષિણા છે. પ્રકૃતિમાં લિપ્ત કરૂત્તા છે, મુકત કર્તા નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સૂચક તો યોગજ છે. ગુણ, કર્મ અને સ્વભાવનું અધ્યન કરવાથી, તેનું અનુકરણ કરવાથી, તેમાં અભિન્ન ભાવે સ્થિર-સ્થિત રહેવાથી અન્યના હૃદયમાં માર્ગ, સ્થાન કરી શકાય છે, માત્ર નામસ્મરણ અને વંદન કર્યાથી પ્રીતિપાત્ર કે એકમેક થવાતું નથી. બેરીસ્ટરો, પ્રધાનો, મંત્રીયો-પત્ર, લેખિની અને મંત્ર (વિચાર)નો યોગ મળતાંજ સર્વ કાર્ય સાધ્ય કરી શકે છે માટે વેદાન્ત અને યોગ-જ્ઞાન અને પુરૂષાર્થવિનાનું જીવન પશુ સમાન છે. પરાભકિત સર્વેથી અધિક છે તે પ્રાણાયામદ્વારા થાય છે એ (પ્રાણાયામ) વિશે નીચે કરવામાં આવે છે.

પ્રાણાયામ.

પ્રાણાયામ રાજયોગનું ચતુર્થ અંગ છે ત્હેના નિત્ય કરવાથી શું લાભ, તે વિશે મનુ મહારાજ કહે છે કે—

दह्यन्तेध्माय मानानां धातूनां हि यथा मलाः ।
तथेन्द्रियाणांदह्यन्ते दोषाःप्राणस्य निग्रहात ॥

સુવર્ણઆદિ ધાતુઓને જેમ અગ્નિમાં તપાવવાથી તેનો મલનષ્ટ

થાય છે તેમ પ્રાણાયામ કરવાથી મન ઇન્દ્રિયનો મલ નષ્ટ થઇ નિર્મલ થાય છે. અંગ કસરતથી જેમ શરીર રોગરહિત પુષ્ટ અને હલકું થાય છે તેવી રીતે પ્રાણાયામ કરવાથી મન, ઇન્દ્રિય વિકાર રહિત થાય છે તેથી મનની તંદુરસ્તી વધતાં, શરીરની તંદુરસ્તીમાં પણ વૃદ્ધિ થાય છે વળી પ્રાણાયામ કરવાથી મન જેટલો સમય સ્થિર થાય છે તેટલો સમય પરમાત્માનું ધ્યાન થઈ, જે અવસ્ય કર્તવ્ય ધર્મ તેનું પાલન થાય છે. સ્વધર્મહિત જેવું વર્તન થાય છે. જેટલે અંશે અંગ કસરતની મનુષ્યને આવસ્યક છે તેટલેજ અંશે પ્રાણાયામ કરવાની પણ મનુષ્યને જરૂર છે. જેટલે અંશે અંગ કસરત મનુષ્યને હિતકર છે તેથી અધિક હિતકર પ્રાણાયામ છે. પણ શોકજનક એ વાર્તા છે કે પ્રાણાયામને તો, સર્વ મનુષ્યો—'યોગીનું જ કર્તવ્ય કર્મ—' એમ લેખે છે પણ વસ્તુતઃ મોક્ષદાયી, ઇશ્વરની ભકિતનો તો એજ માર્ગ છે. સિવાય સ્થૂલ પ્રકૃતિ પૂજનતો બંધનમાં વિશેષ દોરનારૂં છે, એતું કોઇને સ્વપ્ન પણ નથી અને પોપજી વિરચિત પરમેશ્વરમાં પોપજીએ આખા આર્યવર્તને ડુબાવ્યો છે. અસ્તુ* જ્યાં સુધી આ શ્લોકનું રહસ્ય નથી સમજાયું અને અવિદ્યા પ્રદરનું આચ્છાદન છે ત્યાં સુધી સર્વ મિથ્યા પ્રલાપ.

સંસારીને પ્રાણાયામ કરવાથી શું શું લાભ તેનું દર્શનઃ—કુમાર્ગે જતી વૃત્તિયોનો અટકાવ થાય છે. ધૈર્ય, સહનશીલતા શકિત સાથે સંબંધ જોડાય છે, મન બલિષ્ટ થાય છે, સદા પ્રફુલ્લિત રહે છે, આપત્તિથી પરાભવ પામતો નથી, ચિત્ત સદા તૃપ્તિ અનુભવે છે, અપ્રાપ્ત વસ્તુ ધારણાથી પ્રાપ્ત થાય છે, રોગની ઉત્પતિ થતી નથી, અને યોગીતો - પ્રાણાયામથી ક્રમે ક્રમે ચડતાં સમાધિસ્થ થાય છે, સંસારી ભાગ્યેજ ત્યાં સુધી પ્હોંચી શકે છે. માટે તમારે તો હમેશાં શરીરને જેટલી કસરત આપવી જરૂરની જણાય છે તે પ્રમાણે યથાશકિત પ્રાણાયામદ્વારા મનને કસરત આપવી જરૂરની છે. જે પરમાત્માનો આપણા ઉપર અપરિસિમ અનુગ્રહ છે તે પર-

---

*नमोक्षो न मसःपृष्टे न पाताले न भूतले ।
मोक्षोहिंचेतो विमलं सम्यग्ज्ञान विबोधितम् ॥
मन एव मनुष्याणां कारणं बंध मोक्षयो
(योगवासिष्ट)

માત્માનું મનુષ્ય માત્રે નિત્યપ્રતિ ધ્યાન કરવું જોઇયે, એ નિયમનું આ પ્રાણાયામ કરવાથી પાલન થાય છે. મનની સ્વસ્થતા, સ્વધર્મનું પાલન, શરીરની સ્વસ્થતા, અને પરમાત્માનું ધ્યાન-આદિ શ્રેય જેમાં સમાયેલું છે તેવા મોક્ષદાયી પ્રાણાયામનો કોણ સ્વીકાર નહિ કરે ?

યોગ વિષયપર તેમજ પ્રકૃતિ, જીવ, ઇશ્વર, બ્રહ્મ વિશે યથાશક્તિ અનુસાર મ્હારે હવે પછી પ્રસિદ્ધ થતા પુસ્તકમાં લખવાનું છે તેથી અત્રે માત્ર પુરક, રેચક અને કુંભક પ્રાણાયામનીજ રીતિ દર્શાવુંછું અને એ વિષય વિશે જેને વિશેષ જાણવા ઇચ્છા થાય તેણે-પાતંજલ યોગદર્શન, યાજ્ઞવલ્ક્ય સંહિતા, હઠયોગ પ્રદીપિકા, યોગકલ્પદ્રુમ-આદિ ગ્રંથો જોવા.

અમૃતબિન્દુ ઉપનિષત્માં પુરક, રેચક અને કુંભક પ્રાણાયામની આ પ્રમાણે વ્યાખ્યા છે.

उत्क्षिप्य वायुमाकाशं शून्यं कृत्वा निरात्मकम् ।
शून्य भावेन युजीयाद्रेचकस्येतिलक्षणम् ॥

ઉદરગત્ સર્વે પ્રાણવાયુને નાસીકાદ્વારા બહિર્ વિરેચન કરી સ્થિર કરે તેને રેચક પ્રાણાયામ કહે છે.

वत्क्रेणोत्पलनालेन तोयमाकर्षयेन्नरः ।
एवंवायुर्गृहीतव्यः पूरकस्येतिलक्षणम् ॥

જેવીરીતે મનુષ્ય મુખદ્વારા આકર્ષણ કરી જલ પીયે છે તેવી રીતે બાહ્યસ્થિતિ વાયુને મુખદ્વારા, અથવા તો નાસીકદ્વારા અભ્યંતર આકર્ષણ કરી નિરોધ કરે તેને પૂરક પ્રાણાયામ કહે છે.

नोच्छ्वसेन्नचानिःश्वसे न्नैवगात्राणिचालयेत ।
एवंतावन्नियुंजीत कुंभकस्येतिलक्षणम् ॥

પ્રથમ રેચક અથવા પુરક કરી પ્રાણવાયુને એક સ્થાને સ્થિત કરી પુરક રેચકથી રહિત થવું તેને સહિત કુંભક પ્રાણાયામ કહે છે. સહિતકુંભક પ્રાણાયામ સિદ્ધ થયા વિના કેવળકુંભક પ્રાણાયામ કરવા આવશ્યક નથી.

જેટલો સમય પુરક કરતાં લાગે તેથી બમણો સમય રેચક કરતાં લગાડવો અને રેચકથી બમણો સમય કુંભક કરતાં લગાડવો ઇતિમ્.

वयसि गते कः काम विकारः
शुष्के नीरे कः कासारः ।

क्षीणे वित्ते कः परिवारो
ज्ञाते तत्वे कः संसारः ॥

What means the shaft of love? after youth has gone by;
What means the lake? after the water is dried up;
What means friends and relatives? after all wealth is go e;
What means the world? after the Essence is realized.

(The Imitation of Sankara)

મી. કાઉલેની ઇચ્છા.

A WISH.

This only grant me, that my means may lie
Too low for envy, for contempt too high.
Some honour I would have
Not from great deeds but good alone.
The unknown are better than illknown;
Rumour can ope the grave.
Acquaintance I would have, but when't depends
Not on the number, but the choice of friends.
Books should, not business, entertain the light,
And sleep, as undisturbed as death, the night.
My house a cottage more
Than palace, and should fitting be,
For all my use; not luxury.
My garden painted o'er
With nature's hand, not art's; and pleasures yield,
Horace might envy in his Sabine field.
Thus would I double my life's fading space,
For he that runs it well, twice runs his race,
And in this true delight,

These unbought sports, this happy state,
I would not fear nor wish my fate,
But boldly say each night,
Tomorrow let my sun his beams display,
Or in clouds hide them; I have lived to-day.

(Cowley)

પોપનો--એકાંતવાસ.

ODE ON SOLITUDE.

Happy the man, whose wish and care
A few paternal acres bound,
Content to breath his native air
In his own ground.
Whose herds with milk, whose fields with bread
Whose flocks supply him with attire;
Whose trees in summer yield him shade,
In winter, fire.
Blest who can unconcern'dly find
Hours, days, and years slide soft away,
In health of body, peace of mind,
Quiet by day.
Sound sleep by night; study and ease
To-gether mixed; sweet recreation,
And innocence, which most does please,
With meditation.
Thus let me live, unseen, unknown;
Thus unlamented let me die,
Steal from the world, and not a stone
Tell where I lie.

(Pope)

પાશ્ચિમાત્ય દેશસ્થ સ્મરણીય આપ્તકથન.

To be a richman is not as difficult as to be a great man. Poverty aids the discipline of the heart; it teaches endurance and sympathy.

We learn to feel for others through what we ourselves suffer. The love of nature is an essantial part of true wisdam Bring to the help of reason the support of a fixed habit. Oppose to the feeling of depression on lassitude your solemn resolution

The moral courage that will do right for the sake of right is a rarer virtue than we are apt to suppose.

Do not trouble yourself about your social rank or your particular lot in life, but what-ever that rank or lot, strive to adorn it by the exercise of the manly virtue.

Let moderation govern your aims and restrain your desires. Learn to deal calmly with man and manners, take the accidents of life as they come, patiently aud without complaint.

To bear and forbear is half the phylosophy of life, and to a strong man there is no difficulty in it.

The meanest, poorest life may be made and noble and beautiful by investing it with the sweet serenity of patienets.

Seek that which instructs rather than that which stimulates, that which braces rather than that which is attractive, the exact science rather than the vague mass of illussorted views. He-

nour and shame are not the accidents of social condition; let each man do his duty, and therein lies the honor. Virtue alone is happiness below.

ओरेम्

દૃષ્ટવ્ય.

વેદ પ્રતિપાદિત–સનાતન ધર્મ રહસ્ય.

'કપાળે કપાળે ન્યારી મતિ' એ કહેવત અનુસાર ધર્મની પણ ભિન્ન ભિન્ન શાખાઓ થઇ છે તદપિ સત્ય સર્વને માન્ય છે અને અસત્ય સર્વને અમાન્ય છે, સત્ય ચિરનિત્ય છે તો સત્યનું જેમાં દર્શન અને નિવાસ, એવો જે વેદ, તે અનાદિ, ચિરનિત્ય અને આપ્ત ચિત્તને સંમત છે. એના જે અનુયાયી મહાત્મા વર સ્વામીશ્રી શંકરાચાર્ય અને સ્વામીશ્રી દયાનંદ સરસ્વતી થઈ ગયા, જેને તે સમયમાં ધર્મ વિષય પરત્વે, કોઇપણ ધર્મવાળા જીતવા સમર્થ નહોતા, એજ સૂચવી આપે છે કે વેદ સર્વમાં શિરોમણી છે.—તે આપ્ત પુરૂષના સિદ્ધાન્તનો હું પણ એક અનુયાયીછું. હાલ હું અભ્યાસીછું. સિદ્ધાન્તિ થવાને હજુ વાર છે તદાપિ—

शरीर निरपेक्षस्य दक्षस्य व्यवसायिनः
बुद्धि प्रारब्ध कार्यस्य नास्ति किंचनदुष्करम् ॥

આ કથાનુસાર જે પુરૂષ શરીરથી નિઃસ્પૃહ થઇ, નિશ્ચયાત્મક બુદ્ધિવડે વિચાર પૂર્વક કોઇ કાર્ય આરંભે છે તો તે કાર્ય તેને દુષ્કર નથી. ઇચ્છાનુસાર અવલોકન થયે, ધર્મ વિષય મ્હારે નિરાળુ જ પુસ્તક કાઢવાનું છે તો હાલ ઉકત વિષય પરત્વે ટુંકમાં યથામતિ લખુંછું તો આપ્ત પુરૂષ ભુલચુકપ્રતિ લક્ષ્ય ન આપતાં માત્ર સત્ય સત્ય અવલોકશો.

अहिंसा परमो धर्मः ।
सत्यात् नास्ति परो धर्मः ।
विवेक परमो धर्मः ।

માનસિક, વાચનિક અને કાયિક,—આ ત્રણેથી કોઈ જન્તુ જીવ અને મનુષ્યને દુઃખનું નિમિત્ત ન થવું, એ અહિંસા કહેવાય છે.

અહિંસા આ સંસારમાં સુખકર ઉચ્ચ ધર્મ છે. જૈન માર્ગીઓના ધર્મનો આ મુખ્ય સિદ્ધાન્ત વેદમાં પણ ત્હેનું મહાત્મ્ય અપ્રતિમ છે. અષ્ટાંગ યોગમાં પણ પ્રથમ યમનાં પાંચ અંગમાંનું એ પ્રથમ અંગ છે,—

तत्राहिंसा सत्या स्तेय ब्रह्मचर्या परिग्रहाद्यमाः

આ ધર્મનું જ્યારે યથાવત્ પાલન થાય છે ત્યારે કોઇ સાથે વૈર દ્વેષ ભાવ રહેતો નથી અને વૈર દ્વેષ ભાવનો ધ્વંસ થતાં નિત્યાનંદ અને નિર્અભિમાનતાને આલોકાય છે અને આ અવલોકનમાં સ્થિરસ્થિત રહેવાથી સ્વયમેવ–अहिंसापरमोधर्मः—એમ અનુભવાય છે. સ્વયપીડા બોધન કરે છે કે અન્યને પીડા કરવી એમાં સ્પષ્ટ પાપ છેજ. ત્યારે ભગવદ્દભક્ત તુલસી દાસજી શું ખોટું કહે છે ?—

દયા ધર્મકો મૂલ હે પાપ મૂલ અભિમાન.
તુલસી દયા ન છાંડીયે જ્યલગ ઘટમેં પ્રાણ.

આજકાલના પ્રાકૃત અપૂર્ણ ઇંગ્રેજી ચિત આવા કથનને હસી કાઢે છે પરંતુ દયા ધર્મનું માહાત્મ્ય આર્યધર્માનુસાર અવલોકયું હોયતો તેમ બને નહિ. જૈનધર્મમાં આ સિદ્ધાન્તની પ્રધાનતા છે; પરંતુ આથો અધિક—

"सत्यात् नास्ति परोधर्म There is no religion higher than truth સત્ય કરતાં મોટો ધર્મ એક પણ નથી.

આ સિદ્ધાન્તનું માહાત્મ્ય છે કારણકે પૂર્વાપરથી આપણે અનુભવતા, અવલોકતા આવીયે છીયે કે સૃષ્ટિના દર્શનની સાથે બે વર્ગ છે.–ધર્માત્મા. ૨ અધર્માત્મા. ધર્માત્મા પુરૂષોના સંરક્ષણ અને વિજયથી ધર્મની રક્ષા થાય છે અને અધર્માત્મા પુરૂષોના જય સુને પ્રબલતાથી ધર્મનો નાશ થાય છે. ધર્મનો નાશ થતાં સૃષ્ટિનો અંત આવે છે. ધર્મની રક્ષા અર્થે રામકૃષ્ણાદિનો મહત્ પ્રયાસ પ્રસિદ્ધ છે. સર્વ મતવાળાઓને ધર્મની રક્ષા કરવી એ માન્ય છે. धर्म एव परामुक्ति धर्म एव परागतिः માટે ધર્માત્મા, શાંત, પરોપકાર શીલ આપ્ત પુરૂષોને ઉત્તેજવા, અને દુષ્ટ અધર્મી પુરૂષોને અવશ્ય દંડવો એજ શ્રેષ્ઠ ધર્મ અને આદિ નીતિ છે. એક ધર્માત્મા પુરૂષના પાલન, સંરક્ષણથી હજારો પ્રાણીયોને સમ્યક જ્ઞાન થાય છે અને જ્ઞાન થતાં નિત્યાનંદને પ્રાપ્ત થાય છે અને ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. એક દુષ્ટ મનુ-

ષ્યને ક્ષમા આપી ઉત્તેજવાથી અનેક ધર્માત્મા પુરૂષને વિઘ્નરૂપ થઈ પડે છે,—જેવી રીતે કોઇ ચોરને ચોરી કરવાના વર્તનમાં હમેશાં—अहिंसा परमो धर्मः—ને અનુસરી ક્ષમા અપાયતો ચોરની સંખ્યા વધીજતાં, શાહુકાર વર્ગનો નાશ થાય, અને જ્યાં દૃષ્ટિ કરિયે ત્યાં હિંસાજ જોવામાં આવે માટે—

सत्यान्नास्ति परोधर्मः—

આ સિદ્ધાન્ત પ્રથમ કરતાં વિશેષ માનનીય છે; જેવી રીતે મિષ્ટ પદાર્થ પકાવતાં સાકર વિશેષ પડવાથી ઉલટી કટુતા આવે છે તેવી રીતે જૈનવાદીયોના અત્યન્ત દયા દર્શનમાં દયા અદર્શન પ્રદર્શિત થાય છે. જૈનમતના સ્યાદવાદમાં સપ્ત પ્રકાર છે તેમાં પણ તેઓએ ઘણી લાંબી મજલ (મુસાફરી) કરી હોય એમ જણાય છે પણ વેદાન્તના માત્ર ત્રીપુટી દર્શનમાં તેનો સમાવેશ થાય છે.

सत्यात् नास्ति परोधर्मः—આ આપ્ત કથનનું કેટલું માહાત્મ્ય છે તે આ નિચેના દૃષ્ટાન્તથી સમજાશે.

એક પુરૂષે અન્ય પુરૂષને પાંચ વાતો કહિ, તેમાં જો તેણે પાંચેય વાતો ગપરૂપ હાંકી, તો તેના પ્રમાણીકપણાનો એકી વખતે અંત આવશે; પરંતુ જો પાંચ ભેળા બે વાત સાચી કહી તો અમુક સમય સુધી કંઇક સત્યના આશ્રયથી જુઠી વાત મનાશે માટે સત્ય એજ સર્વનો આધારભૂત છે.

મનુષ્ય તો શું પરંતુ શ્વાન પણ સત્યને કેટલે અંશે ઉત્કૃષ્ટ માને છે; શ્વાનને ખાલી હાથ બતાવી–'તુતુ'–કહિ બોલાવવાથી એકાદ બે વખત આવશે, પરંતુ જ્યારે એને માલુમ પડ્યું કે આ લબાડ-જુઠો છે તો ફરીવાર તુતુ કરતા છતાં તે નજદીક આવશે નહિ માટે अहिंसा परमो धर्मः—કરતાંसत्यात् नास्ति परोधर्मः અધિકતર્ છે. આથી પણ—

विवेक परमोधर्मः

વિવેક અતીવ સુખકર સર્વોત્તમ ધર્મ છે. मनएव मनुष्याणां कारणं बंध मोक्षयोः—બંધ અને મોક્ષનું કારણ મન છે. મન અને પ્રાણને નિકટ સંબંધ છે. મહર્ષિ પતંજલી મતાનુસાર પ્રાણનો જય કરવાથી મન પણ સામ્યાવસ્થાધિન થાય છે; માટે સત્ય રીતિયે પ્રાણનો નિરોધ કરવો અત્યાવશ્યક છે તથાપિ જો આપણે—सत्यात् ना-

स्ति परोधर्मः ને અનુસરી विवेक परमोधर्मः ને ન અનુસરી પ્રાણનો અકસ્માત એકી વખતે નિરોધ કરવા જઇયે તો પ્રાણ ઉદ્ધત સ્વચ્છંદી બની, શરીર છીદ્રદ્વારા બહાર નીકળી જઈ, શરીરને નષ્ટ ભ્રષ્ટ કરે; પરંતુ જો વિવેક ધર્મના માહાત્મ્યને અનુસરી શનૈઃ શનૈઃ વિવેકથી રોકવા પ્રયાસ કરિયે તો, તે વશીભૂત થતાં, મન પણ શાન્ત થઈ મોક્ષ પદ પામીયે.

વળી જે પુરૂષમાં વિવેક ધર્મનું ચિન્હ નથી તે સમ્યક જ્ઞાની નથી,–જેવી રીતે જડ, જીવ, ઇશ્વરનું યથાર્થ જ્ઞાન જેને નથી થયું તેવા અનધિકારીને–सत्यात् नास्ति परोधर्मः ને અનુસરી—ब्रह्म सत्यं जगत् मिथ्या—નો બોધ કરિયે તે કદાપિ તેના મનમાં ઠસે નહિ માટે વિવેક ધર્મ સર્વોત્તમ છે.

વળી વિદ્વાન છતાં દુઃસંગતિથી અથવાતો પ્રારબ્ધકર્મની સ્ફુરણાથી, માયાપાશમાં સપડાએલા પ્રાણીનો सत्यात् नास्ति परोधर्मः ને અનુસરી તિરસ્કાર અનાદર ન કરતાં, સામ્યક જ્ઞાન બોધ કરી, તેને પૂર્વ સંસ્કારી કરવો એજ વિવેક નામક પરમ ધર્મ છે જેવી રીતે ગોરખે માયાપાશમાંથી મચ્છેન્દ્રને જાગૃત કર્યો હતો; વળી માયાનો આવરણ કરવાનો સ્વભાવ છેજ માટે सत्यात् नास्ति परोधर्मं કરતાં પણ विवेक परमोधर्मः સર્વોત્કૃષ્ટ છે.

પ્રારબ્ધ (દૈવ) અને કર્મ (પુરૂષાર્થ)

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।—यजु.

शरीरयात्रापिच तेन प्रसिद्ध्येद कर्मणः ।—भगवद्गीताः

૧ મનુષ્ય જીવે ત્યાં સુધી કર્મ કર્યાં કરે. ૨ કર્મ હિનત્વમાં ત્હારી શરીર યાત્રાનો નિર્વાહ થશે નહિ. આ સંસારમાં કોઈ પણ વૃક્ષ, જન્તુ, પ્રાણી, જીવ અને મનુષ્ય પ્રારબ્ધ કર્મ રહિત નથી, માટે મનુષ્યે દૈવપર આધાર રાખી કર્મહીન થવું અતિવ અધમ છે. આપણને સ્પષ્ટ પ્રતીત થાય છે કે કદાચ દૈવેજ એક અરણ્યમાં કોઇ મનુષ્યને ભોજન લઇ આપણને જમાડવા મોકલ્યો તોપણ આવીને કંઠદ્વારા પેટમાં ઉતારવા ન્યુનપણ પુરૂષાર્થ કરવોજ પડશે. (વળી અરણ્યમાં કોઈ ભોજન લાવીને આપણને જમાડે તોપણ આપણા પૂર્વ કે પ્રકૃત પુરૂષાર્થનુંજ ફલ છે) માટે પુરૂષાર્થ સિવાય આ

સંસારમાં કંઇ પણ આવ્યું નથી. શ્રીકૃષ્ણ પરમાત્માયે પણ કર્મહીન ન થવા અર્જુનને આજ્ઞા કરી હતી. પુરૂષાર્થના પરિણામનું નામજ દૈવ છે માટે આજકાલના પ્રાકૃતચિત્ત ઉદ્યોગ નસીબના અણુસમજે ઝઘડા કરે છે તે મિથ્યા છે. પ્રારબ્ધ અને કર્મ વિશે આગળ કહેવામાં આવશે.

યોગ વશિષ્ટ ભગવદ્દગીતા અને વિચાર સાગર આદિ ગ્રંથમાંના જે જે કથન મને સારભૂત અતીવ પ્રિય લાગ્યાં, તે અત્ર પ્રકટાવી, વાચક વર્ગને નિવેદિન કરૂંછું.

વાચક વર્ગ ! કૃપા કરી ક્ષમા કરશો કે પુસ્તક પ્રસિદ્ધિની ત્વરાયે તથા કાર્ય વ્યવસાયને લીધે એક વિષય પછી બીજો વિષય, એ ક્રમ ન જાળવતાં, મેં નોટ કરેલાં વાકય જેમનાં તેમ પુસ્તકમાં ગોઠવી દીધાં છે. નિઃસંશય, જો વિષય ક્રમાનુસાર ગોઠવવામાં આવ્યા હોત તો વાચકવર્ગને અધિક પ્રિય અને સુગમતારૂપ થઈ પડત; પરંતુ આ વિષયપર પ્રથક પુસ્તક કાઢવાના ઇરાદાયે આ કાર્ય પ્રતિ મને નિઃલક્ષ્ય રાખ્યો. અસ્તુ.

અદ્વૈત સિદ્ધાન્ત.

વાચક વર્ગ ! It is impossible; it is next to impossible:—એ ઉચ્ચારણ નહિ કરતાં, દરેક વાકયને મનન પૂર્વક વારંવાર અવલોકશો.

૧ મોક્ષનું કારણ—કર્મ અને જ્ઞાન છે.

૨ કર્મથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને જ્ઞાનનું નિવાસસ્થાન શુદ્ધ અંતઃકરણ છે જેવી રીતે બે પક્ષથી પક્ષી આકાશ માર્ગે ગમન કરે છે તેવી રીતે કર્મ અને જ્ઞાનથી મનુષ્યનો મોક્ષ થાય છે.

૩ પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ,—આ પંચ મહાભૂત અલ્પ કારણુથી વિકરવાને થતા નથી, પરંતુ જ્યારે સૃષ્ટિની ઉત્પતિ કે પ્રલયનો સમય આવે છે ત્યારે વિકરવાવ થાય છે તેવી રીતે મહાત્મા પુરૂષો અલ્પકારણુથી શોક, ક્રોધ, કે મોહને વશ થતાં નથી, પરંતુ પ્રારબ્ધકર્મના પ્રવાહથીજ થાય છે.

૪ મહા પુરૂષની ચેષ્ટા અનુકૂલ પ્રાણીયોની ચેષ્ટા હોય છે.

૫ વિષય, પદાર્થનો જ્યારે વિયોગ થાય છે ત્યારે કંટકની પે-

કે હૃદયમાં ખુંચે છે અને વિષય ઇન્દ્રિયના ભોગ સમય હૃદય રાગ દોષથી જ્વલિત થાય છે.

૬ જલ તરંગ અને વિદ્યુતની જેટલો સમય સ્થિરતા રહે છે તેટલો સમય લક્ષ્મીની પણ સ્થિરતા રહે છે.

૭ જેવી રીતે હંસ દુધ અને પાણીને પ્રથક કરે છે તેવી રીતે અનાત્મા સાથે અજ્ઞાનતાથી એકમય થઇ ગયો છું. જેવીરીતે સ્તંભથી બંધાયમાન મર્કટ ક્ષણ પણ બંધાયમાન રહેતો નથી તેવી રીતે ચિત્ત.પણ વાસનાથી ક્ષણ પણ સ્થિર રહેતું નથી.

૮ આ શરીર અજ્ઞ નથી અને તજ્ઞ પણ નથી. જડ નથી અને ચૈતન્ય પણ નથી. જેવી રીતે અગ્નિના સયોગથી લોહ અગ્નિવત્ થાય છે—જ્વલે છે છતાં આપજ્વલિત થતું નથી તેવી રીતે આ દેહ જડ નથી તેમ ચેતન પણ નથી જડ એ કારણથી નથી કે તેનાથી ક્રિયા થાય છે અને ચેતન એ કારણથી નથી કે એને સ્વયમેવ જ્ઞાન થતું નથી માટે મધ્યમ ભાવમાં છે.

૯ પુરૂષનો બંધનરૂપ પરિવાર—દેહ, ઇંન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ આ પરિવારમાં જે અહંભાવનો ત્યાગ કરે છે તેની મુક્તિ થાય છે. હું શરીર નથી. મારૂં શરીર નથી. હું-શરીરનો નથી.

૧૦ આકાશમાં વનની અસંભાવના છે તેવી રીતે યુવાવસ્થામાં વૈરાગ્ય, વિચાર, શાન્તિ, અને સંતોષનું દર્શન દૂર્લભ છે.

૧૧ સાત્વિક પ્રકૃતિનાને વિશેષ્ય કરી દેવસંજ્ઞા અપાય છે રાજસ પ્રકૃતિનાને રાજાની સંજ્ઞા અપાય છે અને તમ પ્રકૃતિવાળાને રાક્ષસની સંજ્ઞા અપાય છે.

૧૨ શાસ્ત્રવડે અંગનું છેદન કરવું સહ્ય છે, વજ્રથી શરીરનું ચુર્ણ કરવું સહ્ય છે; પરંતુ વિષય ભોગ મ્હારાથી સહ્ય નથી,-એવો કોઈ ઉપાય દર્શાવો કે સાગરમાં નિવાસ છતાં જલસ્પર્શ ન કરે તેવી રીતે સંસાર સાગરમાં નિવાસ છતાં તૃષ્ણા સ્પર્શ ન કરે.

૧૩ જીવન મુક્તને સર્વત્ર સર્વાત્મા પૂર્ણ દૃષ્ટિગોચર થાય છે અને (સ્વ) સ્વરૂપ છે.

૧૪ સ્પંદ (પવનનુંવાવું) રૂપ પણ વાયુ છે અને નિઃસ્પંદરૂપ પણ વાયુ છે છતાં સ્પંદ નિઃસ્પંદમાં ભેદ પ્રતીત થાય છે પરંતુ વાયુ એકજ છે તદપિ અલ્પ જીવને સ્પંદરૂપનું દર્શન થાય છે અને નિઃ-

સ્પંદનું દર્શન થતું નથી.

૧૫ પુરૂષાર્થ, (પુરૂષ પ્રયત્ન) શાસ્ત્રાવલોકન, સંતજનના ઉપદેશ અનુસાર ચિત્તનું વિચરવું—આ સિવાય અન્ય ઉન્મત્ત ચેષ્ટા કહેવાય છે.

૧૬ કેવળ ચૈતન્ય જે આત્મતત્વ છે તેમાં ચિત સંવેદન સ્પંદરૂપ છે જે સ્વપુરૂષાર્થથી બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર આદિ બને છે.

૧૭ અનુભવથી સ્મરણ થાય છે સ્મરણથી અનુભવ થાય છે.

૧૮ એક મનુષ્યને બે ઘેટા છે તેમાં જે બળવાન હોય છે તેની જીત થાય છે તેવી રીતે પ્રકૃતિ અને પૂર્વ પુરૂષાર્થમાં જે બળવાન હોય છે તેની જીત થાય છે.

૧૯ મનનપૂર્વક શાસ્ત્રાનુસાર પુરૂષાર્થી શુદ્ધતાને પામે છે તેથી વિપર્યયવાસના અનુસાર વર્તન બ્રહ્મ જાલમાં ફસાવી ભ્રમાવે છે.

૨૦ કોઇપિણ અર્થની સિદ્ધિનું નામ પુરૂષાર્થ છે.

૨૧ દયા, ધર્મ, સંતોષ અને વૈરાગ્યના અભ્યાસથી બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને સૂક્ષ્મ બુદ્ધિવડે શુભ ગુણને પુષ્ટી મળે છે.

૨૨ જ્યારે દૈવજ કર્તા હોય તો ગુરૂ અને શાસ્ત્રની શી આવશ્યકતા રહી? સ્પંદરૂપને જે પૂર્વ પુરૂષાર્થ છે તેજ દૈવ છે.

૨૩ કર્ત્તાએ જો પુરૂષાર્થ ન હોત તો પાપ કરવાવાળા નરકે અને પુન્ય કરવાવાળા સ્વર્ગે જાય છે તેમ ન બનત.

૨૪ કોઇ મનુષ્યનું શિષ કાપવા છતાં તે જીવતો રહે તો એમ મનાય કે કોઇ દેવ એનું રક્ષણ કર્ત્તા છે.

૨૫ દૈવ નામ પુરૂષાર્થનું છે; પુરૂષાર્થ નામ કર્મનું છે. કર્મ નામ વાસનાનું છે; વાસનાનું ઉત્પત્તિ સ્થાન મન છે; મનરૂપી પુરૂષ છે. તે જેની વાસના કરે છે તે તેને પ્રાપ્ત થાય છે.

૨૬ જીવન મુક્તની જ્યાં વૃત્તિ જાય છે ત્યાં આત્મસત્તા પ્રતીત થાય છે; જેવી રીતે પૂર્ણમાસી ચંદ્ર અમૃતથી પૂર્ણ રહે છે તેવી રીતે જ્ઞાનવાન પરમાનંદથી પૂર્ણ રહે છે.

૨૭ હાથમાં પાત્ર લઇ ચાંડાલને ત્યાં ભિક્ષા માગવી સારી, પરંતુ અજ્ઞાનતા પૂર્ણ જીવન અધમ અને નિષ્ફલ છે.

૨૮ ગુરૂ, શાસ્ત્ર, અને સ્વાનુભવ, ત્રણેનો યોગ શ્રેયસ્કર છે.

૨૯ આ સંસાર અવિચારથી પ્રતીન થાય છે અને વિચારથી લીન થાય છે વિચારથી લીન ન થાત તો ઉપદેશની આવશ્યકતા ન-

હોતી માટે પુરૂષાર્થ સર્વને સંમત છે, જેવી રીતે હાથમાં દીપક હોવા છતાં મનુષ્ય કુવામાં પડે એ કેવળ એની મૂર્ખતાજ છે તેવી રીતે તિમિર નાશક ગુરૂ અને શાસ્ત્ર હોવા છતાં, તેનો આશ્રય જે કોઈ ન ગ્રહણ કરે એ કેવળ મૂર્ખતાજ છે.

૩૦ આકાશસ્થ સૂર્યના ઉદયથી ક્રિયા થાય છે અને અસ્તથી બંધ થાય છે. બંને કાલમાં આકાશ સમ છે–તેવી રીતે જ્ઞાનવાન સદા નિર્લેપ છે.

૩૧ બલ, બુદ્ધિ, તેજ, પદાર્થ–આગમન, અને પ્રાપ્તિ–આ પંચની પ્રાપ્તિ સમ્યક્ વિચારથી થાય છે.

૩૨ સંતોષ—અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા ન કરતાં, પ્રાપ્ત વસ્તુમાં રાગદ્વેષ રહિત રહેવું.

૩૩ જ્યાં સુધી ચિત્ત વિશ્રામી નથી થયું ત્યાં સુધી વિચાર કર્તવ્ય છે; વિશ્રામનું નામ તુર્ય પદ છે.

૩૩ ઉત્પત્તિ છે એજ જ્ઞાન, વસ્તુભાવ, સ્વભાવ ક્રમ છે. વધવું, ઘટવું, ઉપજવું, બંધ અને મોક્ષ પણ એનોજ છે.

૩૫ દ્રષ્ટાનો દૃશ્ય સાથે સંયોગ એજ બંધન છે અને વિયોગ એજ મોક્ષ છે.

૩૬ દૃશ્ય સંયોગ ચૈતન્ય છે એજ જીવ છે.

૩૭ જલ વિશે દ્રવતા છે. વાયુ વિશે સ્પંદતા છે. તેજ વિશે પ્રકાશ છે તેવી રીતે આત્માવિશે ચિત્ત સંવેદન છે. જ્યારે ચિત્ત સંવેદન સ્પંદરૂપ થાય છે ત્યારે જગત પ્રતીત થાય છે.

૩૮ જે સુખ અને આનંદ દુઃખ અને શોકનું કારણ છે તે સુખાનંદ કૃત્રિમ અને અલ્પાયુષી છે અને જે સુખ અને આનંદનું પરિણામ (અવિકૃત) સુખાનંદ છે તે ચિર નિત્ય અને સત્ય છે.

૩૯ ચૈત્યશક્તિ હોવાથી ચૈતન્ય છે. જેવી રીતે વાયુ વિશે સ્પંદ શક્તિ છે તેવી રીતે ચિન્માત્ર વિશે ચૈત્ય સ્ફુરણ છે જ્યારે અહં અસ્મી ભાવને પામે છે ત્યારે ચૈતન્ય-સંજ્ઞાથી ઓળખાય છે. ચૈતન્ય સંવિત જ્યાં સુધી પોતાના સ્વરૂપ સમીપ નથી આવતું ત્યાં સુધી જીવ નામથી ઓળખાય છે. સંકલ્પરૂપ બીજ ચિત્ત સંવિત છે તેનાથી સર્વ ભૂતની ઉત્પત્તિ થાય છે તેથી સર્વનું જીવન ચિત્ત સંવિત છે.

૪૦ જ્યારે ચિત્ત ચૈત્યોન્મુખ થાય છે ત્યારે સૃષ્ટિ ભાસ્યમાન

થાય છે અને જ્યારે આત્માપ્રતિ વળે છે ત્યારે સૃષ્ટિ પિંડાકાર ભાસે છે.

૪૧ આ જગતનું કારણ સૂક્ષ્મભૂત છે અને સૂક્ષ્મભૂતનું પણ કારણ ચિદ્અણુ છે. જેવું કારણ હોય છે તેવું કાર્ય હોય છે.

૪૨ પ્રથમ આત્માવિશે ચૈત્ય સ્ફુરણ થયું, તેનું નામ જીવ પડ્યું. તેણે દૃશ્યનું ચિન્તવન કર્યું, તેથી તન્માત્રા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ઉત્પન્ન થયાં અને તેનાથી પૃથ્વી, આપ, વાયુ, તેજ અને આકાશ ઉત્પન્ન થયાં; અર્થાત્ જગતનું આદિકારણ પંચતન્માત્રા, અને પંચ તન્માત્રાનું કારણ બીજ ચિત્ત સંવિત આકાશ છે તેથી સર્વ જગત્ બ્રહ્મરૂપ છે આદિ જે અચેત ચિન્માત્ર સ્વરૂપ છે તે પરમાકાશ છે અને જે ચૈતન્ય સંવિત વિશે જગત્ ભાસ્યમાન થયું તે જીવાકાશ છે પૃથ્વી આદિભૂતથી રહિત હોવાથી એ પણ શુદ્ધ છે. જીવ—અહંકાર—બુદ્ધિ—મન, અને મનથી ઇન્દ્રિય.

૪૩ ચિત્ત સંવિતનું નામ સ્વયંભુ બ્રહ્મા છે.

૪૪ સ્મૃતિ નામ સંકલ્પનું છે અને સંકલ્પ આકાશ રૂપ છે.

૪૫ આ સંસારમાં સુખ એ દુઃખનું કારણ છે અને દુઃખ એ સુખનું કારણ છે.

૪૬ જે પદાર્થ સત્ય નથી તેની સ્મૃતિ ક્યાંથી સત્ય હોય ? સાકારથી નિરાકારનું ગ્રહણ થતું નથી. જ્યારે તું અંતવાહક થઇશ ત્યારે નિરાકારનું કંઇક દર્શન થશે.

૪૭ જે પુરૂષ પ્રત્યક્ષ ચેષ્ટા કરે છે અને અંતરથી ચેષ્ટા રહિત છે તે પુરૂષ જીવન મુક્ત કહેવાય છે અને તે અવસ્થાને તુર્યાવસ્થા કહે છે.

૪૮ જ્યારે મનુષ્યનું મૃત્યુ થાયછે ત્યારે તેનું અંતવાહક શરીર બને છે; પશ્ચાત્ વાસનાનુંસાર આધિભૌતિક શરીર બને છે અને ચૈતન્ય શક્તિ જે શક્તિરૂપે તેને જેવી ભાવનાથી પુજીયે તેવી સિદ્ધ થાય છે.

૪૯ આત્મા વિશે જગતનો આભાસ છે અને એ આભાસ પરિણામી છે.

૫૦ સર્વનો આત્મા ચિદ્અણુ છે એ ચિદ્અણુ આભાસવડે ભિન્ન ભિન્ન રૂપ પ્રતીત થાય છે અને પરમાકાશરૂપ પણ એજ ચિદ્અણુ છે. અવકાશથી પણ સૂક્ષ્મ છે.

૫૧ સતને શુન્ય કહેવા વાળા મૂર્ખ છે; સતના આશ્રયથી અસત્ સિદ્ધ થાય છે.

૫૨ સર્વ ચિદ્અણુ આત્માનો આભાસ છે.

૫૩ દૃષ્ટા, દૃશ્ય અને દર્શન એ ત્રીપુટીની અંદર અનુભવ સત્તા છે. એજ પરમાત્મારૂપ છે.

૫૪ તમ અને પ્રકાશ બંને આત્મસત્તાથી પ્રકાશિત છે, અર્થાત્ આત્મ સત્તાને આશ્રિત છે.

૫૫ જ્યારે પુરૂષ દૃષ્ટા અને દૃશ્યનો ત્યાગ કરી પોતાના સ્વરૂપ વિશે સ્થિત થાય અને દૃશ્યનો લોપ થવાથી દૃષ્ટાનો પણ લોપ થાય છે ત્યારે શુદ્ધ સંવિત માત્ર શેષ રહે છે એટલે ચેતન અને જડ બંનેથી રહિત છતાં સહિત થાય છે.

૫૬ ધર્મની રક્ષા અર્થે હિંસા છે એ હિંસા નથી કારણ કે પાપની નિવૃત્તિ અર્થે છે.

૫૭ મન જડ અને ચૈતન્યરૂપ છે; ચેતન સંવેદ નથી; જંગમ રૂપ જગત્ ઉત્પન્ન થાય છે અને જડ સંવેદ નથી, સ્થાવરરૂપ જગત્ ઉત્પન થાય છે, ચેતન કારણ (બીજ) દૃષ્ટા છે અને જડકાર્ય દૃશ્ય જગત્ રૂપ છે.

૫૮ મન વિશે જડ અને ચેતન ભાગ છે તે બ્રહ્મા છે; અને જડ ભાગ છે તે અબોધ છે જ્યારે (જીવ) અબોધ ભાવને પ્રાપ્ત થાય છે તે બ્રહ્મા અવલોકે છે અને ચેતન ભાવ સ્થિત થાય છે ત્યારે શુદ્ધરૂપને અવલોકે છે.

૫૯ જેવી રીતે લાકડી વિશે ચિત્તભાસ્યમાન્ નથી અને પ્રાણધારીયો વિશે ચિત્ત ભાસ્યમાન્ છે પરંતુ સ્વરૂપે બંને તુલ્ય છે કારણ કે બંને આત્મસત્તાથી પ્રકાશમાન છે.

૬૦ જેવું બીજ તેવું વૃક્ષ; પિતા તેવો પુત્ર; તેવી રીતે જેવો કર્તા તેવું કર્મ, સુંગધ અને કમળ. જેવી રીતે તરંગ સમુદ્ર વિશે લીન થાય છે તેવી રીતે મન અને કર્મ, કારણ અને કાર્ય પરમાત્મા વિશે લીન થાય છે.

૬૧ મનને જ્યારે દૃસ્યભાવ દૂર થઇ, શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે ત્યારે પોતે નષ્ટ થતાં કર્મ પણ નષ્ટ થઇ જાય છે અને સ્પંદતા નિવૃત થઇ જાય છે.

૬૨ મનની સંજ્ઞા—મન, બુદ્ધિ, અહંકાર, કર્મ, કલ્પના, ચિત્ત, સ્મૃતિ, વાસના અવિદ્યા, પ્રકૃતિ, માયા,-ઇત્યાદિક કલ્પના સંસારનું કારણ છે.

૬૩ મન કેવલ જડ નથી અને ચેતન પણ નથી; મનનું જો એકજ રૂપ હોયતો સુખદુ:ખ આદિ વિશે વિચિત્રતા અને જગત્ વિશે લીનતા પણ ન હોવી જોઇયે અને જો મન કેવળ ચૈતન્ય હોયતો જગતનું કારણ ન બની શકે, અને જડ હોય તો પણ જગતનુ કારણ ન બની શકે, કારણ કે જડ કેવળ પાષાણ રૂપ છે તેનાથી કંઇ ક્રિયા થઇ શકતી નથી અને કેવળ ચેતન આત્મા છે તેના વિશે કૃર્તત્વ કલ્પના નથી માટે મન કેવળ જડ પણ નથી અને ચેતન પણ નથા. ચેતન અને જડના મધ્યભાગમાં છે અને એજ જગતનું કારણ છે. આ સ્થળે મન એટલે ચિદાભાસ.

૬૪ બંધની કલ્પના અજ્ઞાની કરે છે તેથી મિથ્યા છે જ્યારે બંધની કલ્પના મિથ્યા થઈ ત્યારે મોક્ષની કલ્પના પણ મિથ્યા છે. વાસ્તવીક રીતે બંધ પણ નથી અને મોક્ષ પણ નથી.

૬૫ સર્વ વિશે આત્મસત્તા (ચેતનશક્તિ) વ્યાપી રહેલી છે. વાયુ વિશે સ્પંદરૂપ, પૃથ્વિવિશે કઠોરતારૂપ, સૂર્ય અગ્નિ આદિ વિશે પ્રકાશરૂપ, જલ વિશે દ્રવતારૂપ, આકાશ વિશે શૂન્યતારૂપ, સર્વ પદાર્થ વિશે વ્યાપક સત્તા એકજ રૂપ છે. મનથી ભિન્ન ભિન્ન પ્રતીત થાય છે.

૬૬ (આભાસ વિશિષ્ટ) મન વિના કોઇ પદાર્થનું જ્ઞાન થતું નથી. ચક્ષુ ઇન્દ્રિયથી તમે કોઇ પુસ્તક વાંચી જશો અને તમારૂં મન અન્યત્ર ભ્રમતું હશે તો તમારે ઉક્ત પુસ્તકનો ભાગ ફરીવાર વાંચી જવો પડશે.

૬૭ ઇન્દ્રિયનો કોઈ પણ વિષય મનથી સિદ્ધ થાય છે. અંધકાર અને પ્રકાશ પણ મન વડે ભાસ્યમાન્ થાય છે. મનથી ઇન્દ્રિયો ઉત્પન્ન થઈ છે, ઇન્દ્રિયોથી મન ઉત્પન્ન થયું નથી.

૬૮ પરમાત્મા સૃષ્ટિનું સમવાયી (ઉપાદાન) અને નિમિત્ત કારણ નથી; કારણ ભિન્ન હોય ત્યારે નિમિત્ત કારણ કહેવાય છે. આત્મા અદ્વૈત છે; એની નજદીક અન્ય વસ્તુ નથી તો કર્ત્તા કેવી રીતે હોય? સહકારી પણ નથી, જે વડે કાર્યને કરે, મન અને ઇન્દ્રિયથી રહિત નિરાકર, અવિકૃત, અચ્યુતરૂપ અને અપરિણામી છે.

६९ વૃક્ષનું ઉપાદાન (સમવાયી) કારણ બીજ છે તો આત્મા બીજરૂપ પણ નથી. જાયતે, અસ્તિ, વર્દ્ધતે, વિપરિણમતે, ક્ષીયતે, નશ્યતિ–આષટ્ વિકારથી રહિત નિર્વિકાર આત્મા જગતનું કારણ નથી; માટે આ જગત્ ભ્રાન્તિમાત્ર છે. અર્થાત્ અજ્ઞાન અને ભ્રાન્તિથી પ્રતીત થાય છે એટલે ચિરૂનિત્ય નથી. સમ્યક જ્ઞાનથી નિવૃત્ત થાય છે.

૭૦ સૃષ્ટિની જેવી પૂર્વે શાન્ત સત્તા હતી તેવી પ્રકૃતિ પણ જાણ કંઈ પણ ભિન્નત્વ નથી. પરમાણુના સહસ્રાંશ ભાગ તેવી રીતે સૂક્ષ્મ ચિત્તકલા છે તે ચિત્તકલા વિશે અનંત કોટી સૃષ્ટિ સ્થિત છે એજ ચિત્તસત્તા સ્ફુરણાથી જગત્ ભાસ્યમાન્ થાય છે. પ્રકાશરૂપ નિરાકર શાન્તરૂપ છે ઉદય પણ નથી અને અસ્ત પણ નથી. કોઇ આવતું નથી અને કોઇ જાતું પણ નથી. આત્મસત્તા જેમની તેમ સ્વવિશે સ્થિત છે.

(ઉપાધિ રહિત કેવળ આત્મવિચાર દર્શન)

૭૧ સર્વ પદાર્થનું શબ્દ, અર્થ સહિત નિર્મૂલ થવું તેનું નામ મહા પ્રલય છે.

૭૨ સર્વ જગત્ બ્રહ્મથી સ્ફુર્ણાયમાન છે. જડ પણ ચૈતન્ય સત્તાવડે ભાસ્યમાન્ છે. જેવી રીતે કરોળીયો પોતાનામાંથીજ તન્તુ કાઢી, પોતે તેમાં ફસાય છે તેવી રીતે ચૈતન્યથી જડ ઉત્પન્ન થયું છે અને તેને વિશે લીન થાય છે.

૭૩ આત્મા વિશે ઇચ્છા શકિત ઉપજે છે એજ પોતાને આવરણ કરે છે અને તદ્રૂપ બની જાય છે. વાસ્તવિક રીતે બંધનથી એને બંધન નથી અને મોક્ષથી એને મોક્ષ નથી. બંધ અને મોક્ષ બંને ભ્રાન્તિ માત્ર છે. જ્યારે દૃશ્યભાવથી વિમુખ થઈ પોતાના સ્વરૂપનું ચિન્તવન કરે છે ત્યારે આત્મ સાક્ષાત્કાર થાય છે.

૭૪ સ્થાવર અને જંગમમાં પ્રવિષ્ઠ આત્મા જેવી કલ્પના કરે છે તેવું તેને ભાસ્યમાન્ થાય છે પરંતુ જ્યારે પોતાના સ્વરૂપનું ચિન્તવન કરે છે ત્યારે દૃશ્ય દૃષ્ટા ભાવ નિવૃત થાય છે.

૭૫ આજકાલ જડ વિષયના જ્ઞાનનું જેટલે અંશે સંશોધન થયું છે તેટલે અંશે ચૈતન્ય જ્ઞાનનું શોધન થયું નથી.

૭૬ જેવી રીતે અગ્નિ અને ઉષ્ણતા; અગ્નિ વ્યાપ્ય છે અને ઉષ્ણતા વ્યાપક છે; અગ્નિ કાર્ય છે અને ઉષ્ણતા કારણ છે. વાસ્ત-

વીક રીતે બંનેનું એકજ સ્વરૂપ છે. જેવી રીતે વ્યાપક પરમાત્મા અને વ્યાપ્ય જગત્ દેખવા માત્ર ભિન્ન છે. વાસ્તવ એકજ સ્વરૂપ છે; દ્રષ્ટા, દ્રશ્ય એકજ સ્વરૂપ છે.

૭૭ સર્વ અવયવ દોડા દોડ કરતા હોય ત્યાં સ્થિરતા કેવી રીતે ? જ્યાં સર્વ અવયવ સ્થિર હોય ત્યાં દોડા દોડ કેવી રીતે સંભવે ? જ્યાં એક આત્મ સત્તા સર્વત્ર વિસ્તૃત છે ત્યાં ઉત્પત્ત, સ્થિતિ અને પ્રલય કેવી રીતે સંભવે ? પરમાત્મા સ્વરૂપ સિવાય એક પણ અણુ નથી. સમુદ્રમાં તરંગનું ઉત્પન્નજ થવું નથી થયું તો શાન્ત થાવું ક્યાંથી સંભવે ?

૭૮ દ્રષ્ટા અને દ્રશ્યનો પ્રકાશક પરમાત્મા છે. ઉત્પતિ નથી, સ્થિતિ નથી અને પ્રલય પણ નથી. આત્મા નાના રૂપ ભાસ્યમાન્ થાયછે.

૭૯ દ્રશ્ય, દ્રષ્ટાથી વિમુખ થઇ શેષ કંઈ રહે તે નિરાકાર પરમાત્મા છે, પ્રકાશરૂપ છે.

૮૦ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી દ્રશ્ય દ્રષ્ટા છે.

૮૧ દ્રષ્ટા, દ્રશ્યના યોગનું નામ દર્શન છે.

૮૨ કોઇ અણુ ઇશ્વરથી રહિત નથી માટે સર્વ જગત ઇશ્વર રૂપ છે.

૮૩ સુખ દુઃખ બંને સમાન છે સુખ દુઃખથી ન્યૂન નથી. અને દુઃખ સુખથી ન્યૂન નથી. સુખમાં રાગ અને અહંભાવ હોવાથી અધોગતિ થાય છે અને નિમિત્ત કારણ સુખથી દુઃખ ઉત્પન્ન થાય છે: માટે સુખનું દુઃખ, અને દુ;ખનું નિમિત સુખ છે. વાસ્તવ સુખ એજ છે કે જે ચિર્ નિત્ય છે અને જે આત્મ સાક્ષાત્કાર વિના પ્રાપ્ત થતું નથી. સત્સંગ, શાસ્ત્રાવલોકન, વેદાન્તદ્વારા જ્ઞાન અને યોગ દ્વારા પુરૂષાર્થ વિના આત્મ સાક્ષાત્કાર થતો નથી.

૮૪ કાર્યની ઉત્પતિનાં બે કારણ છે ૧•નિમિત્ત કારણ ૨ ઉપાદાન કારણ.

૮૫ સુર્યના ઉદયથી અજ્ઞાન નષ્ટ થાય છે તેવી રીતે વિવેકના ઉદયથી અજ્ઞાન નષ્ટ થાય છે.

૮૬ બીજનું પણ કારણ રસ (બ્રહ્મ) છે.

૮૭ વાસ્તવ જે દ્રષ્ટા છે તે પોત્તાના સ્વરૂપ વિશે સ્થિત છે.

૮૮ દીર્ઘ કાલ પ્રતીતિનું નામ જાગૃત છે.

૮૯ અલ્પ કાલ પ્રતીતિનું નામ સ્વપ્ન છે.

૯૦ મન, વાણી અને શરીરથી જ્યાં કોઈ પણ પ્રકારનો ક્ષોભ નથી. પ્રાણ અને અપાન પણ જ્યાં પોતાની ક્રિયાથી રહિત છે અને આત્મ કલા પોતાના સ્વરૂપ વિશે સ્ફુર્ણા રહિત થઈ, સ્થિર સ્થિત થાય છે તેનું નામ સુષુપ્તિ (સામ્યવસ્થા) છે.

૯૧ આધિક ભૌતિક શરીરના અંતર વિશે સ્થિત થઈ જે જીવાડે છે તેનું નામ જીવ છે. તેજ રૂપ છે બીજરૂપ છે.

૯૨ જડરૂપ સુષુપ્તિ અવસ્થામાં જાગૃત થઈ દશ્ય ભાવને પ્રાપ્ત ન થતાં, નિર્વિકલ્પ પ્રકાશતા વિશે સ્થિત થાય એ તુર્યાવસ્થા કહેવાય છે અને એજ પુરૂષને જીવન મુક્ત કહે છે. જાગૃત, સ્વપ્ન સુષુપ્તિ વિશે બંધમાન નથી.

૯૩ જે જીવ છે એ જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ ત્રણે અવસ્થા વિશે સ્થિત છે. જ્યારે નાડીયોમાં અન્નરસ સર્વત્ર ફેલાય છે ત્યારે પ્રાણ વાયુ હૃદય નામની નાડી વિશે આવતો નથી. ત્યારે ચિત્ત સંવિત અક્ષોભરૂપ સુષુપ્ત થાય છે. જ્યારે અન્ન ઉક્ત નાડીયોથી પાચન થાય છે અને પ્રાણ વાયુ ચાલવા લાગે છે ત્યારે ચિત્ત સંવિત ક્ષોભરૂપ સ્ફુરવા લાગે છે તેથી કરી જગત્ ભાસ્યમાન્ થાય છે.

૯૪ સિદ્ધાન્તનો પ્રશ્ન સિદ્ધાન્ત કાલ વિશે શોભે છે તેવી રીતે જીજ્ઞાસુનો પ્રશ્ન જીજ્ઞાસુ કાલમાં શોભે છે.

૯૫ જેવી રીતે જલ જે રંગ સાથે મળે છે તેની સાથે તેવા રૂપમાં થઈ જાય છે તેવી રીતે મન જે પદાર્થ સાથે મળે છે તેની સાથે તેવા રૂપમાં થઇ જાય છે.

૯૬ મન અને કર્મ અભિન્ન છે જેવી રીતે ફુલ અને સુગંધ એકરૂપ છે

૯૭ બ્રહ્મ એજ છે કે જેમાં સુખ નથી અને દુઃખ પણ નથી કેવલ કેવલીભાવ છે.

૯૮ માર્જન એજ છે કે જે અહંવૃત્તિરૂપ છે. તેને અસતરૂપ જાણ—કે હું કંઇ વસ્તુ નથી; આ માર્જનથી સુખી થઇશ.

૯૯ સત્ ન હોત તો કોઇને કોઈ વસ્તુનું ભાન ન થાત.

૧૦૦ જ્ઞાની અજ્ઞાનીના ચિત્તને ઓળખી શકતો નથી અને અજ્ઞાની જ્ઞાનીના નિશ્ચયને જાણતો નથી.

૧૦૧ અહંકાર ત્રણ પ્રકારના છે. તેમાં બે શ્રેષ્ટ છે અને એક અધમ છે. ૧ દૃશ્ય સર્વ હું પરમાત્મા અદ્વૈત રૂપ છું. મ્હારા સિવાય અન્ય પદાર્થ કોઇ નથી. આ નિશ્ચય પરમ અહંકારરૂપ છે મોક્ષ દાયી છે. જેમાં જીવન મુક્ત વિચરે છે. આ અહંકાર પણ ઉપદેશ નિમિત્ત છે, વાસ્તવ કેવળ અચેત ચિન્માત્ર છે. ૨ હું સર્વેથી વ્યતિરેક છું અને બાલના અગ્ર ભાગથી પણ સહ, સાંશ સુક્ષ્મ છું-આ અહંકાર પણ મોક્ષદાયી છે. ૩ જડ શરીર વિશે જેની અહં પ્રતીતિ છે તે અધમ અહંકાર છે.

૧૦૨ શુદ્ધ અકારણ આનંદથી જીવાત્મા પરમાત્મારૂપ પ્રતીત અન્ય સિદ્ધિનું કારણ નથી.

૧૦૩ કેવલ આત્માસત્તા પોતે પોતાના વિશે સ્થિત ન હોતી તો કોઇને કેવલી જ્ઞાન થતું નહિ. પરંતુ તે થાય છે. જેમ જેમ બુદ્ધિ નિશ્ચયરૂપ થઇ પોતાના સ્વરૂપ સમીપ આવે છે તેમ તેમ જ્ઞાનની અને આનંદની વૃદ્ધિ થતી જાય છે.

૧૦૪ ફુલનો સ્વભાવ સુંગધ છે. દીપકનો સ્વભાવ પ્રકાશ છે. તેવી રીતે આત્માનો સ્વભાવ જગત્ છે એનું ઉત્પાદક કોઈ કારણ નથી. આત્માના આભાસરૂપ જગત્ છે. આત્મા વિશે જ્યારે સંવેદન સ્ફુરે છે ત્યારે જગત્ પ્રતીત થાય છે.

૧૦૫ અવિદ્યા બે પ્રકારની છે ૧ ઉત્તમ. ૨ મલીન. જે સ્પંદ કલા અવિદ્યા નાશ નિમિત્ત પ્રવર્ત્તે છે તે ઉત્તમ; અને જે સંસાર પ્રતિ સ્ફુરે છે તે મલીન. બંને સ્પંદરૂપ છે. અવિદ્યાથી અવિદ્યાનો ધ્વંસ કરી,—જેવી રીતે બ્રહ્માસ્ત્ર કરી બ્રહ્માસ્ત્ર શાંત થાય છે.

૧૦૬ શુદ્ધ અચૈત્ય ચિન્માત્ર ચિદાકાશ છે. જેને વિશે સંકલ્પ ઉત્પન્ન થયો છે તેનું નામ શ્વેતથ છે. પોતાની મેળે ઉત્પન્ન થાય છે અને પોતાની મેળે લીન થાય છે. આખું જગત્ એનું સ્વરૂપ છે.

૧૦૭ આ શ્વેતથના ત્રણ શરીર છે. ૧ સાત્વિક ૨ રાજસ ૩ તામસ. સંકલ્પનું ઉપશમજ કલ્યાણપ્રદ છે.

૧૦૮ મૈત્રી, કરૂણા, મુદિતા, ઉપેક્ષા—આ નિર્મલ વાસના છે.

૧૦૯ તામસી અને રાજસી વિષયની વાસનાનો ત્યાગ કરી, સર્વ પ્રતિ બ્રહ્મ ભાવ રાખી કોઇનો દ્રોહ ન કરવો એ મૈત્રી કહેવાય છે.

૧૧૦ લક્ષ્મીવાન્ સાથે મિત્રભાવ રાખવો અર્થાત્ ઇર્ષા ન કરવી અને રંક દુઃખીપર દયા રાખવી એને કરૂણા કહે છે.

૧૧૧ ધર્માત્મા પુરૂષને દેખી પ્રસન્ન થવું એનું નામ મુદિતા છે.

૧૧૨ પાપી જીવને દેખી ઉદાસી ન થતાં, નિંદા ન કરવી એનું નામ ઉપેક્ષા છે. આ ચાર સાત્વિક વાસના છે.

૧૧૩ મન જ્યારે દેહ સાથે મળી કર્મ કરે છે ત્યારે કર્ત્તા ભોકતા બને છે. ઇષ્ટ, અનિષ્ટ વિશે રાગવાન દ્વેષવાન થાય છે. જ્યારે મનનું મનન ઉપશમ થયું ત્યારે કર્ત્તવ્ય વિશે પણ અકર્ત્તવ્ય છે.

૧૧૪ પ્રાણ—ક્રિયા શક્તિ, જ્ઞાન શક્તિ; હૃદયકોષથી ઉત્પન્ન થઇ બહાર જાય છે અને બહારથી અંદર આવે છે એનું નામ પ્રાણ છે.

૧૧૫ શરીર એક સ્થાને સ્થિત છે અને મન વાસનાથી દેશ દેશાંતર ભ્રમે છે. આત્મા સિવાય અન્ય વસ્તુ કંઈ નથી, એવું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે ચૈત્ય, ચિત્ત, ચેતના ત્રણેનો નાશ થાય છે.

૧૧૬ દૃષ્ટા અને દૃશ્યની અંતઃ જે દર્શન છે અને જે અનુભવ સત્તા સાક્ષીરૂપ છે તેની ભાવના કરો.

૧૧૭ ધ્યેય ત્યાગ—જીવન મુકત. નેય ત્યાગ—વિદેહ મુકત.

૧૧૮ ચેતનને જે ચૈત્યકલાનો સંબંધ, એજ બંધનરૂપ છે.

૧૧૯ આત્મતત્વ ચેતન સ્વરૂપ, ચૈત્ય કલનાથી રહિત છે એજ સર્વ સિદ્ધાન્તનો સંગ્રહ છે અને એજ મુકત છે.

૧૨૦ ભૂમિ છે તેને ચેતન ચિન્તવે નહિ તો ભૂમિ વિશે ભૂમિત્વ ભાવ કોઇ નથી, એથી એ પણ ચૈતન્ય છે.

૧૨૧ ૐની અર્દ્ધમાત્રા તુરીયપદ છે. કારણ કે બાહ્યઅંતર વિકારથી રહિત છે.

૧૨૨ ધ્યાતારૂપ જે અહંકાર, ધ્યાનરૂપ જે મનની વૃત્તિ, અને ધ્યેયરૂપ જે અહંભાવ—એ સર્વ આત્મ સાક્ષાત્કારથી નષ્ટ થાય છે.

૧૨૩ જે કંઈ પાંચ મહાભૂત છે એ ત્હારા ચિત્ત વિશે સ્થિત છે. જેવી રીતે બીજમાં પત્ર, ફલ, ફુલ છે, તદપિ દષ્ટિયે નથી આવતાં, તેવી રીતે ત્હારા ચિત્ત વિશે જગત્ સ્થિત છે જ્યારે વાવેલું બીજ ઉગે છે ત્યારે વિસ્તારરૂપ દષ્ટિયે આવે છે તેવી રીતે ચિત્ત જ્ઞાનવિશે લીન થાય છે ત્યારે જગત્ ભાસ્યમાન થતું નથી અને

સ્પંદ રૂપ થાય છે ત્યારે વિસ્તાર યુક્ત ભાસે છે. આ સર્વ ચિત્તનો ભ્રમ છે.

૧૨૪ ચિત્ત અને મનના ચેતન સાથે સંયોગનું નામ જીવ છે.

૧૨૫ આકાર—બ્રહ્મા. ઉકાર=વિષ્ણું. મકાર—શીવ.

૧૨૬ સમાધિ—અહંકાર આદિ તત્વગુણુ સમૂહ છે તેને અનાત્મા જાણી, પોતાને તેનો ચેતનરૂપ સાક્ષી જાણી, સ્વાભાવિક ચિત્ત જેનું શીતલ છે તેને સમાધિ કહે છે, મૈત્રી, કરૂણા, અમાન્યતા આદિ ગુણથી જે સ્થિત છે, મન જેનું આત્મ વિષયથી શાન્ત થયું છે તેને સમાધિ કહે છે. જેનું ચિત્ત સમહિત અને નિત્યતૃપ્ત છે, સદા શાન્તરૂપ છે સમ્યક જ્ઞાન જેને થયું છે તેને સમાધિ કહે છે.

૧૨૭ અગ્નિ વિશે ઉષ્ણતા છે તેવી રીતે ચિત્ત વિશે સ્ફુર્ણા છે. બંને એક જ વસ્તુ છે. એક નષ્ટ થયું તો બીજું પણ નષ્ટ થાયછે.

૧૨૮ ચિત્ત ઉપશમના બે ક્રમ છે. ૧ યોગ ૨ જ્ઞાન. ચિત્તની વૃત્તિનો નિરોધ અને સમ્યક જ્ઞાન.

૧૨૯ પ્રાણ વાયુને રોકી વાસનાથી રહીત થઇ, જ્યાં ત્હારી ઇચ્છા થાય ત્યાં વિચર; ત્હું બંધાયમાન્ નહિ થાય, જ્યારે પ્રાણ સ્ફુરે છે ત્યારે મનનો ઉદય થાય છે, ત્યારે સંસાર ભ્રમ ભાસે છે. જ્યારે મન ક્ષીણ થાય છે ત્યારે સંસાર ભ્રમનષ્ટ થાય છે.

૧૩૦ આત્મ પુજનના ત્રણ પ્રકાર—૧ બોધ,—વસ્તુનું યથાર્થ જ્ઞાનદર્શન. (यथार्थ दर्शनम ज्ञानमिति.) ૨ સામ્ય—સર્વ વિશે પૂર્ણ દૃષ્ટિ. ૩ શમ—ચિત્ત નિવૃત્તિ.

૧૩૧ જેવી રીતે ગર્દભ (ગધેડો) પોતાનાજ શબ્દથી ભય પામી જોસભેર દોડે છે તેવી રીતે જીવ પોતાના સંકલ્પથી ભૌતિક શરીર રચી ભય પામે છે દેહાભિમાન ધરે છે.

૧૩૨ સેના (લશ્કર) યુદ્ધ કરે છે છતાં જીતહાર રાજાની થઇ કહેવાય છે તેવી રીતે ચિત્તના સ્ફુરણાથી બંધ મોક્ષ થાય છે, યદ્યપિ આત્મા સદ્રૂપ અચ્યુત છે; તદપિ મન, બુદ્ધિ, અહંકાર, દ્વારા આત્મા વિશે બંધમોક્ષ ભાસે છે વાસ્તવ આત્મા સર્વનો પ્રકાશક સાક્ષીરૂપ છે.

૧૩૩ વિકાર—જે વસ્તુ પોતાના સ્વરૂપને ત્યજી વિપર્ય સ્વરૂપને ધારણ કરે, અને ફરી પૂર્વ સ્વરૂપને પ્રાપ્ત ન થાય તેને વિકાર ક-

છે છે—જેવી રીતે બાલ્યાવસ્થા વ્યતિત થાય છે અને ફરી આવતી નથી.

૧૩૪ શુદ્ધ ચૈતન્ય વિશે ચૈત્યોન્મુખત્વ અહંકાર સ્ફુરણ થયું તે દૃશ્યરૂપે હુંજ છું. મિથ્યા સંવેદનથી દૃશ્યરૂપે પ્રતીત થયો છું.

૧૩૫ ઇન્દ્રિયોના સ્થાનવિશે સૂક્ષ્મ તન્માત્રા હોય છે એજ વિષયને ગ્રહણ કરે છે જેવી રીતે કથા સાંભળવા બેઠેલો પુરૂષ, કથા સાંભળવા છતાં સાંભળી શકતો નથી કારણકે એનું ચિત્ત અન્યત્ર છે.

૧૩૬ પુર્યષ્ટકા—મન, બુદ્ધિ, અહંકાર અને તન્માત્રાના સમૂહનું નામ પુર્યષ્ટકા છે, અંતવાહક દેહ છે. ચૈતન્ય આત્મા અમૂર્ત છે.

૧૩૭ આત્મા—દેશ, કાલ, વસ્તુ પ્રચ્છેદથી રહિત છે. અવિનાશી, અજ છે.

૧૩૮ જ્યારે સ્વપ્નરૂપ મનનું સ્વપ્ન વિશે વિચરવુંજ મિથ્યા છે ત્યારે જડ શરીર સાથે મનનું વિચરવું કેવી રીતે સત્ય હોય ? મન વિનાનો શરીર વ્યાપાર શૂન્ય છે ત્યારે એજ સિદ્ધ થયું કે મનનો વ્યાપાર સ્વપ્ન તુલ્ય કેવી રીતે સત્ય હોય ? મનને સ્ફુર્ણા રહિત કરવાથી જેનું દર્શન થાય છે એજ સત્ય છે.

૧૩૯ મનની પાંચવૃત્તિ–૧ પ્રમાણ. ૨ વિપર્યય. ૩ વિકલ્પ. ૪ અભાવ. ૫ સ્મૃત્તિ.

૧૪૦ ચેતનથી રહિત જે ચૈતન્ય પ્રકાશે છે તેને હું પરમ પદ જાણુ.

૧૪૧ આત્મા પરમ શુન્ય છે પરંતુ કેવો શુન્ય છે કે અજડરૂપ પરમ ચેતન છે.

૧૪૨ જેનું મન શુદ્ધ હોય છે ત્હેનો સંકલ્પ પણ સત્ હોય છે.

૧૪૩ મૌન—૧ (વાણીમૌન) ૨ (ઇન્દ્રિયમૌન) ૩ કષ્ટમૌન (હઠયોગ) ૪ સુષુપ્તમૌન (જીવનમુક્ત)

૧૪૪ જે કંઇ સ્થાવર જંગમ સંસાર છે એ મહા પ્રલય સુધી છે. જ્યારે મહા પ્રલય થાય છે ત્યારે કેવળ આત્માજ શેષ રહે છે.

૧૪૫ સ્ફુર્ણા એ આત્માનો ચમત્કાર છે જેવી રીતે પવન વિશે સ્પંદ અને નિઃસ્પંદ બંને શક્તિ રહેલી છે તેવી રીતે આત્મા વિશે પણ છે.

૧૪૬ પ્રધ્વંશાભાવ—પ્રથમ થઇ પછી નાશ પામે, સંસાર પ્ર-

ધ્વશાં ભાવમાં પણ નથી.

૧૪૭ આત્મજ્ઞાનની ઉત્પત્તિજ સંસારનો મહા પ્રલય છે.

૧૪૮ જીવના ત્રણ સ્વરૂપ—૧ શુદ્ધાત્મા. ૨ અંતવાહક. ૩ આધિભૌતિક. ૧ ચિદાનંદ બ્રહ્મ જેનાથી સર્વ પ્રકાશે છે. ૨ આત્માના પ્રમાદથી જે ઉત્પન્ન થયેલ છે. માત્ર પદથી જેનું ઉત્થાન થયું છે તોપણ જેનામાં પ્રમાદ નથી અને જેનામાં આત્માનું સ્મરણ છે. ૩ જ્યારે આત્માનું વિસ્મરણ થયું અને પંચ મહાભૂતને પોતાનું શરીર માન્યું ત્યારે આધિભૌતિક શરીર થયું.

૧૪૯ શુદ્ધ, અશુદ્ધ (સત્ અસત્)ની કલ્પના—સત અસત વિશે કંઇક ભેદ નથી એના સંવેદન વિશે ભેદ છે જેવી રીતે જાગ્રતનો સૂર્ય અને સ્વપ્નનો સૂર્ય, બંનેનો પ્રકાશ સમાન છે; જાગ્રત વિશે જાગ્રત સૂર્યનો પ્રકાશ અર્થાકાર અને સ્વપ્ન વિશે સ્વપ્ન સૂર્યનો પ્રકાશ અર્થાકાર થાય છે પ્રકાશ બંનેનો સમાન છે અને સંવિત ભિન્ન છે. સ્વપ્નને મિથ્યા જાણે છે અને જાગ્રતને સત્ય માને છે તદપિ એ પણ દીર્ઘ સ્વપ્ન છે ચિર્ નિત્ય નથી. સંવેદન વિશે ભેદ પ્રતીત થયો, સ્વરૂપ વિશે ભેદ નથી,—જેવી રીતે મનવડે કરી એક મ્હોટો પર્વત રચ્યો અને એક પર્વત પ્રત્યક્ષ બહાર્ જોયો—તો સંવિત વિશે ભેદ પ્રતીત થયો. સ્વરૂપ બંનેનું એક જ છે.

૧૫૦ આત્મા કેવળ શાન્તરૂપ છે શબ્દ, અર્થ, સંવેદન વિશે છે. શબ્દ કહિયે નામ અને અર્થ કહિયે નામી, એ સંવેદન સ્ફુરણાથી જ્યારે સ્ફુર્ણા નષ્ટ થાય ત્યારે શબ્દ, અર્થ આત્મારૂપ છે.

૧૫૧ ભૂમિકા—ચિત્તનું નિંવાસ સ્થાન. તુર્યા—ચિત્તની દ્રઢતાનું નામ.

૧૫૨ આદિ જે સ્ફુરણા છે તે અંત વાહક કર્મ રહિત છે. જ્યારે સ્વરૂપના પ્રમાદથી દશ્ય ભાવને પ્રાપ્ત થાય છે ત્યારે કર્મ બંધનમાં આવે છે.

૧૫૩ સંકલ્પ એજ કર્મ છે.

૧૫૪ દ્રષ્ટા, દશ્યને જાણવાવાળી જે અનુભવ સત્તા એજ આત્મા છે.

૧૫૫ સ્થુલ—દશ્યદેહ. સૂક્ષ્મ—અંતવાહક, સંકલ્પવત્.—સુષુપ્તિ—કારણ; જેનાથી (જ્યાં) ઉપજે છે અને લીન થાય છે.

૧૫૬ જાગૃત—જે દશ્ય પ્રતીત છે તે સ્વપ્ન—વિષયવિના વિ-

ષયને જાગૃતની પેઠે સંકલ્પથી ગ્રહણ કરાય છે. સુષુપ્તિ—ઇન્દ્રિયો જ્યારે પોતાના વિષયથી રહિત થાય છે અને જડતા આવે છે. કંઇ ભાસતું નથી.

૧૫૭ તુર્યા—જાગૃત નહિ, કારણ કે જાગૃત સ્વપ્ન જાલ છે, ઇન્દ્રિયોથી રાગ દ્વેષ થાય છે અને તુર્યા, સ્વપ્ન અવસ્થા પણ નથી કારણ કે સ્વપ્ન ભ્રમરૂપ હોય છે તુર્યા, સુષુપ્તિવત્ પણ નથી, કારણ કે સુષુપ્તિ વિશે જડતા છે અને તુર્યા—ચેતનરૂપ છે ઉદાસીન્ એ શુદ્ધ છે. જીવનમુકત તુર્યાપદ વિશે સ્થિત છે.

૧૫૮ અહંકારનો સાર જીવ છે જીવનો સાર ચિદાવલી છે ચિદાવલી ચૈત્યો-ન્મુખત્વ છે વાસના સંયુકત ચેતન અને ચિદાવલીનો સાર શુદ્ધ ચેતન પરમાત્મા છે.

૧૫૯ દેવતા, દૈત્ય, ભૂમિલોક, સ્વર્ગ આદિ સંકલ્પ રચિત છે.

૧૬૦ પંચભૌતિક શરીર વિશે પ્રાણ સ્થિત છે પ્રાણ વિશે ચિત્ત સ્થિત છે ચિત્ત વિશે પોત 'પોતાની સૃષ્ટિ છે. જ્યારે પુરૂષ શરીરનો ત્યાગ કરે છે ત્યારે વાસનારૂપ જે લીંગ શરીર અને પ્રાણ વાયુ ઉડે છે એ લીંગ શરીર વિશે વિશ્વ છે એ સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રતીત થાય છે.

૧૬૧ પુરૂષ આત્મ સ્વરૂપ છે પરંતુ લીંગ શરીરના મિશ્રણથી એનું નામ જીવ થયું અને પોતાને પરિચ્છિન્ન માનવા લાગ્યો; વાસ્તવીક રીતે બ્રહ્મસ્વરૂપ છે.

૧૬૨ પ્રવૃત્તિ માર્ગ—સંસાર. નિવૃત્તિ માર્ગ—આત્મજ્ઞાન.

૧૬૩ દૈવ, કર્મ, પુરૂષ પ્રયત્ન—આ સર્વ આત્માના પર્યાય છે.

૧૬૪ દૈવ પુરૂષ છે પુરૂષ દૈવ છે. કર્મ દેહ છે અને દેહ કર્મ છે.

૧૬૫ અહંકારરૂપ બીજ મિથ્યા છે (કારણકે તેની ઉત્પત્તિ થઇજ નથી) તો વિસ્તારરૂપ જગત્ સત્ય કેવી રીતે હોઇ શકે?

૧૬૬ અવિદ્યાથી એની વિપર્યય દૃષ્ટિ થઇ છે એનું વાસ્તવ સ્વરૂપ નિર્વિકાર છે જે ષટ્ વિકારથી રહિત છે.

૧૬૭ રૂપ (દૃશ્ય) અવલોકન (ઇન્દ્રિયો) મનસ્કાર (મનનું સ્ફુરણ) આ ત્રણે સંસાર છે.

૧૬૮ અસત્ત્વાપાદક આવરણ—(અજ્ઞાની) આત્મ બ્રહ્મની સ-

ત્વતા હૃદય વિશે ન ભાસે. અભાનાપાદક–(જીજ્ઞાસુ) આત્માની સત્વતા હૃદય વિશે ભાસે, પરંતુ દઢ પ્રત્યક્ષ ન ભાસે. નિરાવરણ––(જ્ઞાનવાન્) જ્ઞાનવાન્ આવરણથી રહિત છે.

૧૬૯ સ્વપ્ન વિશે સુષુપ્તિ નથી સુષુપ્તિ વિશે સ્વપ્ન નથી. બંનેને અનુભવ કરવા વાળી શુદ્ધ સત્તા છે એજ સત્ય છે બાકી બંને મિથ્યા છે.

૧૭૦ જ્ઞાનીનો જ્યારે દિવસ હોય છે ત્યારે અજ્ઞાનીની રાત્રી હોય છે.

૧૭૧ જે વસ્તુ ઉત્પન્ન થઇ છે તે અવશ્ય નાશ પામે છે જગત્ ઉત્પન્ન થયું છે તો અવશ્ય નાશ પામશે. કદાચ જગત્ અનાદિ સિદ્ધ માનો તો પણ જે આકારયુક્ત જગત્ ભાસે છે, તે કદિ પણ અનાદિ સિદ્ધ ન થઇ શકે. તત્વોનો સંયોગ પણ નથી અને વિયોગ પણ નથી; અનુભવ સત્તા જેમની તેમ પોતાના વિશે સ્થિત છે. વસ્તુ મિથ્યા છે તો દ્રષ્ટા પણ મિથ્યા છે. દ્રષ્ટા મિથ્યા છે તો દૃશ્ય (જગત) પણ મિથ્યા છે.

૧૭૨ દ્રષ્ટાજ દૃશ્યરૂપે (બીજ વૃક્ષરૂપ) સ્થિત છે–જેવી રીતે સ્વપ્ન વિશે દ્રષ્ટાજ દૃશ્યરૂપ બને છે તેવી રીતે આ જાગૃત દૃશ્યરૂપ બની આત્માજ સ્થિત છે.

૧૭૩ આ જગત્ જે દૃશ્યમાન છે તે બ્રહ્મનું હૃદય છે આત્મા અવિનાશી છે તો જગત્ પણ અવિનાશી છે.

૧૭૪ ચિત્ત–શુદ્ધ ચિન્માત્ર. ચૈત્ય–દૃશ્ય સ્ફુરણ. જીવ–ચિત્તનો દૃશ્ય સાથે સંબંધ.

૧૭૫ કોઇ ચેતન નથી તેમ કોઇ ચૈત્યતા પણ નથી. કેવળ આત્મ સત્તા પોતાને વિશે સ્થિત છે––જેવી રીતે સ્વપ્ન વિશે આત્મ સત્તા ચૈત્યનાથી જગત્ રૂપ ભાસે છે.

૧૭૬ સપ્ત વિકાર––રાગ, દ્વેષ, ક્રોધ, મોહ, અભિમાન, દંભ, અને કામ.

૧૭૭ બ્રહ્મ––ભાવમાત્ર. જીવ–ભાસ. પ્રકૃતિ, જગત્–ભાસિત.

૧૭૮ તું કહે ભાસે છે કેમ? પરંતુ જે ભાસે છે તે એનું કિંચન છે તેથી એજરૂપ છે જેવી રીતે વાય છે તો પણ વાયુ છે અને સ્થિર થાય છે તો પણ વાયુ છે. જેવી રીતે આકાશ અને

શૂન્યતા વિશે કંઇ ભેદ નથી.

૧૭૯ જાગૃત અવસ્થામાં સ્વપ્નાવસ્થા મિથ્યા પ્રતીત થાય છે સ્વપ્નાવસ્થામાં સ્વપ્નાવસ્થાજ જાગૃત અવસ્થા છે અને જાગૃત અવસ્થા મિથ્યા ભાસે છે, જ્યારે જીવ શરીર છોડી પરલોક ગમન કરે છે ત્યારે આ લોક સ્વપ્નવત્ ભાસે છે.

૧૮૦ જે અંતઃ સૃષ્ટિ છે એ બાહ્ય પણ છે પંચભૂતના નામ અંતઃ છે અને બાહ્ય પણ છે જે અંતઃ છે એજ બાહ્ય દૃશ્યમાન્ છે જો અંતઃવિશે ન હોય તો બાહ્ય કયાંથી પ્રતીત થાય ?

૧૮૧ ચિર્ પર્યંત પ્રતીતિનું નામ જાગૃત અલ્પકાલ પ્રતીતિનું નામ સ્વપ્ન જાગૃત અને સ્વપ્ની અધિષ્ઠાવ ચેતન સત્તાપર બ્રહ્મ છે તેના પ્રમાદથી પ્રાણ સાથે સંબંધ થયો. જ્યારે પ્રાણ સાથે ચિત્ત સંવેદન યુકત થઇ, ત્યારે તેનાં જીવ, મન, અહંકાર આદિ નામ થયાં.

૧૮૨ જો મનુષ્યનું મરણજ થતું હોય તો તેને વિશે પુર્વ સંસ્કાર કેવી રીતે સ્ફુરે ? સ્મૃતિ કેવી રીતે થાય ? મૃત્યુનું જ્ઞાન કેવી રીતે થાય ? મૃત્યુનો ભય કેવી રીતે થાય ? અને પાપ પુન્ય અનુસાર સુખ દુઃખ કેવી રીતે ભોગવે ? તેથી મૃત્યુ કોઈ વસ્તુનું નથી. હા, પ્રથક થવું તો છે.

૧૮૩ ચિત્ત વૃત્તિ બાહ્ય સ્ફુરે એ જાગૃત અંતઃસ્ફુરે એ સ્વપ્ન સ્થિર થાય એ સુષુપ્તિ.

૧૮૪ મન સહિત ષટ્ ઇન્દ્રિયનું સ્ફુરણ એ જાગૃત, તેમ સ્વપ્ન વિશે પણ મન સહિત ઇન્દ્રિયોનું સ્ફુરણ થાય છે અને ગ્રહણ પણ થાય છે તેથી જાગૃત પણ કંઇ વસ્તુ નથી. જો જાગૃત વિશે કંઈ અર્થ સિદ્ધિ થઇ અને સ્વપ્ન વિશેષણ થઇ, તો જાગૃત વિશે કંઇ વસ્તુ થઇ નથી, અને કદાચ થઇ તો થઇને નાશ પામી,–માટે એ સ્વપ્ન રૂપ છે જેથી જાગૃત અને સ્વપ્ન બંને સમાન છે અને મિથ્યા છે.

૧૮૫ સૃષ્ટિની સમષ્ટિતાનું નામ વિરાટ (સ્થુલ શરીર)

૧૮૬ સ્વપ્ન—લિંગ શરીરની સમષ્ટિતાનું નામ હિરણ્યગર્ભ.

૧૮૭ સુષુપ્તિ—સુષુપ્તિ શરીરની સમષ્ટિતા અવ્યાકૃત માયા છે.

૧૮૮ તુર્યા—સાક્ષીભૂત. સર્વ શરીરની સમષ્ટિતા ચેતનરૂપ આત્મા છે.

૧૮૯ તુર્યાતીત—અવાચ્ય, કેવળ બ્રહ્મ.

૧૯૦ આભાસ માત્ર છે તો અર્થાકાર કેમ ભાસે છે?—સ્વપ્નમાં જેવી રીતે પદાર્થ આભાસ માત્ર છે અને અર્થાકાર ભાસે છે તેવી રીતે.

૧૯૧ આત્મા સિવાયની કોઇ વસ્તુ નથી અદ્વૈત છે તો નિમિત્ત કારણ કોનું બને? આત્મા અચ્યુત છે તો પરિણામી કાર્ય કોનું બને?

૧૯૨ જેવી રીતે જગતને જોઇ સ્મૃત્તિ થાય છે તેવી રીતે પુત્ર (કાર્ય) ને અવલોકી પિતાનું કારણ ઉત્પન્ન થાય છે.

૧૯૩ સ્વપ્નવિશે જગત્ ભાસે છે અને સુષુપ્તિવિશે ભાસતું નથી, પરંતુ બંને વિશે અનુભવ એકજ છે તેવી રીતે સંવિતના સ્ફુરણથી જગત્ ભાસે છે અને અસ્ફુરણથી અચ્યુતરૂપ થઇ જાય છે આત્મસત્તા જેમની તેમ એક રૂપ છે તેથી જે કંઈ જગત્ ભાસે છે તે આત્મરૂપ છે. જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, અને પ્રલય એ ત્રણે આત્માના આભાસ છે.

૧૯૪ હાથ પગ આદિ જડ છે અને નેત્ર એનો દૃષ્ટા ચેતન છે, એકજ શરીર વિશે બંનેને પ્રથક ધાર્યા છે પરંતુ સ્વરૂપે એકજ છે તેવી રીતે આત્માયે બંનેને પ્રથક ધાર્યા છે પણ સ્વરૂપે એકજ છે—જેવી રીતે શરીરના એક અંગને પકડી કહે કે—આ મ્હારો હાથ છે, તેથી કરી બીજા અંગો વિશે આત્મતા નષ્ટ થતી નથી, સર્વ વિશે એક રસ આત્મતા છે—જેવી રીતે પત્ર, ફુલ, ફળ આદિ સર્વ અંગ વિશે વૃક્ષ એક (રસ) વ્યાપક છે સમુદ્ર વિશે અનેક તરંગ ઉપજે છે પરંતુ સર્વ સમુદ્રને આશ્રિત અને એક રૂપ છે.

૧૯૫ સ્વપ્ન—ચૈતન્ય સ્ફુરણ સુષુપ્તિ—અસ્ફુરણ જડ. સ્ફુરણ રૂપ ચૈતન્ય જગત્ અસ્ફુરણ ચેતન—બ્રહ્મ.

૧૯૬ જેવી રીતે એક નિદ્રાના બે સ્વરૂપ છે સ્વપ્ન અને સુષુપ્તિ તેવી રીતે આત્મા વિશે બે સ્વરૂપ છે જડ અને ચૈતન્ય.

૧૯૭ જેવી રીતે એકજ જલ નદિ, તલાવ, નાળુ આદિ નામ ધારણ કરે છે અને સમુદ્રને મળવાથી એકરૂપ થાય છે. કાલના પણ દિન, માસ, વર્ષ આદિ ભિન્ન ભિન્ન નામ છે તેવી રીતે પરમાત્મા વિશે જગત્ અનેક નામ, રૂપને ધારણ કરે છે પરંતુ આત્મા સદા એકજ રૂપ છે.

૧૯૮ ૭ કારક બ્રહ્મરૂપ છે ૧ કર્તા—જે કર્મ કરે છે તે ૨ કરણ—ક્રિયા સાધક. ૩ કર્મ—જે (કર્મ) કરવાનું હોય તે. ૪ સંપ્રદાન—જે (નિમિત્ત) કારણથી હોય. ૫ અપાદાન—જેનાથી લેઇ કરીયે. ૬ અધિકરણ—જેના વિશે કરિયે.

૧૯૯ ધાતુ—જે અર્થે ને ધારણ કરે તે જેટલા પદાર્થ ભાસે છે તેટલા સર્વ અર્થ રૂપ છે અને વસ્તુરૂપ જે ધાતુ છે તે આત્મ સત્તા છે તેના વિશે બે અર્થ છે ૧ સ્વપ્ન અર્થ. ૨ બોધ અર્થ. સ્વપ્ન અર્થ વિશે નાનાત્વ છે. બોધ અર્થ વિશે અદ્વૈત છે.

૨૦૦ પંચમહાભૂતની ઉત્પત્તિ-જ્યારે ચિત્ત સંવેદન સન્મુખ થાય છે ત્યારે પ્રથમ શબ્દ તન્માત્રા સ્ફુરી, તેથી આકાશ ઉત્પન્ન થયું, આકાશનો શૂન્ય સ્વભાવ છે પશ્ચાત્ રૂપ તન્માત્રા સ્ફુરી, તેથી અગ્નિની ઉત્પત્તિ થઇ, અગ્નિનો ઉષ્ણ સ્વભાવ છે પશ્ચાત્ રસતન્માત્રા સ્ફુરી તેથી જલ ઉત્પન્ન થયું, જલનો દ્રવ સ્વભાવ છે પશ્ચાત્ ગંધતન્માત્રા સ્ફુરી તેથી પૃથ્વીની ઉત્પત્તિ થઇ, પૃથ્વીનો સ્થિર સ્વભાવ છે. આ પંચમહાભૂતનું કારણ તન્માત્રા છે અને તન્માત્રાનું કારણ સંવિત સત્તા છે.

૨૦૧ પદાર્થના ચિન્તવનનું નામ ચિત્ત છે. સંકલ્પ વિકલ્પના સંસરણનું નામ મન છે પદાર્થનું નિશ્ચયતા પૂર્વક જેમનું તેમ માનવું તેનું નામ બુદ્ધિ છે. વાસના સંયોગના સમૂહનું નામ પુર્યષ્ટકા છે.

૨૦૨ અંતવાહક—નિરાકાર સંકલ્પરૂપ શરીર. આધિભૌતિક—સ્થુલ શરીર. જેવી રીતે આપણે અંતવાહક ચિત્ર રચી પછી કાગળ ઉપર આધિભૌતિક રચીયે છિયે.

૨૦૩ પદાર્થ ત્યારે બને કે જ્યારે ન હોય; અણુરૂપ સ્થુલ અને સૂક્ષ્મ બને છે એનો સંયોગ અને વિયોગ થાય છે; માટે કોઇ પદાર્થનું બનવું કહિ શકાતું નથી.

૨૦૪ અચેત ચિન્માત્રાનું યથાર્થ જ્ઞાન તેને કેવળ જ્ઞાન કહે છે.

૨૦૫ જેવી રીતે બાળક પોતાના પરછાયા વિશે ભૂત કલ્પી ભય પામે છે તેવી રીતે પોતાની કલ્પના અવિદ્યારૂપ ભાસે છે. જ્યાં સુધી સમ્યક્ વિચાર ઉદય થતો નથી ત્યાં સુધી ભાસે છે.

૨૦૬ થઇને મટી જવું, પાછું થવું, એ ચિર્ નિત્ય નથી, મિથ્યા છે તેવી રીતે બ્રહ્મને અજ્ઞાન થયું અને પાછું નષ્ટ થયુ, એ ક-

લ્પના માત્ર છે તેથી મિથ્યા છે. બ્રહ્મ તટસ્થ નિર્વિકાર છે.

૨૦૭ સ્વર્ગમાં—કર્મ ક્રિયાનો અભાવ છે અને ભોગ ક્રિયાનો ભાવ છે અને લિંગ દેહ છે.

૨૦૮ બાળકમાં વિકાર અવગુણ–અશકતતા, મૂર્ખતા, ઇચ્છા, ચપળતા, દીનતા દુઃખ, સંતાપ.

૨૦૯ સંસારની વાસના ત્યાગ એ શમ. અને બાહ્ય ઇન્દ્રિયોને વશ કરવી એ દમ.

૨૧૦ સંતોષઃ પરમો લાભઃ સત્સંગઃ પરમં ધનં ।
વિચારઃ પરમં જ્ઞાનં શમશ્ચ પરમં સુખં ॥

૨૧૧ શુદ્ધ સંવતિ માત્ર જે સત્તા છે એ સ્ફુરણરૂપ સ્થિત છે તેનું નામ મન છે.

૨૧૨ પદાર્થના વિશે જે નિશ્ચયરૂપ વૃત્તિ, તેનું નામ બુદ્ધિ છે.

૨૧૩ અનાત્મા વિશે આત્મ ભાવની પ્રતીતિનું નામ અહંકાર છે.

૨૧૪ કોઇ પદાર્થને ગ્રહણ કરે છે કોઇનો ત્યાગ કરે છે એ પ્રમાણે ચિન્તવનાનું નામ ચિત્ત છે.

૨૧૫ વૃત્તિનો સ્ફુરણ ધર્મ છે એ સ્ફુરણા વિશે ફળની આશાએ તે પ્રતિ વલણ અને કર્તવ્ય અભિમાન સ્ફુરે તેનું નામ કર્મ છે.

૨૧૬ પૂર્વે જે કાર્ય કર્યા છે તે પદાર્થનો ત્યાગ કરી, તેના સંસ્કાર ચિત્ત વિશે ધારી સ્મરણ કરવું તેનું નામ સ્મૃત્તિ છે અથવા પૂર્વે જેનો અનુભવ થયો નથી અને હૃદય વિશે સ્ફુરી આવે છે કે પૂર્વે મ્હેં આ કર્મ કર્યું હતું તેનું નામ પણ સ્મરણ છે.

૨૧૭ જે પદાર્થનો અનુભવ હોય અને તેનો સંસ્કાર હૃદય વિશે દૃઢ થાય અને તેના અનુસાર ચિત્ત સ્ફુરે તેનું નામ વાસના છે.

૨૧૮ આત્મતત્વ અદ્વૈત છે તેના વિશે અવિદ્યમાન (દૃષ્ટા, દૃશ્ય, દર્શન) દ્વૈત વિદ્યમાન થયા ભાસે છે તેનું નામ અવિદ્યા છે.

૨૧૯ પોતાના સ્વરૂપને ભૂલી પોતાના નાશના નિમિત્ત સ્પંદ ચેષ્ટા કરે છે અને શુદ્ધ આત્મા વિશે વિકલ્પ ઉઠે છે તેનું નામ મૂલ અવિદ્યા છે.

૨૨૦ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ, એ પાંચ ઇન્દ્રિયના પ્રકાશક જે પરમાત્મા છે અને અદ્વૈત તત્વ આત્મા વિશે જે દૃઢ જાલને રચી છે તે સ્પંદ કલાનું નામ પ્રકૃતિ છે.

૨૨૧ સતને અસતરૂપ અને અસતને સતરૂપ જે દર્શાવે છે તેનું નામ માયા છે.

૨૨૨ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ કર્મ છે અને જે વડે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ થાય છે એ કર્તા છે એજ કાર્ય અને કારણ કહેવાય છે.

૨૨૩ આત્મ સત્તાથી સ્ફુરવું થાય છે અને સ્વરૂપનું વિસ્મરણ થાય છે. સ્ફુર્ણા ભાવ દૃઢરૂપે સ્થિત થાય છે તેનું નામ જાગૃત છે.

૨૨૪ સ્વપ્ન વિશે પ્રમાદ દોષ કરી સ્ફુરે અને જગત્ ભાસે તેને સતરૂપ જાણે. આ પ્રતીતિ અલ્પકાલ રહી, ફરી નિવૃત થાય તેનું નામ સ્વપ્ન છે.

૨૨૫ દૃશ્ય સ્ફુર્ણાનો અભાવ થાય અને અજ્ઞાન વૃત્તિ જડતા રૂપ થાય તેનું નામ સુષુપ્તિ છે.

૨૨૬ શુદ્ધ કલા ચિન્માત્રા વિશે જે ચિદા કલાનું સ્ફુરણ થયું છે અને એ સંવેદન સંકલ્પ વિકલ્પ સાથે મળી મલીન થયું છે અને સ્વરૂપનું વિસ્મરણ થયું છે તેનું નામ મન છે.

૨૨૭ ચિત્ત સંવિતનું દૃશ્ય સાથે મળવું તેનું નામ જીવ છે.

૨૨૮ અંતઃકરણના ત્રણ દોષ—૧ મલ. ૨ વિક્ષેપ અને ૩ આવરણ. ૧ નિષ્કામકર્મથી અંતકરણના ઉપાસનાથી વિક્ષેપ દોષ અને જ્ઞાનથી આવરણ દોષ દુર થાય છે.

૨૨૯ અધિકારીના ચાર સાધન—૧ વિવેક ૨ વૈરાગ્ય ૩ ષટ્ સંપત્તિ ૪ મુમુક્ષુતા.

૨૩૦ ઇશ્વર, જીવ અને જગતનું સમ્યક જ્ઞાન, એને વિવેક કહે છે.

૨૩૧ બ્રહ્મ સિવાય સર્વનો ત્યાગ, એને વૈરાગ્ય કહે છે.

૨૩૨ ષટ્ સંપત્તિ—૧ સમ—મનનો નિરોધ. ૨ દમ—ઇન્દ્રિયનો નિરોધ. ૩ શ્રદ્ધા,—વેદ ગરૂ વાકય પર દૃઢ વિશ્વાસ. ૪ સમાધાન—મન વિક્ષેપનો નાશ—ત્યાગ કર્યા પછી પ્રાપ્ત વસ્તુ પ્રતિ ઇચ્છાનો અભાવ. ૬ તિતિક્ષા—ક્ષુધા, તૃષા, શીત ઉષ્ણનું સહવું.

૨૩૩ મુમુક્ષુતા—અનર્થની નિવૃત્તિ અને મોક્ષની પ્રાપ્તિની ઇચ્છાનું નામ મુમુક્ષુતા.

૨૩૪ અંત રંગ આઠ સાધન—૧ વિવેક ૨ વૈરાગ્ય ૩ ષટ્

સંપતિ ૪ મુમુક્ષુતા ૫ શ્રવણ ૬ મનન ૭ નિદિધ્યાસન. ૮ તત્ અને ત્વંમનો સમ્યક બોધ.

૨૩૫ યજ્ઞાદિક કર્મ, ઉપાસના આદિ શુભવાસનાયુક્ત કર્મ.

૨૩૬ પ્રાપ્તની પ્રાપ્તિ સંભવે છે અને જે મિથ્યા છે તેની નિવૃત્તિ સંભવે છે.

૨૩૭ આત્મા વિશે સંસાર નિત્ય નિવૃત્ત છે તેની નિવૃત્તિ આત્મ જ્ઞાનથી થાય છે તેથી નિત્ય નિવૃત્તની નિવૃત્તિ અને નિત્ય પ્રાપ્તની પ્રાપ્તિ.

૨૩૮ દુઃખની નિવૃત્તિ અર્થે દુઃખના સાધનની નિવૃત્તિની ઇચ્છા જ્ઞાનવાનને થાયછે. જેવી રીતે કફકારક પદાર્થના ત્યાગ વિના કફ રોગની નિવૃતિ થતી નથી.

૨૩૯ અનુભવેલી વસ્તુની જ માત્ર ઇચ્છા થાય છે એમ કંઇ નિયમ નથી પરંતુ અનુભવેલી વસ્તુની સજાતીયની ઇચ્છા થાય છે જેવી રીતે મિષ્ટ ભોજન કર્યા પછી ફરી તેની ઇચ્છા થતી નથી પરંતુ એવી મિષ્ટ બીજી વસ્તુની ઇચ્છા થાય છે.

૨૪૦ સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ સાક્ષાત્કાર વિના થતું નથી.

૨૪૧ પાંચ પ્રકારના ભેદ—૧ જીવ ઇશ્વર ભેદ ૨ જીવ જડ ભેદ ૩ જીવ જીવ ભેદ ૪ જડ જડ ભેદ ૫ જડ ઇશ્વર ભેદ.

૨૪૨ રાગ દ્વેષ રહિત જે સાક્ષી છે તેની બ્રહ્મ સાથે એકતા બને છે.

૨૪૩ કર્ત્તા ભોક્તાથી ભિન્ન સ્વરૂપ, વંધ્યા પુત્ર સમાન અસત્ છે—સમાધાન—એ બનવું અસંભવિત છે કારણ કે કર્તા ભોક્તા જે સંસારી, જેના વિશેષ ભાગનું નામ સાક્ષી છે જો સાક્ષીનો નિષેધ કરિયે તો સંસારીના વિશેષ ભાગનો નિષેધ થતાં, કર્ત્તા ભોક્તા જે સંસારી, તેનો પણ નિષેધ થશે. એક જ ચૈતન્ય વિશે સાક્ષી ભાવની અંતઃકરણ ઉપાધિ છે અને કર્ત્તા ભોક્તાપણાનું વિશેષણ છે.

૨૪૪ કૂટસ્થ—બિંબમાત્ર, નિર્વિકાર, શુદ્ધ સંવિત, ચિન્માત્ર તતપદ રૂપ છે.

૨૪૫ આભાસ-વિકારી; માયા વિશિષ્ટ આભાસ સત્વગુણી ઇશ્વર. અવિદ્યા વિશિષ્ટ રજો, તમો ગુણી જીવ;—એટલે અવિદ્યા, ચિદાભાસ, અને તેની અધિષ્ઠાન કૂટસ્થ આ ત્રણેના મિશ્રણને જીવ કહે છે. કેવળ પ્રતિબિંબ માત્ર જીવ નથી. કૂટસ્થનું પ્રતિબિંબ જીવ.

પ્રતિબિંબિત વ્યષ્ટિ અજ્ઞાનનું નામ જીવ. બુદ્ધિમાં આભાસ અને બુદ્ધિના અધિષ્ઠાન ચેતન, બંનેનું નામ જીવ છે એટલે જીવ અહં, ત્વં પદનું વાચ્ય છે અને કૂટસ્થ લક્ષ્ય છે.

૨૪૬ જીવ કર્મ કર્ત્તા છે ઇશ્વર ફ્લ પ્રદાતા છે બંને કૂટસ્થ બિંબના પ્રતિબિંમ્બ છે. ઇશ્વર સત્વ ગુણી શુદ્ધ સ્વરૂપ અને જીવ રજો, તમોગુણી મલીન રૂપ છે.

૨૪૭ ઇશ્વરને પોતાના શુદ્ધ સ્વરૂપ (સત્વગુણ) નું નિત્ય જ્ઞાન હોવાથી સદા મુક્ત છે. જીવનો ફ્લ પ્રદાતા છે અને જીવને અવિદ્યારૂપ આવરણ હોવાથી પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તેથી બંધમાન છે.

૨૪૮ આભાસમાં બુદ્ધિ અને દૃશ્ય વસ્તુનો બાદ કરતાં શેષ જે રહે, તેની સાથે બ્રહ્મની એકતા છે.

૨૪૯ ' મ્હેં બ્રહ્મ હું ' એવું જ્ઞાન બુદ્ધિ સહિત આભાસને થાય છે કૂટસ્થને નહિ; તદપિ એ આભાસ કૂટસ્થને અને પોતાના સ્વરૂપ બંનેને (પોતાનો) આત્મા જાણે છે એ આત્માનું ' મ્હેં ' શબ્દ કરી ગ્રહણ થાય છે એજ અહં શબ્દનો અર્થ છે અને ' મ્હેં ' શબ્દમાં ભાવ જે હોય છે આભાસ તેનો પોતાના સ્વરૂપ (માયા, અવિદ્યા, બુદ્ધિ) ને બાધીને બ્રહ્મ સાથે અભેદ છે.

૨૫૦ નેત્રનો વિષય જે વસ્તુ તેના પ્રત્યક્ષ જ્ઞાનની રીતિ—

જેવી રીતે અંધકારમાં કુંડાથી આચ્છાદિત સુવર્ણ પાત્ર હોય તેના પર આચ્છાદિત કુંડાને દંડાવતી ફોડી નાંખીયે તો દીપક સિવાય એ નિવારણ પાત્રનો પ્રકાશ થાય નહિ પરંતુ દીપકથી પ્રકાશ થાય છે તેવી રીતે અજ્ઞાનથી આવૃત જે ઘટ તેના આવરણને વૃત્તિ ભંગ પણ કહે છે,તથાપિ ઘટનો સ્વયં પ્રકાશ થાય નહિ કારણ કે ઘટ સ્વરૂપે જડ છે અને વૃત્તિ પણ જડ છે તેનું આવરણ ભંગ માત્ર પ્રયોજન છે તેનાથી પ્રકાશ થાય નહિ, માટે ઘટનો પ્રકાશક આભાસ છે અને શ્રવણાદિક જે વિષય છે તેના પ્રત્યક્ષની રીતિ પણ એવી રીતે જાણી લેવી.

૨૫૧ જીવનો જે આભાસ અંશ છે એ પુન્યપાપ કરે છે અને જે ઇશ્વરનો આભાસ અંશ છે તે કર્મ ફ્લ પ્રદાતા છે અર્થાત્ આભાસ વિશે ભેદ છે ચેતન વિશે ભેદ નથી.

૨૫૨ બુદ્ધિ, અવિદ્યા, અને તેમાં સ્થિત જે ચિદાભાસ અને તેનો અધિષ્ટાન કૂટસ્થ–આ ત્રણેના મિશ્રણનું નામ જીવ છે.

૨૫૩ નાના, કાગ અને કર્મ સહિત જે બુદ્ધિ છે તેમાં જે ચેતનનું પ્રતિબિમ્બ છે તેનું નામ જીવ છે.

૨૫૪ બુદ્ધિ અથવા વ્યષ્ટિ અજ્ઞાનનું જે અધિષ્ટાન ચેતન, તેનું નામ કૂટસ્થ છે.

૨૫૫ કર્મ કરવાવાળો જીવ નથી ફલ આપનાર ઇશ્વર નથી, પરંતુ જીવમાં જે આભાસ અંશ છે એ કર્મ કરે છે અને ઇશ્વરમાં જે આભાસ અંશ છે એ ફલ આપે છે અને જીવ ઇશ્વરમાં ચેતન અંશ એકજ છે.

૨૫૬ જેવી રીતે કરોવાળીયા (મકરી)નું શરીર જાલનું ઉપાદાન કારણ છે અને અંતઃકરણ સહિત ચેતન ભાગ નિમિત્ત કારણ છે તેવી રીતે તમઃ પ્રધાન પ્રકૃતિરૂપ માયા જગત્‌નું ઉપાદાન કારણ છે અને શુદ્ધ સત્વ પ્રધાન માયા સહિત ચેતન ભાગ જગત્‌નું નિમિત્ત કારણ છે કેવળ ચેતન ભાગમાં કારણુતા નથી.

૨૫૭ જીવમાં જે મિથ્યા આભાસ અંશ કર્મ કરે છે અને ફળ ભોગવે છે અને કૂટસ્થ જે ચેતન છે એ શીવરૂપ છે.

૨૫૮ સર્વવ્યાપક ચેતનને જ્ઞાન કહેતા નથી પરંતુ આભાસ વૃત્તિમાં આરૂઢ ચેતનને જ્ઞાન કહે છે.

૨૫૯ જાગૃતના પદાર્થની સ્વપ્ન વિશે સ્મૃત્તિ થતી નથી; તેમ સ્વપ્નમાં લીંગ શરીર બહાર નિકળીને જાગૃતના પદાર્થને અવલોકતું નથી; પરંતુ આખો ત્રીપુટી સમાજ સ્વપ્નમાં કંઠની હિતા નામક નાડી વિશે ઉત્પન્ન થાય છે. જાગૃતના પદાર્થની ઉત્પત્તિમાં જેવી રીતે દેશ, કાલ, સામગ્રીની આવશ્યકતા છે તેવી રીતે સ્વપ્નના પદાર્થ વિશે નથી તેનું ઉપાદાન કારણ અંતઃકરણ અથવા અવિદ્યા છે અને અધિષ્ટાન સાક્ષી ચેતન અને બ્રહ્મ ચેતન છે. વાસ્તવ જાગૃત પદાર્થવિશે પણ દેશ, કાલ, સામગ્રીનો અભાવ છે કારણ કે દેશ, કાલની ઉત્પત્તિ માયા વિશિષ્ટથી ઇશ્વરથી થયેલી છે અને માયા કલ્પિત અને મિથ્યા છે તેથી જાગૃત સંસાર પણ સ્વપ્ન સંસારની પેઠે મિથ્યા છે.

૨૬૦ સ્વપ્નના પદાર્થ સાક્ષી ભાસ્ય છે ઇન્દ્રિય જ્ઞાનના વિષય નથી તથાપિ અવિવેકીની દ્રષ્ટિથી સ્વપ્નના પદાર્થ જ્ઞાન ઇન્દ્રિયજન્ય

કહિયે છીયે તેવી રીતે સ્વપ્નજ્ઞાન જાગૃતના પદાર્થની સ્મૃતિ નથી જો સ્મૃત્તિ હોત, તો સ્વપ્નમાં પ્રતીત થયેલ અશ્વને જાગૃત અવસ્થામાં કહેત કે મ્હેં અશ્વનું સ્વપ્નમાં સ્મરણ કર્યું હતું પરંતુ એમ નહિ કહેતાં કહે છે કે મ્હેં સ્વપ્નમાં અશ્વને જોયો હતો અને વળી આ જન્મના પદાર્થના જ્ઞાનના સંસ્કાર પણ સ્મૃત્તિના હેતુ છે એમ નિયમ નથી કારણ કે બાલક જન્મતાંજ અનુકૂલ જ્ઞાન વિના પણ સ્તન પાન વિશે પ્રવૃત્ત થાય છે.

૨૫૧ વૃત્તિ અવચ્છિન્ન ચેતનને જ્ઞાન કહે છે અને સાક્ષી કહે છે. ઘટાદિક વિષયને આભાસ ગ્રહણની યોગ્યતા નથી, એ કારણથી વિષય અવચ્છિન્ન ચેતન જ્ઞાન નથી અને સાક્ષી પણ નથી; એ રીતે જાગૃતના પદાર્થ અને તેનું જ્ઞાન સાથેજ ઉત્પન્ન થાય છે અને સાથેજ નષ્ટ થાય છે.

૨૬૨ અંતઃકરણની પાંચ ભૂમિકા—૧ ક્ષિપ્ત ૨ મૂઢ ૩ વિક્ષિપ્ત ૪ એકાગ્ર ૫ નિરૂદ્ધ. ૧ રજોગુણનું પરિણામ. ૨ તમોગુણનું પરિણામ. ૩ બાહ્ય પદાર્થપર ચિત્તાની લીનતા. ૪-૫ સમાધિ કાલ વિશે સ્થિત.

૨૬૩ પંચભૂતના મિશ્રણ સહિત સત્વગુણથી અંતઃકરણની ઉત્પત્તિ થઇ છે શરીરની અંદર એટલે અંત છે અને કરણ એટલે જ્ઞાનનું જે સાધન છે તેથી અંતઃકરણ નામ થયું.

૨૬૪ અંતઃકરણના પરિણામનું નામ વૃત્તિ છે. વૃત્તિ ચાર પ્રકારની છે ૧ બુદ્ધિ ૨ મન ૩ અહંકાર ૪ ચિત્ત.

૨૬૫ જે સમય જીવનના કર્મ ફલ દેવાને સન્મુખ થતા નથી ત્યારે પ્રલય થાય છે અને જ્યારે જીવનના કર્મ ફલ દેવાને સન્મુખ થાય છે ત્યારે સૃષ્ટિ થાય છે.

૨૬૬ પ્રધાન-સર્વ કાર્યને પોતાનામાં લીન કરી પ્રલયમાં સ્થિત ઉદાસીન સ્વરૂપને પ્રધાન કહે છે.

૨૬૭ પ્રકૃતિ—પ્ર-સત્વગુણ. કૃ-રજોગુણ. તિ-તમો ગુણ પ્રધાન સહિત પ્રકૃતિ કહેવાય છે.

૨૬૮ માયા-જેવી રીતે દેશ, કાલ, સામગ્રી વિના દુર્ઘટ પદાર્થની ઇન્દ્રજાલથી ઉત્પન્ન થાય છે ત્યાં ઇન્દ્રજાલને માયા કહે છે તેવી રીતે અસંગ અદ્વૈતિય બ્રહ્મમાં ઇચ્છાદિક દુર્ઘટ છે તેને ઉત્પ-

મ કરે છે તેથી તેને માયા કહે છે.

૨૬૯ અજ્ઞાન—સ્વરૂપને આચ્છાદન કરે છે તે.

૨૭૦ અવિદ્યા—બ્રહ્મજ્ઞાનથી જેનો નાશ થાય છે તે.

૨૭૧ પ્રકૃતિ—કારણ. વિકૃતિ—કાર્ય.

૨૭૨ શક્તિ—ચેતન આશ્રિત છે તે.

૨૭૩ જ્ઞાનના ત્રણ પ્રકાર—૧ ભ્રાન્તિ ૨ સ્મૃતિ ૩ પ્રમા.

૨૭૪ शरीर यात्रा पीच ते न प्रसिध्ध्येद कर्मणः। કર્મ હીનત્વમાં ત્હારી શરીર યાત્રાનો નિર્વાહ થશે નહિ.

૨૭૫ જીવ સૃષ્ટિ તેમનો રાજ્ય અને ઇશ્વર સૃષ્ટિ તે માયા, બંનેનો અધિષ્ઠાન બ્રહ્મ.

૨૭૬ काम्यानां कर्मणां न्यासं सन्न्यासं कवयोविदुः । सर्व कर्म फल त्यागम् प्राहुस्त्यागं विचक्षणाः ॥ સર્વ કર્મના ત્યાગને વિચિક્ષણે ત્યાગ કહે છે. સંન્યાસને આપ્ત પુરૂષો કામ્ય કર્મનો ન્યાસ કહે છે.

૨૭૭ प्राप्तं प्राप्त मनुभवेध्धृदयेना पराजितः । રાગ દ્વેષ રહિત હૃદયથી પરાભવ પામ્યા વિના યથા કાલ પ્રાપ્ત અપ્રાપ્તનો અનુભવ કરવો. પ્રવૃત્તિ એજ નિવૃત્તિ અનુભવવી, અને એમ અભેદ સાક્ષાત્કારને માર્ગે જતાં જતાં સમતા ઉપર આવી, વૃત્તિ માત્રના દ્રષ્ટા થઇ વિચરવું.

૨૭૮ प्रलपन्विसृजन्गृह्णनुन्मिषन्निमिषन्नपि। इन्द्रियाणीन्द्रियार्थेषु वर्त्तन्त इति धारयन ॥- બોલતાં, ચાલતાં, આપતાં, લેતાં, નિમેષોન્મેષ કરતાં, શ્વાસ પ્રશ્વાસ લેતાં, વ્યહવાર માત્ર, વૃત્તિમાત્ર, અનુભવતાં, સર્વને નાટકવત દ્રષ્ટા થઇ જોયા કરવું અને તેથી ઉપરક્ત ન થતાં, કે તેના પરિણામથી હર્ષ શોક, રાગદ્વેષ ન પામતાં વિહરવું, એજ પરમ અભેદનો માર્ગછે.

૨૭૯ જ્યાં ભેદ ત્યાંજ કર્મ છે અને કાર્ય કારણની પ્રવૃત્તિ છે: જ્યાં અભેદ છે ત્યાં તેનો અવકાશજ નથી.

૨૮૦ अभ्यास वैराग्याभ्यांतन्निरोधः—અભ્યાસ અને વૈરાગ્યથી વૃત્તિનો નિરોધ થાય છે અભ્યાસ—વારંવાર મનને એકાગ્રતા ઉપર લાવ્યા કરવું તે અને વૈરાગ્ય—તે વિષય માત્ર ઉપરથી રાગ ઉપાડી લેઇ, પરમાભેદ મયતામાં વિલીન થવું તે;—એવા અભ્યાસ વૈરાગ્યથી સંકલ્પ શુદ્ધિ અને ભેદ તિરસ્કાર સ્વતઃજ સિદ્ધ થતાં, અભેદ સાક્ષાત્કાર સિદ્ધ થઇ આવે છે.

૨૮૧ तस्माद्यो गाय युज्य स्वयोगः कर्मसुकौशलम् । कर्मजंबुद्धि युक्ताहिफलं त्यक्त्वामनीषिणः ॥—અહિંયા બુદ્ધિયુકત સુકૃત અને દુષ્કૃત ઉભયથી મુકત થાય છે તે માટે યોગનો આરંભ કર; કર્મમાં યોગ એજ શ્રેયસ્કર છે.

૨૮૨ કલેશ ત્રણ પ્રકારના છે—આધિ દૈવિક—અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મહામારી આદિથી થાય છે તે. ૨ આધિભૌતિક—વ્યાઘ્ર સર્પાદિથી થાય છે તે. ૩ આધ્યાત્મિક—શોક મોહાદિથી થાય છે તે. આ ત્રિવિધ તાપના નિવારણ અર્થે પ્રાર્થનાના અંતે—ओइम् शान्तिः शान्तिः शान्ति—એમ ત્રણ વાર શબ્દોચ્ચારણ થાય છે.

૨૮૩ यत्रयत्र मनोयाति तत्रतत्र समाधयः—જયાં જયાં મન જાય ત્યાં ત્યાં સમાધિજ સમાધિ.

૨૮૪ न पारमेष्ठयं नमहेन्द्रधिष्ण्यं न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसिद्धिरपुनर्भवो वा मय्यर्पितात्मेच्छातिमद्विनान्यत् ॥
[શ્રીમદ ભાગવત. એકાદશ સ્કંધ)

પરમેષ્ટીપદ, મહેન્દ્રપદ, સાર્વભૌમપદ, રસાધિપત્ય, યોગસિદ્ધિ, અપુનર્ભવ, એમાંનું કાંઇ પણ જેણે મ્હારામાં આત્મા આપ્યા છે તે ઇચ્છતો નથી.

૨૮૫ यावन्तःकुरुतेजन्तुः संबन्धान्मनसः प्रियान् ।
तावन्तोऽस्यनिखन्यंते हृदयेशोकशङ्कवः ॥ (વિષ્ણુ પુરાણુ)

જેટલા જેટલા સંબંધ પોતાના મનથી કોઇ જન્તુ પોતાને પ્રિય કરે છે તેટલા તેટલા એના હૃદયમાં ખીલા રોપાય છે.

૨૮૬ વિષયોનો ત્યાગ વિષયોમાં દોષ દૃષ્ટિ કરી કરવો, એટલે બ્રહ્માનંદ ઉદય થશે.

૨૮૭ જેને આત્મ દૃષ્ટિ થઈ છે તેને સર્વત્ર અસ્તિ ભાતિ પ્રિયરૂપે વસ્તુ માત્ર આત્મમય અનુભવાય છે.

૨૮૮ આત્મા કોઇ દૃશ્ય પદાર્થ નથી કે તે ઉપર વૃત્તિ બાંધવાનું સ્થાન બતાવી શકાય, કેવળ વૃત્તિ વિક્ષેપને રોકતાં રોકતાં, વૃત્તિ ઠરવા માંડતાં અવશ્ય, અદૃશ્ય આત્માના આનંદનો અનુભવ ઉદય પામે છે.

૨૮૯ વસ્તુ માત્ર પાંચરૂપે ભાસે છે ૧ અસ્તિ—તે વસ્તુ છે. ૨ ભાતિ—તે વસ્તુજ્ઞાન વિષય છે. ૩ પ્રિય—ને વસ્તુ આનંદ વિષય છે.

૪ નામ-તે વસ્તુને નામ છે ૫ રૂપ-તે વસ્તુને રૂપ છે. વસ્તુનું તે વસ્તુરૂપે હોવા-સત્તા (સત્) અને વસ્તુનું તે વસ્તુરૂપે જાણવા સ્ફુર્તિ (ચિત્). એ અંશે આત્મા એકજ છે.

૨૯૦ મુક્તત્વજ મિથ્યા છે; માત્ર વિશ્વ વ્યાપાર મયતામાં એક થઈ જઈ, અહંત્વનો અત્યંત વિનાશ એજ મોક્ષ છે.

૨૯૧ બ્રહ્મા એવા કોઇ દેવ નથી, પણ એ માત્ર આ વિકાસ પામેલા જગતનું ચિન્હ છે, અને જગત સહસ્ર યુગે વિરામ પામી જાય છે ત્યારે બ્રહ્માની રાત્રી કહેવાય છે, અને તે એમ સહસયુગ પર્યંત રહી પાછું વિકસવા માંડે છે તેને બ્રહ્માનો દિવસ કહેવાય છે.

૨૯૨ હું પ્રકૃતિને સત્તા સ્ફુર્તિ અર્પી તેનાથીજ સર્વ કરાવું છું એટલે મને કશો બાધ નથી એમજ આખું જગત્ કલ્પે કલ્પે વિપરિ વર્તે છે પ્રવર્તે છે-

૨૯૩ કર્મ તો આ કર્મલોકમાંજ સાધ્ય છે અન્યત્ર નથી એટલે જે કામ્ય કર્મથી એ વાસના ઉપાર્જન કરેલી તે કર્મની શક્તિ ક્ષીણ થતાં વાસના પણ ક્ષીણ થાય છે ને સ્વર્ગનો ધ્વંસ થાય છે. તેમના શુભ કર્મથી પ્રાપ્ત કરેલા સ્વર્ગમાંથી પુણ્યનો ક્ષય થતાં, પાછાં મર્ત્ય એટલે મૃત્યુ લોક અર્થાત્ નવાં કર્મ ઉપાર્જન કરી નવી વાસના બાંધવાનું સ્થાન તેમાં પેસે છે.

૨૯૪ તેત્રીસ કોટી દેવતા—૧૨ આદિત્ય. ૧૧ રૂદ્ર. ૮ વસુ અને ૨ અશ્વનીકુમાર.

૨૯૫ બ્રહ્મને તો પાણી પાદાદિ કાંઈ નથી, ને તેમાં બીજા કશાનો અવકાશ પણ નથી. પરંતુ અજ્ઞાનીને બોધ કરવા નિમિત્ત આ પ્રકારે પાણિ પાદાદિનો આરોપ કરીને પછી નિષેધ કરી બતાવ્યો છે. પ્રથમ આરોપ વિના નિષેધ બને નહિ, ને નિષેધ ન બને ત્યારે વસ્તુ વિવેક સમજાય નહિ; તેથી આ યુક્તિ ઉપયોગની છે બાકી એક રસ બ્રહ્મમાં દ્વૈતનો અવકાશજ નથી.

૨૯૬ મુક્તિ પ્રકાર—૧ સામીપ્ય ૨ સાલોક્ય ૩ સાયુજ્ય ૪ સારૂપ્ય ૫ સાર્ષ્ટિ ૬ કૈવલ્ય. આ મુક્તિ ચિર્ નિત્ય નથી. અમુક યુગ પછી, મન્વંતર પછી પણ જેમાંથી પુનરાવૃત્તિ થયા વિના રહેતી નથી.

२९७ मम्योनिर्महद्ब्रह्मतस्मिन् गर्भंधाम्यहम्
संभवःसर्वभुतानांततोभवति भारत ॥ (ભગવતગીતા)

સાંખ્ય મતાનુસાર પ્રકૃતિ સ્વતંત્ર રહીનેજ કાર્ય કરતી નથી તેનામાં હું (બ્રહ્મચૈતન્ય ગર્ભ) મૂકું છું ત્યારે તેમાંથી કાર્ય માત્ર ઉદ્દભવે છે. બ્રહ્મ કાંઇ કાર્ય કરતું નથી, માત્ર પ્રકૃતિમાં તેનો આભાસ પડે છે તેથી પ્રકૃતિ, ચુંબક લોહ પ્રવૃત્તિ કરે તેમ પ્રવર્તે છે.

૨૯૮ જે ગુણથી વ્યતિરિકત રહી ગુણજ કર્તા ભોક્તા છે હું નથી, એમ જે સમજે તે ખરા જ્ઞાની મારા અપરોક્ષ જ્ઞાનને અનુભવે છે.

૨૯૯ કર્મના પ્રકાર—લૌકિક, વૈદિક, વિહિત નિષિદ્ધ, કામ્ય નિત્ય નૈમિત્તિક.

૩૦૦ શરીરને મન ઉપર અને મનને શરીર ઉપર જે અસર કરવાનો પરસ્પર સંબંધ છે તે લક્ષમાં લેતાં-આહાર, વિહાર, સંસર્ગ, વિચાર એ ચારે સાત્વિક હોય તો અંતઃકરણ રાજયોગને માટે યોગ્ય થાય છે.

૩૦૧ દીપ-પ્રકાશવું; દેવ-સત્વગુણી.

સપ્તભૂમિકા.

૧ શુભેચ્છા—આ કર્તવ્ય છે આ અકર્તવ્ય છે એ વિચારનું નામ શુભેચ્છા છે. આજકાલ જેટલા સંપ્રદાય ધર્મમત પંથ છે તે સર્વેનો સમાવેશ આ પહેલી ભૂમિકામાં છે તેમાં કેટલાક ધર્મ પંથનો પ્રચાર તો માત્ર જીવિકા અર્થે અને એશઆરામ અર્થે છે. સંપ્રદાયી મતવાળાઓમાં જીજ્ઞાસુ ધર્માત્મા પુરૂષોની સંખ્યા બહુ ન્યૂન છે અને અજ્ઞાની પુરૂષોની સંખ્યા અધિક છે તેથી દિન પ્રતિદિન માહાત્મ્ય ન્યૂન થતું જાય છે.

૨ વિચાર—જ્યારે શુભેચ્છા ઉત્પન્ન થઈ ત્યારે શાસ્ત્રદ્વારા વિચાર ઉત્પન્ન થયો કે આ શુભ છે આ અશુભ છે, શુભનું ગ્રહણ અને અશુભનો ત્યાગ, યથા શાસ્ત્રાનુસાર વિચરવું તેનું નામ વિચાર છે. આ ભૂમિકામાં વિદ્વાન વર્ગ છે.

૩ જ્યારે સમ્યક વિચાર દૃઢ થાય છે ત્યારે મિથ્યારૂપ સંસા-

રની વાસના ત્યાગે છે સત્ય વિશે સ્થિત થાય છે અને મન સૂક્ષ્મ થાય છે તેનું નામ **તનુ માનસા** છે. આ તૃતીય ભૂમિકામાં યોગાભ્યાસી, આપ્ત છે.

૪ જ્યારે સંસારની વાસના ક્ષીણ થઇ જાય છે અને સત્યનો દઢ અભ્યાસ થાય છે ત્યારે એ વૈરાગ્ય અને અભ્યાસે કરી સમ્યક જ્ઞાન થઇ, આત્મ સાક્ષાત્કાર થાય છે તેનું નામ સત્ત્વાપત્તિ છે. આ ભૂમિકામાં સમાધિસ્થ છે.

૫ મનની વાસના નષ્ટ હોવા છતાં, સિદ્ધિ આદિ પદાર્થની પ્રાપ્તિ થાય છે, તેની પ્રાપ્તિ વિશે સંસક્તિ થતી નથી, સ્વરૂપ વિશે સદા સાવધાન રહે છે. સિદ્ધિ આદિ પદાથ પ્રારબ્ધે કરી પ્રાપ્ત થાય છે તેને સ્વપ્ન રૂપ જાણે છે અને કર્મના ફલ વિશે બંધાયમાન નથી તેનું નામ અસંસક્તિ છે. આ પંચમ ભૂમિકામાં જીવન મુક્ત છે.

૬ પ્રારબ્ધ વેગ કરી કરે છે. પરંતુ ચિત્ત સ્ફુર્ણાયમાન થતું નથી, મન ક્ષીણ ભાવને પ્રાપ્ત છે- કર્તા હોવા છતાં અકર્તા છે, કર્તવ્યથી ભાવના સ્ફુરતી નથી, અર્દ્ધ સુષુપ્તિવત્ હોય છે તેનું નામ પદાર્થાભાવિની છે આ ભૂમિકાપણ જીવન મુક્તની છે.

૭ બાહ્ય અભ્યાસમાં દઢીભૂત પ્રતીતિ છે અને અંતથી પદાર્થનો દઢ અભાવ હોય છે એને તુર્યાવસ્થા કહે છે. આ સપ્તમ ભૂમિકામાં પણ સ્થિત જીવન મુક્ત છે.

વૃત્ત નિરોધ વિના ચિત્ત શમતું નથી અને પ્રાણ સંયમવિના વૃત્તિ શમતી નથી, તેથી ચિત્તના ઉપશમ સિવાય સર્વ ક્રિયા બંધન રૂપ છે. નૂતન વેદાન્તી. પ્રાણના સ્ફુરણ સહિત, અર્દ્ધ સુષુપ્તવત ચિત્તની સ્થિતિ ન હોવા છતાં ક્રિયા કરે છે,—એ અકર્તા નથી પરંતુ કર્તાના બંધનમાં છે. કેમકે શરીરના કોઇ અવયવને કાપવાથી તેમને અન્ય પુરૂષના જેટલીજ પીડા થાય છે. અને જે યોગાભ્યાસી જ્ઞાનવાન વેદાંતી જીવન મુક્ત છે તે પ્રાણના સ્ફુરણ રહિત અને મનના સંકલ્પ રહિત સર્વ ક્રિયા કરે છે. ચાલતાં, ફરતાં, બોલતાં, મરજી પડે તો શ્વાસ પ્રશ્વાસ લેતાં પણ બંધમાન નથી. શીતલતા, ઉષ્ણતા, એમને પીડા કરી શકતી નથી. કારણ કે બાહ્ય અને અંતઃ ક્રિયા પ્રાણના સ્ફુરવાથી થાય છે યોગાભ્યાસી અને નૂતન વેદા-

ન્તિ બંનેના પ્રાણ ગતિ પ્રવાહ (સ્ફુર્ણા) ભિન્ન ભિન્ન છે. એ (યોગાભ્યાસી જ્ઞાનવાન) પુરૂષ પદ્માસન રચી અરણ્ય વિશે સ્થિત થાય તો પણ એજ છે અને સંસાર વિશે વિચરે તો પણ એજ (વિકાર રહિત) છે. સિવાય જે નૂતન વેદાન્તી–હમ અકર્તા અભોકતા હૈ–એમ કહે છે એ કોળ ગપ હાંકે છે. હા, એમને સત્યાસત્ય વસ્તુનું જ્ઞાન થયું છે તેથી એમનું મન દૃશ્ય પદાર્થ પ્રતિથી કંઇક વિમુખ થયું છે. એટલે યોગદ્વારા એમને પ્રાણ વાયુનો નિરોધ કરવો સુગમ છે ને આવશ્યક છે અને પ્રાણ જય થયા પછી ગમે તેમ વિચરો. નેત્ર વિશે પણ યોગસ્થને નિમેષોન્મેષ નથી. સમ્યક જ્ઞાન વિના રાજયોગનો કોઇ પણ અધિકારી નથી. પ્રાણ અને ચૈત્ય કલા ભિન્ન છે કારણ કે પ્રાણના રોકવાથી પણ ચેતન શકિતથી કેટલોક કાલ યથાશકિત વ્યહવાર થઇ શકે છે. પ્રાણનો જય થયા પશ્ચાત્ પ્રાણના સ્ફુરણથી બંધ નથી. એટલું છે કે નૂતનમાત્ર (યોગાભ્યાસી નહિ) વેદાન્તી નવીન પાપ કરતો નથી અને અશુભ માર્ગમાં પ્રવર્તતો નથી.

કર્ત્તવ્ય.

આજકાલ સર્વે પ્રકારના અધ્યયનની શાળાઓ સ્થાપન થયેલી છે, પરંતુ આત્મજ્ઞાનના અધ્યયનની શાળાઓ સ્થાપન થયેલી ક્યાંઇ દૃષ્ટિગોચર નથી. કેટલાકનું એમ માનવું છે કે સંસારમાં રહી, વ્યહવાર પાલન સાથે આત્મજ્ઞાન અધ્યયન અને કામ, ક્રોધ, લોભ, મોહને જીતવા કઠિન છે પણ એ એમનું કહેવું કેટલેક અંશે માનનીય નથી. સસ્કૃત, ઇંગ્રેજી, ગુજરાતીમાં પ્રવેશ થયા પશ્ચાત્ જીજ્ઞાસુ વર્ગને વેદ, ઉપનિષદ, વ્યાકરણ, ઉપવેદ, બ્રાહ્મણ, ષટ શાસ્ત્ર, સ્મૃત્તિ, પુરાણ, ભાગવત, વિચાર સાગર, યોગ વાસિષ્ટ, અને ભગવદ્ગીતા આદિગ્રંથનું મનનપૂર્વક અધ્યયન કરાવવું અત્યાવશ્યક છે કે જેથી માનવ સમુદાયનું વ્યાહવારિક અને પરમાર્થીક હિત સચવાઇ, તેમનાથી (સ્વ) સ્વરૂપ અવલોકાય, અને ત્રિવિધ તાપ નષ્ટ થઇ નિત્યાનંદનો અનુભવ થાય,—આ માર્ગ દ્રવ્ય વ્યય, પુરૂષાર્થ વ્યય–એજ સાત્વિક વર્ત્તન છે. ધર્મહિત, માનવહિત, દેશહિત, આત્મહિત એથી સચવાય છે. આજકાલના પંડિતોનું વળણ જડપદાર્થના જ્ઞાન પ્રતિ

વિશેષ મુકેલું છે પરંતુ જ્યાં સુધી ચૈતન્ય સ્વરૂપના જ્ઞાનના અવલોકન સમીપ નથી જવાયું ત્યાં સુધી અપ્રતિમ નિત્યાનંદ અનુભવાવાનો નથી અને સમ્યક જ્ઞાન થવાનું નથી. અસ્તુ. જ્યારે ઉપર દર્શાવેલા ગ્રંથોનું અધ્યયન કોઇ આપ્ત ગુરૂદ્વારા થાય છે ત્યારે તેની શક્તિ અપ્રતિમ વધે છે.

કામને એ એવી રીતે વશ કરે છે કે પોતાની સ્ત્રી કરતાં અધિક સ્વરૂપા, ગુણવિશેષ્ટ પ્રતિ પણ તેનું મન વિકાર યુક્ત થતું નથી અને ભ્રાતૃ ભાવ સ્થિર થાય છે પોતાની સ્ત્રી પ્રતિ પણ કામ વિકારી દૃષ્ટિગોચર થયા છતાં અંતરથી વિરક્ત શાંત હોય છે—એનું નામજ કામતત્વને જીત્યો કહેવાય. કેટલાક અજ્ઞાની જંગલમાં જઇ હઠયોગ સાધે છે અથવાતો વસ્ત્ર, ભસ્મ—રંગ વૈરાગ્ય ધારણ કરે છે અને તત્ર નિવાસે છે ત્યાં સુધીતો ઠીક અને ફરી શહેરની બાગોળના દર્શન કર્યા પધરામણી થઇ અને પ્રસંગ પડયો કે હતા એવાને એવાજ દીપ્તિમાન—એ સમ્યકજ્ઞાની સિદ્ધ પુરૂષનું લક્ષણ નથી. તેવી રીતે ક્રોધ ઉપર પણ ક્રોધ ધારણ કરી, ક્રોધને ક્રોધથીજ વશ કરે છે. જ્યાં સમ્યક્ જ્ઞાનવંડ હૃદયમાં ભ્રાતૃભાવ પ્રચલિત છે ત્યાં ક્રોધનું દર્શનજ ક્યાંથી ? કારણ કે ગુણ વિહિન પણ એ છે અને ગુણ વિશિષ્ટ પણ એ છે. **લોભ** ત્યારે હોય છે કે કોઇ પદાર્થ અપ્રાપ્ત હોય, અથવાતો કોઇ પદાર્થ પ્રતિ સંસક્તિ હોય. **મોહ** ત્યારે હોય છે કે કોઇ પ્રતિ દ્વેષ હોય:—માટે આવા શક્તિ સંપન્ન મહાત્માનો સંસાર વ્યવહાર અન્ય અજ્ઞ જન્તુઓ કરતાં વિશેષ ફલ દ્રુત ચાલે છે એ નિઃસંશય છે. માટે જે અજ્ઞ લોકનું કહેવું પ્રથમ કહી ગયા તે મિથ્યા છે.

આવી પાઠશાળાઓના સંસ્થાપનથી શું લાભ ! એ શ્રીમંત વર્ગને અવશ્ય અવલોકનીય અનુમોદનીય છે. અને એતો સિદ્ધ છે કે આત્મજ્ઞાન અધ્યયનના સ્વાર્થે, વ્યવહાર, પરમાર્થે તો સરલ પાઠ છે અને એ પાઠનો સમ્યક્ બોધ થયા પછીજ આગળ વધાય છે નહિતો ત્રણ પાઠમાંથી એકાદમાં ગુંચવાઇ જવું પડે છે.

મમ્ સ્નેહી ડાકટર[1] જેઠાલાલનો પ્રશ્ન.

મનુષ્ય જીવનનું પરિણામ અમુક વર્ષ સુધી નિર્માએલું છે ? કે જેમ શરીરને વધારે સાચવીયે તેમ વિશેષ સમય રહી શકે ? ૧.

સમાધાન—આત્મા ચૈતન્યરૂપ અવિનાશી છે જન્મ મરણથી રહિત છે શરીર (દેહ) જડરૂપ વિનાશી છે આપણી દૃષ્ટિ સમક્ષ સમીપ જેટલા જડ પદાર્થ છે તેને સંભાર વિશેષ સાચવીયે છિયે તો વિશેષ સમય ટકી શકે છે તો દેહને પણ આયુર્વેદમાં અધ્યન વડે સંભાળ પૂર્વક સાચવીયે તો વિશેષ સમય રહી શકે, એ સંભવિત છે અને આત્મા તો અવિનાશી છે.

દૈવ અને પુરૂષાર્થ બંને એકજ વસ્તુ છે પરંતુ પુરૂષાર્થને દૈવ કહે છે અને પ્રકૃત પુરૂષાર્થ, પુરૂષાર્થ નામેજ ઓળખાય છે. પૂર્વ પુરૂષાર્થ (દૈવ, પ્રારૂબ્ધ, નસીબ, કરમ) જો બળવાન હોય છે તો પ્રકૃત પુરૂષાર્થ નવ નવા પ્રકારે કર્યા છતાં, તેમાં નિષ્ફળ થવાય છેજ પૂર્વ પુરૂષાર્થ અનુસાર બંધાયેલું રોગ ગ્રસ્ત શરીર, પ્રકૃત પુરૂષાર્થ કર્યે સતે, રોગ નિવૃત્ત, પુષ્ટ થતું નથી; અને પૂર્વ[2] રોગ નિવૃત્ત શરીર મંદ પુરૂષાર્થે કરી પણ પુષ્ટ થાય છે–ત્યારે મનુષ્ય કહે છે કે—દૈવ બળવાન છે. પુરૂષાર્થ કંઇ નથી—પરંતુ થોડાકજ સમજે છે કે દૈવ એ કાંઇ અન્ય વસ્તુ નથી પરંતુ એજ પુરૂષાર્થનું ફલ, પરિણામ, પરિપાક છે અને એનીજ દૈવ, નશીબ, પ્રારબ્ધ આદિસંજ્ઞા થઇ છે. પૂર્વ પુરૂષાર્થને મંદ કરનાર પ્રકૃત પુરૂષાર્થ છે એના સમય અને પ્રબલતા વિશે અત્ર વિવેચવા આવશ્યકતા નથી.

---

૧ અત્રે એટલે ઇડર સ્વસ્થાનના. ટ્રાવેલીંગ ડાકટર છે. ઉદારવૃત્તિના, અસાધારણ બુદ્ધિના, તેમજ દેશી અને ઇંગ્રેજી વૈદકમાં અધિક પ્રવીણ હોવાથી સંસ્થાનની પ્રજાને અતિ પ્રિય છે.

૨ પૂર્વ—પૂર્વ પુરૂષાર્થથી.

દૃષ્ઠવ્ય.

નામ નોંધાવો. લખાય છે.

મદનચંદ્ર અને નવનીતકલા.

(નવલ કથા)

પ્રથમ ગ્રાહક થનાર પાસેથી રૂ ૧) એક રૂપીયો લેવામાં આવશે અને પાછળથી રૂ ૧-૮-૦ દોઢ રૂપીયો લેવામાં આવશે. ટપાલ વ્યય જુદું સમજવું.

આજકાલ સામ્પ્રત લેખકો પોતાનાજ પુસ્તકની પોતે સ્તુતિ કરવા મંડી જાય છે તે એટલે સુધી કે—અદ્યાપિ પર્યંત ગુજરાતી ભાષામાં એવો એકે ગ્રંથ બહાર પડયો નથી—આહા! આ તે શું વિદ્વાનનું ભૂષણ ?

વાચક વર્ગમાં તેનો અધિક પ્રસાર અને સપ્રેમ સ્વીકાર—એજ પુસ્તકનું મહત્વ, અને કર્તાને ધન્યવાદ.

આપનો વિજ્ઞાપક.

લક્ષ્મણસિંહ બરવાજી યાદવ.

' સૃષ્ટિ સૌંદર્ય, નો કર્તા.

પુસ્તક મળવાના ઠેકાણા—

ઈડર—કર્તાને ત્યાંથી

રા. રા. વર્દ્ધમાનદાસ સ્વરૂપચંદ.

વડોદરા—એન, એમ, એન્ડ કો-રાવપુરા.

મુંબાઈ— ,, ,, કાલબા દેવીરોડ.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	પેરા પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ.
૬	૨......૧૩	ર્હેને	ર્હને
૨૪-૨૫	છેલો... ૬	આ-કરી	અર્પણ કરી
૨૬	૧ ... ૬	દુષ્ટજ થવું	દુષ્ટ નજ થવું?
૫૧	૧... ૧૩	કુરતી	કુસ્તી.
૫૬	૧... ૭	વિજળી	વિજયી
૬૧	૧... ૧૩	વિશુદ્ધ	વિશુદ્ધિ
૬૩	૧... ૧	ભૂષણ-૨૧	ભૂષણ-૨૪
૬૫	૨... ૧	ચંન્તા	ચિન્તા
,,	,,... ૧૭	ઘેરતી	દોરતી
૬૬	૩... ૩	બલી	જાળી
૬૭	૨... ,,	કાદમ્રી	કાદમ્બરી
૬૯	૩... ૩	પ્રણુથી	પ્રણયી
૭૦	૧...૧૦	દશાવતી	દર્શાવતી
૭૨	૩...૪-૫	તે છે	૦
,,	,,...૮	મદલેખ	મદલેખા
૭૩	૨...૨૦	જાત	જાતિ
૭૫	૨...૧૩	અકય	ઐકય
,,	,,...૧૮	સતાનને	સંતાનને
,,	૩...૧	કાંઇ	ક્રોધ
૭૬	૧...૧	સલક	સકલ
,,	૧...૧૩	મગલગીત	મંગલગીત
,,	૨...૩	અનુભવ	અનુભવે
,,	,,...૭	કેડલું	કેટલું
૭૭	૨...૩	પરંપરો	પરંપરા
૮૨	૫...૧	કષ્ટ	આકૃષ્ટ
૮૫	૩...૩	જનાર	જનાર ગયા
૯૦	છેલ્લો...૧	પ્રાય	પ્રીય
૯૨	૨...૭	અને	એ

પૃષ્ઠ	પેરા	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૩	૧...૩		બુદ્ધિ, ને	બુદ્ધિને
૯૪	૪...૮		છેડતા	છોડતા
૯૬	૩	૨	શબ્દ	શબ્દે
૯૭	૧	૨	સ્નેહ	સ્નેહનું
૧૦૧	૧	૨	પ્રાણકેમે	પ્રાણ પણ કેમે
૧૦૮	૨	૮	ત્હેને	તેને
૧૧૦	૧	૮	સ્થિતિજોઇ	એ સ્થિતિ જોઇ
૧૧૧	૨	૯	આસ્તિકમાં	અસ્તિકમાં
,,	૫	૧	દ્રદય	હૃદય
૧૧૭	૨	૫	વિલમ	વિમલ
,,	,,	૧૯	જતા	જતાં
૧૧૮	૧	૧	થયું	થયું છે
૧૨૨	૩	૪	રોશે	રોકશે
૧૨૩	છેલ્લો	૧	સેજ	રોજ
૧૨૪	૪	૫	આનંદાવૃદ્ધિમાં	આનંદાબ્ધિમાં
૧૨૫	૧	૯	કરૂણાર્દ	કરૂણાર્દ્ર
,,	,,	૧૧	નિહાળાવા	નિહાળવા
,,	છેલ્લો	૨	પ્રતિત	પતિત
૧૨૬	૫	૪	ત્હેંછના	તે છતાં
૧૨૭	૨	૨	ખિવિયોગ	સખિવિયોગ
૧૩૦	૩	૨	તે	૦
,,	છેલ્લો	૧	તેત્તિરીય	તૈત્તિરીય
૧૩૧	છેલ્લો	છેલ્લી	અભિન્નલાભે	અભિન્નભાવે
૧૩૨	૧	૫	યુધિષ્ટરસમ	યુધિષ્ઠિરસમ
,,	૧	૧૦	ચરણની	ચરણરજની
૧૩૩	૧	૬	આત્મદર્શક	આત્મદર્શન
,,	૩	૩	જ્ઞાનમિતિ	જ્ઞાનમિતિ
૧૩૪	૧	૨૫	પાર્થીક	પ્રાર્થીક
૧૩૫	૫	૨	દૃશ્યેક	દૃશ્યકે
૧૩૭	૩	૧	રઘુનન્ન	રઘુનંદન

પૃષ્ટ	પેરા	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ.
૧૩૮	૧	૧	પ્રાતિથી	પ્રીતિથી
૧૩૮	૨	૧	અથાત્	અર્થાત્
૧૩૯	૧	૧	એક	ઐક્ય
,,	૨	૯	નિષ્કિય	નિષ્ક્રય
,,	,,	૧૧	સામ્યાવ્સ્થા	સામ્યાવસ્થા
,,	છેલ્લો	૨	ભૂતગામ	ભૂતગ્રામ
૧૪૦	૧	૨૧	શંમીલન	સમ્મિલન
૧૪૧	૨	૧	સમર્થ	સમય
,,	૩	૧૪	કહ્યો	કોહ્નો
૧૪૪	૧	૧૦	સરખા કરવા લાગ્યા	સરખો કરવા લાગ્યો.
૧૪૭	૧	૧૫	અકયમ	અકાયમ્
,,	છેલ્લો	છેલ્લિ	ગ્રથી	ગ્રંથી
૧૪૮	૧	છેલ્લિ	જીવનમુકતવિવેક	જીવનમુક્તિ વિવેક
૧૪૯	૨	૫	કકર્તા	કર્તા
,,	,,	૭	અધ્યન	અધ્યયન
,,	,,	૧૪	કરવામાં	લખવામાં
૧૫૦	૧	૮	આવશ્યક	આવશ્યકતા
૧૫૪	૭	૩	Patiencts	Patience
,,	૮	૪	Illusorted	Illassorted
૧૫૫	૨	૩	વિષય	વિષયપર
૧૫૬	૧	૨	સિદ્ધાન્ત	સિદ્ધાન્ત છે
,,	છેલ્લો	૪	સુને	અને
,,	,,	૯	દંડવો	દંડવા
૧૫૭	૧	૬	सत्यामास्ति	सत्यात्नास्ति
૧૫૯	૭	૨	વિકરવાને	વિકારવાન
,,	,,	૩	વિકરવાવ	વિકારવાન
૧૬૧	૫	૨	બ્રહ્મ	ભ્રમ
,,	૮	,,	સ્પંદરૂપને	સ્પંદરૂપ
૧૬૬	૧	૧	વક્ષનું	વૃક્ષનું
,,	૨	,,	પ્રકૃતિ	પ્રકૃત

પૃષ્ટ	પેરા	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ.
,,	,,	૫	નિરાકર	નિરાકાર
૧૬૭	૨	૧-૨	કેવી રીતે ?	કેવી?
,,	,,	૩	ઉત્પત્ત	ઉત્પત્તિ
૧૬૮	૩	૧	આધિક ભૌતિક	આધિભૌતિક
૧૬૯	૧	૬	સહ, સાંશ	સહસ્રાંશ
,,	૨	૧	પ્રતીત	પ્રતીત થાય છે
,,	૩	,,	આત્માસત્તા	આત્મસત્તા
૧૭૧	૨	૧	આકાર-બ્રહ્મા	અકાર-બ્રહ્મા
૧૭૩	૩	૨	કંઇક	કંઇ
૧૭૬	૧	૧	સ્વપાવસ્થા	સ્વપ્નાવસ્થા
,,	૩	૨	સ્વપ્ની અધિષ્ટાવ	સ્વપ્નની અધિષ્ઠાન
,,	૬	૪	વિશેષણ	વશેપણ
૧૭૮	૭	૧	ચિન્માત્રા	ચિન્માત્ર
૧૭૯	૧૨	૨	થયા	થઇ
૧૮૬	૨	૪	ओड्म्	ओ३म्
,,	૪	૨	આપ્યા	અર્પ્યો
૧૮૯	૨	૩	પદાથ	પદાર્થ
૧૯૦	૨	૧૨	માર્ગદ્વ્યવ્યય	માર્ગેંદ્રવ્યવ્યય
૧૯૧	૧	૨	ગુણાવિશેષ્ટ	ગુણવિશિષ્ટ
૧૯૨	૧	૧	પરિણામ	પરિમાણ
,,	,,	૨	સાચવીય	સાચવીયે
,,	૨	૪	આયુર્વેદમાં	આયુર્વેદના
,,	૩	૧	પરંતુ પુરૂષાર્થને	પરંતુ પૂર્વે પુરૂષાર્થને
૮૫	૩	૨	ટાંકયા	ટાંકંયા